નીડર, નિષ્પક્ષ, નિઃસ્વાર્થ, નિપુણ, સેવાભાવી, સહયોગી, સુસ્પષ્ટ, સંસ્કારી પ્રતિભા સાથે પ્રસિદ્ધ થતું દૈનિક

# ગુજરાત ટુડે

GUJARAT TODAY
(Daily)
AHMEDABAD
SINCE-1991

| કરન્સી માર્કેટ | |
|---|---|
| US.ડોલર | ૯૦.૧૧ |
| પાઉન્ડ | ૧૨૧.૦૬ |
| યુરો | ૧૦૪.૯૩ |
| સઉદી રિયાલ | ૨૪.૦૩ |
| સોનુ (૧૦ ગ્રા.૨૪ કેરેટ) | ૧,૪૧,૪૩૦ |
| ચાંદી (૧ કિલો) | ૨,૪૯,૦૦૦ |

AL FAROOQ TOURS & TRAVELS
Since 1996
હજ ૨૦૨૬ બુકીંગ ચાલુ છે
થ્રી સ્ટાર પેકેજ સ્ટાર્ટઅપ રૂા.૫,૫૦,૦૦૦ મક્કા શરીફ - હોટલ ગ્રાન્ડ મારા મદીના શરીફ - હોટલ હયા પ્લાઝા
ફાઈવ સ્ટાર પેકેજ ઝોન-૨ વીઆઈપી સર્વિસ મક્કામાં હોટલ સફ્ફા ટાવર-૦ મીટર મદીનામાં પુલવામા ઝમઝમ-૦ મીટર
હાજી યાકુબ મુન્શી ૯૮૨૫૨ ૭૫૩૩૩-૯૮૯૮૦ ૩૪૪૭૮
૧, સંજરી એપાર્ટમેન્ટ, શાહેઆલમ, અમદાવાદ-૨૮
જામનગર : નવાઝભાઈ ૯૮૨૪૩૦૩૭૮૬ | ભરૂચ : ઈકબાલભાઈ ૯૮૨૪૪૩૭૧૮૨ | ડભોઈ : સૈયદ અઝીઝમીયા ૯૭૨૫૩૨૫૩૮૫

Regd. No.Guj.168/2023-2025 Valid up to Dt. 31-12-2025 ● RNI. No. 48870/91 ● વર્ષ-૩૫ અંક-૧૬૨ ● તંત્રી : અઝીઝ ટંકારવી ● E-mail : gujarattodaydaily@gmail.com

# I-PAC પર EDના દરોડા : 'હું ક્યારેય પ્રતિક્રિયા આપતી નથી, પરંતુ જો કોઈ મને નુકસાન પહોંચાડે છે, તો હું તેમને ક્યારેય છોડતી નથી', 'ભારત પર ભાજપનું શાસન ન હોવું જોઈએ' - વિરોધ કૂચ પછી મમતાની ચેતવણી

**કલકત્તા હાઈકોર્ટે I-PAC પરિસરમાં EDના દરોડા સંબંધિત અરજીઓની સુનાવણી ૧૪ જાન્યુઆરી સુધી મુલતવી રાખી ● ન્યાયાધીશ સુવ્રા ઘોષની સિંગલ-જજ બેન્ચે કોર્ટરૂમમાં બેકાબૂ ભીડને ટાંકીને ત્રણ અરજીઓ પર સુનાવણી મુલતવી રાખી છે**

(એજન્સી) કોલકાતા, તા.૯

ઈન્ડિયા પોલિટિકલ એક્શન કમિટી (I-PAC)ના કાર્યાલય અને તેના સહ-સ્થાપક પ્રતીક જૈનના નિવાસસ્થાન પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા દરોડા પાડવામાં આવ્યાના એક દિવસ પછી પશ્ચિમ બંગાળ એક વિશાળ રાજકીય તોફાનમાં છે. મતદાર યાદીઓના ચાલી રહેલા સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR)ને ધ્યાનમાં રાખીને રાજકીય વાતાવરણ પહેલેથી જ ગરમાયું છે, ત્યારે મુખ્યમંત્રી મમતા બેનરજીએ તેમના તૃણમૂલ કોંગ્રેસ પક્ષના IT કાર્યાલય પર EDના દરોડાએ પશ્ચિમ બંગાળમાં વધુ શબ્દયુદ્ધ શરૂ કર્યું છે.

મમતાએ આજે EDના દરોડાના વિરોધમાં જાધવપુરથી કોલકાતાના હઝરા ક્રોસિંગ સુધી વિરોધ રેલીનું નેતૃત્વ કર્યું હતું. દરમિયાન કલકત્તા હાઈકોર્ટ જ્યાં ન્યાયાધીશ સુવ્રા ઘોષની સિંગલ-જજ બેન્ચ સમક્ષ સુનાવણી માટે ત્રણ અરજીઓ આવવાની હતી, ત્યાં 'કોર્ટરૂમમાં બેકાબૂ ભીડ' હોવાને કારણે આ મામલો ૧૪ જાન્યુઆરી સુધી મુલતવી રાખ્યો હતો.

ED દ્વારા મુખ્ય અરજી મુખ્યમંત્રી મમતા બેનરજી વિરુદ્ધ કેન્દ્રીય એજન્સીના અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલી શોધમાં અવરોધ કરીને તેમના બંધારણીય પદનો દુરુપયોગ કરવા બદલ દાખલ કરવામાં આવી હતી. અન્ય બે પ્રતિ અરજીઓ શાસક તૃણમૂલ કોંગ્રેસ અને I-PAC વડા પ્રતીક જૈન દ્વારા દાખલ કરવામાં આવી હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ રાજ્યમાં સત્તામાં આવવા માટે ચાલી રહેલા SIR કવાયતનો ઉપયોગ કરવાનો પ્રયાસ કરવા બદલ ભાજપની ટીકા કરી છે. તેણીએ કહ્યું કે, જો તમે બંગાળીમાં બોલો છો, તો તેઓ તમને બાંગ્લાદેશી જાહેર કરે છે. તેઓ કહે છે કે, બંગાળમાં રોહિંગ્યાઓ છે પરંતુ રોહિંગ્યાઓ ક્યાં છે? જો આસામમાં કોઈ રોહિંગ્યા નથી, તો ત્યાં SIR કેમ શરૂ કરવામાં આવ્યું નથી? આ બધું એટલા માટે કરવામાં આવી રહ્યું છે કારણ કે, તેઓ બંગાળમાં સત્તામાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે, જેમ કે તેમણે મહારાષ્ટ્ર અને હરિયાણામાં કર્યું હતું પરંતુ તે શક્ય નથી.

તેણીએ ચેતવણી આપતા કહ્યું કે, 'હું ક્યારેય પ્રતિક્રિયા આપતી નથી પરંતુ જો કોઈ મને નુકસાન પહોંચાડે છે, તો હું તેમને ક્યારેય બક્ષતી નથી. SIRના નામે તેઓ સ્થાનિક લોકોને નિશાન બનાવે છે. તેઓ વૃદ્ધો અને ગર્ભવતી મહિલાઓને હેરાન કરે છે.' મમતાએ ગૃહમંત્રી અમિત શાહની ટીકા કરી અને ગઈકાલે I-PAC સામે EDના દરોડા શરૂ થયા ત્યારથી તેઓને 'બીભત્સ અને તોફાની' કહ્યા છે.

તમે જાણો છો કે ચૂંટણી પંચમાં કોણ બેઠું છે. તેઓ અમિત શાહના સહકાર વિભાગના સચિવ હતા. મને તેનાથી કોઈ વાંધો નથી. હું તેમને પડકાર ફેંકું છું કે, તેઓ હરિયાણા અને બિહારમાં બળજબરીથી સત્તામાં આવ્યા. વધુ એક રાજ્યમાં, તેઓ બળજબરીથી સત્તામાં આવવ ઈચ્છે છે. હવે તેઓ બંગાળમાં આવું કરવાનો પ્રયાસ કરી રહ્યા છે. મને પૂછો કે કોલસા કૌભાંડના પૈસા કોણે વાપર્યા ? સુવેન્દુ અધિકારીએ તેનો ઉપયોગ કર્યો અને અમિત શાહને મોકલ્યા હતા.

અનુસંધાન બીજા પાને



● **I-PAC પર EDના દરોડા : અમિત શાહના કાર્યાલય સામે વિરોધ દરમિયાન પોલીસ દ્વારા ડેરેક અને મોઈત્રા સાથે દુર્વ્યવહાર થતાં TMCનો જોરદાર વિરોધ**
● **'લોકશાહીને કચડી નાખવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર હુમલો', TMCએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી**

## 'ભારત પર ભાજપનું શાસન ન હોવું જોઈએ' : મમતા બેનરજીએ કોલકાતામાં I-PAC પર દરોડાની વિરુદ્ધ રેલીમાં દિલ્હી જીતવા આહ્વાન કર્યું

**મમતા બેનરજી કોલકાતામાં I-PACના વડા પ્રતીક જૈનના ઘર અને રાજકીય સલાહકાર કંપનીના સોલ્ટ લેક કાર્યાલય પર EDના દરોડા અંગે એક વિરોધ રેલીમાં બોલી રહ્યા હતા, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ શુક્રવારે કહ્યું કે, આ વર્ષના અંતમાં યોજાનારી બંગાળ વિધાનસભા ચૂંટણી જીત્યા પછી વિપક્ષે 'દિલ્હી જીતવાની' જરૂર છે**

કોલકાતામાં I-PACના વડા પ્રતીક જૈનના ઘર અને રાજકીય સલાહકાર કંપનીના સોલ્ટ લેક કાર્યાલય પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ના દરોડાના વિરોધમાં એક વિરોધ રેલીમાં બોલતા બેનરજીએ કહ્યું કે, 'ભારત પર ભાજપનું શાસન ન હોવું જોઈએ'. મુખ્યમંત્રીએ ચૂંટણી પંચ પર પણ નિશાન સાધ્યું અને આરોપ લગાવ્યો કે, ભાજપે ચૂંટણી પેનલની મદદથી મહારાષ્ટ્રમાં જનાદેશ 'ચોરી' લીધો છે અને હવે તે સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) દ્વારા બંગાળમાં સાચા મતદારોના નામ કાઢી નાખીને તેનું પુનરાવર્તન કરવાનો પ્રયાસ કરી રહી છે. જો તમે બંગાળીમાં બોલો છો, તો તેઓ તમને બાંગ્લાદેશી જાહેર કરે છે. તેઓ કહે છે કે, બંગાળમાં રોહિંગ્યા હાજર છે પરંતુ રોહિંગ્યા ક્યાં છે? જો આસામમાં કોઈ રોહિંગ્યા નથી તો ત્યાં SIR કેમ શરૂ કરવામાં આવ્યું નથી? આ બધું એટલા માટે થઈ રહ્યું છે કારણ કે, તેઓ મહારાષ્ટ્ર અને હરિયાણાની જેમ બંગાળમાં સત્તામાં આવવાનો પ્રયાસ કરી રહ્યા છે પરંતુ તે શક્ય નથી. ઈડીના દરોડા દરમિયાન મમતા બેનરજીએ પ્રતીક જૈનના ઘરે ઘૂસીને પોતાનો બચાવ કરવા અંગે કહ્યું કે, તેમને પોતાનું રક્ષણ કરવાનો 'અધિકાર' છે અને તેમણે ED પર ગુપ્ત માહિતીની ચોરીનો પણ આરોપ લગાવ્યો હતો. તેમણે કહ્યું કે, મેં ગઈકાલે જે કંઈ કર્યું, તે મેં ઓલ ઈન્ડિયા તૃણમૂલ કોંગ્રેસના અધ્યક્ષ તરીકે કર્યું. મેં કંઈ ખોટું કર્યું નથી. મને પોતાને બચાવવાનો પૂરો અધિકાર છે. તેઓ ચોરોની જેમ કેમ આવ્યા? તેઓ I-PAC ઓફિસમાંથી અમારી પાર્ટીનો ગુપ્ત ડેટા ચોરી રહ્યા હતા, જેને અમે અધિકૃત કર્યો હતો. બેનરજીએ ધમકી પણ આપી હતી કે, જો તેણીને નિશાન બનાવવામાં આવશે તો ભાજપ સંબંધિત ગુપ્ત માહિતી 'જાહેર' કરશે. તમે ભાગ્યશાળી છો કે હું હજુ પણ પદ પર છું; તેથી જ મેં પેન ડ્રાઈવ (ભાજપ સંબંધિત ગુપ્ત માહિતી ધરાવતી) જાહેર કરી નથી. જો તમે મને નિશાન બનાવવાનો પ્રયાસ કરશો તો હું તે માહિતી જાહેર કરીશ. હું ઘણી બધી બાબતો જાણું છું પરંતુ હું દેશના હિતમાં તે કહેવાનું પસંદ કરતી નથી.

# I-PAC પર EDના દરોડા : અમિત શાહના કાર્યાલય સામે વિરોધ દરમિયાન પોલીસ દ્વારા ડેરેક અને મોઈત્રા સાથે દુર્વ્યહવાર થતાં TMCનો જોરદાર વિરોધ

(એજન્સી) તા.૯

તૃણમૂલ કોંગ્રેસના અનેક નેતાઓ જેમાં સાંસદ મહુઆ મોઈત્રા અને ડેરેક ઓ'બ્રાયનનો પણ સમાવેશ થાય છે, તેઓએ શુક્રવારે દિલ્હી પોલીસે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવાસસ્થાન અને કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું અને પોલીસે તેઓને અટકાયતમાં લીધા હતા. રાજકીય સલાહકાર પેઢી I-PAC ના કોલકાતા કાર્યાલયો પર એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) દ્વારા કરવામાં આવેલા દરોડા સામે આ પ્રદર્શન કરવામાં આવ્યું હતું.

પાર્ટીએ દાવો કર્યો કે EDની કાર્યવાહી રાજકીય રીતે પ્રેરિત હતી અને તેનો હેતુ રાજ્યમાં શાસક પક્ષને ડરાવવાનો હતો."બંગાળ મોદી-શાહના ગંદા રાજકારણને નકારે છે" એવા બોર્ડ સાથે ટીએમસી સાંસદોએ કેન્દ્ર પર પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણી પહેલા પાર્ટીને નિશાન બનાવવા માટે કેન્દ્રીય એજન્સીઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો.

આ પ્રદર્શન દરમિયાન પત્રકારો સાથે વાત કરતા, મહુઆ મોઈત્રાએ કહ્યું કે, "ગઈકાલે, સમગ્ર ભારત, બંગાળે જોયું કે ગૃહ મંત્રાલય દ્વારા EDનો દુરૂપયોગ કેવી રીતે કરવામાં આવ્યો. EDને અમારી પાર્ટીની રાજકીય અને વ્યૂહાત્મક માહિતી ચોરી કરવા માટે મોકલવામાં આવી હતી. મમતા બેનરજી એક સિંહણ છે; તેણીએ અમારી પાર્ટીની મિલકતોનું રક્ષણ કર્યું હતું.

ટીએમસી સાંસદ કીર્તિ આઝાદે પણ દરોડાની ટીકા કરી હતી અને તેમને ગેરકાયદેસર ગણાવતા કહ્યું કે, તેઓ અલોકતાંત્રિક રીતે કાર્ય કરી રહ્યા છે; આ દરોડા પણ ગેરકાયદેસર હતા. તેઓ લૂંટ ચલાવે છે અને અમારા પર કૌભાંડોનો આરોપ લગાવે છે. તેઓએ અમારી વ્યૂહરચના અને ઉમેદવારોની યાદીઓ છીનવી લીધી હતી. ભાજપના આંતરિક સર્વે દર્શાવે છે કે તેમને ૨૫ થી વધુ બેઠકો મળશે નહીં. પરંતુ મમતા બેનરજી મુખ્યમંત્રી તરીકે વિશાળ જનાદેશ મેળવશે અને વડા પ્રધાન બનશે. દિલ્હીમાં આ વિરોધ પ્રદર્શન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી દ્વારા આયોજિત કૂચ પહેલા કરવામાં આવી રહ્યું છે. પીટીઆઈ અનુસાર, બેનરજી કોલકાતામાં જાધવપુર 8B બસ સ્ટેન્ડથી હઝરા મોર સુધી બપોરે ૨ વાગ્યે ED કાર્યવાહી સામે વિરોધ કૂચનું નેતૃત્વ કરવાના છે. ગુરુવારે, ED એ કોલકાતામાં I-PAC સાથે જોડાયેલા બે સ્થળોએ દરોડા પાડ્યા હતા, જેમાં કંપનીના વડા પ્રતીક જૈનનું નિવાસસ્થાન પણ સામેલ છે. I-PAC TMCને રાજકીય સલાહકારતા પૂરી પાડે છે અને પાર્ટીના IT અને મીડિયા કામગીરીનું પણ સંચાલન કરે છે, જેના કારણે ચૂંટણી પહેલા આ દરોડા વિવાદ બન્યા છે. તપાસ દરમિયાન, બેનરજીએ I-PAC ઓફિસની મુલાકાત લીધી અને એજન્સી પર પાર્ટીની ચૂંટણી વ્યૂહરચના સાથે જોડાયેલા આંતરિક દસ્તાવેજો, હાર્ડ ડિસ્ક અને ડિજિટલ ડેટા જપ્ત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. તેમણે આ કાર્યવાહીને રાજકીય બદલો ગણાવી અને ED અને ગૃહમંત્રીની ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા હતા. તેણીએ કહ્યું કે, શું ED અને અમિત શાહનું આ કામ છે કે તેઓ પાર્ટીની હાર્ડ ડિસ્ક, ઉમેદવારોની યાદી એકત્રિત કરે?... એક ખરાબ, અયોગ્ય ગૃહમંત્રી જે દેશનું રક્ષણ કરી શકતા નથી તે મારા પક્ષના બધા દસ્તાવેજો છીનવી રહ્યા છે. જો હું ભાજપ પાર્ટી ઓફિસ પર દરોડા પાડું તો શું પરિણામ આવશે?. તેમણે આ દરોડાને રાજ્યમાં સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) કવાયત સાથે પણ જોડતા આરોપ લગાવ્યો કે ચૂંટણી પહેલા મતદારોના નામ કાઢી નાખવામાં આવી રહ્યા છે. એક તરફ, તેઓ પશ્ચિમ બંગાળમાં SIR કરીને બધા મતદારોના નામ કાઢી રહ્યા છે...ચૂંટણીને કારણે, તેઓ મારા પક્ષ વિશેની બધી માહિતી એકત્રિત કરી રહ્યા છે. બેનરજીએ જણાવ્યું હતું કે TMC એક રજિસ્ટર્ડ રાજકીય પક્ષ છે જે આવકવેરો ચૂકવે છે અને ચૂંટણી પહેલા પક્ષ અને કેન્દ્ર વચ્ચે રાજકીય મુકાબલો તીવ્ર બનતા તેને પૈસા અને સત્તાનો ઉપયોગ કરીને બુલડોઝ કરી શકાતો નથી. ભાજપ નેતા અમિત માલવિયાએ TMC પર આકરા પ્રહારો કર્યા અને પૂછ્યું કે શું I-PAC રાજ્ય સરકાર વતી કાર્યરત છે? રિપોર્ટ્સ અને વિઝ્યુઅલ્સ દર્શાવે છે કે કોલકાતા પોલીસ અધિકારીઓએ I-PAC ઓફિસમાંથી દસ્તાવેજો અને ફાઈલો કાઢીને મમતા બેનરજીની કારમાં મૂકી દીધી હતી. આ મૂળભૂત પ્રશ્નો ઉભા કરે છે. શું આ દસ્તાવેજો તૃણમૂલ કોંગ્રેસ સાથે સંબંધિત હતા, અને જો એમ હોય, તો EDના દરોડા દરમિયાન રાજ્ય પોલીસ કર્મચારીઓ પાર્ટી સામગ્રી કેમ સંભાળી રહ્યા હતા?. જો તે પશ્ચિમ બંગાળ સરકારના સત્તાવાર દસ્તાવેજો હતા, તો ખાનગી રાજકીય સલાહકાર પેઢીના કાર્યાલયમાં તેમનું શું કામ હતું? શું I-PAC ફક્ત TMC માટે કામ કરી રહ્યું હતું, અથવા તે રાજ્ય સરકાર વતી પણ કાર્યરત હતું? જો આ સાચું હોય, તો તે પક્ષના હિતો અને રાજ્ય સત્તા વચ્ચેના વિભાજનના સંપૂર્ણ પતનનો સંકેત છે.



## 'લોકશાહીને કચડી નાખવા માટે ચૂંટાયેલા પ્રતિનિધિઓ પર હુમલો' TMCએ આ ઘટના પર પ્રતિક્રિયા આપી

### અમિત શાહના નિવાસસ્થાન બહાર વિરોધ કરી રહેલા TMC સાંસદો સાથે દુર્વ્યવહાર : મહુઆ મોઈત્રા અને ઓ'બ્રાયનની અટકાયત

ઈડીના દરોડા સામે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના નિવાસસ્થાન બહાર વિરોધ કરી રહેલા ટીએમસી સાંસદો મહુઆ મોઈત્રા અને ડેરેક ઓ'બ્રાયનને પોલીસે ખેંચીને બહાર કાઢ્યા હતા અને અટકાયતમાં લીધા હતા

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દરોડા સ્થળની મુલાકાત લીધી અને કહ્યું, "શું પાર્ટીની હાર્ડ ડ્રાઈવ અને ઉમેદવારોની યાદી છીનવી લેવાનું આ ED અને અમિત શાહનું કામ છે ? તોફાની ગૃહમંત્રી દેશનું રક્ષણ પણ કરી શકતા નથી અને મારી પાર્ટીના દસ્તાવેજો છીનવી રહ્યા છે. જો હું ભાજપ કાર્યાલય પર દરોડો પાડું તો શું થશે ?"**

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ દિલ્હીમાં બનેલી ઘટનાની સખત નિંદા કરી છે. શુક્રવારે બપોરે એક ટ્વિટમાં મમતાએ કહ્યું, "હું અમારા સાંસદો સાથે કરવામાં આવેલા શરમજનક અને અસ્વીકાર્ય વર્તનની સખત નિંદા કરૂં છું. ગૃહમંત્રીના કાર્યાલયની બહાર વિરોધ કરવાના લોકશાહી અધિકારનો ઉપયોગ કરવા બદલ ચૂંટાયેલા પ્રતિનિધિઓને રસ્તાઓ પરથી ખેંચી જવું એ કાયદાનું પાલન નથી, તે ગણવેશમાં ઘમંડ છે. આ લોકશાહી છે, ભાજપની ખાનગી મિલકત નથી. લોકશાહી સત્તામાં રહેલા લોકોની સુવિધા કે આરામથી ચાલતી નથી. જ્યારે ભાજપના નેતાઓ વિરોધ કરે છે, ત્યારે તેઓ લાલ જાજમ અને વિશેષ વિશેષાધિકારોની અપેક્ષા રાખે છે. જ્યારે વિપક્ષી સાંસદો અવાજ ઉઠાવે છે, ત્યારે તેમને ખેંચવામાં આવે છે, અટકાયતમાં લેવામાં આવે છે અને અપમાનિત કરવામાં આવે છે. આ બેવડું ધોરણ ભાજપના લોકશાહીના વિચારને ઉજાગર કરે છે

## બંગાળમાં I-PAC દરોડા પછી રાજકીય વિવાદ : માત્ર સુપ્રીમ કોર્ટ જ ED પર લગામ લગાવી શકે છે : સિબ્બલની પ્રતિક્રિયા

(એજન્સી) તા.૯

પોલિટિકલ કન્સલ્ટન્સી ફર્મ I-PACના કોલકાતા કાર્યાલય અને તેના ડિરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને ED દ્વારા દરોડા પાડવામાં આવ્યાના એક દિવસ પછી તેમની ટિપ્પણી આવી છે. આ દરોડા દરમિયાન નાટકીય દ્રશ્યો સર્જાયા, જેમાં મુખ્યમંત્રી મમતા બેનરજીએ દરોડા સ્થળોની અઘોષિત મુલાકાત લીધી, જેમાં રાજ્યની આગામી વિધાનસભા ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસ (TMC) સાથે જોડાયેલા સંવેદનશીલ ડેટા જપ્ત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો. જો કે, EDએ કહ્યું કે આ કાર્યવાહી કરોડો રૂપિયાના કોલસા ચોરી કૌભાંડ સાથે જોડાયેલી મની લોન્ડરિંગ તપાસનો ભાગ હતી અને બેનરજી અને રાજ્ય પોલીસ પર કાયદેસર તપાસમાં અવરોધ ઉભો કરવાનો આરોપ લગાવ્યો હતો. સિબ્બલે કહ્યું કે પશ્ચિમ બંગાળમાં થયેલ આ દરોડા 'ખરેખર ચિંતાજનક' છે, ખાસ કરીને ત્રણ મહિનાથી ઓછા સમય પછી ચૂંટણીઓ છે. ફક્ત સુપ્રીમ કોર્ટ જ ED પર લગામ લગાવી શકે છે. દરેક વિપક્ષ શાસિત રાજ્ય, દરેક મહત્વપૂર્ણ વિપક્ષી નેતાને નિશાન બનાવવામાં આવે છે અને સંઘવાદને નબળો પાડવામાં આવી રહ્યો છે. પશ્ચિમ બંગાળમાં ટૂંક સમયમાં જ ૨૯૪ સભ્યોની વિધાનસભાની ચૂંટણી છે, TMC અને BJP વર્ચસ્વ માટે વધુને વધુ આક્રમક યુદ્ધમાં છે, ત્યારે આ અવરોધે રાજકીય તણાવને વધુ તીવ્ર બનાવ્યો છે. આ મુકાબલો ઝડપથી કાનૂની ક્ષેત્રમાં પણ ગયો છે. EDએ તેની તપાસમાં દખલગીરીનો આરોપ લગાવતી અરજી દાખલ કરવાની પરવાનગી મેળવવા માટે કલકત્તા હાઈકોર્ટનો સંપર્ક કર્યો છે, જ્યારે I-PACએ આ શોધને પડકારી છે અને તેની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે.



**વરિષ્ઠ વકીલ અને સ્વતંત્ર રાજ્યસભા સાંસદ કપિલ સિબ્બલે શુક્રવારે કહ્યું હતું કે ભારતનું સંઘીય માળખું એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની 'દયા પર' આવી ગયું છે અને તેમણે જણાવ્યું હતું કે ફક્ત સુપ્રીમ કોર્ટ જ એજન્સીના વધતા જતા અતિરેકને રોકી શકે છે**

EDના જણાવ્યા અનુસાર, ગુરૂવારે સવારે કેન્દ્રીય અર્ધલશ્કરી દળોની હાજરીમાં લગભગ ૧૦ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, જેમાં સોલ્ટ લેક સેક્ટર Vમાં I-PACની ઓફિસ, લાઉડન સ્ટ્રીટ પર જૈનના નિવાસસ્થાન અને દિલ્હીમાં અનેક પરિસરનો સમાવેશ થાય છે. કોલકાતા પોલીસ કમિશનર મનોજ વર્મા સ્થળ પર પહોંચ્યા પછી તરત જ બેનરજી જૈનના નિવાસસ્થાને પહોંચ્યા ત્યારે બપોરની આસપાસ પરિસ્થિતિ વધુ વણસી ગઈ હતી. મુખ્યમંત્રી લગભગ ૨૦થી ૨૫ મિનિટ સુધી અંદર રહ્યા અને બહાર આવ્યા અને ED અધિકારીઓ પર તેમની સત્તાની બહાર કામ કરવાનો આરોપ લગાવ્યો. તેમની હાજરીથી વરિષ્ઠ પોલીસ અધિકારીઓ, પક્ષના નેતાઓ અને કેન્દ્રીય દળો વચ્ચે તણાવપૂર્ણ સ્થિતિ સર્જાઈ ગઈ હતી.

CELEBRATING EXCELLENCE 35 years GT

## ક્યા બાત હૈ ?!

ઠંડી એવી પડે છે કે લોકો ભીખ આપવા માટે પણ ખિસ્સામાંથી હાથ બહાર નથી કાઢતા !



- જામી

# 'મોદી અને ટ્રમ્પે ૨૦૨૫માં ૮ વખત વાત કરી હતી' : ભારત-અમેરિકા વેપાર સોદા અંગે હોવર્ડ લુટનિકના દાવા સામે વિદેશ મંત્રાલયની પ્રતિક્રિયા

**આ ટિપ્પણીઓ અમેરિકા-ભારત FTA વાટાઘાટો અટકી જવા અંગે હોવર્ડ લુટનિકના દાવાઓના સીધા જવાબમાં ન હતી પરંતુ તે તેની સાથે સંલગ્ન હોય તેવું લાગે છે**

(એજન્સી) તા.૯

વિદેશ મંત્રાલયે શુક્રવારે જણાવ્યું હતું કે, મુક્ત વેપાર કરાર (FTA) અને ટેરિફ મુદ્દાઓ પર નવી દિલ્હી-વોશિંગ્ટન સંબંધોમાં તણાવ વચ્ચે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ૨૦૨૫માં યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે આઠ વખત વાત કરી છે. જો કે, આ ટિપ્પણીઓ યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકના એવા દાવાઓના સીધા જવાબમાં ન હતી કે, યુએસ-ભારત FTA વાટાઘાટો 'પીએમ મોદીએ રાષ્ટ્રપતિ ટ્રમ્પને ફોન ન કર્યો હોવાથી' અટકી ગઈ હતી પણ તે તેના સંબંધિત કરવામાં આવી હોય તેવું લાગે છે. પ્રવક્તાએ મીડિયા બ્રીફિંગમાં જણાવ્યું હતું કે, અમે ટિપ્પણીઓ જોઈ છે. ભારત અને અમેરિકા ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૫થી દ્વિપક્ષીય વેપાર કરાર માટે વાટાઘાટો કરવા માટે પ્રતિબદ્ધ હતા. ત્યારથી બંને પક્ષોએ સંતુલિત અને પરસ્પર લાભદાયી વેપાર કરાર પર પહોંચવા માટે વાટાઘાટોના અનેક રાઉન્ડ યોજ્યા છે. ઘણી વખત અમે એક કરારની નજીક રહ્યા છીએ. અહેવાલિત ટિપ્પણીઓમાં આ ચર્ચાઓનું વર્ણન સચોટ નથી. મોદી અને ટ્રમ્પે ૨૦૨૫માં આઠ વખત ફોન પર વાત કરી છે, જેમાં 'અમારી વ્યાપક ભાગીદારીના વિવિધ પાસાઓ' આવરી લેવામાં આવ્યા છે. જયસ્વાલે સ્પષ્ટતા કરી કે, અમે બે પૂરક અર્થતંત્રો વચ્ચે પરસ્પર લાભદાયી વેપાર કરારમાં રસ ધરાવીએ છીએ. અમે તેને પૂર્ણ કરવા આતુર છીએ. આકસ્મિક રીતે વડાપ્રધાન અને રાષ્ટ્રપતિ ટ્રમ્પે ૨૦૨૫ દરમિયાન ૮ વખત ફોન પર પણ વાત કરી છે, જેમાં અમારી વ્યાપક ભાગીદારીના વિવિધ પાસાઓને આવરી લેવામાં આવ્યા છે. જયસ્વાલે એમ પણ કહ્યું કે, મોદી અને ટ્રમ્પ 'મૈત્રીપૂર્ણ સંબંધ ધરાવે છે' અને રાજદ્વારી ધોરણો અનુસાર હંમેશા પરસ્પર આદર સાથે એકબીજાને સંબોધે છે.

**અમેરિકા-ભારત FTA પર હોવર્ડ લુટનિકે શું દાવો કર્યો હતો :**

અમેરિકાના વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકે દાવો કર્યો હતો કે, ભારત-અમેરિકન વેપાર સોદો એટલા માટે થયો નથી કારણ કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પને ફોન કર્યો ન હતો. ગુરૂવારે તેમના 'ઓલ ઈન' પોડકાસ્ટ પર વેન્ચર કેપિટાલિસ્ટ અને ઉદ્યોગસાહસિક સાથે વાત કરતા લુટનિકે કહ્યું કે, તેમણે મોદીને સોદો પૂર્ણ કરવા માટે ટ્રમ્પને ફોન કરવા કહ્યું. જો કે, તેમણે કહ્યું કે, ભારત આવું કરવામાં 'અસ્વસ્થ' હતું, તેથી મોદીએ ફોન કર્યો ન હતો.

## AIMIM, કોંગ્રેસ સાથે ભાજપનું જોડાણ દંભનું શરમજનક પ્રદર્શન : શિવસેના UBT

નવી દિલ્હી : મહારાષ્ટ્રના ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં ચાલી રહેલી ચૂંટણી ગતિવિધિઓ વચ્ચે, શિવસેના ઉદ્ધવ બાળાસાહેબ ઠાકરે (UBT)એ ભારતીય જનતા પાર્ટી (BJP) પર ઉગ્ર પ્રહારો કર્યા છે અને આરોપ લગાવ્યો છે કે તે સત્તા ખાતર તેની મુખ્ય વિચારધારા છોડી રહી છે. પાર્ટીએ મહારાષ્ટ્રમાં ભાજપના તાજેતરના રાજકીય દાવપેચને AIMIM અને કોંગ્રેસ પાર્ટી સાથે સ્થાનિક જોડાણના ખુલાસા પછી દંભનું શરમજનક પ્રદર્શન ગણાવ્યું છે. પાર્ટીના મુખપત્ર સામનાના તંત્રીલેખમાં ઠાકરે છાવણીએ કહ્યું, ભાજપની હાલની માનસિકતા સત્તામાં રહેવા અને વિપક્ષમાં બેસવાનું ટાળવા માટે ગમે તે કરવાની છે કારણ કે તેમાં મૂળ વિચારધારાનો અભાવ છે; તેમનું હિન્દુત્વ સ્વાર્થી રાજકીય લાભ માટે ઉપયોગમાં લેવાતું એક ઢોંગ છે. સત્તાની ગરમી વિના, ભાજપ માટે ટકી રહેવું મુશ્કેલ બનશે. એટલા માટે તેઓ ઓવૈસીની પાર્ટી સાથે ભાગીદારી કરવા તૈયાર છે.

## મ્યાનમાર સરહદ પર NCBએ ડ્રગ નેટવર્કનો પર્દાફાશ કર્યો, ૧૫ કરોડ રૂપિયાનું હેરોઈન જપ્ત કર્યું

નવી દિલ્હી : એજન્સીએ ગુરૂવારે જણાવ્યું હતું કે, એક મોટી કાર્યવાહીમાં, નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB)એ ૬૩૮ સાબુના કેસોમાં છુપાવેલ ૧૫ કરોડ રૂપિયાની કિંમતનું ૭.૩૧૨ કિલોગ્રામ ઉચ્ચ ગુણવત્તાનું હેરોઈન જપ્ત કર્યું અને ભારત-મ્યાનમાર સરહદ નજીક કાર્યરત બે તસ્કરોની ધરપકડ કરી. આરોપીઓની ઓળખ ગિન્ખાવમલિયન અને માંગબોઈ સિમટે તરીકે થઈ છે, બંને મણિપુરના ચુરાચંદપુર જિલ્લાના મુલ્તમ ખાતે માતાના રહેવાસી છે. એજન્સીએ જણાવ્યું હતું કે, જાસૂસોએ ભારત-મ્યાનમાર સરહદ નજીક એક બોલેરો વાહન અટકાવ્યું હતું અને તસ્કરોની ધરપકડ કરી હતી. વાહનની શોધખોળમાં ૭.૩૧૨ કિલોગ્રામ ઉચ્ચ-ગ્રેડ હેરોઈન મળી આવ્યું હતું, એમ એજન્સીએ એક નિવેદનમાં જણાવ્યું હતું. પ્રારંભિક તપાસ સૂચવે છે કે જપ્ત કરાયેલા ડ્રગ્સ મ્યાનમારના હૈચીનથી ઉદ્ભવ્યા હતા અને શહેરી દેખરેખ, પોલીસ ચોકીઓ અને સુરક્ષા શિબિરોને બાયપાસ કરવા માટે મણિપુરના વન કોરિડોર દ્વારા તસ્કરી કરવામાં આવ્યા હતા, એમ એજન્સીએ જણાવ્યું હતું. ધરપકડ કરાયેલા બંને વ્યક્તિઓને નાર્કોટિક ડ્રગ્સ એન્ડ સાયકોટ્રોપિક સબસ્ટન્સ (NDPS) એક્ટ હેઠળ આગળની કાનૂની કાર્યવાહી માટે જપ્ત કરાયેલા માદક દ્રવ્યો સાથે સક્ષમ કોર્ટમાં રજૂ કરવામાં આવશે. એજન્સીના નિવેદનમાં જણાવાયું છે કે, આ કાર્યવાહી આસામ રાઈફલ્સ સાથે ગાઢ સંકલનમાં હાથ ધરવામાં આવી હતી.

## એલએસ તપાસ પેનલની માન્યતા પર હુમલો કરતી જસ્ટિસ યશવંત વર્માની અરજી પર સુપ્રીમ કોર્ટે ચુકાદો અનામત રાખ્યો

નવી દિલ્હી : ગુરૂવારે સુપ્રીમ કોર્ટે અલ્હાબાદ હાઈકોર્ટના ન્યાયાધીશ યશવંત વર્મા દ્વારા તેમના વિરૂદ્ધ ભ્રષ્ટાચારના આરોપોની તપાસ કરતી સંસદીય પેનલની કાયદેસરતાને પડકારતી અરજી પર પોતાનો ચુકાદો અનામત રાખ્યો હતો. જસ્ટિસ દીપાંકર દત્તા અને એસસી શર્માની બેન્ચે વર્મા તરફથી હાજર રહેલા વરિષ્ઠ વકીલો મુકુલ રોહતગી અને સિદ્ધાર્થ લુથરા અને સંસદના બંને ગૃહોનું પ્રતિનિધિત્વ કરતા સોલિસિટર જનરલ તુષાર મહેતાને સાંભળ્યા બાદ પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો. સુનાવણી દરમિયાન, રોહતગી અને લુથરાએ સંસદીય પેનલની સ્થાપનામાં અપનાવવામાં આવેલી પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવ્યો અને કહ્યું કે ૧૯૬૮ના ન્યાયાધીશો (તપાસ) અધિનિયમ હેઠળ, ફક્ત લોકસભાના અધ્યક્ષ અને રાજ્યસભાના અધ્યક્ષ જ ન્યાયાધીશને પદ પરથી હટાવવાની દરખાસ્ત સ્વીકારવા માટે હકદાર છે. મહેતાએ સંસદીય પેનલના બંધારણનો બચાવ કર્યો અને કહ્યું કે જો દરખાસ્ત બંને ગૃહોમાં સ્વીકારવામાં આવી હોય તો તપાસ સમિતિની રચના સ્પીકર અને અધ્યક્ષ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવશે. બુધવારે, સુપ્રીમ કોર્ટે મૌખિક રીતે અવલોકન કર્યું કે રાજ્યસભામાં સમાન દરખાસ્ત ફગાવી દેવામાં આવ્યા બાદ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ વર્મા સામે ભ્રષ્ટાચારના આરોપોની તપાસ માટે તપાસ સમિતિની રચના કરવા પર ન્યાયાધીશોની તપાસ અધિનિયમ હેઠળ કોઈ પ્રતિબંધ નથી.

## ઉત્તરપ્રદેશમાં આઘાતજનક ઘટના : હાપુડ શેરડીના ખેતરમાંથી સળગેલી, અર્ધનગ્ન મહિલાનો મૃતદેહ મળ્યો; બળાત્કાર અને હત્યાની શંકા

નવી દિલ્હી : ઉત્તરપ્રદેશના હાપુર જિલ્લામાં બહાદુરગઢ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળના લહદ્રા ગામમાં ઈંટના ભઠ્ઠા પાછળ શેરડીના ખેતરમાંથી આશરે ૩૦ વર્ષની એક મહિલાનો સળગેલો, અર્ધ નગ્ન મૃતદેહ મળી આવ્યા બાદ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, એમ પોલીસે ગુરૂવારે અહીં જણાવ્યું હતું. મહિલાનો ચહેરો ગંભીર રીતે બળી ગયો હતો, જેના કારણે ઓળખ અશક્ય બની ગઈ હતી. ગ્રામજનોના જણાવ્યા અનુસાર, પહેલા ખેતરમાં મૃતદેહ જોવા મળ્યો હતો, ત્યારબાદ ભયનો માહોલ સર્જાયો હતો. નજીકના ખેડૂતો અને રહેવાસીઓ તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મહિલાની ઓળખ સ્થાપિત કરવાના પ્રયાસો કર્યા હતા, પરંતુ નિષ્ફળ રહી હતી. સંજોગોને આધારે, પોલીસને શંકા છે કે મહિલા પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો અને બાદમાં પુરાવાનો નાશ કરવા માટે તેના શરીરને આગ લગાવી દેવામાં આવી હતી. અધિકારીઓ માને છે કે હત્યા અન્યત્ર કરવામાં આવી હતી અને પીડિતાની ઓળખ છુપાવવા માટે મૃતદેહને શેરડીના ખેતરમાં લાવવામાં આવ્યો હતો.

## ટ્રક ડ્રાઈવરોના લાઈસન્સ રદ કરવાના મુદ્દે શીખ જૂથો વચ્ચે ચાલી રહેલી લડાઈમાં અમેરિકામાં બે ભારતીય ડ્રાઈવરોની ૬૩ કરોડ રૂપિયાના કોકેન સાથે ધરપકડ કરવામાં આવી

નવી દિલ્હી : અમેરિકામાં કેલિફોર્નિયાના બે ભારતીય મૂળના ટ્રક ડ્રાઈવરોની ધરપકડ કરવામાં આવી હતી, જ્યારે અધિકારીઓએ તેમના સેમી-ટ્રકમાં આશરે ૭૦ લાખ ડોલર (આશરે ૬૩ કરોડ રૂપિયા) કિંમતનું ૩૦૯ પાઉન્ડ કોકેન શોધી કાઢ્યું હતું. કેલિફોર્નિયામાં ઈમિગ્રન્ટ ટ્રક ડ્રાઈવરો, ખાસ કરીને શીખો માટે કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ (CDL) જારી કરવા અને રદ કરવા અંગે ચાલી રહેલા કાનૂની અને રાજકીય વિવાદ વચ્ચે આ ધરપકડ કરવામાં આવી છે. ગુરૂપ્રીત સિંહ(૨૫) અને જસવીર સિંહ(૩૦) તરીકે ઓળખાતા આ પુરુષોની ૩ જાન્યુઆરીએ ધરપકડ કરવામાં આવી હતી. બંને પાસે કેલિફોર્નિયા દ્વારા જારી કરાયેલ કોમર્શિયલ ડ્રાઈવિંગ લાઈસન્સ છે અને હાલમાં તેમને પુટનમ કાઉન્ટી જેલમાં ૧૦ લાખ ડોલરના બોન્ડ પર રાખવામાં આવ્યા છે. યુએસ ઈમિગ્રેશન અને કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE)એ બંને પુરુષો પર તેમની ઈમિગ્રેશન સ્થિતિ અંગે ચિંતાઓને કારણે અટકાયતો મૂકી છે. પોલીસ અહેવાલો અનુસાર, જસવીર સિંહે શરૂઆતમાં અધિકારીઓને કહ્યું હતું કે, તે રિચમંડના એક રેસ્ટોરન્ટમાં લોડની રાહ જોવા માટે ખાલી ટ્રેક્ટર-ટ્રેલર લઈ જઈ રહ્યો હતો. જો કે, અધિકારીઓએ ટ્રકના સ્લીપર બર્થમાં ધાબળાથી ઢંકાયેલા ઘણા કાર્ડબોર્ડ બોક્સ જોયા, જેનાથી શંકા ઊભી થઈ. મુક્ત વલ્યામાં K-9 સૂંઘવાથી અધિકારીઓને ગેરકાયદેસર ડ્રગ્સની હાજરીની જાણ થઈ અને ત્યારબાદ તપાસમાં કોકેઈન મળી આવ્યું. અધિકારીઓએ જણાવ્યું કે ધરપકડો દેશમાં પુરૂષોના પ્રવેશ અને તેમની કાનૂની સ્થિતિ સંબંધિત ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)ના અગાઉના રેકોર્ડ સાથે સુસંગત છે. બંને પુરુષો પર લેવલ ૨ ગુના તરીકે વર્ગીકૃત કરાયેલા માદક દ્રવ્યોના વ્યવહારના પ્રારંભિક આરોપો છે. ઇન્ડિયાનાના ગવર્નર માઈક બ્રૌને જપ્તી માટે ઇન્ડિયાના સ્ટેટ પોલીસની પ્રશંસા કરી, ડ્રગ હેરફેર પ્રત્યે રાજ્યના શૂન્ય-સહિષ્ણુતાના અભિગમને પુનરાવર્તિત કર્યો.

## તેલંગાણા સરકાર દ્વારા MANUUની ૫૦ એકર જમીન ફરી શરૂ કરવાની નોટિસને પગલે વિદ્યાર્થીઓના વિરોધ અને રાજકીય વિવાદને વેગ

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

રંગા રેડ્ડી જિલ્લા વહીવટીતંત્રે મૌલાના આઝાદ રાષ્ટ્રીય ઉર્દૂ યુનિવર્સિટી (MANUU)ને કારણદર્શક નોટિસ ફટકાર્યા બાદ તેલંગાણામાં એક મોટો રાજકીય વિવાદ ફાટી નીકળ્યો છે, જેમાં ૧૯૯૮માં ફાળવવામાં આવેલી ૫૦ એકર જમીનનો ઉપયોગ ન થયો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર કચેરી દ્વારા MANUU રજિસ્ટ્રાર ઇશ્તિયાક અહમદને જારી કરાયેલી નોટિસમાં સ્પષ્ટતા માંગવામાં આવી છે કે ગાંડીપેટ મંડળના મણિકોંડા ગામના સર્વે નંબર ૨૧૧ અને ૨૧૨ માં આવેલી ૫૦ એકર જમીન શા માટે સરકારી કબજામાં પાછી ન લેવી જોઈએ. કેન્દ્રીય યુનિવર્સિટીને ફાળવવામાં આવેલી કુલ ૨૦૦ એકર જમીનમાંથી, વહીવટીતંત્રનો દાવો છે કે લગભગ ૧૫૦ એકર જમીન હાલના બાંધકામો દ્વારા કબજે કરવામાં આવી છે, જ્યારે બાકીની ૫૦ એકર જમીન ખાલી છે, જે 'બિન-ઉપયોગ' અને ફાળવણીની શરતોનું ઉલ્લંઘન છે. ૧૫ ડિસેમ્બરના રોજ લખાયેલી આ નોટિસમાં પ્રત્યક્ષ નિરીક્ષણ અહેવાલો અને અગાઉની કાર્યવાહીનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જેમાં જણાવાયું છે કે સરકારી જમીનના બિનઉપયોગી ભાગો અન્ય જાહેર હેતુઓ માટે ફરી શરૂ કરવા પાત્ર છે. શરૂઆતમાં યુનિવર્સિટીને સાત દિવસની અંદર જવાબ આપવા માટે કહેવામાં આવ્યું હતું, પરંતુ MANUUએ વિગતવાર સમજૂતી રજૂ કરવા માટે બે મહિનાનો સમય માંગ્યો છે અને મેળવ્યો છે. તેલંગાણા સરકારે જાળવી રાખ્યું છે કે આ



પગલું નિયમિત ઓડિટ પ્રક્રિયાનો એક ભાગ છે. પ્રવાસન મંત્રી જૂપલ્લી કૃષ્ણ રાવે સ્પષ્ટતા કરી હતી કે જો યુનિવર્સિટી તેના ઉપયોગ માટે સ્પષ્ટ યોજના રજૂ કરે તો સરકારનો જમીન કબજે કરવાનો કોઈ ઇરાદો નથી. તેમણે કહ્યું કે, 'આ ફક્ત તે સુનિશ્ચિત કરવા માટે છે કે સરકારી જમીનનો ઉપયોગ તેના હેતુ માટે થાય'. જો કે, આ નોટિસનો કેમ્પસમાં જોરદાર વિરોધ થયો છે. MANUU ખાતે વિરોધ પ્રદર્શનો ફાટી નીકળ્યા હતા, જેમાં વિદ્યાર્થીઓએ MANUU સ્ટુડન્ટ્સ કલેક્ટિવના બેનર હેઠળ સેન્ટ્રલ લાઈબ્રેરીથી બાબ-એ-ઈલ્મ સુધી રેલીનું આયોજન કર્યું હતું. 'જમીન ચોરી ના-મંઝૂર' જેવા સૂત્રોચ્ચાર કરતા વિદ્યાર્થીઓએ નોટિસ તાત્કાલિક પાછી ખેંચવાની માંગ કરી હતી અને જો યુનિવર્સિટીની જમીન ફરી મેળવવાનો કોઈ પ્રયાસ કરવામાં આવશે તો ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપી હતી. વિદ્યાર્થી નેતાઓએ દલીલ કરી હતી કે સંબંધિત જમીન વધારાની નથી પરંતુ ભવિષ્યના વિસ્તરણ માટે અનામત છે, જેમાં શૈક્ષણિક બ્લોક, છાત્રાલય અને અન્ય આવશ્યક સુવિધાઓનો સમાવેશ થાય છે. તેમણે ગંભીર માળખાકીય સુવિધાઓની અછત, ખાસ કરીને છાત્રાલય રહેવાની વ્યવસ્થા, જેના કારણે વિભાગોને એક જ ઇમારતોમાંથી અભ્યાસક્રમો ચલાવવાની ફરજ પડી રહી છે, તરફ ધ્યાન દોર્યું. તેમના મતે, જમીન વિકસાવવામાં વિલંબ પ્રક્રિયાગત અવરોધો, ભંડોળની મર્યાદાઓ અને સેન્ટ્રલ પબ્લિક વર્ક્સ ડિપાર્ટમેન્ટ (CPWD) જેવી કેન્દ્રીય એજન્સીઓ પર નિર્ભરતાને કારણે છે.

વિદ્યાર્થી નેતા તલ્હા મન્નાને કહ્યું કે, 'આ કોઈ અલગ વહીવટી કાર્યવાહી નથી'. 'જાહેર યુનિવર્સિટીઓને ખાલી જમીનના ભંડાર તરીકે વધુને વધુ જોવામાં આવી રહી છે. હૈદરાબાદ યુનિવર્સિટીના કિસ્સામાં આપણે આ પહેલાથી જ જોયું છે. MANUU વિદ્યાર્થીઓ પુનરાવર્તન થવા દેશે નહીં.' MANUU વિદ્યાર્થી સંઘના પૂર્વ પ્રમુખ ઉમર ફારૂકે કહ્યું કે લઘુમતી અને આર્થિક રીતે નબળા વિદ્યાર્થીઓ માટે જમીન મહત્વપૂર્ણ છે. તેમણે કહ્યું કે, 'અમે એક ઇંચ પણ છોડીશું નહીં. MANUUને વિકાસ માટે વધુ જમીનની જરૂર છે, ઓછી નહીં'. આ મુદ્દા પર વિરોધ પક્ષો અને કેન્દ્રીય મંત્રીઓ તરફથી પણ તીવ્ર પ્રતિક્રિયાઓ આવી છે. કેન્દ્રીય ગૃહ રાજ્યમંત્રી બંદી સંજય કુમારે નોટિસની નિંદા કરી, કોંગ્રેસની આગેવાની હેઠળની રાજ્ય સરકાર પર તેની મૂલ્યવાન સ્થાવર મિલકત માટે શૈક્ષણિક સંસ્થાઓને લક્ષ્ય બનાવવાનો આરોપ લગાવ્યો. તેમણે પ્રશ્ન ઉઠાવ્યો કે જાણીજોઈને અન્યત્ર કથિત અતિક્રમણ સામે કેમ કાર્યવાહી કરવામાં આવી રહી નથી અને જો નોટિસ પાછી ખેંચવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓ દ્વારા સતત વિરોધ પ્રદર્શન કરવામાં આવશે તેવી ચેતવણી આપી હતી. બીઆરએસના કાર્યકારી પ્રમુખ કેટી રામા રાવે આ પગલાને 'રિયલ એસ્ટેટ લોભ' ગણાવ્યું અને હૈદરાબાદ યુનિવર્સિટીમાં જમીન અંગેના તાજેતરના વિવાદ સાથે સમાનતા દર્શાવી. પૂર્વ મંત્રી ટી હરીશ રાવ અને કેન્દ્રીય મંત્રી જી કિશન રેડ્ડીએ એવો પણ આરોપ લગાવ્યો કે રાજ્ય સરકાર યુનિવર્સિટીની જમીનો હડપ કરવા માટે 'મિશન મોડ'માં કામ કરી રહી છે, જેનાથી ઉચ્ચ શિક્ષણ અને સંશોધનને નુકસાન થઈ રહ્યું છે. વિરોધ ચાલુ રહેતા અને રાજકીય દબાણ વધી રહ્યું હોવાથી હવે બધાની નજર નોટિસ પર MANUUના ઔપચારિક પ્રતિભાવ પર છે, જે તેની લાંબા ગાળાની વિસ્તરણ યોજનાઓની રૂપરેખા આપશે અને વિવાદિત ૫૦ એકર જમીનને જાળવી રાખવાને યોગ્ય ઠેરવશે તેવી અપેક્ષા છે.

## ઈરાનમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન અત્યાર સુધીમાં ૪૨ લોકોનાં મૃત્યુના અહેવાલ

### આ વિરોધ પ્રદર્શનોમાં સેંકડો લોકો ઘાયલ થયા છે અને ૨,૨૧૭ની અટકાયત કરવામાં આવી છે

(એજન્સી) તા.૯

ઈરાન હ્યુમન રાઈટ્સ એક્ટિવિસ્ટ્સ ન્યૂઝ એજન્સી (HRANA)એ અહેવાલ આપ્યો હતો કે ઈરાનમાં વિરોધ પ્રદર્શનોમાં મૃત્યુઆંક વધીને ૪૨ થયો છે યુએસ સ્થિત જૂથની વેબસાઈટ પર પ્રકાશિત અહેવાલમાં જણાવાયું છે કે આ પ્રદર્શનો સતત ૧૨ દિવસ સુધી ચાલુ રહ્યા છે. દેશના તમામ ૩૧ પ્રાંતોમાં વિરોધ પ્રદર્શનો થયા છે જેના પરિણામે ૩૪ વિરોધીઓ અને સુરક્ષા દળોના આઠ સભ્યોના મોત થયા હતા. આ પ્રદર્શનોમાં સેંકડો લોકો ઘાયલ થયા છે



અને ૨,૨૧૭ લોકોની અટકાયત પણ કરવામાં આવી હતી. આ અહેવાલ મુજબ, મોટાભાગે પેલેટ શોટ અને પ્લાસ્ટિક ગોળીઓથી ઈજાઓ થઈ હતી. જો કે, અધિકારીઓએ માર્યા ગયેલા અથવા ઘાયલ થયેલા લોકો અંગે કોઈ નિવેદન બહાર પાડ્યું નથી. નેટબ્લોક્સ અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ગુરૂવારે મોડી રાત્રે બધા પ્રાંતોમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા અને ઈન્ટરનેટ અને ફોન સેવા પણ બંધ કરી દેવામાં આવી હતી. તેહરાન જેવા મોટા શહેરોમાં, તેમજ મશહદ અને શિરાઝમાં, પહેલીવાર વ્યાપક પ્રદર્શન જોવા મળ્યા હતા. તબ્રીઝ અને આર્દાબિલ જેવા તુર્કી-બહુમતી પ્રાંતોમાં પણ ઓછી તીવ્રતાના વિરોધ પ્રદર્શનો શરૂ થયા હતા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે કહ્યું હતું કે જો અમેરિકા ઈરાન વિરોધીઓને મારવાનું શરૂ કરશે તો તે 'ખૂબ જ આક્રમક' હુમલો કરશે. બગડતી જતી અર્થવ્યવસ્થા અને રિયાલના ઝડપી અવમૂલ્યનને કારણે ગયા મહિનાના અંતથી ઈરાન વ્યાપક વિરોધ પ્રદર્શનો થયા છે અને આજે ડોલર સામે રિયાલ ૧,૩૫૦,૦૦૦ને વટાવી ગયું છે.

## મહેબૂબાએ મમતાને 'વાઘણ' ગણાવતાં કહ્યું કે, તે શરણાગતિ સ્વીકારશે નહીં

### ચૂંટણી પહેલા TMC ડેટા જપ્ત કરવાના કથિત પ્રયાસ અંગે એજન્સીનો સામનો કરવા બદલ બેનરજીના વિરોધને PDPના વડાએ બિરદાવ્યો હતો

પીડીપી પ્રમુખ મહેબૂબા મુફ્તીએ શુક્રવારે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની પ્રશંસા કરી, તેમને 'વાઘણ' અને દુર્લભ હિંમતવાન નેતા તરીકે બિરદાવ્યા અને તેમણે કહ્યું કે, તે ક્યારેય દબાણ સામે ઝૂકશે નહીં. પોલિટિકલ કન્સલ્ટન્સી ફર્મ I-PACના કોલકાતા કાર્યાલય અને તેના ડિરેક્ટર પ્રતીક જૈનના નિવાસસ્થાને EDની શોધખોળ પર પ્રતિક્રિયા આપતા મુફ્તીએ નાટકીય દ્રશ્યો યાદ કર્યા જેમાં જે રીતે બેનરજીએ પોતે કેન્દ્રીય એજન્સીનો સામનો કર્યો હતો અને રાજ્યની ચૂંટણી પહેલા ટીએમસીનો સંવેદનશીલ ડેટા જપ્ત કરવાનો પ્રયાસ કરવાનો આરોપ લગાવ્યો હતો. મુફ્તીએ ટિપ્પણી કરી કે જમ્મુ અને કાશ્મીરમાં એક સમયે આવા દરોડા નિયમિત રીતે થતાં હતા, હવે સમગ્ર દેશમાં ફેલાઈ ગયા છે. તેમણે કલમ ૩૭૦ નાબૂદ કર્યા પછીના સમયગાળા સાથે સમાનતા દર્શાવી, જ્યારે તપાસ કાર્યવાહી અને અટકાયત અંગે રાજકીય સંસ્થાઓ દ્વારા મૌન રાખવામાં આવ્યું હતું. હવે આખો દેશ કાશ્મીરમાં જે કંઈ થયું તેનો સ્વાદ ચાખી રહ્યો છે. તેમણે આશા વ્યક્ત કરી કે બેનરજીનો સંકલ્પ જીતશે. ટીએમસીના વડાને 'ખૂબ બહાદુર' ગણાવતા મુફ્તીએ કહ્યું કે, તેમને વિશ્વાસ છે કે, બંગાળના નેતા લડત આપવા ઊભા રહેશે અને શરણાગતિ સ્વીકારશે નહીં.

## ચેન્નાઈ, કોલકાતા અને અમદાવાદ જેવા શહેરોની જમીનની સપાટી નીચે આવી રહી છે : તેનો અર્થ શું છે ? શું આ ચેતવણીના સંકેતો છે ?

### ભૂગર્ભજળના વધુ પડતા ઉપયોગ અને ઝડપી શહેરી વિકાસને કારણે વિશ્વભરના શહેરો ધીમે ધીમે જમીનમાં ડૂબી રહ્યા છે, જેમાં ચેન્નાઈ, કોલકાતા અને અમદાવાદ જેવા ભારતીય શહેરો પણ જોખમમાં છે

(એજન્સી) તા.૯

જો તમે જે શહેરમાં રહો છો તે ધીમે ધીમે તમારા પગ નીચે ઘસી રહ્યું હોય અને કોઈ તેના વિશે પૂરતી વાત ન કરે તો શું ? નવા સંશોધને વિશ્વના સૌથી વ્યસ્ત શહેરી કેન્દ્રોમાં એક ચિંતાજનક વલણને પ્રકાશિત કર્યું છે. રસ્તાઓ, ઈમારતો અને સમગ્ર પડોશીઓ જે એક સમયે મજબૂત હતા તે વર્ષ-દર-વર્ષ ધીમે ધીમે ડૂબી રહ્યા છે. આ વિજ્ઞાન સાહિત્ય કે દૂરની આબોહવાની ચેતવણી નથી. વૈશ્વિક રાજધાનીઓથી લઈને ભારતીય મહાનગરો સુધી, આ હવે એક વાસ્તવિક ચિંતા છે. તે નાટકીય લાગે છે, પરંતુ તે વાસ્તવિક છે. સમગ્ર વિશ્વમાં, મુખ્ય શહેરોની નીચેની જમીન ધીમે ધીમે ડૂબી રહી છે. જે શેરીઓ એક સમયે મજબૂત લાગતી હતી તે વર્ષ-દર-વર્ષ નીચે આવી રહી છે. ઘરો, ઓફિસો અને પૂજા સ્થાનો પણ આ પરિવર્તનનો ભાગ છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ હવે દૂરનું જોખમ નથી પરંતુ એક સક્રિય પ્રક્રિયા છે.

**નવું સંશોધન શું દર્શાવે છે :** તાજેતરના અભ્યાસો દર્શાવે છે કે જમીનનું ઘસવું ખંડોના શહેરોને અસર કરી રહ્યો છે. આમાં એશિયા, યુરોપના ભાગો અને અમેરિકાનો સમાવેશ થાય છે. કારણો અલગ-અલગ હોય છે, પરંતુ પરિણામ સમાન દેખાય છે. નીચા જમીન સ્તરનો અર્થ પૂરનું જોખમ વધારે છે. ઘણા શહેરો માટે આ ફેરફાર પહેલાથી જ દૃશ્યમાન છે. ઈન્ડોનેશિયાની રાજધાની, જકાર્તા, પૃથ્વી પરના



સૌથી ઝડપથી ડૂબતા શહેરોમાંનો એક છે. લગભગ અડધું શહેર હવે સમુદ્ર સપાટીથી નીચે છે. દાયકાઓથી વધુ પડતા ભૂગર્ભજળના નિષ્કર્ષણથી જમીન નબળી પડી છે. ભારે બાંધકામોએ પહેલાથી જ નાજુક જમીન પર દબાણ વધાર્યું છે. પૂર એક નિયમિત ખતરો બની ગયો છે. સંશોધન માનવ અને પર્યાવરણીય પરિબળોના મિશ્રણ તરફ નિર્દેશ કરે છે. ભૂગર્ભજળનું પમ્પિંગ સૌથી મોટો ફાળો આપનાર છે. ઝડપી શહેરી વિકાસને કારણે કુદરતી પાણીના રિચાર્જ માટે બહુ ઓછી જગ્યા રહી છે. આબોહવા પરિવર્તન સાથે જોડાયેલો વધતો વરસાદ પરિસ્થિતિને વધુ ખરાબ કરે છે. એકસાથે, આ પરિબળો દર વર્ષે જકાર્તાને વધુ નીચે ધકેલી રહ્યા છે.

**ભારતમાં પણ સમાન પેટર્ન છે :** ચિંતા વૈશ્વિક શહેરો સુધી મર્યાદિત નથી. સંશોધકો કહે છે કે ભારતમાં હવે સમાન ચેતવણી ચિહ્નો છે. નાન્યાંગ ટેકનોલોજીકલ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ એક અભ્યાસ ચિંતાજનક વલણોને પ્રકાશિત કરે છે.

## I-PAC પર EDના દરોડા (પહેલા પાનાનું ચાલુ)

કલકત્તા હાઈકોર્ટ દ્વારા I-PAC ઓફિસ પર EDના દરોડા સંદર્ભે દાખલ કરાયેલી અરજીઓ પર સુનાવણી મુલતવી રાખવાના પગલા પર બોલતા TMC સાંસદ કલ્યાણ બેનરજીએ આજે સુનાવણી કેમ ન થઈ શકી તે સંજોગો સમજાવ્યા. કોર્ટમાં ભીડ હતી. ન્યાયાધીશે સંબંધિત વકીલો અને તેમના સહાયકો સિવાય બધાને ભીડને કારણે કોર્ટ છોડી દેવા કહ્યું. આગામી સુનાવણી ૧૪ જાન્યુઆરીએ છે.

**દિલ્હીમાં અટકાયતમાં લેવામાં આવેલા TMC સાંસદોને પોલીસે મુક્ત કર્યા :** આજે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન દરમિયાન દિલ્હી પોલીસે જે TMC સાંસદોની અટકાયત કરી હતી, તેમને સંસદ સ્ટ્રીટ પોલીસ સ્ટેશનમાંથી મુક્ત કરવામાં આવ્યા છે. સાંસદ મહુઆ મોઈત્રાએ કહ્યું કે, તે અમારી મિલકત છે જ્યાં ED લૂંટ કરવા માટે આવી હતી. અમારો તમામ ચૂંટણી ડેટા I-PAC ઓફિસમાં છે. ચૂંટણી પહેલા તેઓ અમારી માહિતી સાથે છેડછાડ કરવા આવ્યા હતા. જો કોઈ તમારા ઘરમાં તમને લૂંટવા માટે આવે છે, તો તમને તમારી મિલકતનું રક્ષણ કરવાનો અધિકાર છે. અમારી મિલકતનું રક્ષણ કરવાનો અમને સંપૂર્ણ અધિકાર છે, નહીં તો ED તેને લઈ જશે અને ભાજપને આપી દેશે. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ ગઈકાલે કોલકાતામાં I-PAC પરિસરમાં એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટના દરોડાના વિરોધમાં દક્ષિણ કોલકાતાના જાદવપુરથી તેમની વિરોધ કૂચ શરૂ કરી છે. કૂચ પહેલા મમતાએ દિલ્હીમાં TMC સાંસદો સાથે કરવામાં આવેલા 'શરમજનક, અસ્વીકાર્ય વર્તન'ની નિંદા કરી. દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર વિરોધ કરતી વખતે સાંસદોની અટકાયત કરવામાં આવી હતી. કલકત્તા હાઈકોર્ટે I-PAC પરિસરમાં EDના દરોડાને લગતી અરજીઓની સુનાવણી ૧૪ જાન્યુઆરી સુધી મુલતવી રાખી છે. ન્યાયાધીશ સુવ્રા ઘોષની સિંગલ જજ બેન્ચે કોર્ટરૂમમાં બેકાબૂ ભીડને ટાંકીને ત્રણ અરજીઓ પર સુનાવણી મુલતવી રાખી છે.

TMC અધ્યક્ષા અને પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી ગઈકાલે I-PAC પર દરોડા બાદ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ સામે ટૂંક સમયમાં રેલીનું નેતૃત્વ કરશે. CPIના મહાસચિવ ડી. રાજાએ EDના I-PAC દરોડા મામલે ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું, પશ્ચિમ બંગાળ અને દિલ્હીમાં જે થઈ રહ્યું છે તેનાથી અનેક પ્રશ્નો ઊભા થયા છે. ED અત્યાર સુધી શું કરી રહ્યું હતું અને અચાનક કેમ જાગી ગયું તે સમજાવવું પડશે. ચૂંટાયેલા મુખ્યમંત્રીએ ફાઈલો છીનવી લીધી - તેમણે આ કેમ કર્યું તે સમજાવવું પડશે. બંગાળમાં રાજકારણ પર નજર રાખનારાઓ જાણે છે કે, બંગાળમાં રાજકારણનું ધ્રુવીકરણ કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બધું ચૂંટણીની નજીક થઈ રહ્યું છે. ED પોતાની કાર્યવાહી ચાલુ રાખતી હોવાથી મુખ્યમંત્રી રસ્તાઓ પર વિરોધ કરી રહ્યા છે તે એક સંવેદનશીલ ઘટના છે. બંગાળના લોકોએ સમજવાની જરૂર છે કે, ભાજપ અને ટીએમસી શું કરી રહ્યા છે. અટકાયત કરાયેલા ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પર રાજકીય ડેટા 'ચોરી' કરવાનો આરોપ લગાવ્યો, દાવો કર્યો કે કાર્યવાહી બંગાળની ચૂંટણી પહેલા કરવામાં આવી હતી અને કહ્યું કે, ગૃહ મંત્રાલયની બહાર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરતી વખતે ટીએમસી સાંસદોની અટકાયત કરવામાં આવી હતી. ED તપાસ કરી રહ્યું નથી પરંતુ ગેરકાયદેસર રીતે ચોરી કરી રહ્યું છે. I-PAC કોઈ ગુપ્ત સંગઠન નથી. ભારતમાં દરેક વ્યક્તિ જાણે છે કે, I-PAC એક ચૂંટણી વ્યૂહરચનાકાર છે, એક ચૂંટણી સલાહકાર છે. તેઓ આજથી જ નહીં પરંતુ છેલ્લા સાત કે આઠ વર્ષથી તૃણમૂલ કોંગ્રેસ સાથે કામ કરી રહ્યા છે અને અમારી બધી સેવાઓ, અમારી બધી ઉમેદવારોની યાદીઓ, અમારી બધી ચૂંટણી માહિતી I-PAC પાસે છે કારણ કે તેઓ તે જ કરે છે. તેઓએ તેમની ઓફિસ પર દરોડા પાડ્યા. અમે કહીશું કે તે દરોડો નહોતો, EDએ લૂંટ કરી હતી અને તેઓ અમારી બધી માહિતી લઈ રહ્યા હતા અને તે અમારી ફરજ છે, તે માહિતીનું રક્ષણ કરવાની અમારી પાર્ટીની ફરજ છે અને ત્યાં જ સિંહણ મમતા બેનરજી ગઈ હતી. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી દ્વારા અવરોધના આરોપો વચ્ચે, કેન્દ્રીય ગૃહ મંત્રાલયે ૮ જાન્યુઆરીએ I-PAC ઓફિસ અને સહ-સ્થાપક પ્રતીક જૈનના નિવાસસ્થાને દરોડા અંગે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. CRPFએ પણ પોતાનો અહેવાલ રજૂ કર્યો છે. શુક્રવારે કલકત્તા હાઈકોર્ટમાં આ મામલાની સુનાવણી થશે. ભાજપ સાંસદ રવિશંકર પ્રસાદે ગઈકાલે I-PAC પર EDના દરોડા દરમિયાન પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીની કાર્યવાહીની ટીકા કરી છે અને કહ્યું છે કે, તેમણે લોકશાહીને શરમજનક બનાવી દીધી છે. ગઈકાલે બંગાળમાં જે બન્યું તે સ્વતંત્ર ભારતમાં પહેલાં ક્યારેય બન્યું નથી. મુખ્યમંત્રી મમતા બેનરજીની સમગ્ર કાર્યવાહી માત્ર અનૈતિક, બેજવાબદાર અને ગેરબંધારણીય નથી પરંતુ તેમણે સમગ્ર લોકશાહી પ્રક્રિયાને પણ શરમજનક બનાવી છે. ભાજપના ધારાસભ્ય અને પશ્ચિમ બંગાળ વિધાનસભાના ધારાસભ્ય સુવેન્દુ અધિકારીએ ED દરોડા સ્થળ પરથી 'પુરાવા' દૂર કરવાના મુખ્યમંત્રી મમતા બેનરજીના પગલાને 'સંપૂર્ણપણે ફોજદારી ગુનો' અને બંધારણ પર સીધો હુમલો ગણાવ્યો છે. જ્યારે ભાજપ સરકાર સત્તામાં આવશે, ત્યારે અમે બધા સામે કાર્યવાહી કરીશું. ED અને CBI સહિતની તમામ એજન્સીઓ કોઈપણ કાર્યવાહી કરવા માટે કાયદા અને પ્રક્રિયાઓનું પાલન કરે છે. તેમણે વિરોધ માટે પરવાનગી લીધી ન હતી.

TMCના મહાસચિવ અભિષેક બેનરજીએ દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર વિરોધ કરી રહેલા TMC સાંસદોની અટકાયત અંગે કેન્દ્ર સરકારની ટીકા કરી છે અને કહ્યું છે કે, એજન્સીઓને હથિયાર બનાવવામાં આવી રહી છે અને લોકશાહીને નષ્ટ કરવામાં આવી રહી છે તેઓ વિરોધકર્તાઓને જેલમાં નાખે છે અને બળાત્કારીઓને જામીન આપે છે.

EDના દરોડા સામે કલકત્તા હાઈકોર્ટમાં દાખલ કરાયેલી તૃણમૂલ કોંગ્રેસની અરજીમાં જણાવાયું છે કે, અરજદાર, TMC, બંગાળમાં SIR સામે વિરોધ કરી રહી છે, તેથી EDએ TMCના રાજકીય વ્યૂહરચના કાર્યાલય (I-PAC) અને સહ-સ્થાપકના નિવાસસ્થાનમાંથી દસ્તાવેજો શોધી રહી છે અને જપ્ત કરી રહી છે. TMCની અરજીમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે, એજન્સી ED દ્વારા ગુપ્ત ડેટા ગેરકાયદેસર રીતે જપ્ત કરવામાં આવ્યો છે. કોંગ્રેસ નેતા સુપ્રિયા શ્રીનાતે કોલકાતામાં I-PAC પરિસરમાં EDના દરોડા પર ટિપ્પણી કરી અને વિપક્ષને ડરાવવાનો પ્રયાસ કરવા બદલ કેન્દ્રમાં BJPના નેતૃત્વ હેઠળની NDA સરકારની ટીકા કરતા કહ્યું કે, ED (એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ) એ ભાજપનો ચૂંટણી વિભાગ છે. જ્યાં પણ ચૂંટણીઓ યોજાય છે, ત્યાં ભાજપનો ચૂંટણી વિભાગ ત્યાં જાય છે અને વિપક્ષને ડરાવવા અને ધમકાવવાનું કામ કરે છે. હું ફક્ત એ જાણવા માંગુ છું કે, EDએ છેલ્લા ૧૧ વર્ષમાં ભાજપ માટે મોરચો બનવા ઉપરાંત શું કર્યું છે ? EDના કેટલા કેસ નિષ્કર્ષ પર પહોંચ્યા છે ? મને લાગે છે કે, EDની વિશ્વસનીયતા અને પ્રતિષ્ઠા સંપૂર્ણપણે નાશ પામી છે.

તૃણમૂલ કોંગ્રેસના સાંસદોના એક જૂથે આજે દિલ્હીમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર વિરોધ પ્રદર્શન કર્યું હતું, જેમાં તેમણે કેન્દ્ર પર વિપક્ષને નિશાન બનાવવા માટે તપાસ એજન્સીઓનો ઉપયોગ કરવાનો આરોપ લગાવ્યો હતો. પોલીસે કેટલાક સાંસદોની ટૂંકી અટકાયત કરી હતી.

અટકાયતમાં લેવાયેલા ટીએમસી સાંસદ મહુઆ મોઈત્રાએ જણાવ્યું હતું કે, અમને અટકાયતમાં લેવામાં આવ્યા છે અને પાર્લામેન્ટ સ્ટ્રીટ પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા છે. અમે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના કાર્યાલયની બહાર શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહ્યા હતા, જેમણે ખૂબ જ બેશરમીથી તેમના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ, ખંડણી ડિરેક્ટોરેટને અમારી પાર્ટી પર લૂંટ, લૂંટ અને રાજકીય જાસૂસી કરવા અને અમારા ચૂંટણી ડેટા અને દસ્તાવેજો ચોરી કરવા મોકલ્યા હતા. ED ફક્ત વિપક્ષ માટે જ કેમ છે ? અમારા પક્ષના દસ્તાવેજો બચાવવા માટે દીદી (મમતા બેનરજી)એ ગઈકાલે જે કર્યું તે કરવાની હિંમત અન્ય કોઈ વિપક્ષી નેતામાં નથી.

અટકાયતમાં લેવાયેલા ટીએમસી સાંસદ કીર્તિ આઝાદે કહ્યું કે, તમે જોયું છે કે અમે EDના દરોડા સામે અમિત શાહના કાર્યાલયની બહાર શાંતિપૂર્ણ વિરોધ કરી રહ્યા હતા. ભાજપ પાસે મમતા બેનરજી સામે જીતવાની હિંમત નથી. કોલકાતામાં EDની કાર્યવાહીનો વિરોધ કરવા માટે તે આજે બપોરે ૨ વાગ્યે કૂચ કરશે.

I-PAC પર EDના દરોડા અને મુખ્યમંત્રી મમતા બેનરજીના વિરોધ બાદ, ભાજપનું પ્રતિનિધિમંડળ આજે બપોરે ૧૨:૩૦ વાગ્યે પશ્ચિમ બંગાળના રાજ્યપાલને મળવાનું છે. EDના દરોડાના મુદ્દા પર 'ઘૂંટણિયે' પ્રતિક્રિયા આપવાનો પશ્ચિમ બંગાળના રાજ્યપાલનો ઈન્કાર કરતાં કહ્યું કે, મને જનતા તરફથી અરજીઓ અને રજૂઆતો મળી છે. તે અરજીઓમાં ઊઠાવવામાં આવેલા ત્રણ કાનૂની મુદ્દાઓ છેઃ પ્રથમ, સરકારી કર્મચારીને તેની ફરજો બજાવવાથી અટકાવવા એ ફોજદારી ગુનો છે. બીજું, સરકારી કર્મચારીને તેની ફરજો બજાવવામાં ડરાવવો કે ધમકાવવો એ ગંભીર ગુનો છે, જેમાં બે વર્ષની સજા અને દંડ અથવા બંને સજા થઈ શકે છે. ત્રીજો મુદ્દો એ છે કે, આ મને વકીલો દ્વારા આપવામાં આવેલ આરોપ છે. ત્રીજો મુદ્દો જે તેઓ ઊઠાવી રહ્યા છે તે એ છે કે, બંધારણીય સત્તા બંધારણનું રક્ષણ કરવાની છે. જો આવી સત્તા બંધારણનો અનાદર કરે છે, તો તે સત્તાને તે પદ પર ચાલુ રહેવાનો કોઈ અધિકાર નથી. બંગાળના રાજ્યપાલે મમતા બેનરજી દ્વારા ED વિરુદ્ધ FIR દાખલ કરવા પર પ્રતિક્રિયા આપી છે, જેમાં તેમણે કહ્યું છે કે, કલકત્તા હાઈકોર્ટ આ મામલાની સુનાવણી કરે તેની રાહ જોવી જોઈએ. કાયદો હંમેશા ઉપર હોય છે. તમે જોશો કે કાયદો કોઈપણ રીતે લાગુ થાય છે. હવે જ્યારે તે હાઈકોર્ટ સમક્ષ છે, તો ચાલો ચુકાદાની રાહ જોઈએ પછી હું મારી ટિપ્પણી કરીશ. પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ I-PAC પર EDના દરોડાના સંદર્ભમાં કોલકાતાના બે પોલીસ સ્ટેશનમાં ફરિયાદો નોંધાવી છે. એક ફરિયાદ કોલકાતા પોલીસ હેઠળ શેક્સપિયર સરાની પોલીસ સ્ટેશનમાં અને બીજી ઈલેક્ટ્રોનિક કોમ્પ્લેક્સ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. આ ફરિયાદો અજાણ્યા વ્યક્તિઓ વિરુદ્ધ દાખલ કરવામાં આવી છે અને તેમાં ED કે સેન્ટ્રલ આર્મ્ડ પોલીસ ફોર્સ (CAPF)ના કોઈપણ અધિકારીનું નામ નથી. અહેવાલો મુજબ કોલકાતા પોલીસે શેક્સપિયર સરાની પોલીસ સ્ટેશનમાં પણ સ્વ-ફરિયાદ નોંધી છે.

## ચાઈનીઝ માંઝાનું વેચાણ કરવા બદલ ૧૪૩ લોકોની ધરપકડ કરતી હૈદરાબાદ પોલીસ

### તેલંગાણા સરકારે ચાઈનીઝ માંઝા પર ૨૦૧૬થી સંપૂર્ણ પ્રતિબંધ જાહેર કરેલો છે કેમકે તેનાથી માનવીઓને તથા પક્ષીઓને તેમજ પર્યાવરણને ગંભીર ખતરો ઊભો થાય છે

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

મકરસંક્રાંતિના પર્વ પહેલા જ પોલીસે પ્રતિબંધિત એવા ચાઈનીઝ માંઝાના વેચાણ સામેની ઝુંબેશને વધુ સઘન અને વ્યાપક બનાવી છે. હૈદરાબાદના પોલીસ કમિશનર વીસી સજ્જનરે જણાવ્યું હતું કે ચાઈનીઝ બનાવટની દોરી એટલે કે માંઝાના વેચાણ તેમજ સંગ્રહ અને હેરફેર ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલો છે. તાજેતરમાં પોલીસે આવો રૂપિયા ૧.૨૪ કરોડનો માલ સામાન જપ્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે પ્રતિબંધનો અમલ કરાવવા માટે ખાસ ટીમોની રચના પોલીસે કરી છે અને ગેરકાયદે વેચાણ તથા હેરફેર સામે પોલીસ કડક પગલાં લઈ રહી છે. અત્યાર સુધીમાં આવા ૧૦૩ કેસ નોંધવામાં આવ્યા છે અને ૧૪૩ લોકોની એક મહિનામાં ધરપકડ કરવામાં આવી છે. પોલીસે ચાઈનીઝ માંઝાની ૬ ૨૨ ૬ જેટલી ફીરકી કબજે કરી છે. ચાઈનીઝ માંઝાને કારણે માનવીઓ ઉપર અને પક્ષીઓ તથા પર્યાવરણ ઉપર ગંભીર ખતરો ઊભો થતો હોવાથી તેલંગાણા સરકારે ૨૦૧૬થી જ ચાઈનીઝ માંઝા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકી દીધેલો છે. એટલે તેના વેચાણ કે સંગ્રહ કે તેના હેરફેર કરવાના ગુનાસર પોલીસ કડક કામ ચલાવશે અને ફોજદારી પગલાં લેશે.

કમિશનરે કહ્યું હતું કે પ્રતિબંધથી બચવા માટે કેટલાક વેપારીઓએ ઓનલાઈન વેચાણ અને સંગ્રહ ની પદ્ધતિ અપનાવી છે એટલે આવા તમામ ઈ કોમર્સના પ્લેટફોર્મ અને સોશિયલ



મીડિયા ઉપર પણ પોલીસ ખૂબ જ બારીક નજર રાખી રહી છે. ઓનલાઈન વેચાણ કે ખરીદી કરનારા સામે પણ કેસ દાખલ કરવામાં આવશે અને કડક કાર્યવાહી કરવામાં આવશે અને આવા વેપાર થવા દેનાર અથવા તો તેમાં આસાની કરી દેનાર ઈ કોમર્સ કંપનીઓ સામે પણ કાર્યવાહી કરવામાં આવશે અને કેસ દાખલ કરવામાં આવશે. ચાઈનીઝ માંઝાની ખતરનાક અસરોથી અને તેના જોખમોથી વાલીઓને સાવચેત કરતા કમિશનરે પરંપરાગત રીતે બનતા દોરી અને માંઝાનો જ ઉપયોગ કરવા માટે નાગરિકોને અનુરોધ કર્યો હતો. જો ક્યાં ખોટું થઈ રહ્યું હોય તો એ માટે ૧૦૦ નંબરથી અથવા તો whatsapp નંબર ૯૪૯૦૬૧૬૫૫૫ ઉપર નાગરિકો જાણ કરી શકશે. તેમણે કહ્યું હતું કે ગુજરાત, રાજસ્થાન અને દિલ્હીથી ચાઈનીઝ માંઝાનો જથ્થો હૈદરાબાદમાં ઘૂસાડવામાં આવે છે અને એવા ઉત્પાદન યુનિટો સામે પણ પગલાં લેવાઈ રહ્યા છે.

# 'ડબલ એન્જિન' સરકાર ફક્ત અબજોપતિઓ માટે છે' : રાહુલ ગાંધીએ ભ્રષ્ટાચાર અને ગુનાઓ પર ભાજપ પર પ્રહારો કર્યા

(એજન્સી) તા.૯

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ શુક્રવારે કેન્દ્ર સરકાર પર પ્રહારો કર્યા અને ભાજપ પર ભ્રષ્ટાચાર, સત્તાનો દુરુપયોગ અને માનવોના દુઃખ પ્રત્યે ઉદાસીનતા દર્શાવતી સિસ્ટમનો આરોપ મૂક્યો છે. કોંગ્રેસે રાજ્યોમાં ગુનાઓ અને શાસન નિષ્ફળતાઓને શાસક પક્ષની રાજકીય સંસ્કૃતિ સાથે જોડવાનો પ્રયાસ કર્યો હતો. રાહુલ ગાંધીએ કહ્યું કે, ''દેશભરમાં, 'ભ્રષ્ટ' જનતા પાર્ટીની ડબલ એન્જિન સરકારોએ લોકોના જીવનને બરબાદ કરી દીધા છે. ભાજપના રાજકારણમાં ભ્રષ્ટાચાર, સત્તાનો દુરૂપયોગ અને અહંકારનું ઝેર ઉપરથી નીચે સુધી ફેલાયું છે. તેમની સિસ્ટમમાં, ગરીબ, લાચાર, મજૂર અને મધ્યમ વર્ગના જીવન એ ફક્ત આંકડા છે અને 'વિકાસ'ના નામે, ખંડણીનું કૌભાંડ ચાલી રહ્યું છે. ઉત્તરાખંડમાં ૨૦૨૨માં અંકિતા ભંડારીની હત્યાની કેન્દ્રીય તપાસ માટે કોંગ્રેસ દ્વારા ફરી માંગણીઓ વચ્ચે આ ટિપ્પણી આવી છે. પક્ષે આરોપ લગાવ્યો છે કે તપાસ દરમિયાન શાસક સરકાર સાથે જોડાયેલા શક્તિશાળી હિતોને છુપાવવામાં આવ્યા હતા. આ કેસ પર ચિંતન કરતા, કોંગ્રેસના નેતાએ કહ્યું કે, ''ઉત્તરાખંડમાં અંકિતા ભંડારીની ક્રૂર હત્યાએ સમગ્ર દેશને હચમચાવી નાખ્યો છે, પરંતુ આજે પણ પ્રશ્ન એ જ છે : સત્તામાં રહેલા લોકો ભાજપના કયા VIPને સુરક્ષિત રાખી રહ્યા છે? કાયદો ક્યારે બધા માટે સમાન હશે ? રાહુલ ગાંધીએ ઉત્તર પ્રદેશમાં ઉન્નાવ બળાત્કાર કેસનો પણ ફરી ઉલ્લેખ કર્યો, જે રાજ્યમાં ભાજપના



**લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું કે, 'સામાન્ય ભારતીય માટે, ભ્રષ્ટાચારની આ ડબલ એન્જિન સરકાર વિકાસ નહીં પરંતુ વિનાશ કરી રહી છે**

કાર્યકાળ દરમિયાન સૌથી વિવાદાસ્પદ ગુનાઓમાંનો એક છે. તેમણે કહ્યું કે, આખા દેશે જોયું છે કે કેવી રીતે ગુનેગારોને સત્તાના ઘમંડથી બચાવી લેવામાં આવ્યા હતા અને પીડિતાને ન્યાય માટે કેટલી કિંમત ચૂકવવી પડી હતી. કોંગ્રેસના નેતાએ તેને મૂળભૂત શાસનની નિષ્ફળતા ગણાવી જેમાં તેમણે અનેક રાજ્યોમાં પાણીના દૂષણ અને જાહેર આરોગ્ય જોખમોના તાજેતરના અહેવાલોનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ઈન્દોરમાં ઝેરી પાણી પીવાથી મૃત્યુ થાય છે, કે પછી 'કાળા પાણી' અને ગુજરાત-હરિયાણા-દિલ્હી સુધી પહોંચતા દૂષિત પુરવઠાની ફરિયાદો છે, આવા રોગોનો ભય સર્વત્ર છવાઈ ગયો છે. તેમણે કહ્યું કે, ''ઈન્દોરમાં, પાણી ન હતું - ફક્ત ઝેરનું વિતરણ કરવામાં આવી રહ્યું હતું અને વહીવટ કુંભકર્ણની જેમ સૂઈ રહ્યો હતો. ઘરે ઘરે શોક ફેલાઈ ગયો છે, ગરીબો લાચાર છે અને તેના ઉપર, ભાજપના નેતાઓ ઘમંડી નિવેદનો આપી રહ્યા છે. તેમણે દૂષિત કફ સિરપથી થયેલા મૃત્યુ અને સરકારી હોસ્પિટલોમાં ઉંદરો દ્વારા બાળકોના મોતના અહેવાલોનો ઉલ્લેખ કર્યો અને કહ્યું કે ''જ્યારે પણ ગરીબો મૃત્યુ પામે છે, ત્યારે મોદી હંમેશની જેમ ચૂપ રહે છે.'' લોકસભામાં વિરોધ પક્ષના નેતાએ જાહેર આરોગ્યથી આગળ વધીને ભાજપ પર કોર્પોરેટ હિત માટે પર્યાવરણીય સુરક્ષાનું બલિદાન આપવાનો આરોપ લગાવતા કહ્યું કે, રાજસ્થાનનું અરવલ્લી હોય કે અન્ય કુદરતી સંસાધનો, જ્યાં પણ અબજોપતિઓનો લોભ અને સ્વાર્થ છે ત્યાં નિયમોને તોડવામાં આવ્યા છે. પર્વતો કાપવામાં આવી રહ્યા છે, જંગલો તોડી પાડવામાં આવી રહ્યા છે અને બદલામાં, જનતાને ધૂળ, પ્રદૂષણ અને આફતોનો સામનો કરવો પડે છે. તેમણે કહ્યું કે આ માત્ર 'બેદરકારી' નથી, પરંતુ ભ્રષ્ટાચાર છે.'' પુલ તૂટી પડે છે, રસ્તાઓ તૂટી જાય છે, પરિવારો ટ્રેન અકસ્માતમાં નાશ પામે છે અને ભાજપ સરકાર દર વખતે એ જ કરે છે : ફોટો-ઓપ્સ, ટ્વીટ્સ અને વળતરની ઔપચારિકતા.'' મોદીજીનું 'ડબલ એન્જિન' ચાલી રહ્યું છે, પરંતુ ફક્ત અબજોપતિઓ માટે. સામાન્ય ભારતીય માટે, આ ભ્રષ્ટાચારની આ ડબલ એન્જિન સરકાર વિકાસ નહીં પરંતુ વિનાશ કરી રહી છે અને દરરોજ કોઈ પરિવારનું જીવન બરબાદ થાય છે.

# ઉત્તરાખંડમાં અંકિતા ભંડારી હત્યા કેસ અંગે નાગરિકોમાં ગુસ્સો : વિરોધ પ્રદર્શનો ફરીથી શરૂ થયા

(એજન્સી) દહેરાદૂન, તા.૯

અંકિતા ભંડારી હત્યા કેસમાં ન્યાયની માંગ કરી રહેલા પ્રદર્શનકારીઓએ ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામીની તેમના માતાપિતા સાથેની મુલાકાતને ''ઔપચારિક'' ગણાવીને ફગાવી દીધી હતી અને સરકારના પ્રયાસો છતાં તેમનું આંદોલન ચાલુ રાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. ધામીએ આ અઠવાડિયે બેઠકમાં ભંડારીના માતાપિતા પર શાલ ઓઢાડી, અને બાદમાં પૌડીમાં સરકારી નર્સિંગ કોલેજ ડોભ (શ્રી કોટ)નું નામ બદલીને 'સ્વર્ગસ્થ અંકિતા ભંડારી સરકારી નર્સિંગ કોલેજ ડોભ' રાખવાની જાહેરાત કરી હતી. તેમણે કહ્યું કે, અમારી સરકાર પીડિત પરિવાર સાથે છે. તેમના દ્વારા રજૂ કરાયેલી માંગણીઓ પર કાયદેસર, નિષ્પક્ષ અને ઝડપી કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ મુલાકાત રાજ્યભરમાં એક VIPની સંડોવણીના આરોપોને લઈને ફરી એકવાર થઈ રહેલા પ્રદર્શનો વચ્ચે કરવામાં આવી છે. ઋષિકેશ નજીકના એક રિસોર્ટમાં ૧૯ વર્ષીય રિસેપ્શનિસ્ટ ભંડારીની સપ્ટેમ્બર ૨૦૨૨માં હત્યા કરવામાં આવી હતી અને રિસોર્ટના માલિક, બે સહયોગીઓ સાથે, હત્યા માટે દોષિત ઠેરવવામાં આવ્યા હતા. વિરોધીઓએ ૧૧ જાન્યુઆરીએ રાજ્યવ્યાપી બંધનું એલાન આપ્યું છે અને જો તપાસ ફરી શરૂ નહીં થાય તો આંદોલનને વધુ તીવ્ર બનાવવાની ચેતવણી આપી છે. આંદોલનનું નેતૃત્વ કરી રહેલા પ્રદર્શનકારીઓમાંના એક કાર્યકર્તા ભાવના પાંડેએ જણાવ્યું કે, ધામી દ્વારા આ કોસ્મેટિક પ્રદર્શન છે, અમે વિરોધ કરી રહ્યા નથી તેનું કારણ તે નથી. અમે ન્યાય માટે વિરોધ કરી રહ્યા છીએ. જો મુખ્યમંત્રીને લાગે છે કે આનાથી તેઓ અમને શાંત કરશે, તો તેઓ ભૂલ કરી રહ્યા છે. આ વિરોધ પ્રદર્શનમાં સામેલ સેનાના અનુભવી કે.સી. થાપલિયાલે કહ્યું કે આ કેસ ''ઉત્તરાખંડની પોતાની એપ્સ્ટીન ફાઈલ'' છે. જો ખુલાસો થાય તો તે કેસમાં સંડોવાયેલા મોટા નામો જાહેર કરશે. ઉર્મિલા સનાવર દ્વારા જાહેર કરાયેલી એક ઓડિયો ક્લિપ દ્વારા વિરોધનો માહોલ ઉભો થયો હતો, જે એક અભિનેત્રી છે જે ભાજપના પૂર્વ ધારાસભ્ય સુરેશ રાઠોડ સાથે લગ્ન કર્યા હોવાનો દાવો કરે છે. સનાવરે કહ્યું કે રાઠોડે તેમને ભંડારી કેસમાં ''વીઆઈપી'' સંડોવાયેલા હોવા વિશે કહ્યું હતું અને દાવો કર્યો હતો કે તે ભાજપ નેતા છે. તેમની ટિપ્પણીઓ અને કથિત ક્લિપે ઉત્તરાખંડના રહેવાસીઓને ન્યાયની માંગણી ફરી શરૂ કરવા માટે પ્રેરિત કર્યા હતા અને મોટી સંખ્યામાં વિરોધીઓ રસ્તા પર ઉતરી આવ્યા હતા. ઉત્તરાખંડ મહિલા મંચના અધ્યક્ષ અને અન્ય એક પ્રદર્શનકારી વિમલાએ જણાવ્યું કે, અમે સરકારને



**ઉત્તરાખંડના મુખ્યમંત્રી પુષ્કર સિંહ ધામી આ અઠવાડિયાની શરૂઆતમાં સપ્ટેમ્બર ૨૦૨૨માં હત્યા કરાયેલી હોટેલ રિસેપ્શનિસ્ટ અંકિતા ભંડારીના માતાપિતાને મળ્યા હતા**

વીઆઈપી એંગલની તપાસ માટે સીટિંગ જજની દેખરેખ હેઠળ સીબીઆઈ તપાસની માંગ કરી રહ્યા છીએ. અમે જાણવા માંગીએ છીએ કે આ કેસમાં સામેલ વીઆઈપી અને વીવીઆઈપી કોણ હતા. સનાવરે આરોપ લગાવ્યો કે અંકિતાએ ''ગટ્ટુ'' તરીકે ઓળખાતા વીઆઈપી નેતાને ''વધારાની સેવાઓ'' પૂરી પાડવાનો ઈનકાર કર્યા પછી તેની હત્યા કરવામાં આવી હતી. સનાવર દાવો કરે છે કે બીજી એક ક્લિપમાં તે પોતાની અને રાઠોડ વચ્ચેની વાતચીત છે, જેમાં તે ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ અને ઉત્તરાખંડના પ્રભારી દુષ્યંત ગૌતમને હત્યા કેસ સાથે જોડે છે. રાઠોડે આ દાવાઓને ફગાવી દીધા છે, તેમને ''એઆઈ-જનરેટેડ'' ગણાવ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા ગૌતમે, જેમણે આરોપોને નકારી કાઢ્યા હતા, તેમણે આ અઠવાડિયાની શરૂઆતમાં દેહરાદૂનમાં ત્રણ વિપક્ષી પક્ષો, સનાવર અને રાઠોડ વિરૂદ્ધ માનહાનિનો કેસ પણ દાખલ કર્યો હતો. બે દિવસ પહેલા, મુખ્યમંત્રી ધામીએ કહ્યું હતું કે ભંડારીની હત્યા સમયે ગૌતમ ઉત્તરાખંડમાં ન હતા. જો કે પરિવારે સીબીઆઈ તપાસની માંગ કરી છે. સનવરના દાવા બાદ મુખ્યમંત્રીને લખેલા પત્રમાં, ભંડારીના પિતાએ કહ્યું હતું કે તેમની પુત્રીની હત્યા એક ''વીઆઈપી''ના કારણે થઈ હતી પરંતુ તેમને હજુ સુધી તે વ્યક્તિની ઓળખ મળી નથી. હું સરકારને અપીલ કરૂં છું કે આ કેસની તપાસ સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશની દેખરેખ હેઠળ સીબીઆઈ દ્વારા કરવામાં આવે જેથી તે વીઆઈપીને પકડી શકાય. થપલિયાલે કહ્યુ કે, મુખ્યમંત્રીએ અંકિતાના માતા-પિતાને બોલાવવાનું કામ મજબૂરીમાં કર્યું હતું. તેમણે તે કરવું પડ્યું કારણ કે જાહેર ગુસ્સો વધુ હતો. પરંતુ તે ન્યાયની અમારી માંગથી અમને વિચલિત કરશે નહીં. ● ૧૯ વર્ષીય અંકિતા ભંડારી, સપ્ટેમ્બર ૨૦૨૨માં ઋષિકેશ નજીક વનંત્રા રિસોર્ટમાં રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી હતી જ્યારે તેણીની ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. તેણીને કામ પર એક મહિનો પણ પૂર્ણ થયો ન હતો, ત્યારે તેણી ગુમ થયાની જાણ કરવામાં આવી હતી. છ દિવસ પછી તેણીનો મૃતદેહ એક નહેરમાંથી મળી આવ્યો હતો. IPS અધિકારી રેણુકા દેવીની આગેવાની હેઠળની એક વિશેષ તપાસ ટીમ (SIT)એ કેસની તપાસ કરી હતી. આ ટીમે મોબાઈલ ફોન જપ્ત કર્યા, ગુનાના દૃશ્યને ફરીથી બનાવ્યું અને ફોરેન્સિક વિશ્લેષણ હાથ ધર્યું, જેમાં જાણવા મળ્યું કે અંકિતાને માર મારવાં આવ્યો હતો અને તેને ચીલા કેનાલમાં ધકેલી દેવામાં આવી હતી. SIT તપાસમાં એ પણ જાણવા મળ્યું કે રિસોર્ટના માલિક, પુલકિત આર્ય — (પૂર્વ ભાજપ નેતાના પુત્ર) - અને તેના સાથીઓ દ્વારા કરવામાં આવેલી હત્યા અંકિતાએ જાતીય સેવાઓ પૂરી પાડવાનો ઈન્કાર કરવાનું પરિણામ હતું. ૩૦ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ ૫૦૦ પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી, જેમાં ભારતીય દંડ સંહિતાની કલમ ૩૦૨ (હત્યા), ૩૫૪એ (જાતીય સતામણી) અને ૨૦૧ (પુરાવાનો નાશ), તેમજ ગેંગસ્ટર એક્ટ હેઠળ આરોપો દાખલ કરવામાં આવ્યા હતા. ગયા વર્ષે મે મહિનામાં, કોટદ્વાર કોર્ટે આર્ય અને તેના બે સહયોગીઓ, સૌરભ ભાસ્કર અને અંકિત ગુપ્તાને હત્યા માટે આજીવન કેદની સજા ફટકારી હતી. આ તપાસની શરૂઆતથી જ વીઆઈપી સંડોવણીની અફવાઓ ફેલાઈ હતી.

# કોંગ્રેસે અમેરિકી ડિપ્લોમસી પર મોદી પર નિશાન સાધવા માટે બોલિવૂડના કટાક્ષોનો ઉપયોગ કર્યો

(એજન્સી) તા.૯

ફિલ્મી શૈલી અને રાજકીય કટાક્ષમાં કોંગ્રેસે શુક્રવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર કટાક્ષ કર્યો અને બોલીવુડના સુવર્ણ યુગના સંવાદો અને ગીતો દ્વારા તેને યુનાઈટેડ સ્ટેટ્સ સાથે રાજદ્વારી ભૂલ દર્શાવીને ટીકા કરી છે.

આ ટિપ્પણી યુએસ વાણિજ્ય સચિવ હોવર્ડ લુટનિકની ટિપ્પણી પછી થઈ, જેમણે દાવો કર્યો હતો કે, લાંબા સમયથી ચર્ચામાં રહેલો ભારત-અમેરિકા વેપાર સોદો સાકાર થઈ શક્યો નહીં કારણ કે, વડાપ્રધાન મોદીએ યુએસ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને સીધો ફોન કર્યો ન હતો. આ ક્ષણનો લાભ ઉઠાવતા કોંગ્રેસના મહાસચિવ (સંચાર) જયરામ રમેશે સિનેમા અને ટીકાને જોડીને લુટનિકની ટિપ્પણીઓનો એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં કેપ્શન હતું : 'આલિંગન હગ ન રહા, પોસ્ટ પોસ્ટ ન રહા.'

રમેશે બીજા એક ગીતનું વાક્ય કહ્યું - 'ક્યા સે ક્યા હો ગયા, બેવફા તેરી દોસ્તી મે' - જે ક્લાસિક હિન્દી ફિલ્મ ગીતોમાંથી લેવામાં આવ્યું છે જે પાર્ટી દ્વારા બંને નેતાઓ વચ્ચેના સંબંધોમાં નાટકીય પરિવર્તન તરીકે વર્ણવવામાં આવ્યું હતું, જે એક સમયે ખૂબ જ ઘનિષ્ઠ હતા.

ઓલ-ઈન પોડકાસ્ટ પર એક ઈન્ટર્વ્યૂ દરમિયાન આપવામાં આવેલા લુટનિકના નિવેદનમાં વાટાઘાટોને રાષ્ટ્રપતિ ટ્રમ્પના સોદાને એક સીડી સાથે સરખાવી હતી જ્યાં પ્રથમ ચાલક સૌથી વધુ પુરસ્કાર મેળવે છે. તેમના મતે ભારતને કરાર પર મહોર મારવા માટે એક સમયમર્યાદા આપવામાં આવી હતી જે નવી દિલ્હીના નિર્ણાયક કોલ વિના પસાર થઈ ગઈ હતી.

લુટનિકે કહ્યું, યાદ કરતાં કે તેમણે ભારતીય વાટાઘાટકારોને મોદી અને ટ્રમ્પ વચ્ચે કોલ ગોઠવવા વિનંતી કરી હતી. તેઓ તે કરવામાં અસ્વસ્થતા અનુભવતા હતા, તેથી મોદીએ ફોન ન કર્યો. ત્યાર પછીના અઠવાડિયામાં અમેરિકાએ ઈન્ડોનેશિયા,



**જયરામ રમેશે સિનેમા અને ટીકાને જોડીને લુટનિકની ટિપ્પણીઓનો એક વીડિયો પોસ્ટ કર્યો, જેમાં કેપ્શન હતું કે, 'આલિંગન હગ ન રહા, પોસ્ટ પોસ્ટ ન રહા'**

ફિલિપાઈન્સ અને વિયેતનામ સાથે વેપાર સોદાઓને અંતિમ સ્વરૂપ આપ્યું હતું અને ભારત પાછળ રહી ગયું હતું.

ભારત-અમેરિકા સંબંધોના નાજુક તબક્કા વચ્ચે આ ટિપ્પણીઓ આવી છે, ટ્રમ્પે તાજેતરમાં ચેતવણી આપી હતી કે, નવી દિલ્હી દ્વારા રશિયન તેલની સતત ખરીદીને કારણે વોશિંગ્ટન ભારતીય માલ પર 'ખૂબ જ ઝડપથી' ટેરિફ વધારી શકે છે. બંને પક્ષોએ ઊંચા ટેરિફને ઉકેલવા માટે દ્વિપક્ષીય વેપાર કરાર માટે વાટાઘાટોના છ રાઉન્ડ પૂર્ણ કરી લીધા છે.

કોંગ્રેસ માટે આ એપિસોડ એક તૈયાર સ્ક્રિપ્ટ છે : મિસ્ડ કોલ્સ, ચૂકી ગયેલી તકો અને એક સમયે ઉચ્ચ મિત્રતાનું જેમાં હવે ખટાશ આવી ગઈ છે. કોંગ્રેસે આ માટે સિનેમેટિક વાર્તા તરીકે રજૂ કરી છે - જેમાં ફિલ્મી ગીતો, કટાક્ષ અને રાજકીય પંચલાઈન સામેલ છે.

# અંકિતા હત્યા કેસમાં CBI તપાસનો આદેશ આપવામાં ન આવે ત્યાં સુધી કોંગ્રેસ શાંત બેસી રહેશે નહીં : કોંગ્રેસ નેતા કુમારી શેલજા

(એજન્સી) તા.૯

કોંગ્રેસના નેતા કુમારી શેલજાએ ગુરૂવારે એક ટિપ્પણી કરતા જાહેર કર્યું કે તેમનો પક્ષ જ્યાં સુધી ઉત્તરાખંડ સરકાર અંકિતા ભંડારી હત્યા કેસમાં સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI) તપાસનો આદેશ ન આપે ત્યાં સુધી શાંત નહીં રહે જેથી આ ગુના પાછળના ''VIP''ને ખુલ્લા પાડી શકાય.



**કુમારી શેલજાએ કેન્દ્ર સરકાર પર રોજગાર ગેરંટી માળખામાં તાજેતરના ફેરફારો દ્વારા મનરેગાની ભાવનાને નષ્ટ કરવાનો આરોપ લગાવ્યો**

## ઉગ્ર દેખાવો અને નવેસરથી થયેલા આંદોલન સામે ઝૂકી જતી ધામી સરકાર, ૨૦૨૨ના અંકિતા ભંડારી હત્યા કેસમાં CBI તપાસ કરવાની ભલામણ

આખરે ઉત્તરાખંડની સરકારે જોરદાર વિરોધ અને દબાણ સામે ઝૂકી જઈને ૨૦૨૨ના અંકિતા ભંડારી હત્યા કેસની તપાસ સીબીઆઈને સોંપવાની ભલામણ કરી છે. અંકિતાના માતા-પિતા તરફથી માગણી થઈ રહી હતી અને ભારે દેખાવો પણ થઈ રહ્યા હતા અને વિરોધ થઈ રહ્યો હતો. જ્યારથી આ કેસમાં વીઆઈપીનું નામ હોવાના આક્ષેપો ફરીથી થયા અને સંડોવણી અંગેના આક્ષેપો થયા ત્યારથી ઉત્તરાખંડની સરકાર ઉપર ભારે દબાણ આવ્યું હતું અને ટીકા પ્રહારોનો સામનો કરી રહી હતી. એટલે હવે આ કેસમાં સીબીઆઈને તપાસ કરવા માટે આગળ

**૧૯ વર્ષની ઉંમરની અને રિસેપ્શનિસ્ટ તરીકે કામ કરતી યુવતીની હત્યામાં VIPની સંડોવણી અને નામ બહાર આવ્યાના નવેસરના આક્ષેપો પછી ઉત્તરાખંડમાં ભાજપની સરકાર પર ચારે તરફથી ટીકા પ્રહારો થઈ રહ્યા હતા**

વધવા રાજ્ય સરકારે લીલી ઝંડી આપી છે. સરકારના નિવેદનમાં જાહેર કરવામાં આવ્યું હતું કે, મુખ્યમંત્રી પુષ્કરસિંહ ધામીએ અંકિતાના માતા-પિતાની માગણી અને લાગણીઓને ધ્યાનમાં લઈને આ કેસમાં સીબીઆઈની તપાસ કરવા માટે ભલામણ કરી દીધી છે.

# ૧૦મા ધોરણ સુધી ભણ્યા; રેલવે સ્ટેશન પર રાત વિતાવી; ૭૩ વર્ષના વૃદ્ધ હવે ૪૬,૦૦૦ કરોડ રૂપિયાના માલિક, ૬૫ દેશોમાં વ્યવસાય ચલાવે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ભારતીય ધનિકોની સંખ્યા વધી રહી છે, જેમાં કેટલાક એવા લોકોનો પણ સમાવેશ થાય છે જેમણે શૂન્યમાંથી સર્જન કર્યું છે. આવા જ એક ભારતીય અબજોપતિ ૭૩ વર્ષીય સત્યનારાયણ નુવાલ છે, જેમની સફળતાની વાર્તા ખૂબ જ રસપ્રદ છે. આજે, ભારતના સૌથી ધનિક લોકોમાંના એક, સત્યનારાયણ નુવાલ, ફક્ત ૧૦મા ધોરણ સુધી જ ભણ્યા હતા અને તેમના શરૂઆતના વર્ષો રેલ્વે સ્ટેશનો પર સૂવામાં વિતાવ્યા હતા. જોકે, આજે તેમનો વ્યવસાય વિશ્વભરના ૬૫ દેશોમાં ફેલાયેલો છે. ચાલો તેમના વિશે વધુ જાણીએ. ફોર્બ્સના રીઅલ-ટાઈમ બિલિયોનેર્સ ઈન્ડેક્સ પર એક નજર નાખતા જાણવા મળે છે કે ૭૩ વર્ષીય સત્યનારાયણ નુવાલ ભારતના સૌથી ધનિક લોકોમાંના એક છે. તેઓ સોલાર ઈન્ડસ્ટ્રીઝના સ્થાપક અને ચેરમેન છે. તેમની કુલ સંપત્તિ ૫.૨ અબજ ડોલર (૪૬,૫૦૦ કરોડ રૂપિયાથી વધુ) છે. સંરક્ષણ ક્ષેત્રમાં એક અગ્રણી નામ, તેમની કંપની, સોલાર ઈન્ડસ્ટ્રીઝ, સંરક્ષણ દળો માટે વિસ્ફોટકો બનાવવા માટે સરકારી લાઈસન્સ મેળવનાર પ્રથમ ખાનગી ભારતીય કંપની હતી. કંપનીનું બજાર મૂડી ૧.૦૮ લાખ કરોડ રૂપિયા છે. ગયા શુક્રવારે સોલાર ઈન્ડસ્ટ્રીઝના શેર ૧૧,૯૪૦ પર બંધ થયા, જે ૧.૪૩% વધીને ૧૧,૯૪૦ રૂપિયા પર બંધ થયા. આજે, દેશના સૌથી ધનિક લોકોમાં સ્થાન મેળવનાર સત્યનારાયણ નુવાલે સખત મહેનત દ્વારા આ સંપત્તિ પ્રાપ્ત કરી છે. રાજસ્થાનના ભીલવાડામાં એક સામાન્ય પરિવારમાં જન્મેલા સત્યનારાયણને આ પદ સુધી પહોંચવા માટે ઘણા સંઘર્ષોનો સામનો કરવો



પડ્યો. આર્થિક મુશ્કેલીઓને કારણે તેમને ૧૦મા ધોરણ પછી અભ્યાસ કરવાની તક મળી નહીં, અને ૧૯ વર્ષની નાની ઉંમરે તેમના લગ્નને કારણે જવાબદારીઓનો ભાર વધી ગયો. પરંતુ નુવાલે બધા પડકારોનો સામનો કરવાની અને લડ્યા વિના ક્યારેય હાર ન માનવાની આદત બનાવી દીધી છે. તેમણે સમજાવ્યું, સંઘર્ષના આ દિવસોમાં, મેં ક્યારેય મારો આત્મવિશ્વાસ ગુમાવ્યો નહીં, હું ક્યારેય નિરાશ થયો નહીં.

**ઘર છોડીને, તેમણે રેલ્વે સ્ટેશન પર રાત વિતાવી**

પોતાના પરિવારને આર્થિક રીતે ટેકો આપવા માટે, તેમણે પોતાનું ઘર છોડવાનું નક્કી કર્યું. તે જ સમયે ગરીબીથી સંપત્તિ તરફની તેમની રસપ્રદ સફર શરૂ થઈ. ફોર્બ્સ સાથેના એક જૂના ઈન્ટરવ્યુમાં તેમણે તેમના સામનો કરેલા પડકારોનું વર્ણન કર્યું. સત્યનારાયણ નુવાલે કહ્યું, જ્યારે તેઓ કામની શોધમાં ઘરેથી નીકળ્યા, ત્યારે તેઓ રહેવાનું પણ પોસાય તેમ ન હતું અને રેલ્વે સ્ટેશનો પર રાત વિતાવી. તેમણે કહ્યું કે તેમણે ઘણા નાના વ્યવસાયો અજમાવ્યા, પરંતુ સફળતા મળી નહીં. આમાં ફાઉન્ટેન પેન માટે શાહી બનાવવી, લીઝિંગ અને પરિવહનનો સમાવેશ થાય છે. ૧૯૭૬-૧૯૭૭ સુધી વિવિધ વ્યવસાયો અજમાવ્યા પછી નુવાલ એક સંબંધી સાથે કામ કરવા માટે મહારાષ્ટ્રના ચંદ્રપુર ગયા. ત્યાં, તેઓ અબ્દુલ સત્તાર અલ્લાહભાઈને મળ્યા, જેમની પાસે વિસ્ફોટકોનું લાઈસન્સ હતું અને તેઓ દારૂગોળો ડેપો ધરાવતા હતા. નુવાલના ઈન્ટરવ્યુ મુજબ, તેમણે દારૂગોળો ડેપો રૂા.૧,૦૦૦ પ્રતિ માસ ભાડે આપવા માટે વાટાઘાટો કરી. પરંતુ ભાડું ચૂકવવું પણ એક બોજ હતું, તેથી અબ્દુલ સત્તારે કહ્યું, ચિંતા કરશો નહીં, દીકરા, તું મને દર ત્રણ મહિને એક વાર પૈસા ચૂકવજે. જેમ જેમ સમય પસાર થતો ગયો, નુવાલનો વ્યવસાય ખીલ્યો, અને તેમને કોલસાની ખાણોમાંથી નોંધપાત્ર ઓર્ડર મળવા લાગ્યા. ૧૯૮૪ સુધીમાં તેમણે પોતાનો વ્યવસાય વિસ્તાર્યો અને કન્સાઈનમેન્ટ એજન્ટ તરીકે કામ કરવાનું શરૂ કર્યું, અને ૧૯૯૦ના દાયકા સુધીમાં તેઓ વિસ્ફોટકોના મુખ્ય વેપારી બની ગયા.

૧૯૯૦નો દાયકો તેમના માટે એક વળાંક સાબિત થયો, અને ૧૯૯૫માં આ ક્ષેત્રમાં તેમના વ્યાપક અનુભવનો ઉપયોગ કરીને સત્યનારાયણ નુવાલે પોતાની કંપની બનાવી. તેમણે બેંકમાંથી ૬૦ લાખ રૂપિયાની લોન લીધી. લાઈસન્સ મેળવ્યા પછી તેમનો વ્યવસાય વધતો રહ્યો અને તેમની સંપત્તિમાં પણ વધારો થયો. ૨૦૦૬ સુધીમાં કંપનીએ સ્ટોક એક્સચેન્જમાં લિસ્ટ થવાનું નક્કી કર્યું, જેનું ટર્નઓવર લગભગ ૭૮ કરોડ રૂપિયા (આશરે ૧.૭ અબજ ડોલર) હતું. ૨૦૧૦ સુધીમાં સોલાર ઈન્ડસ્ટ્રીઝ ભારતના સંરક્ષણ દળો માટે યુદ્ધ સમયના શસ્ત્રો માટે વિસ્ફોટકો બનાવવા માટે સરકારી લાઈસન્સ મેળવનાર પ્રથમ ખાનગી કંપની બની ગઈ.

# આ વ્યક્તિને એક સમયે ઓટીઝમ હોવાનું નિદાન થયું હતું, તેની માતાએ તેની સારવાર માટે CAની નોકરી છોડી દીધી, પછીથી તેણે ધોરણ ૧૦મા ટોચનું સ્થાન પ્રાપ્ત કર્યું

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

સખત અભ્યાસ કરવો અને સફળ થવું શક્ય છે, પરંતુ એક અનોખી બીમારીનું નિદાન થયા પછી પણ તે જ કરવું એ ખૂબ જ પ્રભાવશાળી સિદ્ધિ છે. કબીર સિંહ સૂર્યવંશીએ ક્યારેય પોતાના પરિવારને એવું અનુભવવા દીધું નહીં કે તે એક સામાન્ય બાળકથી અલગ છે, કારણ કે તે હંમેશા મહેનત કરવાની વૃત્તિ ધરાવતો તેજસ્વી વિદ્યાર્થી હતો. તેના માતાપિતા કલ્પના પણ કરી શકતા ન હતા કે તે તેના સાથીઓની જેમ અભ્યાસ કરી શકશે કારણ કે તેને બે વર્ષની ઉંમરે ઓટીઝમ હોવાનું નિદાન થયું હતું. જોકે, તેના માતાપિતાની માન્યતાથી વિપરીત, તે તેની ધોરણ ૧૦ની પરીક્ષામાં સૌથી વધુ સ્કોર કરનારાઓમાંનો એક હતો અને ૯૬ ટકા ગુણ મેળવ્યા હતા અને ૨૦૨૨માં તેની શાળામાં ધોરણ ૧૦ સીબીએસઈ માં ટોચનું સ્થાન મેળવ્યું હતું. સામાન્ય શ્રેણીમાં આવતા, કબીરે મુખ્ય પ્રવાહની શાળામાં અભ્યાસ કર્યો હતો. જોકે તે હજુ પણ તેની સ્થિતિને કારણે યોગ્ય રીતે વાતચીત કરવામાં સંઘર્ષ કરી રહ્યો છે, તે હજુ પણ સારૂં પ્રદર્શન કરી રહ્યો છે. જ્યારે તેને ઓટીઝમ હોવાનું નિદાન થયું ત્યારે ડોકટરોએ તેની માતા મોલી સૂર્યવંશીને કહ્યું હતું કે તેના બાળકને સામાન્ય શિક્ષણની કોઈ આશા રહેશે નહીં. જોકે, કબીરે ધોરણ ૧૦ સીબીએસઈ પરીક્ષામાં ટોચનું સ્થાન મેળવ્યા પછી તેને ખોટો સાબિત કર્યો. કબીર તેની સફળ શૈક્ષણિક સફરનો શ્રેય કાઉન્સેલરો, થેરાપિસ્ટ અને તેની માતાને આપે છે જેમણે તેના બાળપણને આકાર આપ્યો. કબીરની માતાએ તેની સંભાળ રાખવા માટે તેની ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની નોકરી છોડી દીધી હતી. તેણીએ ઓટીઝમની સારવારમાં પોતાને તાલીમ આપી અને ઓટીઝમ નિષ્ણાત અને વર્તણૂકીય ચિકિત્સક બની. કબીર ભુવનેશ્વરનો છે પરંતુ પરિવાર પછીથી કબીરની સારવાર માટે મુંબઈ અને



પછી તેના ઉચ્ચ શિક્ષણને ટેકો આપવા માટે ગુરુગ્રામ ગયો. કબીરને ગ્રોસ મોટરની સમસ્યા છે અને બોલવામાં વિલંબ થઈ રહ્યો હતો, એમ તેની માતાએ ન્યૂઝ૧૮ને જણાવ્યું. તે આખી જિંદગી તેની સાથે રહી અને કબીરને વસ્તુઓને વધુ સારી રીતે સમજવા માટે તકનીકો વિકસાવવામાં મદદ કરી, તેની જોડાણ શૈલી અને અન્ય વર્તણૂકીય પેટર્ન પર કામ કર્યું. એ સમજવું મહત્ત્વપૂર્ણ છે કે તે જે કરી રહ્યો છે તે હેતુપૂર્વક કરી રહ્યો નથી અને આપણે જે લક્ષ્ય પ્રાપ્ત કરવા માંગીએ છીએ તે દરેક લક્ષ્ય તરફ કામ કરે છે, એમ મોલીએ કહ્યું. કબીરના પિતા ડૉ. રેડ્ડીઝ ત્વચારોગ વિભાગના વડા છે. કબીર એમ પણ કહે છે કે તેની સફળતા તેની માતાએ આપેલા મંત્ર, શાંત રહો, સખત મહેનત કરોને કારણે હતી.

# RBSK યોજના હેઠળ ભાવનગરના ફરિયાદકા ગામના હ્રદયરોગથી પીડિત બાળકને નવી જિંદગી મળી

## અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે બાળકના હૃદયની સફળ સર્જરી

(સંવાદદાતા દ્વારા)

ભાવનગર, તા.૯

રાજ્ય સરકારની રાષ્ટ્રીય બાળ સ્વાસ્થ્ય કાર્યક્રમ (RBSK) યોજના હેઠળ ભાવનગર જિલ્લાના ફરિયાદકા ગામના જન્મજાત હ્રદયરોગથી પીડિત બાળક કુલદીપને સમયસર નિદાન, યોગ્ય સેવા અને નિઃશુલ્ક ઉચ્ચ કક્ષાની સારવાર થકી નવી જિંદગી પ્રાપ્ત થઈ છે. ભાવનગર જિલ્લાના ફરિયાદકા ગામના કુલદીપ રવિભાઇ મકવાણાનો જન્મ તા.૬/૫/૨૦૨૦ના રોજ થયો હતો. આ બાળકના માતા-પિતા છૂટક મજૂરી કરીને ઘરનું ગુજરાન ચલાવે છે, તેમના આખા પરિવારની વાર્ષિક કુલ આવક રૂ।.૬૪,૦૦૦/- છે. રવિભાઇ મકવાણાના પુત્ર કુલદીપને જન્મજાત હ્રદયરોગની બીમારી હોવાની જાણ થતાં તા.૩૧/૭/૨૦૨૪ના રોજ આર.બી.એસ.કે ટીમે લીધેલી આંગણવાડીની મુલાકાત દરમિયાન થઈ હતી. તેની તપાસ દરમિયાન બાળકને શ્વાસ ચડવો, વધુ પરસેવો થવો તેમજ ચાલવામાં તકલીફ જેવા લક્ષણો જોવા મળ્યા હતા.



આર.બી.એસ.કે મેડિકલ ઓફિસર ડૉ. રવિ ગોહિલ, ડૉ. દીપલ દવે તથા તેમની ટીમ દ્વારા આ બાળકને વધુ સારવાર માટે તાત્કાલિક DEIC વિભાગ, સર ટી. હોસ્પિટલ ભાવનગર ખાતે રીફર કરવામાં આવ્યો. સર ટી. હોસ્પિટલ ખાતે વધુ તપાસ દરમિયાન બાળકના હ્રદયમાં કાણું તથા વાલ્વની તકલીફ હોવાનું નિદાન થતાં આગળની સારવાર માટે અમદાવાદની યુ.એન. મહેતા હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવ્યું હતું અને તા.૨૧/૭/૨૦૨૫ના રોજ યુ.એન. મહેતા હોસ્પિટલ, અમદાવાદ ખાતે બાળક કુલદીપના હ્રદયનું ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકની તબિયત સારી રહેતા તા.૨૬/૭/૨૦૨૫ના રોજ તેને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી.

# પાલીતાણા શેત્રુંજય યાત્રાધામ વિસ્તારમાં પ્લાસ્ટિક કચરો ફેંકવા પર પ્રતિબંધ

(સંવાદદાતા દ્વારા)

પાલીતાણા, તા.૯

ગુજરાત સરકાર દ્વારા પાલીતાણા શહેરનો પવિત્ર યાત્રાધામમાં સમાવેશ કરવામાં આવેલ છે અહીં હજારો આવે છે. શેત્રુંજય પર્વત અને તેની આસપાસનો વિસ્તાર અનામત જંગલ તરીકે જાહેર થયેલ છે. દર વર્ષે હજારો યાત્રાળુઓ અને પ્રવાસીઓ આ વિસ્તારમાં આવતા હોવાથી પ્લાસ્ટિક કચરાના કારણે પર્યાવરણ પ્રદુષણ, પવિત્ર સ્થળોની સ્વચ્છતા પર પ્રતિકુળ અસર તથા વન્ય જીવ માટે જોખમ સર્જાઇ શકે છે. પ્લાસ્ટિક સામગ્રી જમીનમાં વિઘટીત થતી નથી. જેના કારણે જમીન, પાણી અને જૈવ વિવિધતાને ગંભીર નુકશાન થવાની શક્યતા રહેલી છે.

મિનીસ્ટ્રી ઓફ એનવાયરોન્મેન્ટ, ફોરેસ્ટ અને કલાઈમેટ ચેન્જ, નવી દિલ્હીના જાહેરનામાથી સીંગલ યુઝ પ્લાસ્ટિક પર પ્રતિબંધ અમલમાં છે. જેથી યાત્રાધામની પવિત્રતા જળવાઈ રહે તથા પ્રદુષણ મુક્ત રહે તે માટે પાલીતાણા હાઈસ્કુલ, તળેટી રોડથી શરૂ કરી સમગ્ર શેત્રુંજય ડુંગરના આજુબાજુના ૫૦૦ મીટર હેઠળના વિસ્તારમાં પ્લાસ્ટિક વેસ્ટેજ/કચરો જાહેરમાં ફેકવા ઉપર પ્રતિબંધ મૂકવા જાહેરનામું બહાર પાડવા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ, પાલીતાણાના પત્રથી અભિપ્રાય સહ દરખાસ્ત રજૂ થયેલ છે.

જેથી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, ભાવનગર દ્વારા ફરમાવવામાં આવે છે કે, પાલીતાણા હાઇસ્કૂલ, તળેટી રોડથી શરૂ કરી સમગ્ર શેત્રુંજય ડુંગરના આજુબાજુના ૫૦૦ મીટર હેઠળના વિસ્તારમાં ભારત સરકારના જાહેરનામા મુજબ સીગલ યુઝ પ્લાસ્ટિકના ઉપયોગ પર પ્રતિબંધની ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા પ્લાસ્ટિક વેસ્ટેજ/કચરો જાહેરમાં ફેંકવા પર પ્રતિબંધ રહેશે. આ જાહેરનામું આજ દિન-૬૦ માટે અમલમાં રહેશે.

### દરગાહ શરીફથી ઝિયારત કરી પરત ફરતા

# લીલિયા ચોકડી પાસે એક્ટિવા ખાડામાં ખાબકતાં યુવકનું મોત

## ફાયર વિભાગે ઈજાગ્રસ્ત પત્ની અને ભત્રીજીનું રેસ્કયુ કર્યું



(સંવાદદાતા દ્વારા) અમરેલી, તા.૯

અમરેલીનો યુવક લાલાવદર ગામે આવેલ દરગાહ શરીફથી ઝિયારત કરી પરત ફરતા લીલિયા બાયપાસ ચોકડી પાસે પુલનું કામ શરૂ હોઈ જેથી બેરીકોડ દ્વારા રસ્તો બંધ નહીં કરતા યુવક ડાયરેક પુલ ઉપરથી પસાર થતાં ખાડામાં ખાબકતાં ગંભીર ઈજા થવાથી ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે તેની પત્નીને ગંભીર ઈજા થવા પામી હતી તેમજ ભત્રીજી પણ અંદર ખાબકતાં તેને પણ ઈજા થતા સારવારમાં ખસેડેલ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર અમરેલીના બહાર પરામાં ચાની લારી ચલાવતા અને ડુબાણિયા પામા રહેતો આસિફ સત્તારભાઈ સેલોત તેમજ તેમના મોટાભાઈ દિલાવરભાઈ બંને ભાઈઓ અને બંનેની પત્ની અને દિલાવર ભાઈની પુત્રી સહિત રાત્રિના ૧૨:૦૦ વાગે લીલિયા રોડ પર લાલાવદર ગામ પાસે આવેલ ભાવરિયા પીરની દરગાહ શરીફએ ઝિયારત કરવા ગયા હતા અને ત્યાંથી પરત અમરેલી આવતા દાદા ભગવાન મંદિર સામે પહોંચતા ત્યાં એક પુલનું કામ શરૂ હોય અને બાજુમાં ડાયવરજન કાઢેલ હોય પરંતુ પુલના કામ પાસે કોઈ આડાશ કે કોઈ બેરીકોડ રાખેલ ના હોવાથી રાત્રિના સમય હોવાથી ખ્યાલ ના રહેતા આસિફભાઈ એક્ટિવા સાથે પુલના ખાડામાં ખાબક્યા હતા જેમાં આસીફભાઈનું સળિયો લાગી જવાથી ઘટનાસ્થળે મોત થયું હતું જ્યારે પાછળ બેઠેલી પત્નીને ગંભીર ઈજા થઇ હતી આ અંગેની જાણ તેમની સાથે ગયેલ તેમના ભાઈને થતા તેમણે ફાયર વિભાગને જાણ કરતા અમરેલી ફાયર વિભાગના સ્ટાફે આવી રેસ્ક્યુ કરી આસિફભાઈના મૃતદેહને તેમજ તેમના ઈજાગ્રસ્ત પત્નીને બહાર કાઢયા હતા જ્યારે આ સમયે દિલાવર ભાઈના પુત્રી પણ ખાડામાં પડી જતા તેને પણ ગંભીર ઈજા થતા સારવારમાં ખસેડવામાં આવીની કામ શરૂ હોય તે સ્થળે આડે પથ્થરના ઢગલા અથવા બેરીકોડ અથવા પથ્થરો મૂકી રસ્તો બંધ કરવાનો હોય છે પરંતુ માર્ગ અને મકાન વિભાગ અને તેમના કોન્ટ્રાક્ટર દ્વારા આવી કોઈ કામગીરી નહીં કરતા એક યુવકનો જીવ ગયો હતો બનાવ અંગે અમરેલી સિટી પોલીસમાં દિલાવર ભાઈ સત્તારભાઈ સેલોટે જાહેર કર્યું હતું.

# પ્રભાસપાટણ સોમનાથમાં શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી વાહનો માટે પ્રવેશ બંધ

(સંવાદદાતા દ્વારા)

પ્રભાસપાટણ, તા.૯

સફારી સર્કલથી વાહન પ્રવેશ કરી ટ્રસ્ટના પાર્કિંગમાં પાર્કિંગ વ્યવસ્થા ગોઠવાઈ 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ને અનુલક્ષીને તા. ૧૦ અને તા.૧૧ જાન્યુઆરી દરમિયાન વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સોમનાથ પધારવાના છે. આ દરમિયાન શૌર્યયાત્રા તેમજ સદભાવના મેદાન ખાતે સભા સહિતના કાર્યક્રમો યોજાશે. શૌર્યસભા તથા સભા દરમિયાન કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાય એ માટે શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી વાહનો માટે પ્રવેશ બંધ કરાયો છે અને દર્શનાર્થીઓ માટે સફારી સર્કલ થઈ અને સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગમાં વ્યવસ્થા ગોઠવવામાં આવી છે.

કાયદો અને વ્યવસ્થા સહિત ટ્રાફિક વ્યવસ્થા જળવાઈ રહે તે માટે તા.૧૧/૦૧/૨૦૨૬ના સવારે ૮.૦૦ કલાકેથી ૧૩.૩૦ કલાક સુધી સોમનાથ મંદિર દર્શનાર્થીઓની સુગમતા હેતુસર અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ રાજેશ આલ દ્વારા ડાયવર્ઝન અને વાહનોના પ્રવેશબંધી અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે.

આ જાહેરનામા અનુસાર વડાપ્રધાનની જાહેર સભા અન્વયે કાયદો અને ટ્રાફિક વ્યવસ્થા જાળવવા અને ટ્રાફિક નિયમન માટે શંખ સર્કલથી હમીરજી સર્કલ સુધી વાહનો પર પ્રવેશબંધ કરી અને સફારી સર્કલથી અવધુતેશ્વર સામે આવલા સોમનાથ ટ્રસ્ટના પાર્કિંગ એક્ઝિટ ગેટથી વાહન પ્રવેશ કરી અને પાર્કિંગમાં વાહન પાર્ક કરી મંદિર સુધી પગપાળા ચાલતા દર્શન કરવા જવાનું રહેશે.



ગીર સોમનાથમાં રાજ્યના પોલીસ વડા ડો. કે.એલ.એન રાવે સોમનાથની મુલાકાત લીધી હતી. દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદી 'સોમનાથ સ્વાભિમાન પર્વ' ઉજવણીમાં ગીર સોમનાથ ખાતે પધારી રહેલ હોય તે અનુસંધાને પોલીસ બંદોબસ્તનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા.

# રાજ્યમાં ૨૦ લાખ લોકો ઉલ્કાવર્ષાનો અદ્ભુત નજારો નિહાળી ઝૂમી ઊઠ્યા





(સંવાદદાતા દ્વારા)

રાજકોટ, તા.૯

વર્ષ ૨૦૨૬ના સ્વાગતમાં દુનિયાભરના ખગોળપ્રેમીઓએ અવકાશમાં કવોડરેન્ટીડસ ઉલ્કાવર્ષાનો અદભુત નજારો નિહાળી ઝૂમી ઉઠ્યા હતા. ઉલ્કાવર્ષા નિહાળી લોકો રોમાંચિત થઈ ગયા હતા. પ્રારંભમાં કલાકની ૮થી ૧૫ ઉલ્કાવર્ષા પછી તા.૨, ૩ અને ૪ એ મધ્યરાત્રિ કલાકની ૧૫થી ૧૦૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ જોઈ શકાઈ હતી. રાજ્યમાં ભારત જન વિજ્ઞાન જાથાની અપીલનો સારો પ્રતિસાદ મળતાં દેશભરમાં લાખો લોકોએ અને રાજ્યમાં વીસ લાખ વિજ્ઞાનપ્રેમીઓ, જિજ્ઞાસુઓએ અવકાશી ઉલ્કાવર્ષાનો અદભુત નજારો વાદળાના અવરોધો વચ્ચે નિહાળ્યો હતો.

જાથાના રાજ્ય ચેરમેન-એડવોકેટ જયંત પંડ્યા જણાવે છે કે અવકાશમાં તા.૨ અને ૩ જાન્યુઆરી મધ્યરાત્રીથી પરોઢ સુધીમાં ક્રમિક ઉલ્કાવર્ષા પડી હતી. શરૂઆતમાં આંકડો નહીંવત હતો, પરંતુ તા.૨, ૩ અને ૪ જાન્યુઆરી સુધી રાત્રિથી પરોઢની વચ્ચે કલાકની ૧૫થી ૧૦૦ ઉલ્કાવર્ષા સ્પષ્ટ નિહાળી શકાઈ હતી. જાથાનું રાજ્ય કક્ષાનું આયોજન રાજકોટ જિલ્લાના પડધરી તાલુકાના મેટોડા ગામે તથા વિજ્ઞાન જાથાની શાખાઓ દ્વારા જાહેર જગ્યાએ યોજવામાં આવ્યું હતું. જેમાં બ્રહ્માંડની ઉત્પત્તિ, સૂર્ય તેની પરિક્રમા કરતા ગ્રહો, ધૂમકેતુ, ઉલ્કા વિશેની રસપ્રદ માહિતી આપવામાં આવી હતી. ખગોળ પ્રેમીઓએ ખુલ્લા આકાશમાં ઉલ્કા વર્ષા મધ્યરાત્રિ બાદ કલાકની ૧૦૦ જેટલી ઉલ્કા પડતી નજરે જોઈ, બાદ તા.૧થી તા.૩ની વહેલી પરોઢ સુધી મહત્તમ ઉલ્કા વર્ષા પડતી નિહાળી ખગોળ પ્રેમીઓએ અવકાશી ઘટનાનો આનંદ લૂંટ્યો હતો. ગામના સરપંચ રમેશભાઈ વિરડિયા, સતીષભાઈ વસોયા, પ્રોગ્રામ ઓફિસર, ડો.પી.એમ.સખિયા અને પ્રિન્સિપાલ પ્રો. એમ.એલ. બાલધાએ હાજરી આપી હતી.જાથાના પંડ્યાએ ઉલ્કા વિશે વિસ્તૃત માહિતી આપતા જણાવ્યું કે ઉલ્કા એ કોઈ ધૂમકેતુએ છોડી દીધેલો ભંગાર છે. તેમાં નાના પથ્થરા, પથ્થરનો ભૂક્કો, રજકણો, રેતીના કણો જેવા પદાર્થ હોય છે. મંગળ અને ગુરૂની વચ્ચે પણ ઘણો બધો ભંગાર પડ્યો છે. ઘણી વખત તેમાં ધાતુના ટુકડા પણ હોય છે. ગ્રહોની રચના વખતનો ઘણો બધો પદાર્થ અંતરીક્ષમાં વેરાયેલો પડ્યો છે. જે અવકાશમાં નિશ્ચિત રસ્તે ફરતો રહેતો હોય છે. અંતરીક્ષમાં ફરતા ભંગાર પાસેથી જ્યારે પૃથ્વી પસાર થાય છે ત્યારે આવા રજકણો કે ટુકડા જેવા પદાર્થો પૃથ્વીના ગુરૂત્વાકર્ષણને કારણે પૃથ્વી તરફ ખેંચાઈ આવે છે. તે પદાર્થ જેમ પૃથ્વીની નજીક આવે છે તેમ તેની ગતિ વધતી જાય છે. આ ગતિ કલાકના પચાસ હજાર કિલોમીટરથી પણ વધુ હોઈ શકે છે. પૃથ્વીનું વાતાવરણ ઘટ્ટ હોવાથી તે વાતાવરણથી ઘર્ષણ પામે છે અને ગરમ થાય છે ત્યારે તે પદાર્થ સળગી ઉઠે છે. આપણને તેજ લીસોટા સ્વરૂપે દેખાય છે.

### 'પીએમ સ્વનિધિ યોજના'માં ઉત્કૃષ્ટ કામગીરી બદલ

# જામનગર મહાનગરપાલિકાને રાજ્યકક્ષાએ દ્વિતીય ક્રમાંકનો એવોર્ડ એનાયત




(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૯

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ દ્વારા 'શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫'ની ઉજવણીના ભાગરૂપે ગાંધીનગર ખાતે 'સ્વનિધિ સમારોહ-૨૦૨૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જામનગર મહાનગરપાલિકાને કેન્દ્ર સરકારની મહત્વકાંક્ષી 'પીએમ સ્વનિધિ યોજના'ના અમલીકરણમાં શ્રેષ્ઠ કામગીરી કરવા બદલ રાજ્યની મેજર સીટીઝની કેટેગરીમાં દ્વિતીય ક્રમાંક પ્રાપ્ત થયો છે.

ગુજરાત નેશનલ લો યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે યોજાયેલ આ ગૌરવવંતા કાર્યક્રમમાં રાજ્યના મંત્રીઓ અને ઉચ્ચ અધિકારીઓની ઉપસ્થિતિમાં જામનગર મહાનગરપાલિકાને આ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. જામનગર મહાનગરપાલિકા વતી આસિસ્ટન્ટ કમિશનર (વહીવટ) મુકેશ વરણવા એ આ એવોર્ડ સ્વીકાર્યો હતો.

પી.એમ. સ્વનિધિ યોજના અંતર્ગત જામનગરના નાના અને ફેરિયા વ્યવસાયકારોને લોન સહાય પૂરી પાડવા અને તેમના આર્થિક ઉત્થાન માટે જામનગર મહાનગરપાલિકાએ સરાહનીય કામગીરી કરી છે, જેની નોંધ રાજ્ય સ્તરે લેવામાં આવી છે. આ સિદ્ધિ બદલ મ્યુનિસિપલ કમિશનર અને સમગ્ર ટીમને શુભેચ્છા પાઠવવામાં આવી છે.

# સુરેન્દ્રનગર-રાજકોટ હાઈવે પર ગોઝારા અકસ્માતમાં એકનું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરેન્દ્રનગર, તા.૯

સુરેન્દ્રનગર - અમદાવાદ-રાજકોટ હાઈવે પર આજ ગોઝારો અકસ્માત સર્જાયો હતો. સુરેન્દ્રનગર જિલ્લાના લિંબડી-અમદાવાદ નેશનલ હાઈવે પર અકસ્માતોની હારમાળા યથાવત્ છે. આજે વહેલી સવારે જનશાળી ગામના પાટિયા પાસે એક ટ્રક પાછળ અન્ય ટ્રક પૂરઝડપે ઘૂસી જતાં ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ ટક્કર એટલી જોરદાર હતી કે પાછળના ટ્રકનો આગળનો ભાગ કચડાઈ ગયો હતો, જેમાં ચાલક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. આ અકસ્માતમાં ટ્રકચાલકનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું હતું. મૃતદેહ કેબિનમાં કલાકો સુધી ફસાઈ જતાં તેને બહાર કાઢવામાં ભારે મુશ્કેલી પડી હતી. સ્થાનિકો અને પોલીસે અંદાજે બે કલાકની જહેમત બાદ મૃતદેહને બહાર કાઢી પીએમ અર્થે હોસ્પિટલ ખસેડ્યો હતો. અકસ્માતને કારણે હાઈવે પર ટ્રાફિક જામ સર્જાયો હતો, જેને પોલીસે પૂર્વવત કરાવ્યો હતો.

# બોડેલી ખાતે ખાનગી લક્ઝરી બસો પાસેથી 'તોડબાજી' થતી હોવાની બૂમ !

(સંવાદદાતા દ્વારા)

બોડેલી, તા.૯

બોડેલીમાંથી પસાર થઈ રહેલી મુસાફરોથી ભરેલી ખાનગી લક્ઝરી બસને કેટલાક યુવાનોએ અટકાવી રૂપિયાની માંગ કરી હતી અને આવા તાયફાને લીધે નાના બાળકો અને મહિલાઓ સાથે મુસાફરો મોડી સાંજ સુધી ઠંડીમાં રસ્તા પર રઝળતા જોવા મળ્યા હતા. છેવટે મામલો પોલીસ મથકે પહોંચ્યો અને પોલીસે રૂપિયા ઉઘરાવનારને છોડીને તેના કહ્યા મુજબ લક્ઝરી બસને મેમો ફટકાર્યો હતો. જૂનાગઢથી મધ્યપ્રદેશ જતી ખાનગી લક્ઝરી બસમાં આદિવાસી શ્રમજીવીઓ મુસાફરી કરી રહ્યા હતા અને બોડેલી પાસેથી પસાર થતી બસને બે બાઈક ચાલકોએ આંતરીને રોકી હતી. જેમાં પત્રકાર હોવાનું કહીને રોફ જમાવી કહ્યું કે "બસમાં વધુ પડતા મુસાફરો છે તેનો મોટો દંડ થશે. રૂપિયા આપી દે." કહેતા બસ ચાલકે તેની વાતમાં ન આવતાં પોલીસ સ્ટેશને મામલો પહોચ્યો હતો. આ રૂટ પર કાયમ દોડતી બસ ના ચાલકે બસને રોકી રૂપિયાની માગણી કરનારાઓ સામે પોલીસ ફરિયાદ આપવાનું નક્કી કર્યું પણ પોલીસે મામલો થાળે પાડી પેલા નકલી પત્રકારોની વાત માની બસને મેમો આપ્યો હતો. આવા લોકોની ટોળકી દારૂની ખેપ અટકાવીને રૂપિયા પડાવતા હોવાનું જાણવા મળ્યું છે. જેનાથી પોલીસ પણ વાકેફ હોવા છતાં પોલીસ ના ખબરી કે બાતમીદાર બતાવી નાનો કેસ બનાવી દેવાય છે. આવા તત્વોને ઓળખી જિલ્લા પોલીસે કાર્યવાહી કરવી જોઈએ તેવી માંગ ઉઠી છે.

# વાંસદામાં ૧૫ વર્ષની છોકરી પર ગેંગરેપ કરનાર તમામ આઠ આરોપી ઝબ્બે

## એક સગીર અને બાકીના સાત આરોપીઓ ૧૯થી ૨૦ વર્ષના છે : ડીવાયએસપી ગોહિલ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

નવસારી જિલ્લાના વાસદા તાલુકાના એક ગામમાં ૧૫ વર્ષીય સગીરા પર ૮ શખ્સોએ સામૂહિક દુષ્કર્મ આચર્યાની ઘટના સામે આવી છે. શૌચક્રિયા માટે ઘરની બહાર નીકળેલી સગીરાનું અપહરણ કરીને શખ્સો એક રૂમમાં લઇ ગયા હતા અને દુષ્કર્મ આચરીને મારી નાખવાની ધમકી આપી હતી. આ ઘટનામાં પોલીસે ગણતરીના કલાકોમાં જ આઠેય આરોપીઓની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે. વાંસદા પોલીસ મથકેથી મળતી માહિતી અનુસાર ૧૫ વર્ષની સગીરા શૌચાલય માટે ઘરની બહાર નીકળી હતી. આ દરમિયાન ત્રણ યુવાનોએ તેનું મોઢું દબાવી બળજબરીથી બાઈક પર બેસાડી અપહરણ કરી ચેકડેમ પાસે લઈ ગયા હતા. ત્યાં અન્ય પાંચ શખ્સોને બોલાવવામાં આવ્યા હતા.

આ આઠેય નરાધમો સગીરાને એક પાણીની ટાંકી પાસે આવેલા રૂમમાં લઈ ગયા હતા. ત્યાંસગીરાને મારી નાખવાની ધમકી આપી તેની લાચારીનો ફાયદો ઉઠાવી વારાફરતી તેની પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ ઘટનામાં ભોગ બનનાર સગીરાની માતાએ હિંમત દાખવી વાંસદા પોલીસ મથકે ફરિયાદ નોંધાવીછે.પોલીસે આ મામલે ત્વરિત કાર્યવાહી કરતા પોક્સો અને અન્ય કડક કલમો હેઠળ ગુનો નોંધી તપાસનો ધમધમાટ તેજ કર્યો છે. પોલીસે નિખિલ, પિયુષ, સાહિલ, રવિન્દ્ર, આકાશ, રાહુલ અને એક સગીરની ધરપકડ કરીને આગળની તપાસ હાથ ધરી છે. આ અંગે ડીવાયએસપી ભગીરથસિંહ ગોહિલે જણાવ્યું કે, સગીરાના જ મિત્રોએ તેનું અપહરણકર્યું હતું અને એની મરજી વિરૂદ્ધ દુષ્કર્મ આચરીને બાદમાં ઘરે મૂકી ગયા હતા. બીજા દિવસે માતાએ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિત અલગ-અલગ ટીમો બનાવીને તમામ આરોપીઓને ઝડપી લીધા છે. હાલ આગળની તપાસ આજે બપોર બાદ તમામ આરોપીને વાંસદા કોર્ટમાં રજૂ કરીને રીમાન્ડની માગણી કરવામાં આવશે. આરોપીઓ પૈકી એક જુવેનાઈલ છે. જ્યારે બાકીના આરોપીઓની ઉંમર ૧૯થી ૨૦ વર્ષ છે.

# જામનગરમાં 'હિટ એન્ડ રન'ની ઘટનામાં બુઝુર્ગનું કરૂણ મોત

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૯

જામનગરના રણજીત સાગર રોડ પર ગઈકાલે બપોરે હિટ એન્ડ રનની એક ઘટના બની હતી અને રસ્તો ઓળંગી રહેલા ૬૫ વર્ષના બુઝુર્ગને એક મોટરસાયકલના ચાલકે અડફેટમાં લઈ કચડી નાખતાં તેઓનું અંતરિયાળ મૃત્યું નિપજ્યું છે.

આ અકસ્માતના બનાવની વિગત એવી છે કે, જામનગરમાં માધવ ટાઉનશિપમાં રહેતા શાંતિલાલભાઈ રાણાભાઈ મારૂં નામના ૫૦ વર્ષના પ્રૌઢએ સિટી એ. ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરી જણાવ્યું છે, કે પોતાના મોટાભાઈ દેવશીભાઈ રાણાભાઈ મારૂં (ઉંમર વર્ષ ૬૫) ગઈકાલે બપોરે ૩:૩૦ વાગ્યાના અરસામાં રણજીત સાગર રોડ પર મારૂં કંસારા હોલ પાસે રસ્તો ઓળંગી રહ્યા હતા, જે દરમિયાન બાઈકના ચાલકે તેઓને અડફેટમાં લીધા હતા.

જે અકસ્માતમાં તેઓને માથાના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ગંભીર ઈજા થઈ હોવાથી તેઓનું મૃત્યુ નિપજ્યું હતું. આ અકસ્માતના બનાવવા અંગે ખંભાળિયા ગેઈટ પોલીસ ચોકીના પી.એસ.આઇ એમ કે બ્લોચ તેમજ રાઈટર જયેશભાઇ વઢેલે જીજે ૧૦ ડી.એસ. ૭૪૪૯ નંબરના બાઈકના ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ડિંડોલીમાં પત્ની બાબતે કોમેન્ટ કરતાં બે મિત્રોએ ત્રીજા મિત્રને બોથડ પદાર્થના ઘા મારી પતાવી દીધો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરના ડીડોલી વિસ્તારમાં રહેતો યુવક તેના મિત્રો સાથે ડિંડોલી વિસ્તારમાં આવેલ માનસી રેસીડેન્સી પાસે ખુલ્લા મેદાનમાં બેઠો હતો. આ દરમિયાન બે મિત્રો વચ્ચે તેમની પત્ની બાબતે વાતચીત થતી હતી. ત્યારે ભોગ બનનાર યુવકે વચ્ચે પડી કોમેન્ટ કરી હતી. જેથી ઉશ્કેરાયેલા બંને મિત્રોએ તેને ઢીક મુક્કીનો ઢોર માર મારી માથામાં તથા શરીરના ભાગે બોથડ પદાર્થ વડે ગંભીર ઈજા પહોંચાડી તેની હત્યા કરી નાખી હતી. બનાવને પગલે ભોગ બનનાર યુવકની પત્નીએ ડિંડોલી પોલીસમાં બંને સામે ફરિયાદ નોંધાવતા પોલીસે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવની વિગત એવી છે કે, મૂળ ઉત્તર પ્રદેશના વતની અને સુરતના ડિંડોલી વિસ્તારમાં આવેલ રાધાકૃષ્ણ સોસાયટીમાં રહેતો ઉમાશંકરસિંઘ રાજબહાદુરસિંઘ પાંડેસરા વિસ્તારમાં જોબવર્કનું કામ કરી પરિવારનું ગુજરાન ચલાવતો હતો. ગતરોજ રાત્રે ૧:૩૦ વાગ્યાના અરસામાં ઉમાશંકરસિંઘ તેના મિત્ર અંશુ (રહે. શ્યામવિલા રેસિડન્સી) અને દીલલુ યાદવ (રહે જગદંબા નગર) સાથે ડીડોલી વિસ્તારમાં આવેલ માનસી રેસીડેન્સી પાસે ખુલ્લા મેદાનમાં બેઠો હતો. આ દરમિયાન અંશુ અને દીલલુ યાદવ વચ્ચે એકબીજાની પત્ની બાબતે વાતચીત થતા બોલાચાલી થઈ હતી. આ દરમિયાન ઉમાશંકરસિંઘ વચ્ચે પડી તેમની પત્ની વિશે કોમેન્ટ કરી હતી. જેના કારણે ઉશ્કેરાયેલા અંશુ અને દીલલુ યાદવ એ ભેગા મળી ઉમાશંકર સિંઘને ઢીકા મૂકીનો ઢોર માર મારી બોથડ પદાર્થ વડે ગંભીર ઈજા પહોંચાડી તેની હત્યા કરી નાખી હતી. જેથી આખરે ભોગ બનનાર ઉમાશંકર સિંઘની પત્ની રૂચીસિંઘે ડિંડોલી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને સામે હત્યાનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં ચાઈનીઝ દોરાનું વેચાણ કરનાર એક વેપારી ઝડપાયો

(સંવાદદાતા દ્વારા)

જામનગર, તા.૯

જામનગર શહેર અને જિલ્લામાં પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનારા વિક્રેતાઓ સામે પોલીસ તંત્ર દ્વારા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે અને પ્રતિબંધિત ચાઈનીઝ દોરાનું વેચાણ કરનારા વેપારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

દરમિયાન જામનગરમાં નૂરી ચોકડી વિસ્તારના પતંગ અને દોરાનો વેપાર કરી રહેલા એક વેપારી દ્વારા પતંગ અને દોરાના વેચાણની સાથે-સાથે ચાઈનીઝ દોરાનું વેચાણ પણ થતું હોવાનું ધ્યાનમાં આવ્યું હતું. જામનગરના વેપારી તૌફિક અબ્દુલભાઈ સંધીના કબજામાંથી પોલીસ તપાસ દરમિયાન પ્રતિબંધિત ચાઈનીઝ દોરાવાળી ૧૪ નંગ ફીરકી મળી આવતા કબજે કરી લેવામાં આવી છે અને તેની સામે જાહેરનામાના ભંગ બદલ ગુનો નોંધવામાં આવ્યો છે.

# ડીસાના બાઈવાડાના ગ્રામજનો દારૂબંધી માટે મેદાને : ડીવાયએસપીને લેખિત રજૂઆત

(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૯

ડીસા તાલુકાના બાઈવાડા ગામમાં વકરતા જતાં દારૂના દૂષણને ડામવા માટે ગ્રામજનોએ આક્રમક વલણ અપનાવ્યું છે. ગામમાં ચાલતા દેશી દારૂના ઉત્પાદન અને વિદેશી દારૂના વેચાણને સદંતર બંધ કરાવવા માટે આજે ગ્રામજનો દ્વારા ડીસા ડીવાયએસપીને લેખિતમાં રજૂઆત કરી કડક કાર્યવાહીની માંગ કરવામાં આવી છે.



(તસવીર : જમીલ મેમણ, ડીસા)

પ્રાપ્ત વિગતો અનુસાર, બાઈવાડા ગામમાં મોટા પાયે ચોરી-છૂપીથી દેશી દારૂ ગળવામાં આવે છે અને વિદેશી દારૂનું વેચાણ થાય છે. આ બદીને રોકવા માટે ગત તા.૫-૧-૨૦૨૬ના રોજ ગ્રામજનોએ એક જાહેર સભા બોલાવી હતી. જેમાં સર્વસંમતિથી નિર્ણય લેવાયો હતો કે ગામમાં કોઈએ દારૂ ગળવો નહીં કે વેચવો નહીં. જોકે, આ સમજાવટ છતાં કેટલાક અસામાજિક તત્વોએ દારૂનો વેપલો ચાલુ રાખતા ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

ગ્રામજનોએ પોતાની રજૂઆતમાં ગુજરાતના ડીજીપીના તાજેતરના પરિપત્રનો પણ ઉલ્લેખ કર્યો છે. જેમાં જણાવાયું છે કે, પ્રોહિબિશન અને જુગાર જેવી પ્રવૃત્તિ કરનારા તત્વોને 'ગુંડા' ગણી તેમની વિરૂદ્ધ ૧૦૦ કલાકમાં અસરકારક શિક્ષાત્મક કાર્યવાહી કરવી. આ આદેશ અન્વયે બાઈવાડાના બુટલેગરો સામે તાત્કાલિક પાસા કે અન્ય કડક કાયદા હેઠળ પગલાં લેવા, ગામમાં દેશી દારૂની ભઠ્ઠીઓ કાયમી ધોરણે બંધ કરાવવા માગણી કરી છે. ગામના યુવાધનને બરબાદીથી બચાવવા માટે પોલીસ દ્વારા સતત પેટ્રોલિંગ વધારવું જોઈએ તેમ માંગ કરી છે આ ઉપરાંત ગામના આગેવાનોએ ચીમકી ઉચ્ચારી છે કે જો વહેલી તકે આ અડ્ડાઓ બંધ નહીં થાય, તો ગ્રામજનો આગામી સમયમાં ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરવાની પણ તૈયારી કરી રહ્યા છે.

# હિંમતનગરમાં હઝરત હસનશહીદ (ર.અ.)ના ઉર્સની ઉજવણી

(સંવાદદાતા દ્વારા) હિંમતનગર, તા.૯

હિંમતનગર સ્થિત કોમી એકતાના પ્રતીક એવા હઝરત હસન શહીદ(ર.અ.)ના ૬૪૫મો ઉર્સ સાદાઈથી ઉજવવામાં આવ્યો હતો. ૮/૧/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૩૦ કલાકે દેરોલ મુકામે હઝરતના સરમુબારક ઉપર સંદલ શરીફ તથા હિંમતનગર જામા મસ્જિદ કેમ્પસમાં હિંમત યુવક મંડળના આયોજનથી હઝરત પીર સૈયદ મહેમુદ અશરફ અશરફિયુલ ઝિલાની(કછોછવી શરીફ)એ તકરીર કરી હતી. બે દિવસનો આ ઉર્સ મેળો સાદાઈથી ઉજવવામાં આવ્યો હતો. જેમાં ૮/૧/૨૦૨૬ના રોજ સવારની નમાઝ પછી કુર્આનખ્વાની, રાત્રે ૧૦:૧૫ કલાકે સંદલ શરીફ, તા.૯ની સવારે લંગરની વહેંચણી અને ઝોહરની નમાઝ પછી કુલ શરીફ પછી ઉર્સની પૂર્ણાહુતિ થઈ હતી. આ ત્રણ દિવસમાં ઉર્સનો મેળો ભરાય છે. જેમાં નાના ભુલકાઓને રમવા માટે ચકરડીઓ, ટેમ્પોલીન, બ્રેક ડાન્સ, ઝુલતી હોડી જેવા આનંદ માટેના સાધન જોવા મળે છે. દરેક સમાજના ગામ-પરગામના અકિદતમંદો આ ઉર્સમાં હાજરી આપે છે. ઉર્સ દરમ્યાન ફાતેમા હોસ્પિટલની એમ્બ્યુલન્સ ૨૪ કલાક દરગાહ કેમ્પસમાં મુકવામાં આવી હતી. આ ઉર્સ પ્રસંગે હિંમતનગર ટાઉન પી.આઈ. તેમજ તેમના સાથી મિત્રોએ ટ્રાફિક સમસ્યા હલ કરી સુંદર વ્યવસ્થા કરી હતી. આ ઉર્સનું સફળ આયોજન પ્રમુખ મો. યુસુફ વડનગરી, સેક્રેટરી અ.ગની મુતવલ્લી, તુફૈલભાઈ હરાદવાલા, નુરબાવા હરસોલિયા, શાહિદહુસેન હરસોલિયા, યુસુફભાઈ ઝાંખવાલા તથા કારોબારીના સભ્યોએ કર્યું હતું.

# ભરૂચ શહેર કોંગ્રેસની બેઠકમાં બીટીપીના આગેવાનો અને કાર્યકરો જોડાયા

## પાલિકા હદ વિસ્તારમાં યોજાનાર જનસંવાદ કાર્યક્રમની રૂપરેખા બાબતે ચર્ચા

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૯

ભરૂચ શહેર કોંગ્રેસ સમિતિની કારોબારીની બેઠક યોજાઈ હતી. જેમાં SIR તેમજ આગામી દિવસોમાં પાલિકા હદ વિસ્તારમાં યોજાનાર જનસંવાદ કાર્યક્રમની રૂપરેખા બાબતે ચર્ચા કરવામાં આવી હતી. સાથે કોંગ્રેસની વિચારધારાથી પ્રેરિત બીટીપીના આગેવાનો અને કાર્યકરોએ કોંગ્રેસનો ખેસ ધારણ કર્યો હતો.



ભરૂચ શહેર કોંગ્રેસ સમિતિની કારોબારી બેઠક શહેર પ્રમુખ સલીમ અમદાવાદીની અધ્યક્ષતામાં મળી હતીજેમાં ,પાલિકાના વિરોધ પક્ષના નેતા સમસાદઅલી સૈયદ, દંડક હેમેન્દ્ર કોઠીવાલા, પીસીસી ડેલીગેટ ઝુબેર પટેલ, અમીન પારખેતી, ઈબ્રાહીમભાઈ કલકલ, રાકેશ શુક્લા, ઈબ્રાહીમભાઈ, દિનેશ ખુમાણ, સોયબ સુજનીવાલા, શૈલેષ પરમાર, એસી ડિપાર્ટમેન્ટના સતીન મહેતા સહિતના હોદ્દેદારો અને કાર્યકર્તા મોટી સંખ્યામાં જોડાયા હતા. કારોબારીમાં હાલમાં ચાલી રહેલ SIRની કામગીરીમાં મતદારોને પડતી મુશ્કેલીઓ બાબતે ચર્ચા કરવામાં આવી હતી અને કોંગ્રેસ પાર્ટીમાંથી બનાવેલ બીએલઓ ૨ ને સાથે રાખી મતદારોને પડતી મુશ્કેલીઓનું નિવારણ લાવી સહેલાઈથી મતદારોના નામ મતદાર યાદીમાં સામેલ થઈ શકે તે દિશામાં પ્રયત્નો હાથ ધરવામાં આવી રહ્યા છે. સાથે સાથે આગામી દિવસોમાં પાલિકા હદ વિસ્તારમાં જન સંવાદ કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

તો બીજી તરફ કોંગ્રેસ વિચારધારાથી પ્રેરિત થઈ બીટીપીના આગેવાનો અને કાર્યકતા શૈલેષ વસાવા, મહેશ વસાવા, કનુ વસાવા, ભીમરાજ મોરે, લક્ષ્મી વસાવા, શબ્બીર અહમદ સહિત ૨૫ જેટલા કાર્યકરો જોડાયા હતા અને જનહિતના મુદ્દાઓને વધુ બુલંદ કરવાનો નિર્ધાર કર્યો હતો અને એકી અવાજે જન વિરોધી ભ્રષ્ટ શાસનને ઉખાડી ફેંકવા હાકલ કરી હતી..

# છોટાઉદેપુર પાસપોર્ટ ઓફિસમાં '૧૦ મિનિટના કામ માટે કલાકોનું વેઈટિંગ' : જનતા ત્રાહિમામ્

## અપૂરતો સ્ટાફ અને વ્યવસ્થાના અભાવે અરજદારો પરેશાન; અલગ બિલ્ડિંગની માંગ ઊઠી

(સંવાદદાતા દ્વારા) પાવીજેતપુર, તા.૯

છોટાઉદેપુર જિલ્લા મથકે કાર્યરત પાસપોર્ટ ઓફિસ હાલમાં જનતા માટે સુવિધાને બદલે દુવિધાનું કેન્દ્ર બની હોય તેમ લાગી રહ્યું છે. એપોઈન્ટમેન્ટ લઈને સમયસર પહોંચતા અરજદારોને માત્ર ૧૦થી ૧૫ મિનિટના કામ માટે ૨.૩૦થી ૩ કલાક સુધી રાહ જોવી પડતા જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, પાસપોર્ટ ઓફિસમાં રિપોર્ટિંગ ટાઈમ કરતા વહેલા પહોંચવા છતાં, ક્ષમતા કરતા વધુ એપોઈન્ટમેન્ટ ફાળવી દેવામાં આવતા ભીડ એકઠી થાય છે. સવારે ૯:૦૦ વાગ્યે પહોંચેલા વ્યક્તિનો વારો બપોરે ૧૨:૦૦ વાગ્યા પછી આવે છે. સામાન્ય રીતે અડધા કલાકમાં પૂર્ણ થતી પ્રક્રિયામાં કલાકોનો સમય વેડફાઈ રહ્યો છે. હાલમાં મધ્યપ્રદેશની જનતા માટેની કાર્યવાહી બંધ કરાતા રોજના ૧૮થી ૨૦ જેટલા પાસપોર્ટની જ કામગીરી થાય છે, છતાં આયોજનના અભાવે લોકોને હાલાકી ભોગવવી પડે છે.

ઓફિસમાં ત્રણ પીસી (Computer) ઉપલબ્ધ છે, પરંતુ તેની સામે માત્ર બે જ કર્મચારીઓ ફરજ બજાવે છે. તેમાં પણ જો એક કર્મચારી સરકારી મીટિંગ કે અન્ય કામકાજમાં વ્યસ્ત હોય, ત્યારે સમગ્ર ઓફિસનો કાર્યભાર એક જ વ્યક્તિ પર આવી જાય છે. આ જ કારણ છે કે સિસ્ટમ ખોરવાય છે.

હાલમાં આ પાસપોર્ટ ઓફિસ પોસ્ટ ઓફિસના બે નાના રૂમોમાં કાર્યરત છે. અપૂરતી જગ્યાને કારણે અરજદારોને બેસવા કે ઊભા રહેવામાં પણ તકલીફ પડી રહી છે.

સ્થાનિકોની માંગ છે કે પાસપોર્ટ ઓફિસ માટે અલગ અને સુવિધાયુક્ત બિલ્ડિંગ બનાવવામાં આવે તેમજ પુરતો સ્ટાફ ફાળવવામાં આવે જેથી કામગીરી ઝડપી બને.

જો તંત્ર દ્વારા વહેલી તકે આ સમસ્યાનું નિરાકરણ લાવવામાં નહીં આવે, તો અરજદારોનો સમય અને શક્તિ બંને વેડફાતા રહેશે. ત્યારે તંત્ર આ અંગે યુદ્ધના ધોરણે વિચારી ઘટતું કરે તેવી જિલ્લાની જનતાની બુલંદ માંગ ઉઠી છે.

# ડીસામાં રોડની કામગીરી વેળા વીજપોલ ધરાશાયી : સબ સલામત

ડીસા, તા.૯

ડીસાના સાઈબાબા સર્કલથી જલારામ મંદિર સુધીના રોડને 'આઈકોનિક રોડ' તરીકે વિકસાવવાનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરીમાં અડચણરૂપ બનતા વીજ લાઈનના વાયરો અને પોલને ખસેડવા માટે આજે વીજ કંપની દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. દરમિયાન એક વીજપોલ કાઢતી વખતે અચાનક સંતુલન બગડતા તે સીધો મુખ્ય માર્ગ પર નીચે પટકાયો હતો. જોકે તે ક્ષણે રોડ પરથી કોઈ વાહન કે રાહદારી પસાર થઈ રહ્યા ન હતા. સામાન્ય રીતે ધમધમતા રહેતા આ માર્ગ પર અકસ્માત સમયે કોઈ હાજર ન હોવાથી મોટી હોનારત ટળી હતી અને તંત્રએ પણ રાહતનો શ્વાસ લીધો હતો. જો કે, થાંભલો પડવાના અવાજ અને અચાનક બનેલી ઘટનાને પગલે આસપાસના દુકાનદારો અને સ્થાનિકોમાં ફાળ પડી હતી ?. સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, શહેરના સૌથી વ્યસ્ત રોડ પર જ્યારે આવી કામગીરી થતી હોય ત્યારે સુરક્ષાના પૂરતા સાધનો અને આડશ રાખવી જરૂરી છે. સદભાગ્યે આજે કોઈ હાજર નહોતું, પરંતુ જો વ્યસ્ત ટ્રાફિક વચ્ચે આવી ઘટના બની હોત તો ગંભીર પરિણામ આવી શકયુ હોત.

# શામળાજીમાં બે દિવસીય શામળાજી મહોત્સવનો પ્રારંભ

## મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે આજે રૂા.૧૬૭.૮૫ કરોડના વિકાસલક્ષી પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ

(સંવાદદાતા દ્વારા) મોડાસા, તા.૯

શામળાજીમાં બે દિવસીય શામળાજી મહોત્સવનો રંગેચંગે શુભારંભ થયો. રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અને જિલ્લા વહીવટી તંત્ર દ્વારા આયોજિત બે દિવસીય શામળાજી મહોત્સવનો પ્રથમ દિવસે પ્રારંભ કરાયો હતો. રાજ્ય અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી પી.સી. બરંડાના અધ્યક્ષસ્થાને શામળાજી મહોત્સવનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. મહોત્સવના પ્રથમ દિવસે કૃષ્ણ વંદનાથી કાર્યક્રમની શરૂઆત કરી હતી. મંત્રી પી.સી. બરંડાએ જણાવ્યું કે, આ મંદિર આપણને એકતા અને સદભાવનાનો સંદેશ આપે છે. યાત્રાધામ શામળાજીને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા સતત સરકાર દ્વારા પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે. આ નવીન તાલુકા શામળાજીના વિકાસ માટે પણ સતત કાર્યો કરવામાં આવી રહ્યા છે.

મહોત્સવમાં જિલ્લા કલેક્ટર પ્રશસ્તિ પરીક, જિલ્લા વિકાસ અધિકારી દિપેશ કેડિયા, જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા, નિવાસી અધિકારી કલેક્ટર ડી.વી. મકવાણા, સહિતના પદાધિકારીઓ અને અધિકારીઓ તથા મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ અને શામળાજી પંથકના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સાબરકાંઠા જિલ્લા કલેક્ટર લલિત નારાયણ સિંઘ સાંદુ, સાબરકાંઠા જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા, સાબરકાંઠા જિલ્લા પોલીસ વડા ડૉ.પાર્થરાજસિંહ ગોહિલ પણ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી સહપરિવાર કાર્યક્રમને માણ્યો હતો.

શામળાજી મહોત્સવના આજે બીજા દિવસે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે રૂા.૧૬૭.૮૫ કરોડના વિકાસલક્ષી પ્રકલ્પોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવાના શામળાજીના આંગણે આવી રહ્યા છે.

# દયાદરા હાઈસ્કૂલના શિક્ષક ડૉ. ઈમ્તીયાઝ ઘાંચીનો સંશોધન પત્ર રાજ્ય કક્ષાની કોન્ફરન્સ માટે પસંદગી પામ્યો

(સંવાદદાતા દ્વારા) વાગરા, તા.૯

દયાદરા હાઈસ્કૂલના શિક્ષક ડૉ.ઈમ્તીયાઝ ઘાંચીનું સંશોધન પત્ર રાજ્ય કક્ષાની કોન્ફરન્સ માટે પસંદગી પામતા શાળાની સિદ્ધિની યશકલગીમા વધુ એક મોરપિચ્છનો ઉમેરો થવા પામ્યો છે.



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ (GCERT), ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, નવસારી દ્વારા આયોજિત દક્ષિણ ઝોન કક્ષાની 'રિસર્ચ પેપર પ્રેઝન્ટેશન કોન્ફરન્સ' તારીખ ૭જાન્યુના રોજ સંપન્ન થઈ હતી. કોન્ફરન્સમાં ભરૂચ જિલ્લાની દયાદરા હાઈસ્કૂલના શિક્ષક ડૉ.ઈમ્તીયાઝ ઘાંચી દ્વારા રજૂ કરાયેલ સંશોધન પત્રને નિર્ણાયકો દ્વારા રાજ્ય કક્ષાની કોન્ફરન્સ માટે પસંદ કરવામાં આવ્યો હતો. ઉલ્લેખનીય છે કે દક્ષિણ ગુજરાતના સાત જિલ્લામાંથી પસંદગી પામેલ સંશોધકો માટે આયોજિત કોન્ફરન્સની મુખ્ય થીમ 'વિદ્યાર્થી કેન્દ્રી અધ્યયન પ્રક્રિયા' રાખવામાં આવી હતી. જે અંતર્ગત ડૉ.ઈમ્તીયાઝભાઈ એ 'The Efficacy of AI tools in Poetry Instruction for English as a Second Language (ESL) Learners' વિષય પર પોતાનું સંશોધન પત્ર રજૂ કર્યું હતું. તેમનું આ સંશોધન ખાસ કરીને અંગ્રેજીને દ્વિતીય ભાષા તરીકે શીખતા વિદ્યાર્થીઓ માટે કાવ્ય શિક્ષણમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI)ના સાધનોની અસરકારકતા ચકાસવા પર કેન્દ્રિત હતું. સંશોધન પત્ર ક્રિયાત્મક સંશોધન પર આધારિત છે, જેમાં વર્ગખંડના વાસ્તવિક અનુભવો અને પ્રાયોગિક પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આધુનિક ટેક્નોલોજી અને શિક્ષણશાસ્ત્રના સમન્વય દ્વારા કેવી રીતે જટિલ કાવ્યાત્મક સંકલ્પનાઓને સરળ બનાવી શકાય, તે બાબત પર ભાર મૂકવામાં આવ્યો છે.

# જૂનાડીસા-સમૌ માર્ગ પર દોઢ વર્ષ બાદ ડામર કામ શરૂ કરાતાં હાશકારો



(સંવાદદાતા દ્વારા) ડીસા, તા.૯

જૂનાડીસાથી સમૌને જોડતા મુખ્ય માર્ગનું કામ છેલ્લા દોઢ વર્ષથી ગોકળગતિએ ચાલતા સ્થાનિકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. અંતે છેલ્લા એક સપ્તાહથી યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરાતા જૂનાડીસાથી લુણપુર સુધીના ૯ કિલોમીટરના માર્ગ પર ડામર રોડનું કામ પૂર્ણ થયું છે. નવો ડામર રોડ બનતા ગ્રામજનો અને વાહનચાલકોએ રાહતનો શ્વાસ લીધો છે. જૂનાડીસા-સમૌ માર્ગ લાંબા સમયથી બાંધકામ હેઠળ હોવાથી રસ્તો કાચો અને અત્યંત બિસ્માર બની ગયો હતો. આ કારણે દિવસભર ધૂળની ડમરીઓ ઉડતી રહેતી હતી. જેના કારણે અકસ્માતનો ભય સતત તોળાતો રહેતો હતો. અનેક વાહનચાલકો અને શાળાના વિદ્યાર્થીઓએ પણ આ મુશ્કેલી ભોગવવી હતી. હવે લુણપુર સુધીના ૯ કિમીના પટ્ટામાં ડામર રોડ તૈયાર થતાં વાહન વ્યવહાર સરળ અને સુરક્ષિત બન્યો છે. જો કે, માર્ગની આગળની અમુક કામગીરી હજી બાકી હોવાનું જાણવા મળ્યું છે, જેને વહેલી તકે પૂર્ણ કરવાની સ્થાનિકોમાં માંગ છે.

# ભરૂચ ખાતે રિક્ષામાંથી વિદેશી દારૂના જથ્થા સાથે બે ઈસમો ઝડપાયા

(સંવાદદાતા દ્વારા) ભરૂચ, તા.૯

ભરૂચ શહેર એ ડિવિઝન પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે રિક્ષામાં બે ઈસમો રેલવે સ્ટેશનમાંથી વિદેશી દારૂનો જથ્થો લઈ ગોદી રોડ તરફ જનાર છે. જેવી બાતમીના આધારે પોલીસે રેલવે ગોદી રોડ ઉપર પાણીની ટાંકી પાસે વોચ ગોઠવી હતી. તે દરમિયાન બાતમી વાળી રિક્ષા આવતા પોલીસે તેને અટકાવી અંદર તપાસ કરતા તેમાંથી વિદેશી દારૂની ૨૧૬ નંગ બોટલ મળી આવી હતી. પોલીસે ૪૨ હજારનો દારૂ અને ૫૦ હજારની રિક્ષા તેમજ બે મોબાઈલ ફોન મળી કુલ ૧.૧૨ લાખના મુદ્દામાલ સાથે અમન રેસિડેન્સી ખાતે રહેતો સહેજાદ ઈમ્તિયાઝ શેખ અને શરીફ નવાજ મહેબુબમિયા મલેકને ઝડપી પાડ્યો હતો. જ્યારે વિદેશી દારૂનો જથ્થો મંગાવનાર અજય વસાવા સહિત બે ઈસમો સામે ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

### ૭૨ બાળકો વચ્ચે માત્ર એક જ શિક્ષક

# કદવાલની ઝરી પ્રાથમિક શાળાના બાળકોને બે કેમ્પસ વચ્ચે અડધો કિ.મી.ની દોડધામ

## મધ્યાહ્ન ભોજન અને પ્રાર્થના માટે બાળકોને દિવસમાં ત્રણ વાર અવર-જવર કરવા મજબૂર બનવું પડે છે

(સંવાદદાતા દ્વારા) પાવીજેતપુર, તા.૯

છોટાઉદેપુર જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં શિક્ષણની સ્થિતિ કથળી રહી હોવાનો વધુ એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પાવીજેતપુર પંથકના કદવાલ તાલુકામાં આવેલી ઝરી પ્રાથમિક શાળામાં શિક્ષકોની ઘટ અને ભૌતિક સુવિધાઓના અભાવે ૧૨૮ બાળકોનું ભવિષ્ય જોખમમાં મુકાયું છે. અહીં શાળા બે અલગ-અલગ કેમ્પસમાં વહેંચાયેલી હોવાથી બાળકોને અભ્યાસ છોડીને ભોજન અને પ્રાર્થના માટે અડધો કિલોમીટર દૂર દોડવું પડે છે.



(તસવીર : આસીફ ખત્રી, પાવીજેતપુર)

ઝરી પ્રાથમિક શાળાના જૂના કેમ્પસની સ્થિતિ અત્યંત દયનીય છે. અહીં બાલવાટિકા, ધોરણ ૧ અને ધોરણ ૨ના કુલ ૭૨ બાળકો અભ્યાસ કરે છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે આટલા બાળકો વચ્ચે માત્ર એક જ શિક્ષક કાર્યરત છે. બે અલગ-અલગ ઓરડામાં બાળકોને બેસાડવામાં આવે છે, જેના કારણે જ્યારે શિક્ષક એક રૂમમાં ભણાવતા હોય ત્યારે બીજા રૂમમાં બાળકો તોફાન-મસ્તી કરતા જોવા મળે છે. સ્થાનિકોના જણાવ્યા મુજબ, પાયો જ કાચો હોવાને કારણે આ બાળકો ભવિષ્યમાં CAT જેવી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કેવી રીતે પાસ થશે તે ? મોટો પ્રશ્ન છે.

નવા કેમ્પસમાં ધોરણ ૩થી ૫ના ૫૬ બાળકો અભ્યાસ કરે છે, જ્યાં ૨ શિક્ષકો છે. જોકે, આ કેમ્પસમાં સુવિધાના અભાવે આ બાળકોએ દિવસમાં ત્રણ વખત (પ્રાર્થના, મધ્યાહ્ન ભોજન અને સાંજના નાસ્તા માટે) અડધો કિલોમીટર દૂર જૂના કેમ્પસમાં આવવું પડે છે. આ દોડધામમાં બાળકોનો કિંમતી સમય વેડફાઈ રહ્યો છે અને શિક્ષણ પર તેની સીધી માઠી અસર પડી રહી છે.

છોટાઉદેપુર જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી જશવંત પરમારે આ અંગે જણાવ્યું કે, "હાલ બદલીની પ્રક્રિયા ચાલુ છે, ત્યારબાદ જ્ઞાન સહાયકની નિમણૂક કરવામાં આવશે. ઓરડાની ઘટ માટે પણ મંજૂરી મળી ગઈ છે અને ટૂંક સમયમાં કામગીરી શરૂ થશે. બાળકોને ભોજન માટે અડધો કિ.મી. દૂર ન જવું પડે તે માટે બંને જગ્યાએ અલગ વ્યવસ્થા કરવા સૂચના આપવામાં આવશે." હવે જોવાનું એ રહ્યું કે, તંત્ર દ્વારા આ આશ્વાસનનો ક્યારે અમલમાં મૂકવામાં આવે છે.

# ઈડરગઢ પર રાજ્ય કક્ષાની આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાઈ

## વિજેતા થયેલ વિદ્યાર્થીઓને ટ્રોફી અને ચેક આપી સન્માન કરાયું

(સંવાદદાતા દ્વારા) ઈડર, તા.૯

રાજ્ય સરકારના રમત ગમત યુવા અને સંસ્કૃતિક પ્રવુતિઓ વિભાગ અને કમિશનર યુવક સેવા સંસ્કૃતિક પ્રવુતિઓ ગાંધીનગર સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા દર વર્ષે યોજવામાં આવતો રાજ્ય કક્ષાનો આરોહણ અવરોહણ સ્પર્ધામાં મોટા ભાગની શાળાઓના વિદ્યાર્થીઓ ભાગ લે છે અને વિજેતા જાહેર પણ કરવામાં આવે છે.



(તસવીર : રફીક મન્સુરી, ઈડર)

પ્રાપ્ત માહિતી મુજબ આ રાજ્ય કક્ષાનો આરોહણ અવરોહણ સ્પર્ધા તા.૯.જાન્યુઆરીને શુક્રવારના રોજ જિલ્લાના ઈડર શહેજનું આગવું સ્થાન ધરાવતો એવો ઈડર ગઢ પર યોજવામાં આવી હતી. જેમાં સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ સવારે ૭ કલાકના સમયગાળા દરમ્યાન કડકડતી ઠંડીમાં દોડતા ચડ્યા હતા જેમાં છોકરાઓમાં ૧થી ૧૦ અને છોકરીઓમાં ૧થી ૧૦ સુધી ખેલાડીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.

આ સ્પર્ધાના મુખ્ય મહેમાન તરીકે આ વિસ્તારના ધારાસભ્ય રમણલાલ વોરા, તાલુકા પંચાયત પ્રમુખ કાંતિભાઈ પટેલ, મામલતદાર પૂજા ગોસ્વામી, નગર પાલિકા ચીફ ઓફિસર જેમીન ચૌધરી સહિત મહેમાન ઉપસ્થિત રહ્યા હતા. સ્પર્ધામાં વિજેતા જાહેર ૧થી ૧૦ના છોકરા અને છોકરીઓને ઈનામ વિતરણમાં ટ્રોફી અને ચેક આપી સમ્માન કરવામાં આવ્યું હતું.

### કલેકટર અને પોલીસ અધિક્ષકને આવેદનપત્ર અપાયું

# ભાજપના સંસદ સભ્ય અને ધારાસભ્યએ જ પાટણ જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવા રજૂઆત કરી

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૯

પાટણ જિલ્લામાં ચાલતા દારૂના અડ્ડાઓ બંધ કરાવવાની માગણી સાથે આજે સત્તાધારી ભાજપ સરકારના પાટણના સંસદ સભ્ય, રાધનપુરના ધારાસભ્ય સહિત ભાજપના આગેવાનોએ જિલ્લા કલેકટર અને જિલ્લા પોલીસ અધિક્ષકને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરી હતી. આ સમયે ભાજપના જ આગેવાનોએ દારૂબંધીનો કડક અમલ કરાવવા અને અડ્ડાઓ બંધ કરાવવા સૂત્રોચ્ચાર કર્યા હતા. પાટણ જિલ્લાના સમી, શંખેશ્વર, હારીજ, રાધનપુર અને સાંતલપુર તાલુકા સહિત સમગ્ર જિલ્લામાં દેશી તેમજ વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ થાય છે અને અડ્ડાઓ ધમધમે છે. અગાઉ સ્થાનિકો દ્વારા કેટલાક સ્થળોએ જનતા રેડો કરવામાં આવી હતી. તો કેટલાક સ્થળોએ રેડ દરમ્યાન બુટલેગરો દ્વારા સ્થાનિકો તેમજ આગેવાનોને ધાક-ધમકી આપ્યાના બનાવો પણ સામે આવ્યા હોવાની રજૂઆતો બંને અધિકારીઓ સમક્ષ ભાજપના આગેવાનોએ કરી હતી અને હપ્તાખોરીના આક્ષેપો કરી બુટલેગરોને છાવરવામાં આવતા હોવાનું જણાવ્યું હતું. રજુઆતના પ્રત્યુત્તરમાં જિલ્લા પોલીસ અધિક્ષકે દારૂના અડ્ડાઓ નાબુદ કરવા ડી.વાય.એસ.પી. કક્ષાના અધિકારીઓના માર્ગદર્શન હેઠળ ૪ સ્પેશિયલ ટીમો બનાવવાની ખાતરી આપી હોવાનું આગેવાનોએ જણાવ્યું હતું. ધારાસભ્ય લવિંગજી ઠાકોરે જણાવ્યું કે ઠાકોર



સમાજના બંધારણ બાદ ઉત્તર ગુજરાતના ત્રણ જિલ્લાઓમાં સમાજ જાગૃત થયો છે. ગામડે ગામડે જનતા રેડ પાડી દારૂ બંધ કરાવવાની કામગીરી ચાલી રહી છે. આ ઝુંબેશમાં બુટલેગરો દ્વારા થતી દાદાગીરી અને અવરોધોને રોકવા માટે પોલીસ રક્ષણની માંગ કરવામાં આવી છ. પોલીસ તંત્ર અને ગ્રામ સમિતિઓ સાથે મળીને આ દુષણને નાબુદ કરવા માટે આયોજન કરવામાં આવ્યું છે. દરેક ગામમાં બનેલી સમિતિઓ ઘરના અડ્ડાઓની શોધખોળ કરી પોલીસને જાણ કરશે. આ રજૂઆત સમયે પાટણના સાંસદ ભરતસિંહ ડાભી, ધારાસભ્ય લવિંગજી ઠાકોર, જિલ્લા પંચાયત પ્રમુખ હેતલબેન ઠાકોર સહિત ભાજપના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ધોળકાની દિવ્યાંગ દીકરીએ રાજ્ય કક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં બ્રોન્ઝ મેડલ જીત્યો

(સંવાદદાતા દ્વારા) ધોળકા, તા.૯

ન્યૂ વે એજ્યુકેશનલ એન્ડ રૂરલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ સંચાલિત 'ફ્રીડમ ડે કેર સેન્ટર', ધોળકાના દિવ્યાંગ બાળકોએ રાજ્ય સરકાર દ્વારા આયોજિત 'સ્પેશિયલ ખેલ મહાકુંભ'માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરીને સમગ્ર પંથકનું ગૌરવ વધાર્યું છે.? હિંમતનગરના સાબર સ્ટેડિયમ ખાતે તારીખ તાજેતરમાં યોજાયેલી રાજ્ય કક્ષાની સ્પર્ધામાં સેન્ટરના પાંચ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ધ્રુમી ગૌરાંગભાઈ પટેલે ૧૦૦ મીટર વોકમાં અદભૂત રમતનું પ્રદર્શન કરી બ્રોન્ઝ મેડલ હાંસલ કર્યો છે. ધ્રુમીની આ સિદ્ધિથી ધોળકા શહેર તેમજ અમદાવાદ જિલ્લાનું નામ રમતગમત ક્ષેત્રે ગુંજતું થયું છે.? આ સ્પર્ધામાં સંસ્થાના અન્ય વિદ્યાર્થીઓ મો. જબીર મહંમદ યુસુફ વોરા, તેહમીનાબાનું યાસીનમિયા શેખ, સોહાનાબાનું




મહંમદ યુસુફ વોરા અને બાદલ અશ્વિનભાઈ જાદવ પણ ઉત્સાહભેર જોડાયા હતા.? વિજેતા દીકરી ધ્રુમી પટેલ અને અન્ય સહભાગી બાળકોની આ સફળતા બદલ સંસ્થાના પ્રમુખ ભાવિનભાઈ પરમાર તથા હરીશભાઈ પરમાર દ્વારા તમામ બાળકોને શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### ખટીક ફળિયાને તોફાની તત્ત્વોએ બાનમાં લીધું, સામસામે પથ્થરમારો

# તાપીના કુકરમુંડા ગામે શાંતિમાં પલીતો ચાંપવાનો કટ્ટરપંથીઓનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

તાપી જિલ્લાના કુકરમુંડા ગામ ખાતેના ખટીક ફળિયામાં બાઈક રોકવા જેવી નજીવી બાબતને ધ્યાનમાં રાખી જાણે તકની રાહ જોઈને બેસેલા કેટલાક કટ્ટરપંથી દ્વારા ફળિયામાં રહેતા લઘુમતિઓ ઉપર તેમના ઘરો ઉપર પથ્થરમારો કરતા જેમાં મુસ્લિમોને મોટાપાયે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કટ્ટરપંથીઓ દ્વારા થયેલ ઈરાદાપૂર્વકના હુમલાથી ગામની સ્થિતિ તંગ બની ગઈ હોવાની જાણ પોલીસને થતા તાપી જિલ્લા પોલીસ પરિસ્થિતિને કાબુમાં લઈ સામ સામે ફરિયાદ નોંધી ૧૨ જેટલા બંને પક્ષોની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે. આ અંગે પોલીસ અને ઘટના સ્થળ રહેતા લોકો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર તાપી જિલ્લાના કુકરમુંડા ખાતેના ખટીક ફળિયામાં રહેતા રમજાન ખટીક ઉ.વ.૪૭ પોતાના મોટર સાયકલ લઈને જઈ રહ્યો હતો ત્યારે ગૌરવ સેંદાણે અને તેના અન્ય સાથીઓએ રમજાનને અટકાવી બોલાચાલી કરી અચાનક હુમલો કરી મારમારતા હતા ત્યારે તેમને છોડાવવા વચ્ચે પડેલ તેમના અન્ય મિત્રોને પણ એક સંપ થયેલા અને જાણે પહેલાથી જ નાની બાબતને લઈ મોટા ઝઘડાની તક જોઈને બેસેલા કટ્ટરપંથીઓના ટોળાએ સમગ્ર ખટીક મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરતા જેમાં સ્વબચાવમાં લઘુમતી યુવાનોએ પ્રતિકાર કરતા સામ સામે પથ્થરમારો થયો હતો.





મોટા ટોળામાં રહેલા કટ્ટરપંથીઓને જાણે મોકળુ મેદાન મળી ગયો હોય તેમ સમગ્ર ખટીક ફળિયાને બાનમાં લીધું હોય તેમ મુસ્લિમોના ઘરોમાં ગેરકાયદેસર પ્રવેશી ઘરની તોડફોડ કરી હતી, જેનાથી ખટીક ફળિયામાં રહેતા મુસ્લિમોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બનાવ સંદર્ભની જાણ તાપી જિલ્લા પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે ધસી જઈ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. અને કટ્ટરપંથીઓનો ભોગ બનેલ ખટીક ફળિયાના ઈજાગ્રસ્ત થયેલ લોકોને મહારાષ્ટ્રની નાની હોસ્પિટલ અને નિઝરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. પરિસ્થિતિ હાલમાં પોલીસના કાબુમાં છે. પરંતુ સ્થાનિક મુસ્લિમોમાં ભયનો માહોલ જોવા મળી રહી હોવાનું જાણવા મળે છે. તાપી જિલ્લા પોલીસ દ્વારા બંને પક્ષોની ફરિયાદના સથવારે પોલીસે વધુમાં જણાવ્યું હતું કે કુકરમુંડા ગામ ખાતે અગાઉ થયેલ બોલાચાલી તકરારની અદાવતમાં ગત તા.૭મીના રાત્રી સાડા નવ કલાક વાગ્યે કુકરમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુકરમુંડા, ખાટીક ફળીયાની ખુલ્લી જગ્યામાં બે પક્ષોના ટોળા વચ્ચે સામસામે પથ્થરમારો તથા મારામારી થતા જે બાબતે પોલીસને જાણ થતા તાપી જિલ્લા પોલીસ ત્વરીત એક્શન મોડમાં આવી પોલીસ અધિક્ષક સા.શ્રી, જી.તાપી નાઓ ત્વરીત રાહે બનાવવાળી જગ્યાએ પહોંચી જઈ તેમજ તાપી જિલ્લા, એલ.સી.બી., એસઓજી ટીમ તેમજ સોનગઢ, ઉચ્છલ, નિઝર, કુકરમુંડા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસો પણ એક્શન મોડમાં આવી તાત્કાલીક પરિસ્થિતિ સામાન્ય બનાવી હતી.

આ ઉપરાંત (૧) ગૌરવ સેંદાણે (૨) વૈભવ સોનાર (૩) હર્ષલ ચૌધરી (૪) રાજ ભરૂ ખટીક (૫) તેજસ પટેલ નાઓએ તેમની મોટર સાયકલ ઊભી રખાવી ઝઘડો કરતા તેઓ ત્યાંથી ફરિયાદીના મોહલ્લામાં આવી જઈ અને તેઓની પાછળ (૬) રાહુલ ચૌધરી (૭) રાજેશ ચૌધરી (૮) પંકજ ચૌધરી (૯) સાગર ભરૂ ખટીક (૧૦) જીતુ રાજસ્થાની (૧૧) શુભમ જયેશ સોની (૧૨) સાર્થક જીતુ ચૌધરી (૧૩) વૈભવ અનિલ જયસ્વાલ (૧૪) હર્ષ રાજુ માછી (૧૫) રાહુલ માછી સહિત આશરે ૪૦થી ૫૦ અજાણ્યા માણસોના ટોળા વિરૂદ્ધ પોલીસે ઉક્ત લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતી. જ્યારે બીજી ફરિયાદી પંકજભાઈ રામદાસભાઈ ચૌધરી, ઉવ.૪૫, રહેવાસી- કુકરમુંડા, બસ સ્ટેન્ડની સામે તા.કુકરમુંડા જિ.તાપીનાઓએ આરોપીઓ (૧) સદામ (૨) અનીશ વાહીદ ખાટીક (૩) આસીફ રમઝાન ખાટીક (૪) ઈમરાન ખાટીક (૫) વાહેદ ખાટીક (૬) જુનેદ ખાટીક (૭) સાહિલ ખાટીક (૮) સોહીલ દિલાવર ખાટીક (૯) નિશાર ખાટીક (૧૦) અલ્તાફ કાસીમ (૧૧) વાહીદ ગુલામ (૧૨) વાહેદ ગુલામ (૧૩) રેહાન (૧૪) શાકીર યાસીન (૧૫) નાશીર ખાટીક (૧૬) લીયાકત (૧૭) યાકીબ (૧૮) બિલાલ હકીમ (૧૯) ફૈઝાન તેમજ આશરે દસ થી બાર ઈસમો તમામ રહે.કુકરમુંડા, ખાટીક મહોલ્લો તા.કુકરમુંડા જિ.તાપીનાઓ વિરૂદ્ધ ફરીયાદ આપતા કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે અલગ અલગ કલમો હેઠળ સામસામે ગુનો દાખલ કરવામાં આવેલ છે. જ્યારે તાપી જિલ્લા પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ ૧ અસ્ફાક કાસમ ખાટીક, ૨ અસલમ કાસમ ખાટીક, ૩ ફારૂક રમઝાન ખાટીક, ૪ તારીખ રમઝાન ખાટીક, ૫ લિયાકત રમઝાન ખાટીક, ૬ તાહિર રહીમ ખાટીક, ૭ નાસિર યાસીન ખાટીક, ૮ ફૈઝાન ફારુખ ખાટીક, ૯ હર્ષદ રાજુભાઈ માછી, ૧૦ રાહલ રાજુભાઈ માછી, ૧૧ પ્રશાંતભાઈ અનિલભાઈ ચૌધરી, ૧૨ ધીરજભાઈ વાસુદેવ મરાઠે નાઓની પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# FIRમાં મુસ્લિમો વિરૂદ્ધ પક્ષપાત કર્યા હોવાનો અસલમ સાયકલવાલાનો આક્ષેપ

તાપી જિલ્લાના કુકરમુંડાના ખટીક ફળિયામાં મુસ્લિમોના મકાન અને લોકો ઉપર નજીવી બાબતે ઝઘડો કરી તકમાં બેસેલા કેટલાક કટ્ટરપંથીઓ દ્વારા કરાયેલા હુમલા સંદર્ભે તાપી જિલ્લા દ્વારા નોંધાયેલ સામ સામે એફઆઈઆરમાં મુસ્લિમ સંદર્ભે પક્ષપાત કરી ગંભીર પ્રકારની કલમોનો ઉલ્લેખ કર્યો હોવાનું તથા તકની લાભ જોઈને બેસેલા અને સામેથી ઝઘડો અંજામ આપનારાઓ કટ્ટરપંથી વિરૂદ્ધ હળવી કલમો નોંધી પોલીસ દ્વારા પક્ષપાત કર્યો હોવાના આક્ષેપ સાથે દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ (સુચીત)ના કન્વીનર અસલમ સાયકલવાલાએ આ બાબતે રેન્જ આઈજી પ્રેમવિરસિંહ અને તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જશુભાઈ એન.દેસાઈને લેખિતમાં રજૂઆત કરી હોવાનું કન્વીરે જણાવ્યું હતું.

તાપી જિલ્લાના કુકરમુંડાના ખટીક ફળિયામાં મોટર સાયકલ બાબતે મુસ્લિમ ખટીક સમાજને ટાર્ગેટ બનાવી ઝઘડાને ઉગ્ર સ્વરૂપ આપી રહેલ ટાઉનમાં રહેલ શાંતિમાં પલીતો ચાંપવા કરેલ હુમલા અને ઝઘડા બાબતે પોલીસ સામ સામી નોંધેલ ફરિયાદમાં પક્ષપાત થયો હોવાનું જણાવી દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ (સુચીત)ના કન્વીનર અસલમ સાયકલવાલા દ્વારા દક્ષિણ ગુજરાત રેન્જ આઈજી પ્રેમવિરસિંહ અને તાપી જિલ્લા અધિક્ષક જસુ એન.દેસાઈને એક લેખિત આવેદનપત્ર આપેલ તેમાં જણાવ્યું હતું કે, ગામ કુકરમુંડા તા. કુકરમુંડા જિ.તાપી ખાતે ખાટીક ફળિયાની ખલ્લી જગ્યામાં તાઃ ૦૭-૦૧-૨૦૨૬ના રોજ અંદાજીત ૨૧:૩૦ કલાકે "લિયાકત ફૈઝાન ખાટીક અને કુર્બાન તનવીર ખાટીક વિગેરે બાઈક લઈને બજાર તરફ ગયા હતા. તે સમયે એફઆઈઆર નં..૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩૨૦૨૬ માં સામેલ તમામ આરોપીઓ (૧) ગૌરવ સેદાણે (૨) વૈભવ સોનાર (૩) હર્ષલ યોધરી (૪) રાજભૂર ખટીક (૫) તેજસ પટેલ વગેરેનાઓ કે જેઓ દ્વારા ફેઝાન ખાટીક અને કુર્બાન તનવીર ખાટીકની બાઈક ઊભી રખાવી કોમી રમખાણો અને અશાંતી ફેલાવવાના આશયથી ઝધડો કરવામાં આવેલ. ત્યારબાદ સદર ઝઘડાને વધુ વેગ મળતા અન્ય આરોપીઓ (૧) રાહુલ ચૌધરી (૨) રાજેશ ચૌધરી (૩) પંકજ ચૌધરી (૪) સાગર ભરૂ ખટીક (૫) જીતું રાજસ્થાની(૬) શુભમ જયેશ સોની (૭) સાર્થક જીતું ચૌધરી (૮) વૈભવ અનિલ જયસ્વાલ (૯) હર્ષ રાજુ માછી (૧૦) રાહુલ માછી વગેરેઓ તરત જ સ્થળ ઉપર પહોંચી આવેલ. ત્યારબાદ આ તમામ આરોપીઓ દ્વારા સ્થળ ઉપર પહોંચી બજાર વિસ્તારમાં ઊભેલ અંદાજીત ૪૦-૫૦ જેટલા લોકોના ટોળા ઉપર હથિયારો વડે હુમલો કરવામાં આવેલ અને છુટા હાથે પથ્થરમારો કરવામાં આવેલ તેથી ઉક્ત તમામ આરોપીઓ દ્વારા પથ્થરમારો કરવાને લીધે સ્થળ ઉપર ઉપસ્થિત (૧) ઈમરાન મુસ્તકીમ ખાટીક અને (૨) અનીશ વાઈદ ખાટીકને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ. તેમજ અલ્તાફ કાસમ ખાટીક નિસાર યાસીન ખાટીક આશીફ રમઝાન ખાટીક તથા વાહીદ ગુલામ ખાટીક એન વહાબ ગુલામ ખાટીકને પથ્થરો લાગવાથી ઈજા થયેલ. ત્યારબાદ કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬થી એફ.આઈ.આર. નોંધવામાં આવેલ. જેમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૮૯ (૨), ૧૯૧ )૨), ૧૨૫ (એ) બ(બી), ૩૨૪ (૪), અને જીપી એક્ટ ૧૩૫ (૩) મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો તેવું સુચિત દ્વારા આપેલ આવેદનપત્રમાં જણાવ્યું હતું. ત્યારબાદ સદરહુ ઘટનામાં બંને પક્ષો દ્વારા સામસામે પથ્થરમારો કરવામાં આવેલ. જેથી આ ઘટના સંબંધિત એ-પાર્ટ, ગુ.ર.નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩/૨૦૨૬થી એફ.આઈ.આર. નોંધવામાં આવેલ એફઆઈ.આર. નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓ (૧) સદામ, (૨) અનીશ વાહીદ ખટીક, (૩) આસીફ રમઝાન ખાટીક, (૪) ઈમરાન ખાટીક, (૫) વાહેદ ખાટીક, (૬) જુનેદ ખાટીક, (૭) સાહિલ ખાટીક, (૮) સોહિલ દીલાવાર ખાટીક, (૯) નિસાર ખાટીક, (૧૦) અલ્તાફ કાસીમ, (૧૧) વાહીદ ગુલામ, (૧૨) વાહેદ ગુલામ, (૧૩) રેહાન, (૧૪) શાકીર યાસીન ખાટીક, (૧૫) નાશીર ખાટીક, (૧૬) લિયાકત, (૧૭) યાકીબ, (૧૮) બિલાલ હકીમ વિગેરેઓ વિરૂદ્ધ ભારતીય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૯, ૧૮૮(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૨૫ (એ) (બી), અને જી. પી. એક્ટ ૧૩૫ (૩) મુજબ ગુનો નોંધવામાં આવેલ અને વધુમાં સદરહુ ઘટનાની એફ.આઈ.આર. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માંના તમામ આરોપીઓ વી.એચ.પી. બજરંગ દળ વગેરે જેવી ભગિની સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ છે. તેમજ કેટલાક આરોપી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલ છે. સદરહું એફ.આઈ.આર.માંના આરોપી "રાહુલ ચૌધરી" એ તાપી જિલ્લા પંચાયતમાં કુકરમુંડા (ફુલવાડી) ચૂંટાયેલ સભ્ય છે અને હાલમાં જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના અધ્યક્ષ પદે કાર્યરત હોવાનું જાણવા મળે છે તેવું સુચીતના કન્વીનર અસ્લમ સાયકલવલાએ આવેદનપત્રમાં જણાવ્યું હતું. દરમિયાન ઉપરોક્ત બાબતે વધુમાં સદરહુ ઘટનામાં કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા સાર્મસામે એફ.આઈ.આર. કરવામાં આવેલ છે. પરંતુ કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા બંને એફ.આઈ.આર. નોંધવા બાબતે પક્ષપાત કરવામાં આવેલ છે. એફઆઈઆર નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૮૯ (૨), ૧૯૧ (૨), ૧૨૫ (એ) (બી), ૩૨૪ (૪) અને જીપી એક્ટ ૧૩૫ (૩) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. પરંતુ બીજી એફ.આઈ.આર. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં પક્ષપાત કરી ગંભીર કલમોનો ઉમેરો કરવામાં આવેલ છે અને એફ.આઈ.આર. નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬ માં મનસ્વી રીતે હળવી કલમોનો ઉમેરો કરવામાં આવેલ છે. જેથી સદર ઘટના બાબતે કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા પક્ષપાતી કાર્યવાહી કરવામાં આવેલ છે અને એફ.આઈ.આર.આર નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં ભારતીય ન્યાય સંહિતાની કલમ નં. ૧૦૯ અને ૧૯૦નો ઉમેરો કરવામાં આવેલ નથી.આમ સામસામે બનેલ ઘટના બાબતે કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા એફ.આઈ.આર. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં ભારતીય ન્યાય સંહિતાની ૧૦૯ અને ૧૯૦નો ઉમેરો કરાવવા આદેશ આપવામાં આવે અને ન્યાયના હિતમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી અમારી નમ્ર અરજ સાથે સુચીતના કન્વીનર અસ્લમ સાયકલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

### પુરાવાનો નાશ કરવા મોબાઈલ ફોર્મેટ પણ કરી દીધો

# સાયબર ઠગે ગાંધીનગરના નિવૃત્ત પ્રોફેસરને રૂા.૧૧ લાખનો ચૂનો ચોપડ્યો

## પેન્શનર્સ કાર્ડ ઘરે ડિલિવર કરવાનું બહાનું કરી ગઠિયાઓએ બેંક ખાતું ખાલી કરી દીધું

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

સાયબર ચીટરોએ ગાંધીનગરના નિવૃત્ત પ્રોફેસરને રૂપિયા ૧૧.૮૯ લાખનો ચૂનો ચોપડ્યો હોવાનો વધુ એક બનાવ સામે આવ્યો છે. ગઠિયા ટોળકીએ બેંક ખાતું ખાલી કરી પુરાવાનો નાશ કરવા મોબાઈલ ફોર્મેટ કરી દીધો હતો. સરગાસણમાં રહેતા નિવૃત્ત પ્રોફેસર સાયબર ઠગાઈના હાઈટેક ફ્રોડનો શિકાર બન્યા છે. વડોદરાથી સરગાસણ રહેવા આવેલા નિવૃત્ત પ્રોફેસર ડૉ. નિલાંબર દેવતા (ઉં.વ.૭૦)ને ઈસ્ટાગ્રામ પર પેન્શનર્સ કાર્ડની લિંક પર ક્લિક કરતા લાખો રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. ડૉ. નિલાંબર ગત તા.૨૪ નવેમ્બરે ઈન્સ્ટાગ્રામ પર રિલ્સ જોઈ રહ્યા હતા. તે દરમિયાન બેંક ઓફ બરોડાના પેન્શનર્સ કાર્ડની જાહેરાત દેખાતા તેમણે તેના પર ક્લિક કર્યું હતું. જેમાં 'મેન્ડેટરી ફોર ઓલ એમ્પ્લોઈઝ' લખેલું હોવાથી તેમણે તેના પર ક્લિક કર્યું હતું. લિંક ખુલતા જ તેમાં એકાઉન્ટ નંબર અને પેન્શન પેમેન્ટ ઓર્ડર નંબર માંગવામાં આવ્યો હતો. આ વિગતો ભર્યાના બીજા દિવસે એક અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો ત્યારે સામેથી શખ્સે પોતે બેંક ઓફ બરોડાની અલકાપુરી બ્રાન્ચથી બોલે છે તેમ કહી વિશ્વાસ જીત્યો હતો. તેણે વોટ્સએપ કોલ દ્વારા ડૉ. દેવતાને સ્પીકર ફોન પર રાખી કેટલાક સ્ટેપ્સ ફોલો કરવા જણાવ્યું હતું અને પેન્શનર્સ કાર્ડ ઘરે ડિલીવર કરવાનું બહાનું કરી તેમની પાસે પ્રોસેસ કરાવી હતી. થોડી વારમાં ડૉ. દેવતાના ખાતામાંથી પ્રથમ રૂપિયા ૯,૪૪,૧૬૦ અને ત્યારબાદ રૂપિયા ૨,૪૫,૦૦૦ ડેબિટ થયાના મેસેજ આવ્યા હતા. હજી તેઓ કંઈ સમજે તે પહેલાં ચીટરે તેમનો મોબાઈલ ફોન રિમોટથી કંટ્રોલ કરી ફોર્મેટ કરી દેતા કોઈ કોલ હિસ્ટ્રી કે ડેટા બચ્યો ન હતો. આ અંગે પ્રોફેસરે તાત્કાલિક હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ગાંધીનગર સાયબર ક્રાઈમ પોલીસે અજાણ્યા શખ્સો વિરૂદ્ધ ગુનો દાખલ કરી તપાસ કરતા પ્રાથમિક રીતે ઝારખંડનું પગેરું મળી આવ્યું છે.

### અમદાવાદના ભાડજ ચાર રસ્તા પાસે

# કારચાલકે પોલીસકર્મીને બોનટ પર દોઢ કિ.મી. ઢસડ્યો, એકની ધરપકડ

## નંબર પ્લેટ વગરની કાર રોકવાનો પ્રયાસ કરતા ચાલકે કોન્સ્ટેબલ પર ગાડી ચઢાવીને તેમને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હતો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદના ભાડજ ચાર રસ્તા નજીક ફરજ બજાવી રહેલા ટ્રાફિક પોલીસ કોન્સ્ટેબલને કારના બોનેટ પર દોઢ કિલોમીટર સુધી ઢસડવાની ઘટના સામે આવી છે. નંબર પ્લેટ વગરની કાર રોકવાનો પ્રયાસ કરતા ચાલકે કોન્સ્ટેબલ પર ગાડી ચઢાવીને તેમને મોતના મુખમાં ધકેલવાનો પ્રયાસ કર્યો હતો. સોલા પોલીસે આ મામલે હત્યાના પ્રયાસનો ગુનો નોંધી તપાસ તેજ કરી છે.

મળતી માહિતી અનુસાર, ૭/૧/૨૬ના રોજ બુધવારે સાંજે એ-ડિવિઝન ટ્રાફિક પોલીસની ટીમ ભાડજ બ્રિજ નીચે રૂટિન વાહન ચેકિંગ કરી રહી હતી. આ દરમિયાન સાયન્સ સિટી તરફથી એક સફેદ રંગની કાર આવી રહી હતી, જેના પર નંબર પ્લેટ નહોતી. પોલીસે કાર રોકવાનો ઈશારો કરતા ચાલકે પહેલા સ્પીડ ધીમી કરી, પરંતુ પોલીસ નજીક આવતા જ કારમાં સવાર અન્ય શખ્સોની ઉશ્કેરણીથી કારચાલકે ગાડી ભગાવી હતી. ત્યારે કોન્સ્ટેબલ નરેન્દ્રએ કારને રોકવા પ્રયાસ કર્યો ત્યારે ચાલકે તેમના પર ગાડી ચઢાવતા તેઓ બોનેટ પર ફસાઈ ગયા હતા.

કોન્સ્ટેબલ બોનેટ પર લટકેલા હોવા છતાં, નિર્દય કારચાલકે કાર ઉભી રાખવાને બદલે એસ.પી. રિંગ રોડ તરફ પૂરપાટ ઝડપે દોડાવી હતી. પોલીસની અન્ય ટીમ અને રાહદારીઓએ કારનો પીછો કર્યો હતો. અંદાજે ૧.૫ કિ.મી. દૂર હેબતપુર બ્રિજ નજીક ટ્રાફિક જામને કારણે કાર ધીમી પડતા કોન્સ્ટેબલ નીચે પટકાયા હતા. સદનસીબે તેમને સામાન્ય ઈજાઓ થઈ હતી અને મોટું જોખમ ટળ્યું હતું. ઘટના બાદ કારમાં સવાર શખ્સો ભાગવા લાગ્યા હતા, પરંતુ પોલીસે પીછો કરીને પ્રભુજી ઠાકોર નામના શખ્સને ઝડપી લીધો હતો. પોલીસ તપાસમાં કારચાલકની ઓળખ ઈન્દ્રેશખાન પઠાણ તરીકે થઈ છે, જે હાલ ફરાર છે. સોલા પોલીસે ત્રણેય શખ્સો વિરૂદ્ધ હત્યાનો પ્રયાસ અને સરકારી ફરજમાં રૂકાવટ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિરનો ગાંધીનગરમાં પ્રારંભ કરાવતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કેન્દ્ર સરકારના ખનિજ મંત્રાલય દ્વારા મહાત્મા મંદિરમાં યોજાઇ રહેલી રાષ્ટ્રીય ખનિજ ચિંતન શિબિરમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, નવા ભારતના નિર્માણનો રોડમેપ તૈયાર કરવાનું સક્ષમ મંચ આ ચિંતન શિબિર બનશે. કેન્દ્ર સરકારના ખનિજ મંત્રાલયની પ્રથમ રાષ્ટ્રીય ચિંતન શિબિરનું મહાત્મા મંદિરમાં ત્રણ દિવસ માટે આયોજન થયું છે અને દેશના વિવિધ રાજ્યોના ખાણ ખનિજ મંત્રીઓ તથા પદાધિકારીઓ અને સ્ટેક હોલ્ડર્સ તેમાં ભાગ લઈ રહ્યા છે. મુખ્યમંત્રીએ ઉમેર્યું કે, ખાણ ખનિજ દેશના ઉદ્યોગો અને અર્થવ્યવસ્થાનો મહત્વનો આધાર સ્તંભ છે. એ આધાર સ્તંભને વધુ મજબૂત બનાવીને દેશના વિકાસને નવી ગતિ આપવાનું પ્લેટફોર્મ સામૂહિક ચિંતન મંથનથી આ શિબિર પૂરૂં પાડશે. મુખ્યમંત્રીએ ગુજરાત લિગ્નાઈટ, લાઈમસ્ટોન, બોક્સાઈટ જેવા મુખ્ય ખનિજો માટે મહત્વપૂર્ણ સ્થાન છે તેનો ઉલ્લેખ કરતા કહ્યું કે, ખાણ ખનિજ ક્ષેત્રને માત્ર ઉત્પાદકતા અને ઓક્શન સુધી જ સમિતિ ન રાખતા ગુજરાતે તેને પારદર્શિતા, અનુશાસન અને નિયમો-કાયદાના અમલનું પ્રતીક પણ બનાવ્યું છે. કેન્દ્રીય કોલસા અને ખાણ ખનિજ મંત્રી જી. કિશન રેડ્ડીએ માઈનિંગ ક્ષેત્રને ભારતના આર્થિક વિકાસ અને વર્ષ ૨૦૪૭ સુધીમાં 'વિકસિત ભારત'ના લક્ષ્યને પ્રાપ્ત કરવા માટેનો મજબૂત આધાર સ્તંભ ગણાવ્યો હતો. કેન્દ્રીય મંત્રીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળના 'ગુજરાત ડેવલપમેન્ટ મોડલ'ની પ્રશંસા કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત આજે સમગ્ર દેશ માટે વિકાસનું કેન્દ્ર બન્યું છે. મંત્રીએ છેલ્લા ૧૧ વર્ષમાં માઈનિંગ સેક્ટરમાં આવેલા પરિવર્તનો પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૪ની સરખામણીમાં મિનરલ એક્સપ્લોરેશનમાં ૧૯૦ ટકાનો વધારો થયો છે. આયર્ન, લાઈમસ્ટોન, લેડ અને ઝિંક જેવા ખનીજોના ઉત્પાદનમાં ડબલ ડિજિટ ગ્રોથ જોવા મળ્યો છે. વિકસિત ભારતના લક્ષ્યને સાધવા માટે ભારત સરકાર દ્વારા લિથિયમ, કોબાલ્ટ અને ટંગસ્ટન જેવા 'ક્રિટિકલ મિનરલ્સ' પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. મંત્રીશ્રીએ જણાવ્યું કે, ભારત હવે માત્ર ખનિજોના નિષ્કર્ષણ (Extraction) સુધી સિમિત નથી, પરંતુ રિફાઈનિંગ, રિસાયકલિંગ અને રિપ્રોસેસિંગની આખી 'વેલ્યુ ચેઈન' પર ધ્યાન આપી રહ્યું છે. વર્ષ ૨૦૩૦ સુધીમાં ઈ-વેસ્ટમાંથી ક્રિટિકલ મિનરલ્સ રિકવર કરવા માટે વિશેષ યોજનાઓ અમલમાં મુકાઈ છે. આ ચિંતન શિબિરનો મુખ્ય ઉદ્દેશ્ય આગામી વર્ષો માટે વ્યૂહાત્મક પ્લાન તૈયાર કરવાનો છે. જેમાં ખનિજ બ્લોકની હરાજીથી લઈને ઓપરેશન સુધીનો સમય ન્યૂનતમ કરવો, નેક્સ્ટ જનરેશન ટેક્નોલોજી અને ડિજિટાઈઝેશનનો ઉપયોગ વધારવો, આર એન્ડ ડી (R&D) અને કૌશલ્ય વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી ભારતને ગ્લોબલ પ્રોસેસિંગ હબ બનાવવા જેવા વિષયો પર મહત્તમ ફોકસ કરવા ઉપરાંત પર્યાવરણની જાળવણી અને સંસાધનોના પુનઃઉપયોગ માટે મંત્રીએ 'અર્બન માઈનિંગ' અને 'વેસ્ટ ટુ વેલ્થ'ના વિચારને વેગ આપવા મંત્રીએ આહ

આ ચિંતન શિબિરના ઉદ્ઘાટન પ્રસંગે કેન્દ્રીય ખનન સચિવ પિયુષ ગોયલે સ્વાગત ઉદ્બોધન કર્યું હતું. આ પ્રસંગે આંધ્રપ્રદેશના મંત્રી કોલુ રવીન્દ્ર, ઓરિસ્સાના મંત્રી વિભૂતિભૂષણ જેના, તેલંગાણાના મંત્રી જી. વેનકેટેશ સ્વામીજી, ઉત્તરપ્રદેશના મંત્રી ડૉ. અરૂણકુમાર, નાગાલેંડના મંત્રી ચીનવેંગ, ગુજરાતના ઉદ્યોગ અને ખાણ ખનીજ વિભાગના અધિક મુખ્ય સચિવ મમતા વર્મા, ભારત સરકારના કોલસા અને ખનન મંત્રાલય અને રાજ્ય સરકારના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ઝૈનુલ આબેદીન અન્સારીના જન્મદિવસે સમાજ સેવા અને ઉર્દૂ સાહિત્યને પ્રાધાન્ય

## પરિવાર યોગ્ય અખબાર તરીકે 'ગુજરાત ટુડે'ની ઉર્દૂ અદબ મહેફિલમાં પ્રશંસા

અમદાવાદ,તા.૯

સમાજ સેવી તથા ઉર્દૂ ભાષા–સાહિત્યના સક્રિય પ્રોત્સાહક ઝૈનુલ આબેદીન અન્સારી (મહામંત્રી ભાજપા લઘુમતી મોરચા)નો જન્મદિવસ આ વર્ષે એક અનોખી અને અર્થપૂર્ણ રીતે ઉજવવામાં આવ્યો હતો. જન્મદિવસના ઉપક્રમે સતત બે દિવસ સુધી સામાજિક તથા સાહિત્યિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ હતું જે સમાજ માટે પ્રેરણારૂપ સાબિત થયું છે.



પ્રથમ દિવસે નિઃશુલ્ક મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં મોટી સંખ્યામાં નાગરિકોએ લાભ લીધો હતો.

જયારે બીજા દિવસે ઉર્દૂ અદબની મહેફિલનું ભવ્ય આયોજન નાઝ સ્ટુડિયો રખિયાલ, અમદાવાદ ખાતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનું સંયુક્ત આયોજન ઉર્દૂ સાહિત્ય અકાદમી અને શ્રેયા ફાઉન્ડેશન દ્વારા કરવામાં આવ્યું હતું. મહેફિલમાં શહેરના વિવિધ ક્ષેત્રના ગણમાન્ય વ્યક્તિઓ, સાહિત્યપ્રેમીઓ અને સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

આ કાર્યક્રમ દરમિયાન ઝૈનુલ આબેદીન અન્સારીએ પોતાના વિચાર વ્યક્ત કરતા જણાવ્યું કે મારા ઘરે માત્ર 'ગુજરાત ટુડે' અખબાર આવે છે અને આ વાત હું ગર્વ સાથે કહું છું આ આપણું અખબાર છે, જેમાં વર્ષોથી સકારાત્મક, સંયમિત અને શિસ્તબદ્ધ, સમાચાર પ્રસિદ્ધ થાય છે. ગુજરાત ટુડે એક પરિવાર યોગ્ય અખબાર છે. જેને બાળકો પણ નિઃસંકોચ વાંચી શકે છે. અને સાથે જ ઉર્દૂ ભાષા, સાહિત્ય, ગંગા–જમુની સંસ્કૃતિ, આપસી ભાઈચારો અને મહોબ્બત પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. વક્તાઓએ પોતાના વિચારો વ્યક્ત કરતાં જણાવ્યું કે ઉર્દૂ અદબ માત્ર ભાષા નથી પરંતુ દિલોને જોડવાની એક સંસ્કૃતિ છે.

આ અવસરે પોતાના સંબોધનમાં ઝૈનુલ આબેદીન અન્સારીએ ઉપસ્થિત તમામ મહેમાનો, આયોજકો અને સહયોગીઓનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે સમાજના રાજકીય, વ્યાપારી અને સામાજિક ક્ષેત્રના અગ્રણી લોકોને અપીલ કરી કે તેઓ પોતાના જન્મદિવસ ફાલતુ ખર્ચમાં ન વેડફી, આવા સાહિત્યિક, સાંસ્કૃતિક અને સામાજિક કાર્યક્રમો દ્વારા ઉજવે, જેથી ગંગા–જમુની સંસ્કૃતિ જીવંત રહે અને સમાજને સકારાત્મક દિશામાં પ્રેરણા મળે.

આ મહેફિલમાં બાપુનગર એકતા કમિટીના પ્રમુખ મહમ્મદ અલી ભાઈ પોતાની સંપૂર્ણ ટીમ સાથે ઉપસ્થિત રહ્યા હતા. ઉપરાંત સ્થાનિક કોર્પોરેટર ઈકબાલ શેખ, ગૌરવ એવોર્ડથી સન્માનિત સચિન દેસાઈ, તેમજ ગુજરાત યુનિવર્સિટીના પ્રોફેસર ડૉ. નજમા અન્સારી સહિત અનેક પ્રતિષ્ઠિત વ્યક્તિત્વોએ ઉર્દૂ અદબ પર પોતાના વિચારો સુંદર અંદાજમાં રજૂ કર્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે વિશેષ મહેનત બદલ શબ્બીર ભાઈ હાશ્મી તથા તેમની સંપૂર્ણ ટીમનો ઝૈનુલ આબેદીન અન્સારીએ દિલથી આભાર અને કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી. આ સમગ્ર કાર્યક્રમ સમાજમાં ભાષા, સંસ્કૃતિ અને સૌહાર્દના સંદેશને મજબૂત બનાવતો એક યાદગાર પ્રસંગ બની રહ્યો છે.

# સુરતના ઐતિહાસિક સચિન પેલેસનું ડિમોલિશન હાલ પૂરતું હાઈકોર્ટે અટકાવ્યું

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

સુરતના ઐતિહાસિક સચિન પેલેસનું ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટે અત્યંત મહત્ત્વનો વચગાળાનો આદેશ આપ્યો છે. અદાલતે સચિનના રાજવી પરિવાર દ્વારા કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરતા નિર્દેશ આપ્યો છે કે પેલેસના બાંધકામ સામે હાલ કોઈ પણ પ્રકારની કડક કાર્યવાહી અથવા ડિમોલિશન કરવામાં ન આવે. આ આદેશથી સુરતના આ ઐતિહાસિક વારસાને હાલ પૂરતી રાહત મળી છે. આ કેસની વિગતો મુજબ, સચિનના પૂર્વ શાસક પરિવારના સભ્યો દ્વારા હાઈકોર્ટમાં ધા નાખવામાં આવી હતી. રાજવી પરિવાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રીએ જસ્ટિસ મૌના ભટ્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ જમીનનો અમુક હિસ્સો સમર્પણ કરવા તૈયાર છે, જેથી પેલેસના મુખ્ય બાંધકામને બચાવી શકાય. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે તેઓ જે જમીન સરેન્ડર કરવા માંગે છે તે પેલેસની ઉપરના ભાગની ખુલ્લી જગ્યા છે. જો સત્તાધિકારીઓ નકશામાં સામાન્ય ફેરફાર કરીને આ વૈકલ્પિક જમીન સ્વીકારે, તો પેલેસના ઐતિહાસિક બાંધકામને તોડવાની જરૂર રહેશે નહીં. બીજી તરફ, સુરત મહાનગરપાલિકાના વકીલે કોર્ટને જાણ કરી હતી કે સત્તાધિકારીઓએ સંબંધિત વિસ્તારનો કબજો મેળવી લીધો છે અને અરજદારો દ્વારા જમીન સમર્પણ કર્યા બાદ જ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે, અરજદારોની મુખ્ય માગણી એ છે કે ડિમોલિશન લાઈનને થોડી ઉપરની તરફ ખસેડવામાં આવે જેથી કરીને રહેણાંક મહેલ સુરક્ષિત રહી શકે. હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ નોંધ્યું હતું કે અરજદારો જમીન આપવા માટે તૈયાર છે, માત્ર પેલેસના બાંધકામને બચાવવા માટે જમીનના માપણીમાં થોડો ફેરફાર કરવાની વિનંતી કરી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને અદાલતે સુરત મહાનગરપાલિકાને નોટિસ પાઠવી છે અને આગામી સુનાવણી સુધી પેલેસના બાંધકામ પર સ્ટે આપ્યો છે. આ કેસની હવે પછીની સુનાવણીમાં પેલેસના અસ્તિત્વ અને જમીન સંપાદનના મુદ્દે વધુ સ્પષ્ટતા થશે.

# જગ-કેરબામાં પાણી ભરી વેચનારાઓએ ક્લોરીનેશન સિસ્ટમ લગાવવી પડશે

## ટૂંક સમયમાં ડોઝર નહીં લગાવાય તો ધંધાના સ્થળોને સીલ મારવામાં આવશે તેમ સ્પષ્ટપણે તાકીદ કરવામાં આવી

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

શહેરમાં પીવાના પાણી થકી ફેલાતાં રોગચાળાને ડામવાના પ્રયાસોના ભાગરૂપે મ્યુનિ. હેલ્થ અને ફૂડ વિભાગે પાણીના કેરબા-જગનો ધંધો કરનારાઓએ તેમના ધંધાના સ્થળે પાણીને બેક્ટેરિયા મુક્ત બનાવવા માટે ક્લોરીનેશન સિસ્ટમ લગાવવી પડશે, અન્યથા તેમના ધંધાના સ્થળને સીલ મારી દેવાશે. મ્યુનિ.સ્ટે.કમિટીની બેઠક બાદ ચેરમેન દેવાંગભાઈ દાણીની ઉપસ્થિતિમાં ડે. કમિશનર ભરતભાઈ પરમાર તથા હેલ્થ ઓફિસર ભાવિનભાઈ પટેલે જણાવ્યું હતું કે, પાણીનાં જગ-કેરબાના ધંધાર્થીઓ સાથે ઝોનવાઈઝ બેઠક યોજવામાં આવી હતી, જેમાં અમૂક ધંધાર્થીઓએ તેમનાં આરઓ પ્લાન્ટમાં ક્લોરીનેશન સિસ્ટમ હોવાનું જણાવ્યું હતું. જે જગ્યાએ ક્લોરીનેશન સિસ્ટમ નથી તેમને ક્લોરીન મિક્સ કરતાં ડોઝર મશીન લગાવવા માટે માહિતગાર કરવામાં આવ્યા હતા અને ટૂંક સમયમાં ડોઝર નહી લગાવાય તો ધંધાના સ્થળોને સીલ મારવામાં આવશે તેમ સ્પષ્ટપણે જણાવી દેવાયું છે.

### ISPLની ઓપનિંગ સેરેમનીમાં

# સુરતમાં બિગ-બીને જોવા ભારે પડાપડી

## ISPLની ઓપનિંગ સેરેમનીમાં અમિતાભ બચ્ચન, સચિન તેન્ડુલકર સહિતના દિગ્ગજોની હાજરી

સુરત, તા.૯

સુરતના પીપલોદમાં લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL)ની સિઝન-૩ની ઓપનિંગ સેરેમનીમાં ક્રિકેટર-બોલિવૂડના સ્ટાર પહોંચ્યા હતા. તેવામાં સુરતના ઉદ્યોગપતિના ઘરે અમિતાભ બચ્ચન પહોંચ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં આવેલી ભીડે બચ્ચનને જોવા માટે પડાપડી કરતાં એન્ટ્રી ગેટનો કાચનો દરવાજો તૂટી ગયો હતો. જેમાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ISPLની હાઈ-ઓક્ટેન ટેનિસ-બોલ ટી૧૦ ક્રિકેટ લીગમાં બોલિવૂડ અને ક્રિકેટ જગતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. જેમાં ઓપનિંગ સેરેમનીમાં અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, સૂર્યા સહિતના સ્ટાર પહોંચ્યા હતા. દિગ્ગજો સુરત એરપોર્ટ પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં ફેન્સ ફોટો પડાવવા માટે પડાપડી કરી હતી. સુરતના અડાજણ વિસ્તારમાં કાસારિવેરા રેસીડેન્સીમાં આવેલા ઉદ્યોગપતિ સુનિલ શાહના ઘરે અમિતાભ બચ્ચન પહોંચ્યા હતા. જો કે, ફેન્સને તેની જાણ થતાં તેઓ ત્યાં પણ પહોંચી ગયા હતા. બચ્ચન સહિતના સ્ટારને જોવા અને ફોટો પડાવવા પહોંચેલી ભીડ નિયંત્રણ બહાર થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ દરમિયાન બચ્ચનને જોવા આવેલી ભીડમાં પડાપડી થતાં રેસીડેન્સીનો કાચનો એન્ટ્રી ગેટ તૂટી ગયો હતો. જો કે, પોલીસે ભીડને કાબૂમાં લઈને અમિતાભે બચ્ચને ભીડમાંથી બહાર કાઢીને હોટલ લઈ જવાયા હતા.

# સીરિયાના અલેપ્પો પડોશીઓ પર SDFના હુમલાઓથી ૧,૪૦,૦૦૦થી વધુ નાગરિકો વિસ્થાપિત થયા

(એજન્સી) તા.૯

અધિકારીઓએ ગુરૂવારે જણાવ્યું કે, SDF નામથી કાર્યરત PKK/YPG આતંકવાદી સમુહ દ્વારા હુમલાઓમાં તીવ્ર વધારો થતાં મંગળવારથી ઉત્તરીય શહેર અલેપ્પોમાંથી લગભગ ૧૪૨,૦૦૦ સીરિયન લોકો વિસ્થાપિત થયા છે.

SDF દ્વારા સતત ગોળીબાર વચ્ચે, શેખ મક્સૂદ અને અશરફીહ પડોશ અને આસપાસના વિસ્તારોમાંથી નાગરિકોને બહાર કાઢવાની કટોકટી યોજનાના ભાગ રૂપે સ્થળાંતર હાથ ધરવામાં આવી રહ્યું છે.

સીરિયન અરબ ન્યૂઝ એજન્સી (SANA) દ્વારા બહાર પાડવામાં આવેલા એક નિવેદન અનુસાર, સરકાર દ્વારા સંચાલિત અલેપ્પો સેન્ટ્રલ રિસ્પોન્સ કમિટીએ જણાવ્યું હતું કે તેમને અત્યાર સુધીમાં લગભગ ૧૪૨,૦૦૦ વિસ્થાપિત નાગરિકો મળ્યા છે, જેમાંથી ૧૩,૦૦૦ ગુરૂવારે સ્થાનિક સમય મુજબ બપોરે ૧ વાગ્યા સુધીમાં પહોંચ્યા હતા.

સમિતિએ જણાવ્યું કે વિસ્થાપિત નાગરિકોને સમાવવા માટે ૧૨ કામચલાઉ આશ્રયસ્થાનો ખોલવામાં આવ્યા છે, જેમાં ૧૦ અલેપ્પોમાં અને બે ઉત્તરી અલેપ્પો ગ્રામીણ વિસ્તારમાં અઝાઝ અને આફ્રીનમાં છે.

સમિતિએ વધુમાં જણાવ્યું કે, 'SDFએ મધ્ય અલેપ્પોમાં નિયુક્ત માનવતાવાદી કોરિડોર અને નાગરિક વસાહતો પર ગોળીબાર કર્યો,' તેને 'આંતરરાષ્ટ્રીય કાયદાઓ અને કરારોનું સ્પષ્ટ ઉલ્લંઘન' ગણાવ્યું હતું. અલેપ્પોના ગવર્નર દ્વારા બુધવારે લેવાયેલા નિર્ણય અનુસાર, શહેરના



કેટલાક ભાગોમાં ચાલી રહેલા વિકાસ વચ્ચે વિસ્થાપિત રહેવાસીઓની પરિસ્થિતિ પર નજર રાખવા અને તેમને આશ્રય અને સહાય પૂરી પાડવા માટે અલેપ્પો સેન્ટ્રલ રિસ્પોન્સ કમિટીની રચના કરવામાં આવી છે.

SDF હુમલાઓ રહેણાંક વિસ્તારોથી આગળ શૈક્ષણિક, આરોગ્ય અને સેવા સુવિધાઓ સુધી વિસ્તર્યા હતા.

સીરિયન સેનાએ ગુરૂવારે અલેપ્પોમાં SDF પોઝિશન્સ પર ભારે અને લક્ષ્યાંકિત ગોળીબાર શરૂ કર્યો, જે સમુહ દ્વારા કરવામાં આવેલા હુમલાઓના જવાબમાં હતો જેમાં નવ નાગરિકો મૃત્યુ પામ્યા છે અને ડઝનેક ઘાયલ થયા છે.

# ઈઝરાયેલી જેલોમાં ૫૨ પેલેસ્ટીની મહિલાઓ પર દુર્વ્યવહારના અહેવાલો વચ્ચે કેદ : અધિકાર સમૂહ

(એજન્સી) તા.૯

પેલેસ્ટીની માનવાધિકાર સમૂહે ગુરૂવારે જણાવ્યું કે આ વર્ષની શરૂઆતથી શ્રેણીબદ્ધ ધરપકડો બાદ ઈઝરાયેલી અધિકારીઓ હાલમાં ૫૨ પેલેસ્ટીની મહિલાઓને અટકાયતમાં લઈ રહ્યા છે. પેલેસ્ટીની પ્રિઝનર્સ સોસાયટીએ જણાવ્યું કે જાન્યુઆરીના પ્રથમ આઠ દિવસમાં પાંચ મહિલાઓને અટકાયતમાં લેવામાં આવી , જેમાં એક પત્રકાર અને બે ભૂતપૂર્વ અટકાયતીઓનો સમાવેશ થાય છે, જેને તેણે પેલેસ્ટીની મહિલાઓને લક્ષ્ય બનાવતી એક તીવ્ર ઝુંબેશ તરીકે વર્ણવ્યું હતું. એક નિવેદનમાં સમૂહે જણાવ્યું કે ઓક્ટોબર ૨૦૨૩માં ઈઝરાયેલે ગાઝા પર લશ્કરી આક્રમણ શરૂ કર્યું ત્યારથી ૬૫૦થી વધુ પેલેસ્ટીની મહિલાઓની ધરપકડ કરવામાં આવી છે, અને તેમની અટકાયત દરમિયાન કઠોર વર્તન અને ગંભીર ઉલ્લંઘનોની જાણ કરી છે. સંગઠને જણાવ્યું કે મહિલા અટકાયતીઓ પર શારીરિક હુમલો, જાતીય શોષણ અને અપમાનજનક વર્તન કરવામાં આવ્યું છે, ઉમેર્યું કે ધરપકડ કરાયેલા લોકોમાં સગીરોનો પણ સમાવેશ થાય છે, અને આ ધરપકડો કબજે કરેલા પેલેસ્ટીની પ્રદેશોમાં થઈ છે. તે ઈઝરાયેલી અધિકારીઓ પર આરોપ મૂકે છે કે તેઓ પુરુષોના સંબંધીઓને શરણાગતિ માટે દબાણ કરવાના સાધન તરીકે મહિલાઓને અટકાયતમાં રાખે છે અને ગાઝા યુદ્ધ ફાટી નીકળ્યા પછી આ પ્રથાને વધતી જતી અને ખતરનાક યુક્તિ તરીકે વર્ણવે છે. સમૂહના જણાવ્યા મુજબ, મોટાભાગની ધરપકડો અભિવ્યક્તિની સ્વતંત્રતા સાથે સંબંધિત હતી, જેમાં સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર કરવામાં આવેલી પોસ્ટનો સમાવેશ થાય છે જે ઈઝરાયેલી અધિકારીઓ ઉશ્કેરણીજનક હોવાનો દાવો કરે છે. નિવેદનમાં જણાવવામાં આવ્યું છે કે ૧૬ પેલેસ્ટીની મહિલાઓ હાલમાં વહીવટી અટકાયતમાં છે, જે એક પગલું છે જે ઔપચારિક આરોપો અથવા અજાણ્યા પુરાવાના આધારે ટ્રાયલ વિના કેદની મંજૂરી આપે છે. સમૂહે જણાવ્યું કે મોટાભાગની મહિલા કેદીઓ ઉત્તર ઈઝરાયેલની ડેમન જેલમાં રાખવામાં આવી છે, જ્યાં તેમને કઠોર પરિસ્થિતિઓનો સામનો



કરવો પડે છે, જેમાં લાંબા સમય સુધી એકાંત કેદ, ખોરાકની અછત, તબીબી સંભાળનો અભાવ અને વારંવાર શરીરની તપાસનો સમાવેશ થાય છે. તેમાં વધુમાં જણાવાયું છે કે જેલના રક્ષકો દ્વારા ઉત્પીડન, માનસિક દબાણ, ધમકીઓ, વારંવાર સેલ દરોડા અને શારીરિક શોષણના કિસ્સાઓ નોંધાયા છે. અધિકાર સમૂહે જણાવ્યું કે મહિલા કેદીઓ સાથેનો વ્યવહાર આંતરરાષ્ટ્રીય માનવતાવાદી કાયદાનું ઉલ્લંઘન કરે છે અને આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર સંગઠનોને તાત્કાલિક પગલાં લેવા માંગ કરી છે. પેલેસ્ટીની અને ઈઝરાયેલી માનવ અધિકાર સમુહો અનુસાર, ઈઝરાયેલ હાલમાં ૯,૩૦૦થી વધુ પેલેસ્ટીની કેદીઓને અટકાયતમાં રાખે છે, જેમાં મહિલાઓ અને બાળકોનો સમાવેશ થાય છે. ગાઝા પર યુદ્ધ શરૂ થયા પછી માનવ અધિકાર સમૂહોએ ઈઝરાયેલ દ્વારા જેલ અને અટકાયત કેન્દ્રોમાં લાદવામાં આવેલા કડક પ્રતિબંધોની જાણ કરી છે, જ્યારે ડઝનબંધ પેલેસ્ટીની ખાસ કરીને ગાઝાથી તેમના ઠેકાણા અથવા અટકાયતની સ્થિતિની સત્તાવાર જાહેરાત કર્યા વિના ધરપકડ કરવામાં આવી છે.

# સીરિયાના રાસાયણિક શસ્ત્રોનો નાશ કરવા માટે 'મહત્ત્વપૂર્ણ તક' ઝડપી લેવા માટે સંયુક્ત રાષ્ટ્ર એકતાને વિનંતી કરે છે

**ન્યુઝ GT પોઈન્ટ** — **જો કેમિકલ વેપન કે હથિયાર સીરિયા પાસે હોત તો ૧૦ વર્ષના વિદેશી બોમ્બ વર્ષામાં સીરિયા બરબાદ ન થયું હોત ?**

(એજન્સી) તા.૯

ગુરૂવારે સંયુક્ત રાષ્ટ્રના નિઃશસ્ત્રીકરણના એક વરિષ્ઠ અધિકારીએ સુરક્ષા પરિષદને સીરિયાના રાસાયણિક શસ્ત્રો કાર્યક્રમને સંપૂર્ણપણે નાબૂદ કરવાના પ્રયાસોમાં એક થવા વિનંતી કરી, 'લાંબા સમયથી રાહ જોવાતી' પ્રગતિ માટે 'મહત્વપૂર્ણ તક' પર ભાર મૂક્યો. કાઉન્સિલને સંબોધતા, નિઃશસ્ત્રીકરણ બાબતોના ઉચ્ચ પ્રતિનિધિના ડિરેક્ટર અને ડેપ્યુટી ડિરેક્ટર અદેદેજી એબોએ જણાવ્યું કે ઓર્ગેનાઈઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ (OPCW) અને સીરિયાના નવા વહીવટીતંત્રે પાછલી સરકાર દ્વારા વિકસિત કાર્યક્રમના કોઈપણ અવશેષોને દૂર કરવાના પ્રયાસો ચાલુ રાખ્યા છે. ઈબોએ જણાવ્યું કે, 'OPCW અને સીરિયન આરબ રિપબ્લિક પાછલી સરકાર દ્વારા વિકસિત રાસાયણિક શસ્ત્રો કાર્યક્રમના કોઈપણ અવશેષોને દૂર કરવાના માર્ગો પર સતત વાતચીતમાં રોકાયેલા છે. ઘણા પડકારોને ધ્યાનમાં રાખીને, કાઉન્સિલની છેલ્લી બેઠક (સપ્ટેમ્બરમાં) પછીથી કરવામાં આવેલી આ પ્રયાસોમાં સતત પ્રગતિનું હું સ્વાગત કરૂં છું. સીરિયાના મૂળ ઘોષણામાં લાંબા સમયથી રહેલી ખામીઓને યાદ કરતાં તેમણે જણાવ્યું કે, '૨૦૧૪થી, OPCW ટેકનિકલ સચિવાલય એ પુષ્ટિ કરી શક્યું નથી કે પાછલી સરકાર દ્વારા રજૂ કરાયેલ ઘોષણા સચોટ અને સંપૂર્ણ હતી, કારણ કે તેમાં અપૂરતી અને ખોટી માહિતી હતી.' તેમણે જણાવ્યું કે, 'નવી સીરિયન સરકાર OPCW ટેકનિકલ સચિવાલય સાથે કામ કરી રહી છે જેથી પાછલી સરકાર દ્વારા વિકસાવવામાં આવેલા કાર્યક્રમની સંપૂર્ણ હદ અને અવકાશ અંગે સ્પષ્ટતા મેળવી શકાય અને રાસાયણિક શસ્ત્રો સંમેલનનું ગંભીર, લાંબા ગાળાનું પાલન સુનિશ્ચિત કરી શકાય. OPCWના તાજેતરના અહેવાલનો ઉલ્લેખ કરતા તેમણે જણાવ્યું કે, 'આ મહિનાના અહેવાલમાં, OPCW ટેકનિકલ સચિવાલયે પુનરોચ્ચાર કર્યો છે કે ૨૬ જાહેર કરાયેલ રાસાયણિક શસ્ત્રો સંબંધિત સ્થળો ઉપરાંત, OPCWને પૂરી પાડવામાં આવેલી માહિતી સૂચવે છે કે ૧૦૦થી વધુ અન્ય સ્થળો છે જે પાછલી સરકારની રાસાયણિક શસ્ત્રો સંબંધિત પ્રવૃત્તિઓમાં સામેલ હોઈ શકે છે.' રાજકીય સમર્થન માટે અપીલ કરતા, એબોએ ભારપૂર્વક જણાવ્યું કે 'સીરિયાના રાસાયણિક



શસ્ત્રો કાર્યક્રમની સંપૂર્ણ હદ અને અવકાશ અંગે લાંબા સમયથી વિલંબિત સ્પષ્ટતા મેળવવા અને દેશને તમામ રાસાયણિક શસ્ત્રોથી મુક્ત કરવા માટે હાલમાં એક મહત્વપૂર્ણ તક છે.' તેમણે જણાવ્યું કે, 'હું ફરી એકવાર આ પરિષદના સભ્યોને એક થવા અને આ અભૂતપૂર્વ પ્રયાસ માટે જરૂરી સમર્થન પૂરૂં પાડવામાં નેતૃત્વ બતાવવા વિનંતી કરૂં છું.' રશિયાના નાયબ સંયુક્ત રાષ્ટ્ર દૂત, દિમિત્રી ચુમાકોવે, આ બાબતમાં OPCWના અભિગમની ટીકા કરતા જણાવ્યું કે મોસ્કો કેસ બંધ કરવાનું સમર્થન કરે છે, પરંતુ દેખરેખ સંસ્થા પર તેનું રાજકીયકરણ કરવાનો આરોપ લગાવ્યો. 'દસ વર્ષથી વધુ સમયથી, આ સંસ્થાએ આ બાબતનું રાજકીયકરણ કર્યું છે અને પ્રક્રિયાને લંબાવવાનું કાવતરૂં ઘડ્યું છે,' તેમણે OPCWને 'નિષ્પક્ષ, વ્યાવસાયિક રીતે કામ કરવા અને બિન-રાજકીય અભિગમ અપનાવવા' માંગ કરી. જો કે, તેમણે ચેતવણી આપી કે 'ઘણા પડકારો બાકી છે, ખાસ કરીને પડકારજનક સુરક્ષા પરિસ્થિતિઓમાં જમાવટના સંદર્ભમાં,' અને 'તમામ પક્ષોને આ જમાવટની સફળતા સુનિશ્ચિત કરવા અને પ્રદેશમાં પરમાણુ પ્રસારના જોખમને ઘટાડવા માટે જરૂરી બધું કરવા' વિનંતી કરી.

# માનવાધિકાર સમૂહોનું કહેવું છે કે ઈરાની સુરક્ષા દળોએ દેશવ્યાપી કાર્યવાહીમાં ૨૮ લોકોની હત્યા કરી છે

(એજન્સી) તા.૯

એમ્નેસ્ટી ઈન્ટરનેશનલ અને હ્યુમન રાઈટ્સ વોચે ગુરૂવારે જણાવ્યું કે, ડિસેમ્બરના અંતથી ઈરાની અધિકારીઓએ વિરોધીઓ પર દેશવ્યાપી ઘાતક કાર્યવાહી શરૂ કરી છે, જેમાં ૨૮ લોકો મૃત્યુ પામ્યા છે અને શસ્ત્રો અને બળના ગેરકાયદેસર ઉપયોગ દ્વારા સેંકડો લોકોની મનસ્વી રીતે ધરપકડ કરવામાં આવી છે.

બંને માનવાધિકાર સમૂહોએ જણાવ્યું કે ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સ અને ઈરાનના રાષ્ટ્રીય પોલીસ દળ, ફરાઝા સહિત સુરક્ષા દળોએ ગયા વર્ષે ૨૮ ડિસેમ્બરે ફાટી નીકળેલા મોટાભાગે શાંતિપૂર્ણ પ્રદર્શનોને દબાવવા માટે ધાતુની ગોળીઓથી ભરેલી રાઈફલો અને શોટગન ચલાવી, ટીયર ગેસ અને પાણીની તોપનો ઉપયોગ કર્યો અને વિરોધીઓને માર માર્યો.

દરમિયાન, મોનિટરના જણાવ્યા અનુસાર, ગુરુવારે રાત્રે ઈરાનમાં દેશવ્યાપી ઈન્ટરનેટ બ્લેકઆઉટનો સામનો કરવો પડ્યો.

આ સમૂહો દ્વારા એકત્રિત કરવામાં આવેલી માહિતી અનુસાર, ૩૧ ડિસેમ્બરથી ૩ જાન્યુઆરી દરમિયાન આઠ રાજ્યોના ૧૩ શહેરોમાં ૨૮ વિરોધીઓ અને બાળકો સહિત નાગરિકોનાં મોત થયા . આ મૃત્યુ ઝડપથી ઘટી રહેલા ચલણ, વધતી જતી ફુગાવા, આવશ્યક સેવાઓના સતત ગેરવહીવટ અને બગડતી જીવનશૈલીને કારણે થયેલા વિરોધ પ્રદર્શનો વચ્ચે થયા હતા. ૩ જાન્યુઆરીના રોજ, સુપ્રીમ લીડર



આયતુલ્લાહ અલી ખામેનાઈએ જણાવ્યું કે "તોફાનો કરનારાઓને તેમનું સ્થાન બતાવવું જોઈએ," કારણ કે તે દિવસે સુરક્ષા દળોએ ૧૧ લોકોને માર્યા છે . IRGCના લોરેસ્તાન રાજકીય કમાન્ડે જાહેર કે "સહિષ્ણુતા"નો યુગ પૂરો થઈ ગયો છે અને "નિયમિતતા વિના" કાર્યવાહી કરવાની પ્રતિજ્ઞા લીધી. બે દિવસ પછી, ઈરાનના ન્યાયતંત્રના વડાએ ફરિયાદીઓને વિરોધીઓ સામે કેસ ઝડપી બનાવવા અને "કોઈ પણ પ્રકારની ઉદારતા ન બતાવવા"નો આદેશ આપ્યો.

# ગાઝામાં વિદેશી મીડિયાની ગેરહાજરીમાં ઈઝરાયેલનો સુરક્ષા સંબંધી લવારો

(એજન્સી) તા.૯

ઓક્ટોબર ૨૦૨૩થી ઈઝરાયેલે ગાઝામાં ૨૭૮ પત્રકારો અને તેમના પરિવારના ૭૦૬ સભ્યોની હત્યા કરી છે. ડિસેમ્બરમાં, સંસદે એક બિલની તરફેણમાં મતદાન કર્યું જે ૨૦૨૭નાં અંત સુધી વિદેશી મીડિયા સંગઠનોની હાજરી પર કાયમી પ્રતિબંધ મૂકશે. ફોરેન પ્રેસ એસોસિએશનની અરજીના જવાબમાં, ઈઝરાયેલી સરકારે હાઈકોર્ટને જણાવ્યું કે સુરક્ષા કારણોસર આ પ્રતિબંધ યથાવત્ રહેશે. ગાઝામાં થયેલા નરસંહારના લાઈવ ફૂટેજ સોશિયલ મીડિયા દ્વારા સામે આવ્યા હોવા છતાં, મુખ્ય પ્રવાહના મીડિયાએ ઈઝરાયેલના સુરક્ષા દાવાઓનો વ્યાપકપણે પ્રચાર કર્યો. ત્રાસની સૌથી ભયાનક ઘટનાઓનું રિપોર્ટિંગ કરતી વખતે, મુખ્ય પ્રવાહના મીડિયાએ ખાતરી કરી કે ઈઝરાયેલી સરકારના દાવાને મજબૂત બનાવવામાં આવે કે ગાઝામાં સૈન્યની કાર્યવાહી આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર હતી. આંતરરાષ્ટ્રીય કાયદામાં કંઈ પણ સામૂહિક અપહરણ, અટકાયત, ત્રાસ અને અપમાનને વાજબી ઠેરવતું નથી. ઈઝરાયેલ ગાઝામાં નરસંહાર કરી રહ્યું છે. પ્રશ્ન એ નથી કે જો ઈઝરાયેલ પ્રેસને ગાઝામાં મુક્તપણે કામ કરવાની મંજૂરી આપે તો શું બહાર આવશે, પરંતુ મુખ્ય પ્રવાહના મીડિયાએ તેમની રિપોર્ટિંગ ઈઝરાયેલી દૃષ્ટિકોણ સાથે સુસંગત હોય તે સુનિશ્ચિત કરતી વખતે કઈ માહિતી પ્રદાન કરી. ઈઝરાયેલે માહિતીને નિયંત્રિત કરવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી, જેથી ખાતરી થઈ શકે કે હત્યાકાંડ કાં તો અકથિત અથવા વિવાદિત રહે. દરમિયાન, મુખ્ય પ્રવાહના મીડિયા ઈઝરાયેલના સુરક્ષા પરિપ્રેક્ષ્યને ફેલાવવા માટે જવાબદાર હતા. ગાઝામાં પત્રકારોની ગેરહાજરી ઈઝરાયેલના સુરક્ષા પરિપ્રેક્ષ્યને સુરક્ષિત કરે છે, પરંતુ પત્રકારોને ગાઝાથી સીધા અહેવાલ આપવાની મંજૂરી ન હોવા છતાં, મીડિયાએ તે પરિપ્રેક્ષ્યને પ્રોત્સાહન આપવું પડ્યું. આ એક વિરોધાભાસ છે જેને ફક્ત મુખ્ય પ્રવાહના મીડિયા જ



કાયમી બનાવી શકે છે અને બહાના બનાવી શકે છે. પરિણામે, હોલોકોસ્ટ દરમિયાન પેલેસ્ટીનીઓના નરસંહારને પણ સામાન્ય બનાવવામાં આવ્યો હતો, કારણ કે મીડિયાએ પ્રેક્ષકોને ખોટી માહિતી આપી હતી, અને દાવો કર્યો કે ઈઝરાયેલે આંતરરાષ્ટ્રીય કાયદા અનુસાર કાર્ય કર્યું હતું. વિરુદ્ધ બોલતા કોઈપણ અવાજોને શાંત કરવામાં આવ્યા હતા. બોમ્બ અને બનાવટી મીડિયા કથાઓ દ્વારા પેલેસ્ટીની અવાજોને શાંત કરવામાં આવ્યા હતા. ગાઝામાં ઈઝરાયેલના નરસંહારને બચાવવા માટે "બંને પક્ષો" ની કલ્પનાને પણ નકારી કાઢવામાં આવી હતી. જોકે, આ યોજના ઉલટી પડી. "નરસંહાર" શબ્દ જેટલો વધુ દબાવવામાં આવ્યો, ગાઝામાં ઈઝરાયેલની કાર્યવાહી વિશે તેટલા જ વધુ પ્રશ્નો ઊભા થયા અને જોકે રાજદ્વારી હજુ પણ ઈઝરાયેલ અને પેલેસ્ટીની લોકો સામે તેના નરસંહારને સમર્થન આપે છે, તેમ છતાં જાહેર અભિપ્રાયમાં સ્પષ્ટ પરિવર્તન આવ્યું છે.

# દેશનિકાલ કરાયેલા રાજકુમારના સામૂહિક પ્રદર્શનના આહ્વાન સાથે પ્રદર્શનકારીઓ રસ્તા પર : ઈરાનમાં ઈન્ટરનેટ અને ફોન બંધ

**તેહરાન અને અન્ય શહેરોમાં વિરોધ પ્રદર્શનો દરમિયાન ઈસ્લામિક રિપબ્લિક વિરૂદ્ધ સૂત્રોચ્ચાર થયા હતા; અશાંતિ અને અથડામણો વચ્ચે ઈન્ટરનેટ બંધ થવાથી ૮૫ લાખ ઈરાનીઓ સંપર્ક વિહોણા થયા છે**

(એજન્સી) તા.૯

ઈરાનની સરકારે ગુરૂવારે રાત્રે દેશને ઈન્ટરનેટ અને આંતરરાષ્ટ્રીય ટેલિફોન કોલ્સ બંધ કરી દીધા છે. દેશમાંથી દેશનિકાલ કરાયેલા રાજકુમારના આહ્વાન સાથેના રાત્રિના પ્રદર્શનમાં પ્રદર્શનકારીઓનો સમૂહ શેરીઓમાં ધસી આવ્યો હતો. શુક્રવાર સવાર સુધી ચાલેલા વિરોધ પ્રદર્શન દર્શાવે છે કે ઈરાની જનતાને ક્રાઉન પ્રિન્સ રેઝા પહલવી દ્વારા પ્રભાવિત કરવામાં આવ્યા છે. જેમના બીમાર પિતા દેશની ૧૯૭૯ની ઈસ્લામિક ક્રાંતિ પહેલા ઈરાનથી ભાગી ગયા હતા. ભૂતકાળમાં શાહના સમર્થનમાં સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા જે મૃત્યુદંડની સજાનું કારણ બની શકે છે, પરંતુ હવે તે ઈરાનની ખરાબ અર્થવ્યવસ્થા સામે શરૂ થયેલા વિરોધ પ્રદર્શનો લોકોના ગુસ્સાને દર્શાવે છે.

ઈરાનના શહેરો અને ગ્રામીણ નગરોમાં ગુરૂવારે પણ પ્રદર્શનો ચાલુ રહ્યા. પ્રદર્શનકારીઓના સમર્થનમાં વધુ બજારો બંધ રહ્યા. અત્યાર સુધીમાં, પ્રદર્શનો અને હિંસામાં ઓછામાં ઓછા ૪૨ લોકો માર્યા ગયા છે જ્યારે ૨,૨૭૦ થી વધુ લોકોની અટકાયત કરવામાં આવી છે. ઈરાનની નાગરિક સરકાર અને તેના સુપ્રીમ લીડર આયાતુલ્લાહ અલી ખામેની પર દબાણ છે. ઈન્ટરનેટ ફર્મ ક્લાઉડફ્લેર અને હિમાયતી જૂથ નેટબ્લોક્સે ઈન્ટરનેટ આઉટેજની જાણ કરી હતી, બંનેએ તેને ઈરાની સરકારની દખલગીરી ગણાવી હતી. દુબઈથી ઈરાન સુધી લેન્ડલાઈન અને મોબાઈલ ફોન ડાયલ કરવાના પ્રયાસો કનેક્ટ થઈ શક્યા નથી. ભૂતકાળમાં આવા આઉટેજ પછી સરકાર દ્વારા તીવ્ર કાર્યવાહી કરવામાં આવી છે.

ઈરાનના રાજ્ય ટેલિવિઝનની ૨૪ કલાકની ન્યૂઝ ચેનલે ઈન્ટરનેટ આઉટેજને સ્વીકાર્યો ન હતો. જો કે, રાષ્ટ્રના ૮.૫ લાખથી વધુ લોકો



વિશ્વથી દૂર થઈ ગયા હતા. આ દરમિયાન, વિરોધ પ્રદર્શનો મોટાભાગે નેતૃત્વહીન રહ્યા છે. પહલવીના આહ્વાનથી આગળ વધતા આ પ્રદર્શનો પર કેવી અસર પડશે તે હજુ સ્પષ્ટ નથી.

ઈરાનનો અભ્યાસ કરતા વોશિંગ્ટન સ્થિત એટલાન્ટિક કાઉન્સિલના નેટ સ્વાનસને લખ્યું કે, વ્યવહારૂ વિકલ્પના અભાવે ઈરાનમાં ભૂતકાળના વિરોધ પ્રદર્શનોને નબળા પડ્યા છે. એવા એક હજાર ઈરાની અસંતુષ્ટ કાર્યકરો હોઈ શકે છે જેમને તક આપવામાં આવે તો, તેઓ આદરણીય રાજનેતા તરીકે ઉભરી શકે છે, પરંતુ અત્યાર સુધી, ઈરાની સુરક્ષા તંત્રે દેશના તમામ સંભવિત પરિવર્તનકારી નેતાઓની ધરપકડ કરી છે, સતાવણી કરી છે અને દેશનિકાલ કર્યા છે.



નોંધ : દૈનિકમાં પ્રકાશિત થતા લેખોમાંના વિચારો જે-તે લેખકોના પોતાના છે. 'ગુજરાત ટુડે' તેની સાથે સહમત હોય એ જરૂરી નથી.

તંત્રીલેખ .........

ગુજરાત ટુડે

# જમ્મુમાં તબીબી મુસ્લિમ વિદ્યાર્થીઓનો પણ વિરોધ : કેટલાક તત્ત્વોને તો ભારતીય મુસ્લિમો શ્વાસ લે તેની સામે પણ વાંધો...

દેશના મુસ્લિમ સમુદાય વિરૂદ્ધ કેટલાક ચોક્કસ તત્ત્વો એટલી હદે નફરત ઘૃણાથી પીડાય છે કે તેમને મુસ્લિમોની કોઈપણ સારી પ્રવૃત્તિ સામે પણ સતત વાંધા અને વિરોધ જ રહે છે. મુસ્લિમ શબ્દથી જ એમના મનમાનસ પર એટલું ઝેર ફેલાઈ જાય છે કે તેમને આ શબ્દ સાંભળતા જ સનેપાત ઉપડે છે. કોઈ મુસ્લિમની વાંધાજનક પ્રવૃત્તિનો તો ખુદ મુસ્લિમો પણ વિરોધ જ કરે છે. પરંતુ મુસ્લિમોની સારી રચનાત્મક પ્રવૃત્તિઓથી પણ તેમના પેટમાં તેલ રેડાય છે. મુસ્લિમ વિદ્યાર્થીઓ જો સારૂં પ્રદર્શન કરે તો એમાં તેમને ષડયંત્ર દેખાય છે. થોડાં મુસ્લિમ વિદ્યાર્થીઓ કે વિદ્યાર્થિનીઓ આકરી મહેનત કરીને જો યુપીએસસી પરીક્ષાઓ ઉત્તીર્ણ કરે છે તો આવા તત્ત્વોને એમાં 'યુપીએસસી જેહાદ' દેખાય છે. વ્યાપાર ક્ષેત્રે કોઈ એકલદોકલ સારૂં કાઢું કાઢે તો એમાંયે એમને પેટમાં ચૂંક ઉપડે છે. રાજકારણમાં તો એમને પહેલેથી જ મુસ્લિમોની સૂગ છે જ.

આઘાત અને આશ્ચર્યની વાત એ છે કે શિક્ષણ જેવા પવિત્ર-તટસ્થ અને બંધારણીય અધિકાર પ્રાપ્ત ક્ષેત્રમાં પણ જો મુસ્લિમો કયારેક કયારેક અને કયાંક કયાંક સારો દેખાવ કરે તો પણ એમનાથી સહન થતું નથી. એક તો આમેય શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં મુસ્લિમો દેશના પછાત વર્ગોથી પણ પાછળ છે ત્યારે કોઈ એકલ-દોકલ સમૂહ આ ક્ષેત્રે જાગૃતિ દાખવીને ભારે પરિશ્રમ બાદ મુસ્લિમોને અન્ય વર્ગોની સાથે ઊભા રાખવાના પ્રયાસ તરીકે શૈક્ષણિક ક્ષેત્રે સક્ષમ બનાવીને સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સફળતા અપાવે છે તો એમાં પણ કાવત્રાં જોનારા આ નફરતી તત્ત્વો દેશને કયાં લઈ જવા માગે છે ? શું ભારતીય મુસ્લિમો આ દેશના નાગરિકો નથી ? શું બંધારણે એમને અન્ય ધર્મો જેટલા જ અધિકારો આપ્યા નથી ? તો પછી આવો ભેદભાવ અને વિરોધ કેમ ? હાલની વાત કરીએ તો જમ્મુ અને કાશ્મીરમાં રિયાસી ખાતે આવેલી માતા વૈષ્ણોદેવી ઈન્સ્ટીટયુટ ઓફ મેડિકલ એકસેલન્સમાં કુલ ૫૦ વિદ્યાર્થીઓ MBBS માટે કવોલિફાય થયા... આ તમામ વિદ્યાર્થીઓ કોઈની ભલામણ કે મહેરબાનીથી નહીં પણ ભારત સરકારે દેશભરમાં યોજેલી નેશનલ એલિજિબિલિટી કમ એન્ટ્રન્સ ટેસ્ટ (NEET)માં કાયદેસરની સફળતા મેળવીને એના મેરિટમાં આવ્યા બાદ પ્રવેશ મેળવ્યો છે. છતાં પણ કેટલાક 'ના-રંગી' સંગઠનોના પેટમાં તેલ રેડાયું કારણ કે સિલેકટ થયેલા આ ૫૦ વિદ્યાર્થીઓ પૈકી ૪૨ મુસ્લિમ હતા...! સાત હિન્દુ હતા અને એક વિદ્યાર્થી શીખ હતો. પણ જો પચાસેય વિદ્યાર્થીઓ મુસ્લિમ હોત તો પણ શું ? એમનો વિરોધ થઈ જ કેવી રીતે શકે ? શું એમણે કોઈ ગેરરીતિ કરી હતી ? શું એમણે કોઈ નિયમોનું ઉલ્લંઘન કર્યું હતું ? આ સવાલોનો જવાબ 'ના' જ છે તો પછી એમનો વિરોધ કેમ ? અને મુસ્લિમ વિદ્યાર્થીઓનો વિરોધ કરનારાઓનો વિરોધ કેમ નથી કરાતો ? આવા ઘૃણાજનક તત્ત્વો દેશની શિક્ષણ પ્રસાલી તેમજ બંધારણીય અધિકારોને પડકારી રહ્યા છે છતાં તેમની વિરૂદ્ધ કોઈ... ખાસ કરીને સત્તા પક્ષના લોકો એક હરફ સુદ્ધાં કેમ ઉચ્ચારતા નથી ? ઉલ્ટાનું જમ્મુની પેલી વૈષ્ણોદેવી કોલેજની પરવાનગી જ સરકારે વિવિધ કારણોસર પાછી ખેંચી લીધી ? શું આ યોગ્ય છે ?

વાસ્તવમાં કાશ્મીરમાં મુસ્લિમોની બહુમતી છે એટલે ત્યાંની મેડિકલ નહીં કોઈ પણ શૈક્ષણિક સંસ્થાઓમાં મુસ્લિમો વધારે જ હોવાના...એમાં કશું અજુગતું નથી. આપણા દેશમાં જુદા જુદા રાજયોમાં સેંકડો મેડિકલ કોલેજો એવી પણ છે કે જયાં હજારો વિદ્યાર્થીઓ માત્ર હિન્દુ જ હોય છે... એક પણ મુસ્લિમ વિદ્યાર્થી નથી હોતો... તો શું આવી માત્ર હિન્દુ વિદ્યાર્થીઓવાળી મેડિકલ કોલેજનો વિરોધ કરી શકાય ?? તો જવાબ છે 'ના' બિલકુલ ન કરી શકાય કેમ કે આ વિદ્યાર્થીઓ પોતાની કાબેલિયતથી ધારાધોરણો અનુસાર એમબીબીએસ કોલેજમાં પ્રવેશને પાત્ર બન્યા છે. તેમનો વિરોધ કરી જ ન શકાય. તો પછી જમ્મુ-કાશ્મીરમાં વધુ મુસ્લિમ વિદ્યાર્થીઓએ પોતાની કાબેલિયતથી પ્રવેશ મેળવ્યો તો તેનો વિરોધ થવો જ ન જોઈએ અને કોઈ તત્ત્વો આવો વિરોધ કરે છે તો એની સામે કાર્યવાહી થવી જોઈએ... એના બદલે ભાજપની સરકારે આ વિવાદ બાદ જાણે કે ઝુકી જઈને જમ્મુની ઉપરોક્ત મેડિકલ કોલેજની માન્યતા જ રદ કરી દીધી... દેખીતી રીતે જ આ માન્યતા રદ કરવા માટે સરકારે કેટલાક કારણો પણ આપ્યા છે પરંતુ અમુક હિન્દુ સંગઠનોના વિરોધ બાદ સરકારનું આ પગલું કે તેનું ટાઈમીંગ ખૂંચે એવું છે. શું સરકારે આવા નફરતી તત્ત્વોને નકારવાને બદલે તેમનું તુષ્ટિકરણ કર્યું હોય એવું નથી લાગતું ? શિક્ષણ જેવા પવિત્ર ક્ષેત્રમાં પણ ભારતીય મુસ્લિમોને આ રીતે નિશાન બનાવાઈ રહ્યા છે તો પછી આપણો દેશ 'વિકસીત રાષ્ટ્ર' કઈ રીતે બનશે ? શું આ પ્રકારના ક્રિયાકલાપો દેશને અધોગતિ તરફ નહીં લઈ જાય ???

# 'અમે પણ સામાન્ય માણસ જેટલા જ લાચાર છીએ' : જમ્મુ અને કાશ્મીરના ધારાસભ્યો શા માટે નવા શાસનમાં સત્તાવિહીન અનુભવે છે



નોકરશાહો હવે તેમની સત્તાનો આદર કરતા નથી અને કેન્દ્રશાસિત પ્રદેશના માળખામાં ખર્ચ પરના નિયંત્રણોને કારણે તેમના મતદારોને મદદ કરવી મુશ્કેલ બને છે

૧૩ ડિસેમ્બરના રોજ જમ્મુ અને કાશ્મીરના બડગામમાં જિલ્લા વહીવટીતંત્રે આ વિસ્તારમાં ત્રણ 'ગેરકાયદેસર ઈંટ ભઠ્ઠા' તોડી પાડવા માટે બુલડોઝર મોકલ્યા. અધિકારીઓએ જણાવ્યું હતું કે, તેઓ પરમિટ વિના ચલાવી રહ્યા હતા અને પર્યાવરણને ગંભીર રીતે પ્રદૂષિત કરી રહ્યા હતા.

ચદૂરાના નેશનલ કોન્ફરન્સના ધારાસભ્ય અલી મોહમ્મદ ડાર તેમના માર્ગમાં ઊભા હતા. ડારે સ્ક્રોલને જણાવ્યું કે, તેમણે સમાધાન કરવાનો પ્રયાસ કર્યો હતો. મેં અધિકારીઓને ખાતરી આપી હતી કે, માલિકો એક સોગંદનામા પર સહી કરશે જેમાં તેઓ ભઠ્ઠાઓની નોંધણી કરાવ્યા વિના ભઠ્ઠા ચલાવશે નહીં. તેમણે દલીલ કરી હતી કે, જ્યારે ભઠ્ઠા ભ્રષ્ટ અધિકારીઓના પરિણામે શરૂ થયા હતા ત્યારે તેમને નિશાન બનાવવાનું વાજબી નથી.

ડારની અધિકારીઓને કરેલી વિનંતીઓને ફગાવી દેવામાં આવી હતી. તે દિવસના તેમના એક વીડિયોમાં વૃદ્ધ ધારાસભ્યને ગણવેશમાં પુરૂષો દ્વારા ઘેરાયેલા જોવામાં આવ્યા હતા, જ્યારે તેઓ બે પોલીસ કર્મચારીઓ સાથે વાત કરી રહ્યા હતા જેઓ તેમને તોડી પાડવાના સ્થળેથી દૂર ધકેલી રહ્યા હતા.

વીડિયો બન્યાના થોડીવાર પછી ડાર બેભાન થઈ ગયા અને તેમને હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા. બીજા દિવસે ડારે ચાદુરા સબડિવિઝનલ મેજિસ્ટ્રેટ સામે પોલીસ ફરિયાદ નોંધાવી હતી જેને તેમણે ચૂંટાયેલા પ્રતિનિધિના 'અપમાન' અને 'અનાદર' તરીકે વર્ણવ્યું હતું.

કેટલાક ધારાસભ્યોએ સ્ક્રોલને જણાવ્યું હતું કે, ડાર સાથે મારપીટ કરવામાં આવી રહી છે તે છબીઓ કોઈ ભૂલ નહોતી. તે જમ્મુ અને કાશ્મીરના કેન્દ્રશાસિત પ્રદેશમાં ધારાસભ્યોની શક્તિહીનતા દર્શાવે છે.

ઓગસ્ટ ૨૦૧૯માં નરેન્દ્ર મોદી સરકારે જમ્મુ અને કાશ્મીરને તેનો વિશેષ દરજ્જો તેમજ રાજ્યનો દરજ્જો છીનવી લીધો. આ રાજ્યને જમ્મુ અને કાશ્મીર અને લદ્દાખના કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિભાજિત કરવામાં આવ્યું હતું. લદ્દાખથી વિપરીત જમ્મુ અને કાશ્મીરમાં વિધાનસભા હતી પરંતુ ચૂંટણીઓ યોજવામાં વધુ પાંચ વર્ષ લાગ્યા હતા. ઓકટોબર ૨૦૨૪માં નેશનલ કોન્ફરન્સે ૯૦ સભ્યોની વિધાનસભામાં બહુમતી બેઠકો જીતી અને કેન્દ્રશાસિત પ્રદેશની પ્રથમ ચૂંટાયેલી સરકાર તરીકે કાર્યભાર સંભાળ્યો.

પરંતુ એક વર્ષ પછી ચૂંટાયેલા ધારાસભ્યોએ સ્ક્રોલને જણાવ્યું કે, તેમની સત્તાઓ એક એવી વ્યવસ્થામાં ઓછી કરવામાં આવી છે જ્યાં લેફ્ટનન્ટ ગવર્નર વહીવટીતંત્રનો દબદબો છે. તેઓએ યાદ કર્યું કે કેવી રીતે નોકરશાહીએ તેમના મતવિસ્તારો માટે કામ કરાવવાના તેમના પ્રયાસોને નિષ્ફળ બનાવ્યા છે, ખર્ચ પરના નિયંત્રણોએ સામાન્ય લોકોની મદદ કરવા માટે કેવી રીતે મુશ્કેલી ઊભી કરી અને ચૂંટાયેલી સરકાર અને LG વહીવટીતંત્ર વચ્ચે સત્તાઓના સીમાંકન અંગે સ્પષ્ટતાનો અભાવ છે.

શાસક નેશનલ કોન્ફરન્સના એક ધારાસભ્યએ નામ ન આપવાની શરતે કહ્યું, લોકોને આપેલા વચનો પૂરા કરવા મુશ્કેલ બની ગયા છે કારણ કે, અમલદારશાહી અમારા પ્રત્યે નહીં પરંતુ ઉપરાજ્યપાલ પ્રત્યે જવાબદાર છે. અમે શક્તિહીન અનુભવીએ છીએ.

કાશ્મીરના વિરોધ પક્ષોમાંથી એકના અન્ય ધારાસભ્યએ કહ્યું કે, ધારાસભ્યો પાસે ન તો સત્તા છે કે ન તો ગૌરવ, પહેલાં ધારાસભ્ય અધિકારીઓને આદેશો અને નિર્દેશો જારી કરતા હતા. હવે અમારે તેમને વિનંતી કરવી પડશે. જે કામ આદર્શ રીતે ૧૫ દિવસમાં પૂર્ણ કરવાનું હોય, જેમ કે પુલ કે રસ્તો મંજૂર કરવો, તે હવે ત્રણ મહિનાથી વધુ સમય લે છે.

ડાર પહેલી વાર ૧૯૯૬માં આ મતવિસ્તારમાંથી ચૂંટાયા હતા. તેમણે કહ્યું કે, આ અવરોધો જાણી જોઈને બનાવવામાં આવે છે જેથી અમે નબળા અને અપ્રસ્તુત દેખાઈએ. અમે કામ પૂર્ણ કરવામાં સફળ રહીએ છીએ પરંતુ તેમાં ઘણા પ્રયત્નો અને અમારા તરફથી સતત હસ્તક્ષેપની જરૂર પડે છે. વધુ મહત્ત્વની વાત એ છે કે, નવા માળખા હેઠળ, ધારાસભ્યો પાસે હવે ધારાસભ્ય ભંડોળમાંથી ખર્ચ કરવાનો વિવેક નથી. તેના બદલે દરેક ધારાસભ્ય મતવિસ્તાર વિકાસ ભંડોળ યોજના હેઠળ રૂા.૪ કરોડ મેળવવા માટે હકદાર છે પરંતુ ભંડોળનો ઉપયોગ સ્થાનિક રીતે અનુભવાતી જરૂરિયાતોને આધારે ટકાઉ સમુદાય સંપત્તિના નિર્માણ માટે થવો જોઈએ. દરેક ધારાસભ્યએ વાર્ષિક ધોરણે જિલ્લા વિકાસ કમિશનરને આયોજિત કાર્યોની યાદી સબમિટ કરવાની હોય છે, જે જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા રાખવામાં આવે છે.

પહેલાં, ધારાસભ્ય પાસે પોતાના ભંડોળની ફાળવણી કરવાનો અથવા કટોકટી રાહત માટે તેનો ઉપયોગ કરવાનો વિવેક હતો. ડારે કહ્યું કે, આજે જો હું, ધારાસભ્ય તરીકે, મારા ભંડોળમાંથી અસરગ્રસ્ત વ્યક્તિને થોડી રકમ રાહત આપવા માંગુ છું, તો તેને વહીવટના વિવિધ સ્તરોમાંથી પસાર થવું પડશે અને ઘણી કાગળની કાર્યવાહી કરવી પડશે. પરિણામે ધારાસભ્યો તેમના મતવિસ્તારોને મદદ કરવા માટે પોતાના સંસાધનોનો ઉપયોગ કરવા માટે પાછળ પડી ગયા છે.

પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના ધારાસભ્ય વહીદ ઉર રહેમાન પારા કહે છે કે, તેમણે ગંભીર બીમારીઓ ધરાવતા ઘણા દર્દીઓને મદદ કરવા માટે કેવી રીતે સંઘર્ષ કર્યો હતો. પોતાના મતવિસ્તાર ભંડોળમાંથી ખર્ચ કરવાની સ્વતંત્રતા વિના, તેમણે મુખ્યમંત્રી અને વડાપ્રધાન કાર્યાલયોને પત્ર લખ્યો હતો. મેં સારવારની જરૂર હોય તેવા આ દર્દીઓ માટે થોડી સહાય માંગવા માટે ૨૦થી વધુ પત્રો લખ્યા હશે. જ્યારે તેમને કોઈ જવાબ ન મળ્યો, ત્યારે તેઓએ સોશિયલ મીડિયા અને ક્રાઉડફંડિંગ દ્વારા પૈસા એકત્ર કરવાનો પ્રયાસ કર્યો. મેં કેટલીક સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને વીડિયો અપીલ શેર કરી. અમે ઓછામાં ઓછા બે દર્દીઓ માટે પૈસા એકત્ર કરવામાં સફળ થયા. સપ્ટેમ્બરમાં જમ્મુ અને કાશ્મીરમાં ભય ફેલાયો હતો કારણ કે, સતત વરસાદને કારણે નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. ડારનો મતવિસ્તાર, ચદુરા પણ તેનો અપવાદ નહોતો. સ્થાનિક રહેવાસીઓ ફસાયેલા લોકોને બચાવવા માટે હોડીઓ માંગી રહ્યા હતા. તેઓ પરંપરાગત લાકડાના શિખારા ઈચ્છતા હતા, રાજ્ય આપત્તિ પ્રતિભાવ દળ દ્વારા ઉપયોગમાં લેવાતી હોડીઓ નહીં. આ હોડીઓ ભાડે લેવાની મંજૂરી મેળવવામાં 'ઘણા દિવસો' લાગ્યા હોત. તેથી તેમણે દાલ તળાવ પર શિકારા માલિકો સાથે વાતચીત કરી અને પોતાના પૈસાથી ૧૦ હોડીઓ ભાડે લીધી હતી. ડારે કહ્યું કે, તેમને મારી મદદની જરૂર હતી અને હું તેમને કહી શકતો ન હતો કે, જમ્મુ અને કાશ્મીર રાજ્યમાં જ્યારે હું ધારાસભ્ય હતો ત્યારે વસ્તુઓ પહેલા જેવી ન હતી. ઘણા ધારાસભ્યો કહે છે કે, નવા સેટ-અપમાં નોકરશાહો હવે રાજકારણીઓ પ્રત્યે જવાબદાર નથી અને ઘણીવાર તેમને અવગણે છે. કાશ્મીરના સૌથી વરિષ્ઠ સામ્યવાદી નેતા અને પાંચ વખત વિધાનસભાના સભ્ય રહી ચૂકેલા મોહમ્મદ યુસુફ તારિગામીએ કહ્યું કે, તફાવત સ્પષ્ટ છે. પહેલાં, જ્યારે અમે અધિકારીઓને પત્રો લખતા હતા અથવા અરજીઓ સબમિટ કરતા હતા, ત્યારે તેમને સ્વીકારવામાં આવતા હતા, થોડા સમય પછી અધિકારીઓ જવાબ આપતા હતા કે, તેમણે આ બાબતની તપાસ કરી છે પરંતુ હવે તે બદલાઈ ગયું છે. દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના નેશનલ કોન્ફરન્સના ધારાસભ્ય અબ્દુલ મજીદ ભટ વધુ સ્પષ્ટ રીતે કહે છે કે, એક અમલદાર જાણે છે કે, ચૂંટાયેલા પ્રતિનિધિ પાસે તેને ટ્રાન્સફર કરવાની સત્તા નથી, તેના બોસ ઉપરાજ્યપાલ છે અને ફક્ત તેઓ જ કોઈ કાર્યવાહી કરી શકે છે. તો, તેઓ તેમની સમક્ષ અમે જે મુદ્દાઓ લાવીએ છીએ તેની તેઓ શા માટે ચિંતા કરશે ?

ઘણા ધારાસભ્યોએ ધ્યાન દોર્યું હતું કે, એક વર્ષ પછી પણ ચૂંટાયેલા ધારાસભ્યો અને લેફ્ટનન્ટ ગવર્નરની સત્તાઓ અને કાર્યોના રૂપરેખાને વ્યાખ્યાયિત કરતા વ્યવસાય નિયમો હજુ સુધી ઘડવામાં આવ્યા નથી. તેઓએ આ પરિસ્થિતિને 'અકલ્પનીય' ગણાવી હતી. સરકાર રચાયાના એક વર્ષ પછી પણ ચૂંટાયેલી સરકાર પાસે હજુ પણ સ્પષ્ટતા નથી કે તેમની પાસે ખરેખર કયો અધિકાર છે, તેઓ કયા વિષયો પર સ્વતંત્ર રીતે નિર્ણયો લઈ શકે છે અને કયા મુદ્દાઓ પર ફાઈલો લેફ્ટનન્ટ ગવર્નરને મોકલવી જોઈએ.

કેન્દ્ર દ્વારા નિયુક્ત લેફ્ટનન્ટ ગવર્નર પાસેથી સત્તા વહેતી હોવાથી ઘણા ધારાસભ્યોને ડર છે કે, રાજ્યનો દરજ્જો પુનઃસ્થાપિત થાય ત્યાં સુધી પરિસ્થિતિ એવી જ રહેવાની શક્યતા છે. આ સમસ્યા કેન્દ્રશાસિત પ્રદેશની સ્થાપનાની છે અને તેમાં ફેરફાર થવાની જરૂર છે. કમનસીબે રાજ્યના દરજ્જા અંગે કેન્દ્રમાં બહુ ઉત્સાહ દેખાતો નથી.

૨૦૨૪માં જ્યારે કેન્દ્રશાસિત પ્રદેશ જમ્મુ અને કાશ્મીરમાં પહેલી વિધાનસભાની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી, ત્યારે લોકો નોંધપાત્ર સંખ્યામાં મતદાન કરવા માટે આવ્યા હતા. છેલ્લા ત્રણ હિંસક દાયકાઓમાં આ પહેલી ચૂંટણી હતી જ્યાં અલગતાવાદીઓ, પ્રતિબંધિત જૂથો અને ચૂંટણીમાં માનતા ન હોય તેવા લોકો પણ ચૂંટણીમાં ભાગ લઈ રહ્યા હતા.

૨૦૧૯થી કેન્દ્રના સીધા શાસન હેઠળ રહેતા સ્થાનિક રહેવાસીઓનો કોઈ મત ન હતો, ત્યારે લોકોએ વિચાર્યું કે તેમના પોતાના પ્રતિનિધિઓ પસંદ કરવાથી તેમને શક્તિ અને સશક્તિકરણની ભાવના મળશે પરંતુ તે અપેક્ષાઓ મોટાભાગે અધૂરી રહી છે. જ્યારે જવાબદારીનું તત્ત્વ અદશ્ય થઈ જાય છે ત્યારે લોકોની ઈચ્છા, લોકશાહી અને ચૂંટણી પ્રક્રિયા પોતે જ નબળી પડવા લાગે છે. આજે તે જ થઈ રહ્યું છે. તેમણે કહ્યું કે, એવી જગ્યાએ જ્યાં બહુમતી અલગતાવાદી વિચારધારામાં માનતી હતી, તેમને એકીકૃત કરવાનો એકમાત્ર રસ્તો તેમને મુખ્ય પ્રવાહમાં લાવવાનો હતો. એક સશક્ત મુખ્ય પ્રવાહની રાજકીય જગ્યા તેમને શક્તિ તેમજ ગૌરવની ભાવના આપતી હતી પણ જ્યારે કોઈ ધારાસભ્ય પાસે કોઈ સત્તા હોતી નથી અને તે સામાન્ય માણસ જેટલો લાચાર હોય છે, ત્યારે મુખ્ય પ્રવાહની રાજનીતિ લોકોને શું પ્રોત્સાહન આપી શકે છે?

- સફવત ઝરગર
(સૌ. : સ્ક્રોલ.ઈન)

# યુએસ કાયદાનો ભંગ; શું ભારતીય વિદ્યાર્થીઓ તેમના વિઝા ગુમાવી શકે છે અથવા દેશનિકાલનો સામનો કરી શકે છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ભારતમાં યુએસ એમ્બેસીએ બુધવારે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓને કડક ચેતવણી જારી કરી હતી, જેમાં ચેતવણી આપવામાં આવી હતી કે કોઈપણ યુએસ કાયદાનું ઉલ્લંઘન કરશે તો તેને દેશનિકાલ અને વિઝા રદ કરી શકાય છે. એમ્બેસીએ ચેતવણી આપી હતી કે યુએસ કાયદાનું ઉલ્લંઘન કરવાથી અથવા ધરપકડનો સામનો કરવાથી વિદ્યાર્થી વિઝા રદ, દેશનિકાલ અથવા ભવિષ્યમાં યુએસ વિઝા માટે અયોગ્યતા થઈ શકે છે. યુએસ કાયદાનો ભંગ કરવાથી તમારા વિદ્યાર્થી વિઝા માટે ગંભીર પરિણામો આવી શકે છે. જો તમારી ધરપકડ કરવામાં આવે છે અથવા કોઈપણ કાયદાનું ઉલ્લંઘન કરવામાં આવે છે, તો તમારા વિઝા રદ થઈ શકે છે, તમને દેશનિકાલ કરવામાં આવી શકે છે, અને તમે ભવિષ્યમાં યુએસ વિઝા માટે અયોગ્ય બની શકો છો, યુએસ એમ્બેસીએ ટ્વિટર પર એક પોસ્ટમાં જણાવ્યું હતું. તેમાં ઉમેર્યું હતું કે યુએસ વિઝા એક વિશેષાધિકાર છે, અધિકાર નથી. ગયા અઠવાડિયે, એમ્બેસીએ H-1B અને H-4 વર્ક વિઝા મેળવવા માંગતા લોકો માટે ચેતવણી જારી કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે યુએસ ઈમિગ્રેશન કાયદાઓનું ઉલ્લંઘન કરવાથી નોંધપાત્ર ફોજદારી દંડ થઈ શકે છે. તાજેતરની ચેતવણી ત્યારે આવી છે જ્યારે ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળના યુએસ વહીવટ ગેરકાયદેસર ઈમિગ્રેશન પર તેની કડક કાર્યવાહી ચાલુ રાખે છે અને H-1B અને વિદ્યાર્થી વિઝા નિયમોને કડક બનાવે છે. કડક વિઝા નિયમો વિદ્યાર્થીઓના આગમનમાં નોંધપાત્ર ઘટાડો સાથે સુસંગત છે-ગયા વર્ષે યુએસમાં નવા આંતરરાષ્ટ્રીય નોંધણીમાં ૧૭% ઘટાડો થયો હતો. ઓગસ્ટ ૨૦૨૪ના ડેટા દર્શાવે છે કે આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓના આગમનમાં વાર્ષિક ધોરણે ૧૯% ઘટાડો થયો છે - જે ૨૦૨૧ પછીનો સૌથી ઓછો છે - મુખ્યત્વે ભારતથી આવતા વિદ્યાર્થીઓમાં ઘટાડાને કારણે. દરમિયાન, H-1B વિઝા અરજદારો, જે કુશળ આંતરરાષ્ટ્રીય કામદારોને યુએસમાં કામ કરવાની મંજૂરી આપે છે, તેઓ અભૂતપૂર્વ વિલંબનો અનુભવ કરી રહ્યા છે. યુએસ સરકાર દ્વારા નવા નીતિ ફેરફારોને પગલે યુએસ કોન્સ્યુલેટમાં ભારતીય અરજદારો માટે ઘણી વિઝા એપોઈન્ટમેન્ટ મહિનાઓ માટે રદ અથવા મુલતવી રાખવામાં આવી છે.

# ગાઝામાં યુદ્ધવિરામ વચ્ચે પણ ઈઝરાયેલના ગોળીબારમાં ૧૧ વર્ષની બાળકીનું મોત; જબાલિયામાં હિંસા યથાવત્

(એજન્સી) દૈર અલ-બલાહ, તા.૯

ગાઝામાં લગભગ ત્રણ મહિના પહેલા થયેલા યુદ્ધવિરામ (Ceasefire) છતાં હિંસા અટકવાનું નામ નથી લઈ રહી. ગુરૂવારે ઉત્તરી ગાઝાના જબાલિયા વિસ્તારમાં ઈઝરાયેલી સૈન્ય દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં ૧૧ વર્ષની એક નિર્દોષ પેલેસ્ટિનિયન બાળકીનું તેના જ ઘરમાં મોત નીપજ્યું હતું. આ ઘટનાએ યુદ્ધવિરામની અસરકારકતા પર ફરી એકવાર ગંભીર સવાલો ઉભા કર્યા છે.

મૃતક બાળકીની ઓળખ હમસા હૌસુ તરીકે થઈ છે. તેના કાકા ખમીસ હૌસુએ જણાવ્યું કે તેમનો પરિવાર ૧૧ ઓકટોબરે, એટલે કે યુદ્ધવિરામ લાગુ થયાના એક દિવસ પછી જ પોતાના ઘરે પરત ફર્યો હતો. હમસા ભવિષ્યમાં ડોક્ટર બનવાનું સપનું જોતી હતી. ગુરૂવારે સવારે જ્યારે ઈઝરાયેલી સૈનિકો વિસ્તારમાં સર્ચ ઓપરેશન કરી રહ્યા હતા, ત્યારે શેલ અને શ્રાપનલ (ગોળાના ટુકડા) તેમના ઘર પર પડ્યા હતા. લોહીલુહાણ હાલતમાં હમસાને હોસ્પિટલ લઈ જવામાં આવી હતી, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કરી હતી.

પરિવારના જણાવ્યા મુજબ, જબાલિયાનો 'ફલ્લુજા' વિસ્તાર યુદ્ધવિરામની નિર્ધારિત લાઈન પર પશ્ચિમ તરફ હોવા છતાં ત્યાં દરરોજ ગોળીબાર અને વિસ્ફોટની ઘટનાઓ બને છે. હમસાના કાકાએ આક્રોશ વ્યક્ત કરતા પૂછ્યું હતું કે, "જો મીડિયામાં યુદ્ધવિરામની વાતો થતી હોય, તો રોજબરોજના આ વિસ્ફોટો અને ગોળીબાર શું છે ? ક્યાં છે યુદ્ધવિરામ ?"

ગાઝાના આરોગ્ય મંત્રાલયના તાજેતરના આંકડા મુજબ, યુદ્ધવિરામ અમલમાં આવ્યાના ત્રણ મહિનામાં જ ૪૨૪થી વધુ પેલેસ્ટીનીએ જીવ ગુમાવ્યા છે. ઈઝરાયેલ-હમાસ યુદ્ધમાં અત્યાર સુધીમાં કુલ મૃત્યુઆંક ૭૧,૩૯૧ પર પહોંચ્યો છે, જ્યારે ૧.૭૦ લાખથી વધુ લોકો ઘાયલ થયા છે. બીજી તરફ, ઈઝરાયેલની સેના આ હુમલાઓને સમજૂતીના ઉલ્લંઘન સામેનો વળતો જવાબ ગણાવી રહી છે.

હાલમાં યુદ્ધવિરામ તેના પ્રાથમિક તબક્કામાં છે અને હજુ પણ બંધકોને મુક્ત કરવા અથવા તેમના અવશેષો શોધવાની પ્રક્રિયા ચાલુ છે. પરંતુ સતત થતા ગોળીબાર અને નિર્દોષ નાગરિકોના મોતે શાંતિની પ્રક્રિયા સામે શંકાના વાદળો ઘેરા કર્યા છે.

# SDF સાથે ભારે અથડામણો પછી સીરિયન સેનાએ એલેપ્પોમાં યુદ્ધવિરામની ઘોષણા કરી

(એજન્સી) તા.૯

સિરીયા દેશની સેના અને કુર્દિશ નેતૃત્વવાળા સીરિયન ડેમોક્રેટિક ફોર્સિસ (SDF) વચ્ચે દિવસો સુધી ભારે અથડામણો પછી સીરિયાના સંરક્ષણ મંત્રાલયે ઉત્તરી શહેર અલેપ્પોના ત્રણ વિસ્તારોમાં યુદ્ધવિરામની ઘોષણા કરી છે. રાત્રિ સુધી ભીષણ ગોળીબાર ચાલુ રહ્યો, બચાવ કાર્યકરો ગોળીબારથી લાગેલી આગને ઓલવવા માટે દોડી રહ્યા હતા, તે પહેલાં સંરક્ષણ મંત્રાલયે કહ્યું હતું કે તે શુક્રવારે સશસ્ત્ર જૂથોને વિવાદિત વિસ્તારો છોડી દેવા માટે છ કલાકનો સમય આપશે. મંત્રાલયે જણાવ્યું હતું કે શેખ મકસૌદ, અશરફીહ અને બાની ઝૈદ વિસ્તારમાં સવારે ૩ વાગ્યાથી સવારે ૯ વાગ્યા સુધી યુદ્ધવિરામ કાયદો અને સત્તાવાર સંસ્થાઓની પુનઃસ્થાપના અને નાગરિકોના રક્ષણ માટે માર્ગ મોકળો કરશે. રાજ્ય સમાચાર એજન્સી SANAએ અહેવાલ આપ્યો છે કે રવાના થનારા લડવૈયાઓને વ્યક્તિગત હળવા શસ્ત્રો રાખવાની મંજૂરી આપવામાં આવશે. સીરિયન સેના સૈનિકોને પાછા ખેંચવાની અને દેશના ઉત્તરપૂર્વીય પ્રદેશોમાં સુરક્ષિત પરિવહન સુનિશ્ચિત કરવાના અહેવાલ છે. આ જાહેરાત અંગે SDF તરફથી તાત્કાલિક કોઈ પ્રતિક્રિયા આપવામાં આવી નથી. આ અગાઉ, સીરિયાના અધિકારીઓએ અલેપ્પો શહેરના અનેક વિસ્તારોમાં કર્ફ્યુ લાદ્યો હતો. અલેપ્પો આંતરિક સુરક્ષા કમાન્ડે ગુરુવારે એક નિવેદનમાં જણાવ્યું હતું કે અશરફીહ, શેખ મક્સૌદ, બાનીઝીદ, અલ-સીરયાન, અલ-હુલોક અને અલ-મિદાનના વિસ્તારોમાં 'આગળની સૂચના સુધી' કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. આ પગલાનો હેતુ રહેવાસીઓની સલામતી સુનિશ્ચિત કરવાનો છે અને વ્યવસ્થા જાળવવા અને જીવન અને સંપત્તિને જોખમમાં મૂકી શકે તેવા કોઈપણ ઉલ્લંઘનને રોકવા માટે ચાલુ સુરક્ષા પ્રક્રિયાઓનો એક ભાગ છે. આ કર્ફ્યુના અમલીકરણ સમયગાળા દરમિયાન આ કર્ફ્યુ દ્વારા આવરી લેવામાં આવેલા વિસ્તારોની અંદર બધી હિલચાલ સખત પ્રતિબંધિત છે. મંગળવારે શરૂ થયેલી લડાઈ પછી અલેપ્પોમાં ઓછામાં ઓછા ૨૨ લોકો માર્યા ગયા છે અને ૧૭૩ લોકો ઘાયલ થયા છે. સીરિયન સૈન્યએ SDF પર તોપ અને મોર્ટાર શેલથી નાગરિક વિસ્તારોને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે. કુર્દિશ નેતૃત્વ હેઠળના આ જૂથે આ આરોપોને નકારી કાઢ્યા છે અને કહ્યું છે કે આ અઠવાડિયામાં થયેલા જાનહાનિ દમાસ્કસમાં સરકાર સાથે જોડાયેલા જૂથો દ્વારા 'અંધાધૂંધ' મિસાઈલ ફાયર અને ગોળીબારને કારણે થઈ છે. સીરિયાના ઉત્તર અને ઉત્તરપૂર્વમાં મોટા ભાગના પ્રદેશોને નિયંત્રિત કરનાર SDFને દેશની રાજ્ય સંસ્થાઓમાં એકીકૃત કરવા માટે માર્ચ ૨૦૨૫ના કરારને કેવી રીતે અમલમાં મૂકવો તે અંગેની વાટાઘાટો નિષ્ફળ જતાં આ અથડામણો થઈ છે. સીરિયન ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે SDF સાથે જોડાયેલા સશસ્ત્ર જૂથોની પીછેહઠ પછી સરકારી દળોએ અશરફીહ વિસ્તારમાં તૈનાત કરવાનું શરૂ કરી દીધું છે. આ અઠવાડિયે અશરફીહ અને શેખ મકસૂદમાં ૧૦૦,૦૦૦થી વધુ નાગરિકો તેમના ઘર છોડીને ભાગી ગયા છે. ગુરૂવારે સ્નાઈપર ફાયરિંગથી અશરફીહના પડોશમાંથી ભાગી ગયેલા ૪૩ વર્ષીય રાણા ઈસ્સાએ AFP ન્યૂઝ એજન્સીને જણાવ્યું હતું કે 'ઘણા લોકો ત્યાંથી નીકળી જવા માંગે છે' પરંતુ ગોળીબાર થવાનો ડર છે. અમે ખૂબ જ મુશ્કેલ સમયમાંથી પસાર થયા છીએ, મારા બાળકો ગભરાઈ ગયા હતા. અલ જઝીરાના રેસુલ સેરદારે જણાવ્યું હતું કે તબીબી કર્મચારીઓ ઘાયલ દર્દીઓની સારવાર માટે સંઘર્ષ કરી રહ્યા હતા.



સત્તાવાળાઓએ જણાવ્યું છે કે, સીરિયન સેના અને કુર્દિશ નેતૃત્વવાળા દળો વચ્ચે અથડામણો પછી 'આગળની સૂચના સુધી' આ વિરામ લાગુ રહેશે

**હદીસ બોધ**

દાન આપવું એટલે ખરેખર કંઈક પ્રાપ્ત કરવું

- હદીસ બોધ

**બોધ વચન**

જ્યાં પણ જાવ સાચા હૃદયથી જાવ.

-કોન્ફયુસિયસ

**આજની આરસી**

૧૦ જાન્યુઆરી શનિવાર ૨૦૨૬
૨૦ રજબ હિજરી હિજરી ૧૪૪૭
પોષ વદ સાતમ સંવત ૨૦૮૨

| | |
|---|---|
| સુબ્હ સાદિક | ૫-૫૮ |
| ખત્મે ઝવાલ | ૧૨-૪૭ |
| તુલૂએ આફતાબ (સૂર્યોદય) | ૭-૨૨ |
| ગુરૂબે આફતાબ (સૂર્યાસ્ત) | ૬-૧૧ |

**અગત્યની સૂચના**

આ અખબારમાં જરૂરિયાતને અનુલક્ષીને ધાર્મિક શબ્દોનો ઉલ્લેખ, ફોટો કેટલીકવાર છાપવા પડે છે, જે વાચક મિત્રોના ધ્યાને આવે તો તેની તેમણે ખાસ હિફાઝત કરવી.

- વ્યવસ્થાપક

# સરફરાઝ ખાનના બેટનો ગુંજતો અવાજ : ગૌતમ ગંભીર અને અજિત અગરકર પાસે હવે તેને બહાર રાખવાના બહાના ખૂટ્યા



નવી દિલ્હી, તા.૯

ભારતીય ક્રિકેટમાં અત્યારે એક જ નામની ગુંજ સંભળાઈ રહી છે અને તે છે સરફરાઝ ખાન. મુંબઈના આ વિસ્ફોટક બેટ્સમેને રનનો એવો પહાડ ખડક્યો છે કે, હવે પસંદગીકારો માટે તેને નજરઅંદાજ કરવો અશક્ય બની રહ્યો છે. સવાલ એ ઊભો થાય છે કે, જો અજિત અગરકર અને ગૌતમ ગંભીર અત્યારે પણ તેના પ્રદર્શનની નોંધ નહીં લે, તો ક્યારે લેશે?

**સંઘર્ષ અને અન્યાયની કહાની :**

૨૮ વર્ષીય સરફરાઝ ખાને હવે પોતાની કહાની પર મજબૂત પકડ જમાવી લીધી છે. ૨૦૧૪માં રણજી ટ્રોફીમાં ડેબ્યુ કરનાર આ ખેલાડીને ટેસ્ટ ટીમમાં આવવા માટે ૧૦ વર્ષની લાંબી રાહ જોવી પડી હતી. જ્યારે શ્રેયસ અય્યર ઈજાગ્રસ્ત થયો ત્યારે જ તેને તક મળી હતી. રોહિત શર્મા અને વિરાટ કોહલીના નિવૃત્ત થયા બાદ સરફરાઝ ટેસ્ટ ટીમનો કાયમી હિસ્સો બનશે તેવી અપેક્ષા હતી પરંતુ તેની ફિટનેસ અને વજનને લઈને હંમેશા તેને નિશાન બનાવવામાં આવ્યો. જો કે, સુનિલ ગાવસ્કરે હંમેશા તેનો બચાવ કરતા કહ્યું છે કે, ક્રિકેટમાં 'મોડલ્સ'ની નહીં પણ રમત માટે ફિટ ખેલાડીઓની જરૂર હોય છે.

**શાનદાર વાપસી અને રેકોર્ડબ્રેક પ્રદર્શન :**

બેંગ્લુરૂમાં ન્યુઝીલેન્ડ સામેની કપરી પરિસ્થિતિમાં સરફરાઝે ૧૫૦ રનની શાનદાર ઈનિંગ રમીને સાબિત કર્યું હતું કે, તેની પાસે પેસ અને સ્પિન બંને રમવાની ક્ષમતા છે. તેમ છતાં ઓસ્ટ્રેલિયા સામેની બોર્ડર-ગાવસ્કર ટ્રોફીમાં હાર બાદ અને ડ્રેસિંગ રૂમની કેટલીક અફવાઓને કારણે તેને ટીમમાંથી પડતો મૂકવામાં આવ્યો હતો પરંતુ સરફરાઝે હાર માનવાને બદલે મેદાન પર જવાબ આપવાનું નક્કી કર્યું.

તાજેતરમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફીમાં તેણે ૨૦૩.૦૮ના સ્ટ્રાઈક રેટથી ૩૨૯ રન ફટકાર્યા હતા, જેના કારણે તેને IPLમાં ચેન્નાઈ સુપર કિંગ્સ (CSK)એ ૭૫ લાખ રૂપિયામાં ખરીદ્યો છે. એટલું જ નહીં, તેણે પોતાની ફિટનેસ પર કામ કરીને વજન પણ નોંધપાત્ર રીતે ઘટાડ્યું છે.

**વિજય હઝારે ટ્રોફીમાં ઈતિહાસ રચ્યો :**

સરફરાઝની ફોર્મની ચરમસીમા વિજય હઝારે ટ્રોફીમાં જોવા મળી છે. તેણે પંજાબ સામે માત્ર ૧૫ બોલમાં હાફ સેન્ચુરી ફટકારીને લિસ્ટ-એ ક્રિકેટમાં ભારતનો સૌથી ઝડપી અર્ધશતકનો રેકોર્ડ પોતાના નામે કર્યો છે. તેણે ગોવા સામે ૧૫૭ રનની તોફાની ઈનિંગ પણ રમી હતી. અત્યારે તે મુંબઈ તરફથી સૌથી વધુ રન બનાવનાર ખેલાડી છે, જેની એવરેજ ૭૫.૭૫ અને સ્ટ્રાઈક રેટ ૧૯૦થી વધુ છે.

**પસંદગીકારો સામે મોટો સવાલ :**

ગૌતમ ગંભીરે અગાઉ રોહિત શર્મા માટે કહ્યું હતું કે, જો તેને કેપ્ટન બનાવવામાં નહીં આવે તો તે ભારતનું નુકસાન હશે. આજે આ જ વાત સરફરાઝ ખાન માટે લાગુ પડે છે. ભારતીય ટેસ્ટ ટીમ અત્યારે જે સંકટમાંથી પસાર થઈ રહી છે, તેમાં સરફરાઝ જેવા ઈન-ફોર્મ બેટ્સમેનને બહાર રાખવો તે ટીમ ઈન્ડિયા માટે મોટું નુકસાન સાબિત થઈ શકે છે. હવે જોવાનું એ રહેશે કે અગરકર અને ગંભીરની જોડી આ 'રન મશીન' માટે દરવાજા ક્યારે ખોલે છે.

# 'ભારતીય એજન્ટ : T20 વર્લ્ડ કપ વિવાદ વચ્ચે બાંગ્લાદેશી દિગ્ગજ તમીમ ઇકબાલનું બોર્ડ સભ્ય દ્વારા અપમાન






તેહરાન/ઢાકા, તા.૯

બાંગ્લાદેશ અને ભારત વચ્ચેના ક્રિકેટ સંબંધોમાં તણાવ સતત વધી રહ્યો છે. T20 વર્લ્ડ કપ ૨૦૨૬ના મેચો ભારતની બહાર યોજવાની બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડની માંગ પર સવાલ ઉઠાવનાર પૂર્વ કેપ્ટન તમીમ ઈકબાલને BCBના ડિરેક્ટર એમ. નજમુલ ઈસ્લામે 'સાબિત થયેલો ભારતીય એજન્ટ' (Proven Indian Agent) ગણાવ્યો છે.

**તમીમ ઈકબાલનું નિવેદન શું હતું? :** તમીમ ઈકબાલે બાંગ્લાદેશ બોર્ડ દ્વારા ICCને લખવામાં આવેલા પત્ર અને મેચો શ્રીલંકા શિફ્ટ કરવાની માંગ પર ચિંતા વ્યક્ત કરી હતી. તેણે કહ્યું હતું કે :

ભવિષ્યનો વિચાર : કોઈ પણ નિર્ણય લેતા પહેલા બાંગ્લાદેશ ક્રિકેટના હિત અને ભવિષ્યનો વિચાર કરવો જોઈએ.

સંવાદ જરૂરી : આવા સંવેદનશીલ મુદ્દાઓ જાહેરમાં નિવેદન આપવાને બદલે અંદરોઅંદર ચર્ચા કરીને અને સંવાદ દ્વારા ઉકેલવા જોઈએ.

આર્થિક પાસું: બાંગ્લાદેશ ક્રિકેટની ૯૦થી ૯૫ ટકા આવક ICC તરફથી આવે છે, તેથી એવા જ નિર્ણયો લેવા જોઈએ જે લાંબા ગાળે બાંગ્લાદેશી ક્રિકેટને મદદરૂપ થાય.

**BCB સભ્યનો આકરો પ્રહાર :** તમીમના આ સૂચનથી નારાજ થઈને BCBના ડિરેક્ટર એમ. નજમુલ ઈસ્લામે સોશિયલ મીડિયા પર બંગાળીમાં એક પોસ્ટ લખી હતી. જેમાં તેમણે જણાવ્યું હતું કે, 'આ વખતે બાંગ્લાદેશની જનતાએ વધુ એક સાબિત થયેલા ભારતીય એજન્ટની અભિવ્યક્તિ જોઈ છે.' આ પ્રકારના નિવેદનથી સ્પષ્ટ થાય છે કે બાંગ્લાદેશ ક્રિકેટ સમુદાય અત્યારે બે ભાગમાં વહેંચાઈ ગયો છે. એક પક્ષ સરકારના દબાણમાં ભારત સાથેના સંબંધો તોડવા માંગે છે, જ્યારે તમીમ જેવા વરિષ્ઠ ખેલાડીઓ ક્રિકેટના ભવિષ્યને લઈને ચિંતિત છે.

**વિવાદનું કારણ અને પૃષ્ઠભૂમિ :** આ સમગ્ર વિવાદની શરૂઆત ત્યારે થઈ જ્યારે ભારતીય ક્રિકેટ બોર્ડ (BCCI)એ IPL ટીમ KKRને બાંગ્લાદેશી ખેલાડી મુસ્તફિઝુર રહેમાનને રીલીઝ કરવા જણાવ્યું હતું. આના જવાબમાં બાંગ્લાદેશ સરકારે સુરક્ષાનું કારણ આપીને પોતાની ટીમ ભારત ન મોકલવાનો અને વર્લ્ડ કપના મેચો શ્રીલંકા ખસેડવાનો આગ્રહ રાખ્યો છે. ભારત અને બાંગ્લાદેશ વચ્ચે વધતા રાજકીય તણાવની સીધી અસર હવે ખેલાડીઓના અંગત સન્માન પર પણ પડી રહી છે, જે ખેલ જગત માટે ચિંતાનો વિષય છે.

# પક્ષો તેમના મહત્ત્વપૂર્ણ સિદ્ધાંતોનો ત્યાગ કરી રહ્યા છે, પૈસા અને ડરનો ઉપયોગ કરીને નેતાઓનો પક્ષપલટો કરી રહ્યા છે : અજીત પવારનો ભાજપ પર પ્રહાર

**પવારે સ્થાનિક ભાજપ નેતૃત્વ પર હુમલો કર્યો અને કહ્યું કે પાર્ટી-હોટિંગ ખૂબ જ વધી ગયું છે, નેતાઓને લાલચ આપીને પક્ષ બદલવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે**

(એજન્સી) પુણે, તા.૯

મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી અજિતપવારે શુક્રવારે રાજકારણમાં વૈચારિક પ્રતિબદ્ધતાની સતત અવગણના અંગે ચિંતા વ્યક્ત કરી અને આરોપ લગાવ્યો કે મોટાભાગના રાજકીય પક્ષોએ તેમની વિચારધારાઓ છોડી દીધી છે અને તેમના રેક્રને વિસ્તૃત કરવા માટે વિવિધ યુક્તિઓનો આશરો લઈ રહ્યા છે. પીટીઆઈ સાથેની એક વિશિષ્ટ મુલાકાતમાં, પવારે જણાવ્યું હતું કે પાર્ટી-હોટિંગ ખૂબ જ વધી ગયું છે, નેતાઓને લાલચ આપીને પક્ષ બદલવા માટે દબાણ કરવામાં આવી રહ્યું છે. તાજેતરમાં, રાજકીય પક્ષોએ લગભગ તેમની વિચારધારાઓ છોડી દીધી છે. નેતાઓ ગમે ત્યાં જઈ રહ્યા છે અને જે કંઈ લાગે છે તે કરી રહ્યા છે. તેમણે આરોપ લગાવ્યો કે કેટલાક નેતાઓને પ્રલોભનો દ્વારા શિકાર બનાવવામાં આવી રહ્યા છે, જ્યારે અન્ય લોકો પર તેમની સામે બાકી રહેલી પૂછપરછો પ્રકાશિત કરીને અને ખાતરી આપીને દબાણ કરવામાં આવી રહ્યું છે કે પક્ષપલટા પછી તપાસ એજન્સીઓને નિયંત્રિત કરવામાં આવશે. રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (NCP)ના વડા પવારે કહ્યું કે રાજકીય ક્ષેત્રમાં પૈસા અને શક્તિનો ખુલ્લેઆમ ઉપયોગ થઈ રહ્યો છે. જેમની પાસે પૈસા અને શક્તિ છે તેઓ તેનો ઉપયોગ કરી રહ્યા છે. જેમને લાગે છે કે જાતિના મુદ્દાઓ ઉઠાવીને મત મેળવી શકાય છે તેઓ આ યુક્તિ અપનાવી રહ્યા છે. પવારે એમ પણ કહ્યું કે ઉમેદવારનું મૂલ્યાંકન કથિત ચૂંટણી ગુણવત્તાના આધારે કરવામાં આવે છે, નેતા તરીકે તેણે શું કર્યું છે તેના આધારે નહીં. તેમણે કહ્યું કે એક નવો ટ્રેન્ડ સામે આવ્યો છે જ્યાં ઉમેદવારોની લોકપ્રિયતા માપવા માટે સર્વેનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ ચોક્કસ વિસ્તારમાં સૌથી લોકપ્રિય ઉમેદવાર કોણ છે તે ચકાસવા માટે સર્વેનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જો તે વ્યક્તિ વિરોધી પક્ષનો હોય, તો તેને શોધવાના પ્રયાસો કરવામાં આવે છે. મહારાષ્ટ્રના પ્રથમ મુખ્યમંત્રી યશવંતરાવ ચવ્હાણના રાજકારણની પ્રશંસા કરતા પવારે કહ્યું, "તેઓ વિરોધી પક્ષના નેતાઓને પણ સમાન માન આપતા હતા. તેઓ એ વિચાર્યા વિના ભંડોળનું વિતરણ કરતા હતા કે તે વ્યક્તિ વિરોધ પક્ષનો છે કે નહીં. જોકે, વર્ષોથી, કોઈ પ્રકારની બદલાની રાજનીતિ શરૂ થઈ ગઈ છે. આવું ન થવું જોઈએ." પુણે અને પિંપરી-ચિંચવડમાં ભાજપના સ્થાનિક નેતૃત્વની ટીકા કરતાં, પવારે આરોપ લગાવ્યો કે તેમની "દૃષ્ટિના અભાવ" એ બંને નાગરિક સંસ્થાઓને "સંકટ"માં ધકેલી દીધી છે. રાજ્યમાં શાસક મહાયુતિ ગઠબંધનમાં ભાગીદાર હોવા છતાં, ભાજપ અને એનસીપી બંને શહેરોમાં સ્વતંત્ર રીતે નાગરિક ચૂંટણી લડી રહ્યા છે. ભાજપ પવારને પ્રચાર દરમિયાન સાથી પક્ષોને નિશાન બનાવવાથી દૂર રહેવા વિનંતી કરી રહ્યું છે. પવારે દાવો કર્યો હતો કે પિંપરીચિંચવાડ મ્યુનિસિપલ કોર્પોરેશન (પીસીએમસી)માં ૧૯૯૨થી ૨૦૧૭ દરમિયાન આયોજિત વિકાસ થયો હતો જ્યારે એનસીપી સત્તામાં હતી, પરંતુ ૨૦૧૭થી ૨૦૨૨ સુધી ભાજપનો કાર્યકાળ ભ્રષ્ટાચાર અને નાણાકીય ગેરવહીવટ દ્વારા પ્રભાવિત રહ્યો હતો. ૧૯૯૨થી ૨૦૧૭ સુધી, પિંપરી-ચિંચવાડનો વિકાસ સૂક્ષ્મ આયોજન સાથે કરવામાં આવ્યો હતો. મજબૂત નાણાકીય વ્યવસ્થાપન અને સક્ષમ નેતૃત્વને કારણે કોર્પોરેશન એશિયાનું સૌથી ધનિક નાગરિક સંસ્થા બન્યું. અમારા કાર્યકાળ દરમિયાન લોન લેવાની કે બોન્ડ જારી કરવાની કોઈ જરૂર ન હતી. તેમણે આરોપ લગાવ્યો હતો કે છેલ્લા ભાજપ શાસનકાળ દરમિયાન બોન્ડ ઉભા કરવામાં આવ્યા હતા અને સ્માર્ટસિટી પ્રોજેક્ટ અને સ્વચ્છતા અભિયાન અને કચરા વ્યવસ્થાપન સંબંધિત કાર્યોમાં અનિયમિતતાઓનો દાવો કર્યો હતો. છેલ્લા આઠથી નવ વર્ષમાં, લગભગ ૬૦,૦૦૦ કરોડ રૂપિયા ખર્ચવામાં આવ્યા છે. વહીવટી ખર્ચ જે લગભગ ૩૦-૩૫ ટકા જેટલો થાય છે તે લગભગ ૨૦,૦૦૦ કરોડ રૂપિયા થાય છે. ૪૦,૦૦૦ કરોડ રૂપિયાના વિકાસ કાર્યો થવાના હતા, પરંતુ તે કામ દેખાતું નથી. તેમણે કહ્યું કે રસ્તાઓ ખરાબ હાલતમાં છે, જ્યારે પુણે મહાનગરપાલિકા અને પીસીએમસીમાં પીવાનું પાણી એક મુખ્ય મુદ્દો બની ગયો છે. અમારા કાર્યકાળ દરમિયાન, પાવના ડેમમાંથી ઔદ્યોગિક ટાઉનશીપ (પિંપરી-ચિંચવડ)માં પાણી લાવવામાં આવ્યું હતું. કમનસીબે, સ્થાનિક નેતૃત્વ પાસે વિકસતા ઔદ્યોગિક નગર માટે આયોજન કરવાની દૃષ્ટિનો અભાવ હતો અને આજે પીસીએમસી અનેક સમસ્યાઓનો સામનો કરી રહી છે. કચરો વ્યવસ્થાપન વિભાગોમાં, કાગળ પર દર્શાવેલ કર્મચારીઓની સંખ્યા વાસ્તવિક કાર્યબળ સાથે મેળ ખાતી નથી. ૧૨,૩૦૦થી વધુ કર્મચારીઓ સૂચિબદ્ધ છે, પરંતુ ૫૦ ટકાથી વધુ કામ કરી રહ્યા નથી.

# લીલા પેલેસ ઉદયપુરને રૂા.૧૦ લાખનો દંડ : ગેસ્ટ બાથરૂમમાં હતા અને સ્ટાફ માસ્ટર કીથી રૂમમાં ઘૂસી ગયો

(એજન્સી) ચેન્નાઈ/ઉદયપુર, તા.૯

ચેન્નાઈની એક ગ્રાહક અદાલતે (District Consumer Disputes Redressal Commission) ઉદયપુરની પ્રસિદ્ધ 'ધ લીલા પેલેસ' હોટેલને સેવામાં ખામી અને ગેસ્ટની પ્રાઈવસીના ઉલ્લંઘન બદલ રૂા.૧૦ લાખનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો છે. આ કેસ ચેન્નાઈના એક વકીલ દંપતી દ્વારા કરવામાં આવ્યો હતો, જેમની સાથે જાન્યુઆરી ૨૦૨૫માં આ શરમજનક ઘટના બની હતી.

**શું હતી સમગ્ર ઘટના ? :** ફરિયાદ મુજબ, ચેન્નાઈના આ દંપતીએ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ ઉદયપુરની લીલા પેલેસ હોટેલમાં એક દિવસ માટે રૂા.૫૫,૫૦૦ ચૂકવીને 'ગ્રાન્ડ રૂમ વિથ લેક વ્યુ' બુક કરાવ્યો હતો.

**અનધિકૃત પ્રવેશ :** જ્યારે દંપતી રૂમના વોશરૂમમાં હતું, ત્યારે હાઉસકીપિંગ સ્ટાફનો એક સભ્ય માસ્ટર કીનો ઉપયોગ કરીને રૂમમાં અંદર ઘૂસી આવ્યો હતો.

**પ્રાઈવસીનો ભંગ :** દંપતીએ અંદરથી 'નો સર્વિસ' (No Service)ની બૂમો પાડી હોવા છતાં સ્ટાફ સભ્ય અંદર આવ્યો હતો અને વોશરૂમના તૂટેલા દરવાજામાંથી ડોકિયું કર્યું હતું.

**માનસિક આઘાત :** આ ઘટના સમયે મહિલા ગર્ભવતી હતી અને આ આકસ્મિક ઘૂસણખોરીથી તેને ભારે માનસિક આઘાત અને અપમાનનો સામનો કરવો પડ્યો હતો.

**ગ્રાહક અદાલતનું કડક વલણ :** કોર્ટે હોટેલની આ દલીલને ફગાવી દીધી હતી કે રૂમની બહાર 'ડુ નોટ ડિસ્ટર્બ' (DND)નું બોર્ડ નહોતું લગાવ્યું. કોર્ટે અવલોકન કર્યું કે: પ્રાઈવસી એ મૂળભૂત અધિકાર : હોટેલના આંતરિક નિયમો (SOP) ગેસ્ટની સુરક્ષા અને પ્રાઈવસીના મૂળભૂત અધિકારથી ઉપર હોઈ શકે નહીં.

**ઉતાવળિયું પગલું :** ડોરબેલ વગાડ્યાની એક મિનિટથી પણ ઓછા સમયમાં માસ્ટર કીથી રૂમ ખોલવો એ ગેરવાજબી અને જોખમી છે. જો અંદરથી કોઈ જવાબ ન મળતો હોય, તો સ્ટાફે રિસેપ્શન પર ખાતરી કરવી જોઈતી હતી.

**બેદરકારી :** હોટેલ રૂમની બહારનો CCTV કેમેરો બંધ હોવાને કારણે કોર્ટે સુરક્ષા વ્યવસ્થા પર પણ સવાલો ઉઠાવ્યા હતા.

**કોર્ટનો આદેશ :** ગ્રાહક પંચે હોટેલને નીચે મુજબની ચૂકવણી કરવાનો આદેશ આપ્યો છે:

**વળતર :** માનસિક ત્રાસ અને પ્રાઈવસી ભંગ બદલ રૂા.૧૦ લાખ.

**રિફંડ :** રૂમનું ભાડું રૂા.૫૫,૫૦૦ (૯% વ્યાજ સાથે).

**કાનૂની ખર્ચ :** કેસ લડવાના ખર્ચ પેટે રૂા.૧૦,૦૦૦.

**હોટેલનો બચાવ :** બીજી તરફ, લીલા પેલેસ હોટેલે કોઈ પણ ગેરરીતિનો ઈન્કાર કર્યો હતો. હોટેલનું કહેવું હતું કે સ્ટાફે નિયમ મુજબ ડોરબેલ વગાડ્યા પછી જ પ્રવેશ કર્યો હતો અને ભૂલ સમજાતા જ તે તરત બહાર નીકળી ગયો હતો. જોકે, કોર્ટે હોટેલના આ બચાવને ગ્રાહ્ય રાખ્યો ન હતો. આ ચુકાદો હોસ્પિટાલિટી ઉદ્યોગ માટે એક મોટો પાઠ છે કે ગ્રાહકની ગરિમા અને પ્રાઈવસી સાથે કોઈ પણ સંજોગોમાં સમાધાન કરી શકાય નહીં.

# વિદ્યાર્થિનીનું મોત : ધર્મશાલામાં દલિત જૂથોનું પ્રદર્શન, ઝડપી ન્યાયની માંગ

(એજન્સી) તા.૯

પીડિતાના શોકગ્રસ્ત માતાપિતા સાથે જોડાયેલા વિવિધ દલિત સંગઠનોએ ધર્મશાલામાં ડેપ્યુટી કમિશનર ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં ૨૬ ડિસેમ્બરના રોજ મૃત્યુ પામેલી ૧૯ વર્ષની દલિત છોકરી માટે ઝડપી ન્યાયની માંગ કરવામાં આવી હતી. પીડિતા ધર્મશાલાની સરકારી કોલેજની વિદ્યાર્થીની હતી અને તેના મૃત્યુથી સતત રેગિંગ અને શારીરિક, જાતીય અને માનસિક ઉત્પીડનના ગંભીર આરોપો ઊભા થયા છે. પ્રદર્શન દરમિયાન મીડિયાને સંબોધતા, પીડિતાના પિતા, વિક્રમ કુમાર, આંસુ રોકવા માટે સંઘર્ષ કરી રહ્યા હતા. તેમણે ટૂંકમાં કહ્યું કે, 'અમારી પુત્રી માટે ન્યાય... મારે એટલું જ કહેવું છે,'. દુઃખના સમયે તેમના પરિવાર સાથે ઊભા રહેવા બદલ લોકો અને સંગઠનોનો આભાર માનતા, તેમણે ઉમેર્યું કે તેઓ હવે તેમની પુત્રી માટે ન્યાયની રાહ જોઈ રહ્યા છે. મહર્ષિ વાલ્મીકિ ગુરૂ રવિદાસ મહાસભા અને બાબા દીપ સિંહ કાલીપુલ સેવા સંગઠન (ઉના)ના કાર્યકરોએ ચેતવણી આપી હતી કે જો ૧૫ દિવસમાં યોગ્ય કાનૂની કાર્યવાહી નહીં કરવામાં આવે તો તેઓ તેમના આંદોલનને વધુ તીવ્ર બનાવવા મજબૂર થશે. આમાં પંજાબ-હિમાચલ પ્રદેશ સરહદ બંધ કરવી અને ધર્મશાળા શહેરમાં રસ્તાઓ પર નાકાબંધી લાગુ કરવી શામેલ હોઈ શકે છે. મહર્ષિ વાલ્મીકિ ગુરૂ રવિદાસ મહાસભાના પ્રમુખ અમિત વાલ્મીકિએ જણાવ્યું હતું કે તે ખૂબ જ ચિંતાજનક છે કે યુવતીના મૃત્યુને ઘણા દિવસો વીતી ગયા છતાં, ન્યાય હજુ પણ અધૂરો રહ્યો છે. તેમણે આરોપ લગાવ્યો કે, 'જો સરકાર અને વહીવટીતંત્ર ગંભીર હોત, તો એક દિવસમાં ન્યાય મળી શક્યો હોત'. વિલંબ પર સવાલ ઉઠાવતા, વાલ્મીકિએ કહ્યું કે તેઓ સમજી શકતા નથી કે 'પ્રશાસન અને પોલીસ કયા પ્રકારના દબાણ હેઠળ છે' કે કેસ આટલો ધીમો ચાલી રહ્યો છે. તેમણે ઉમેર્યું કે, વિરોધ પ્રદર્શનમાં પીડિતાના માતા-પિતાની હાજરી તપાસમાં દેખીતી પ્રગતિના અભાવે તેમની વધતી જતી હતાશા અને વેદનાને પ્રતિબિંબિત કરે છે. ઉનાના બાબા દીપ સિંહ કાલીપુલ સેવા સંગઠનના કાર્યકર બલવંત સિંહે કહ્યું કે તેઓ કાંગડાના ડેપ્યુટી કમિશનરને એક મેમોરેન્ડમ સુપરત કરવા આવ્યા છે, જેમાં ઝડપી અને કડક કાર્યવાહી કરવાની વિનંતી કરવામાં આવી છે. મોટા આંદોલનની ચેતવણી આપતા તેમણે કહ્યું કે જો ન્યાય ન મળે તો દલિત સંગઠનો સંયુક્ત રીતે વિરોધ પ્રદર્શનો વધારવા માટે મજબૂર થશે. સિંહે કહ્યું કે, 'આજે એક વિદ્યાર્થી સાથે આવું બન્યું છે; કાલે તે બીજા કોઈ સાથે પણ થઈ શકે છે. જો સમાધાન કરવા દબાણ કરવામાં આવે, તો આવી ઘટનાઓ ચાલુ રહેશે અને ગુના અટકશે નહીં,' વહીવટીતંત્ર દ્વારા સમયસર પગલાં પરિસ્થિતિ વધુ વણસતી અટકાવી શકે છે. આ દરમિયાન, પોલીસ, યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન (UGC), રાજ્ય શિક્ષણ વિભાગ, અનુસૂચિત જાતિ આયોગ અને મહિલા આયોગ સહિત અનેક એજન્સીઓ દ્વારા તપાસ ચાલુ છે. પોલીસ અધિકારીઓએ પીડિતાના મોબાઈલ ફોન કોલ રેકોર્ડ અને સોશિયલ મીડિયા પ્રવૃત્તિની તપાસ કરી છે. રેગિંગ અથવા હુમલા સંબંધિત કોઈપણ સંકેતો ઓળખવા માટે ફોનનું વિગતવાર ફોરેન્સિક વિશ્લેષણ તૈયાર કરવામાં આવી રહ્યું છે. જો કે, મહત્વપૂર્ણ ફોરેન્સિક પુરાવાના અભાવે તપાસ નોંધપાત્ર રીતે જટિલ બની છે. કથિત ઉતાવળમાં અગ્નિસંસ્કાર અને પોસ્ટમોર્ટમ તપાસના અભાવે તપાસકર્તાઓને DNA નમૂનાઓ સહિત મહત્વપૂર્ણ તબીબી અને વૈજ્ઞાનિક ઈનપુટથી વંચિત રાખ્યા છે. આ અંતરને દૂર કરવા માટે, ડો. રાજેન્દ્ર પ્રસાદ સરકારી મેડિકલ કોલેજ અને હોસ્પિટલ, ટાંડાના અધિકારીઓએ પીડિતાના મૃત્યુ પહેલાં સારવાર કરાયેલી હોસ્પિટલોના સારવાર રેકોર્ડની તપાસ કરવા માટે પાંચ સભ્યોના મેડિકલ બોર્ડની રચના કરી છે. કાંગડાના પોલીસ અધિક્ષક અશોક રત્ને જણાવ્યું હતું કે બોર્ડ મૃત્યુના ચોક્કસ સંજોગો અને કારણને શોધવામાં મદદ કરવા માટે પુરાવા આધારિત અહેવાલ રજૂ કરશે, જેણે રાજ્યભરમાં વ્યાપક લોકોનું ધ્યાન ખેંચ્યું છે.

# મેરઠ : દલિત મહિલાની હત્યા અને પુત્રીનું અપહરણ, ગામમાં તણાવ, સઘન પોલીસ બંદોબસ્ત

**મેરઠના સરધનામાં એક ચોંકાવનારી ઘટના બની છે. કાપસાદ ગામમાં, એક યુવકે એક દલિત મહિલા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કરીને તેની હત્યા કરી દીધી અને તેની ૨૦ વર્ષની પુત્રી ખેતરમાં ચાલી રહી હતી ત્યારે તેનું અપહરણ કરી લીધું. આ ઘટનાથી વિસ્તારમાં ભારે રોષ ફેલાયો છે**

(એજન્સી) તા.૯

મેરઠના સરધાણા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા કાપસાદ ગામમાં, પારસ રાજપૂત નામના યુવકે એક દલિત મહિલાની હત્યા કરી અને તેની પુત્રીનું અપહરણ કર્યું હતું. આરોપીએ મહિલા પર તીક્ષ્ણ હથિયારથી હુમલો કર્યો જ્યારે તે તેની પુત્રી સાથે ખેતરમાં ચાલી રહી હતી. પોલીસે મુખ્ય આરોપી પારસ અને તેના સાથીઓ સામે કેસ નોંધ્યો છે અને પાંચ ટીમો બનાવી છે. ભૂતકાળની ઓળખાણ અને દુશ્મનાવટને કારણે બનેલી આ ઘટનાએ સમગ્ર વિસ્તારમાં તણાવ ફેલાવ્યો છે.

**હોસ્પિટલમાં અરાજકતા અને ભારે પોલીસ બંદોબસ્ત**

મહિલાના મૃત્યુ બાદ, પરિવારના સભ્યો અને ગ્રામજનોમાં ગુસ્સો ફાટી નીકળ્યો. ગુસ્સે ભરાયેલા ટોળાએ એમ્બ્યુલન્સમાં તોડફોડ કરી અને પોસ્ટમોર્ટમ કરાવવાનો ઈન્કાર કર્યો હતો. ગ્રામજનોએ માંગ કરી હતી કે જ્યાં સુધી છોકરી સ્વસ્થ ન થાય અને આરોપીની ધરપકડ ન થાય ત્યાં સુધી અંતિમ સંસ્કાર ન કરવામાં આવે.

ભીમ આર્મી દ્વારા કલાકો સુધી ચાલેલા હોબાળા અને વિરોધ પ્રદર્શન બાદ, વરિષ્ઠ અધિકારીઓના આશ્વાસન પર પરિવાર પોસ્ટમોર્ટમ માટે સંમત થયો હતો. સાવચેતી રૂપે હાલમાં ગામમાં ભારે પોલીસ દળ તૈનાત કરવામાં આવ્યું છે અને પરિસ્થિતિ નિયંત્રણમાં છે.

**ઘટનાએ રાજકીય વળાંક લીધો**

આ જઘન્ય હત્યા અને અપહરણના કેસમાં હવે રાજકીય વળાંક આવ્યો છે. સપા સુપ્રીમો અખિલેશ યાદવે એક ટ્વિટમાં સરકાર પર નિશાન સાધ્યું છે, જ્યારે બસપાના વડા માયાવતીએ તેને 'અત્યંત દુઃખદ અને શરમજનક' ગણાવ્યું છે. સરધનાના સપા ધારાસભ્ય અતુલ પ્રધાને આ ઘટનાની સખત નિંદા કરી છે અને આરોપીઓ સામે રાષ્ટ્રીય સુરક્ષા કાયદો (NSA) લાગુ કરવાની માંગ કરી છે. મહિલા સુરક્ષાના મુદ્દા પર વિપક્ષે ઉત્તર પ્રદેશ સરકારને ઘેરી લીધી છે, ગુનેગારો સામે શક્ય તેટલી કડક કાર્યવાહી કરવાની માંગણીને પુનરાવર્તિત કરી છે.

**આરોપીઓને પકડવા માટે પોલીસ દરોડા**

SSP વિપિન તાડાએ જણાવ્યું હતું કે આરોપીઓને પકડવા માટે ગ્રામીણ પોલીસ અધિક્ષકની આગેવાની હેઠળ પાંચ ટીમો તૈનાત કરવામાં આવી છે. પોલીસ મુખ્ય આરોપી પારસને શોધી રહી છે, જે સ્થાનિક ડોક્ટર માટે કમ્પાઉન્ડર તરીકે કામ કરતો હતો. પોલીસે ઘણા શંકાસ્પદોની અટકાયત કરી છે અને તેમની પૂછપરછ શરૂ કરી છે. હવે કેસમાં હત્યાના આરોપો ઉમેરવામાં આવ્યા છે. પોલીસનો દાવો છે કે અપહરણ કરાયેલી છોકરી ટૂંક સમયમાં મળી આવશે અને બધા આરોપીઓ જેલના સળિયા પાછળ હશે.

# સોશિયલ મીડિયા પર થયેલી દલીલ બાદ યુપીમાં દલિત કિશોરનું અપહરણ, નિવસ્ત્ર કરી હુમલો કરવામાં આવ્યો

**સોશિયલ મીડિયા પર થયેલી દલીલ બાદ ઉત્તરપ્રદેશના બરેલીમાં ૧૬ વર્ષના દલિત છોકરાનું બંદૂકની અણીએ અપહરણ કરી તેને નિવસ્ત્ર કરી તેને ક્રૂર રીતે માર મારવામાં આવ્યો હોવાનો આરોપ છે. આ ઘટના ૩૧ ડિસેમ્બરે બની હતી, પરંતુ ગત શનિવારે હુમલાનો એક વીડિયો સામે આવ્યો હતો, જેના કારણે પોલીસે કાર્યવાહી શરૂ કરી હતી**

(એજન્સી) તા.૯

પીડિતની માતાના જણાવ્યા અનુસાર, બાઈક પર સવાર હુમલાખોરો દ્વારા તેના પુત્રનું અપહરણ કરવામાં આવ્યું હતું, જે ફરવા જતો હતો અને તેને એક નિર્જન તળાવ વિસ્તારમાં લઈ જવામાં આવ્યો હતો અને તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. સમગ્ર ઘટનાનું રેકોર્ડિંગ કરનારા હુમલાખોરોએ આરોપીની એક બહેન વિશે ઓનલાઈન કરેલી ટિપ્પણીને કારણે તેને નિશાન બનાવ્યો હતો. સર્કલ ઓફિસર આશુતોષ શિવમે જણાવ્યું હતું કે, 'છોકરાના કપડાં ઉતારી દેવામાં આવ્યા હતા, હથિયારોથી માર મારવામાં આવ્યો હતો અને અપમાનિત કરવામાં આવ્યો હતો. તે બાદમાં ત્યાંથી છટકી ગયો અને ઘરે પાછો ફર્યો હતો'. બે સગીર સહિત ત્રણ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે, જ્યારે બે અન્ય હજુ પણ ફરાર છે. ભારતીય ન્યાય સંહિતા, એસસી/એસટી એક્ટ અને આઈટી એક્ટની સંબંધિત કલમો હેઠળ એફઆઈઆર દાખલ કરવામાં આવી છે. એક દૈનિક વેતન મજૂરના પુત્ર એવા પીડિતને તબીબી સારવાર આપવામાં આવ્યા બાદ રજા આપવામાં આવી હતી.


**જળસંપતિ વિભાગ**

**"ઇ" પ્રોક્યુરમેન્ટ નોટીસ નં.૧૯ ( સને ૨૦૨૫-૨૬)**

| | |
|---|---|
| ૧. કામનુ નામ | (૧) મોર્ડનાઇજેશન, રીસ્ટોરેશન એન્ડ રીનોવેશન ઓફ સ્ટ્રક્ચર ઓફ મેઈન કેનાલ ઓફ ખોડિયાર ઈરીગેશન સ્કીમ કેનાલ (ચે. ૮૯૧૦ થી ૧૧૨૪૬) (૨) મોર્ડનાઇજેશન, રીસ્ટોરેશન એન્ડ રીનોવેશન ઓફ સ્ટ્રક્ચર ઓફ મેઈન કેનાલ ઓફ ખોડિયાર ઈરીગેશન સ્કીમ (ચે. ૦ થી ૫૦૩૦) |
| ૨. અદાજીત રકમ | (૧) રૂ. ૩,૫૫,૫૧,૧૭૫.૨૭<br>(૨) રૂ. ૩,૯૯,૯૮,૫૯૮.૦૬ |
| ૩. ટેન્ડર ઓનલાઇન મોકલવાની છેલ્લી તારીખ/સમય | તા.૧૩-૦૨-૨૦૨૬ ૧૮-૦૦ કલાક (IST) સુધી (વેબસાઇટ nwr.nprocure.com) |
| ૪. ઓફીસનું નામ અને સરનામુ ફોન નં. ફેકસ નં. | (૧)કાર્યપાલક ઇજનેરની કચેરી, અમરેલી જળસિંચન વિભાગ, રાજમહેલ કમ્પાઉન્ડ, અમરેલી-૩૬૫૬૦૧ (૦૨૭૯૨) ૨૨૨૦૦૯ ફેકસ (૦૨૭૯૨) ૨૨૩૬૩૭ |

વધુ વિગતો www.statetenders.gujarat.gov.in & www.nprocure.com પર જોઇ શકાશે.
નોંધ:- હવે પછીના કોઇપણ સુધારાઓ હશે તે www.nprocure.com સાઇટ પર ઓનલાઇન સીધા કરવામાં આવશે.
માહિતી/અમર/૫૧૨/૨૦૨૫-૨૬



**જાહેર નોટિસ**

આંક-૦૭

અરજદારના વકીલ શ્રી વાય.એમ.સોલંકી

**અમદાવાદ ખાતેની શહેર દિવાની અદાલતમાં (સિટી સિવિલ કોર્ટ)**

દિવાની પરચુરણ અરજી નં.૬૨૨/૨૦૨૫

અરજદાર :- **શેખ આકિફમોહમ્મદ ઉસ્માનગની** રહે. - ૪, રક્ષા પાર્ક સોસાયટી, દાણીલીમડા, અમદાવાદ.

બાબત:- ગાર્ડીયન એન્ડ વોર્ડઝ એક્ટ, ૧૮૯૦ની કલમ મુજબ શેખ આબેદાબાનુ ઉસ્માનગનીના કાયદેસરના ગાર્ડીયન(વાલી) નિમવા માટેની અરજી.

આથી સર્વે લોકોને તથા આ કામમાં હિત તથા સંબંધ ધરાવતા સર્વે શખ્સોને આ જાહેર નોટિસથી જણાવવામાં આવે છે કે, અરજદાર શેખ આબેદાબાનુ ઉસ્માનગનીના સૌથી મોટા પુત્ર છે. શેખ આબેદાબાનુ ઉસ્માનગનીની હાલની ઉંમર આશરે ૫૭ વર્ષ છે તેઓ માર્ચ ૨૦૨૩થી હાર્ટ એટેકના કારણે સંપુર્ણ સભાન અવસ્થામાં અને હાલમાં પણ સંપુર્ણ સભાન અવસ્થામાં નથી અને પોતાની સારસંભાળ જાતે રાખી શકતા નથી અને પોતાના નિર્ણયો લેવામાં અસમર્થ છે. તેઓના પતિ શેખ ઉસ્માનગની તા.૧૭/૦૩/૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે અને હાલમાં શેખ આબેદાબાનુ ઉસ્માનગનીના સીધી લીટીના વારસદારમાં તેમના એક પુત્ર શેખ આકીફમોહમ્મદ ઉસ્માનગની અને બે પુત્રીઓ નામે શેખ રોમાનાબાનુ ઉસ્માનગની અને શેખ ઉઝમાબાનુ ઉસ્માનગની છે. ઉપરોકત કામમાં બંને બહેનોએ મુક્ત સંમતિથી પોતાના હક્ક જતો કરેલ છે અને તેઓને અરજદાર સાથે કોઈ વાંધો નથી.

શેખ આબેદાબાનુ ઉસ્માનગનીને તેમના પતિ તરફથી મળેલ સ્થાવર મિલકત બહારપુરાના ઈન્ડસ્ટ્રીયલ શેડ્સ C અને Dમાં ભાગ તથા જંગમ મિલકત ફીકસડ ડીપોઝીટ, બચત ખાતા, વિવિધ વસ્તુઓ વિગેરે મિલકતના વ્યવસ્થાપન માટે તથા શેખ આબેદાબાનુ ઉસ્માનગનીની દેખરેખ, સારસંભાળ, તબીબી નિર્ણયો લેવા તથા તેમના કલ્યાણ માટે તેમના વાલી તરીકે નિમવા માટે અરજદારે આ અરજી અત્રેની અદાલતમાં કરેલી છે.

આથી અરજદારની અરજી બાબતે કોઈ પણ શખ્સને કોઈ પણ પ્રકારનો વાંધો યા હરકત હોય તો તેઓએ તા.૦૨/૦૨/૨૦૨૬ના રોજ સવારના ૧૧:૦૦ વાગ્યે જાતે યા માહિતગાર વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં હાજર થવું. જો તેમ કરવામાં કસુર થશે તો હાજર રહેલા પક્ષકારોને સાંભળીને આ અરજીનો કાયદેસર નિકાલ કરવામાં આવશે જેની લાગતા વળગતાઓએ નોંધ લેવી.

આજ તારીખ ૦૮/૦૧/૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર (વી.એન. પ્રિયદર્શી) આસીસ્ટન્ટ

મુકાબલ કરનાર (એમ.યુ.પ્રજાપતિ) બેન્ચ કલાર્ક

સિક્કો

(સુનિતા કે. ભગતાની) I/C રજીસ્ટ્રાર સિટી સિવિલ કોર્ટ, ભદ્ર, લાલ દરવાજા, અમદાવાદ.

# "મોટું ષડયંત્ર" : યુપી SIRમાં ૨.૮૯ કરોડ મતદારોને કાઢી નાખવામાં આવે તેમ હોવાથી વિપક્ષનો 'મોટા પાયે મતાધિકારથી વંચિત' રાખવાનો આરોપ

**ઉત્તરપ્રદેશ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) ડ્રાફ્ટ મતદાર યાદીના પ્રકાશન, જેમાં ૨.૮૯ કરોડ મતદારો-રાજ્યના લગભગ ૧૯ ટકા મતદારો-ને કાઢી નાખવાનો પ્રસ્તાવ છે, તેની વિપક્ષી પક્ષો તરફથી તીવ્ર ટીકા થઈ છે. તેમણે આ કવાયત પાછળ મોટા પાયે મતાધિકારથી વંચિત રહેવા, વહીવટી ઉતાવળ અને રાજકીય હેતુ હોવાનો આરોપ લગાવ્યો છે**

(એજન્સી) તા.૯

મક્તુબ સાથે વાત કરતા, ઉત્તરપ્રદેશ કોંગ્રેસના પ્રમુખ અજય રાયે નામ રદ કરવાને "મોટું ષડયંત્ર" ગણાવ્યું અને સંપૂર્ણ તપાસની માંગ કરી હતી. રાયે ધ્યાન દોર્યું કે બૂથ લેવલ ઓફિસર્સ (BLO) દ્વારા જારી કરાયેલા ૧.૧૩ કરોડ મતદાર ફોર્મ પરત કરવામાં આવ્યા ન હતા, જે પ્રક્રિયાની પ્રામાણિકતા પર ગંભીર પ્રશ્નો ઉભા કરે છે. તેમણે કહ્યું કે, "જો આ કવાયત આટલી ઉતાવળમાં હાથ ધરવામાં ન આવી હોત, તો આંકડા અલગ હોત,". તેમણે ઉમેર્યું કે સુધારણા પ્રક્રિયા દરમિયાન ઘણા BLOના મૃત્યુ થયા હોવાના અહેવાલ છે. સરકાર પર મતદારોને પૂરતો સમય આપવામાં નિષ્ફળ રહીને ઉત્તરપ્રદેશના મતદારોનો અનાદર કરવાનો આરોપ લગાવતા રાયે કહ્યું કે, 'જો રાજ્યનો હેતુ ફક્ત મતદારોને બાકાત રાખવાનો હોત તો ઘણા લોકોના જીવ બચાવી શકાતા હતા'. સમાજવાદી પાર્ટી (SP)એ આ ચિંતાઓનો પડઘો પાડ્યો, ચેતવણી આપી કે હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો અપ્રમાણસર રીતે પ્રભાવિત થઈ શકે છે. સમાજવાદી પાર્ટીના નેતા ફખરૂલ હસન ચાંદે કહ્યું કે પાર્ટી પીડીએ મતદારો (પિછડા, દલિત અને આદિવાસી) બાકાત ન રહે તે સુનિશ્ચિત કરવા માટે સતર્ક રહેશે. તેમણે મીડિયાને જણાવ્યું કે, 'સમાજવાદી પાર્ટીએ સતત પીડીએ મતોનું રક્ષણ કરવા માટે કામ કર્યું છે અને આમ કરવાનું ચાલુ રાખશે' અને સૂચન કર્યું કે આધાર કાર્ડને મતદાર ID સાથે જોડવાથી પારદર્શિતામાં સુધારો થઈ શકે છે. સહારનપુરથી, સપા લોકસભા સાંસદ ઈમરાન મસૂદે મીડિયાને જણાવ્યું કે શહેરમાં લગભગ ૨૫ ટકા મતદારોને દૂર કરવામાં આવ્યા હોય તેવું લાગે છે. તેમણે નામો કાઢી નાખવાના પ્રમાણને 'ખૂબ જ ચિંતાજનક' ગણાવ્યું અને આટલી મોટી સંખ્યામાં નામો કેવી રીતે અને શા માટે કાપી નાખવામાં આવ્યા તે અંગે સ્પષ્ટતા માંગી હતી. તેમણે કહ્યું, "અમે ચૂંટણી પંચ પાસેથી જવાબદારી માંગીએ છીએ, અને સુધારો એવી રીતે થવો જોઈએ કે જેથી ખાતરી થાય કે બધા મતદારો તેમના મતદાન અધિકારનો ઉપયોગ કરી શકે." સપા નેતા રવિદાસ મેહરોત્રાએ પણ આ કવાયતની ટીકા કરી હતી અને કહ્યું હતું કે લાખો નામો દૂર કરવામાં આવ્યા હતા, પરંતુ "યોગ્ય મતદારો ઉમેરવા માટે કોઈ અનુરૂપ પ્રયાસ કરવામાં આવ્યો નથી," જે તેમણે કહ્યું હતું કે ચૂંટણી પંચના આદેશની વિરૂદ્ધ છે. તેમણે મીડિયાને જણાવ્યું કે, "બાકાત કરાયેલા મતદારોને તે જ ઉત્સાહથી શક્ય તેટલી વહેલી તકે પાછા ઉમેરવા જોઈએ, જે ૦રીતે તેમને દૂર કરવામાં આવ્યા હતા". કોંગ્રેસ પ્રવક્તા સુરેન્દ્ર રાજપૂતે આરોપ લગાવ્યો હતો કે લગભગ પાંચમા ભાગના મતદારોને દૂર કરવાથી ભાજપ સરકારની કાયદેસરતા પર પ્રશ્ન ઉઠાવવામાં આવશે. તેમણે ન્યૂઝ એજન્સીને જણાવ્યું કે, "જો લગભગ ૨૦ ટકા મતદારોને દૂર કરવામાં આવ્યા હોય, તો તે પ્રશ્ન ઉઠાવે છે કે શું સરકાર કાયદેસર રીતે રચાઈ હતી". વિપક્ષના દાવાઓને વજન આપતા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુરદીપ સિંહ સપ્પલે કહ્યું કે બધા જરૂરી દસ્તાવેજો સબમિટ કરવા છતાં તેમનું પોતાનું અને તેમના પરિવારના સભ્યોનું નામ કાઢી નાખવામાં આવ્યું હતું. 'અમારા નામ ૨૦૦૩ની યાદીમાં અને છેલ્લી ચૂંટણીની યાદીમાં હતા. અમારી પાસે અમારા ફોર્મ સબમિટ કરવામાં આવ્યા હતા તે સાબિત



કરવા માટે રસીદો પણ છે,' તેમણે SIR પ્રક્રિયાને 'ઈરાદાપૂર્વક જટિલ' અને ખામીયુક્ત ગણાવી હતી. X પર એક પોસ્ટમાં, સપ્પલે આરોપ લગાવ્યો કે કરોડો મતદારો છે જેમના નામ આ જ કારણોસર કાઢી નાખવામાં આવ્યા છે. તેમણે લખ્યું કે, "વધુમાં, હું કોઈ અજાણ્યો વ્યક્તિ નથી. મેં ભારતના ઉપરાષ્ટ્રપતિ અને રાજ્યસભા સચિવાલયમાં સંયુક્ત સચિવ તરીકે કામ કર્યું છે. હું કોંગ્રેસ કાર્યકારી સમિતિનો સભ્ય અને ટીવી પર એક પરિચિત ચહેરો પણ છું. હકીકતમાં, હું SIR અને અન્ય મુદ્દાઓ પર ચૂંટણી પંચને કોંગ્રેસના પ્રતિનિધિમંડળનો પણ ભાગ રહ્યો છું. BLO પણ આથી પરિચિત છે. છતાં અમારા નામ કાઢી નાખવામાં આવ્યા હતા !'. શાસક પક્ષ દ્વારા વિપક્ષના આરોપોને નકારી કાઢવામાં આવ્યા છે. ઉત્તરપ્રદેશના મંત્રી જયવીર સિંહે એમ કહીને ટીકાકારોને આ કવાયતનું રાજકારણ ન કરવા વિનંતી કરી કે SIRએ 'બોગસ, મૃત, ડુપ્લિકેટ અથવા સ્થળાંતરિત મતદારોને સ્વચ્છ અને વિશ્વસનીય મતદાર યાદી સુનિશ્ચિત કરવા' માટે ચૂંટણી પંચની પહેલ છે. તેમણે મીડિયાને જણાવ્યું કે, 'જે મતદારોના નામ કાઢી નાખવામાં આવ્યા છે તેઓ તેમને પુનઃસ્થાપિત કરાવી શકે છે. જમીન પર BLO દ્વારા સુધારા અને ચકાસણી માટેની સ્પષ્ટ જોગવાઈ છે,' અને આરોપોને બંધારણીય સંસ્થાને નબળી પાડવાના પાયાવિહોણા પ્રયાસો ગણાવીને ફગાવી દીધા. ચૂંટણી અધિકારીઓએ પણ પ્રક્રિયાનો બચાવ કર્યો છે. પત્રકાર પરિષદને સંબોધતા, મુખ્ય ચૂંટણી અધિકારી નવદીપ રિનવાએ જણાવ્યું હતું કે મતદારોએ પહેલા ડ્રાફ્ટ યાદીમાં તેમના નામ તપાસવા જોઈએ અને ભૂલો અથવા ફેરફારોના કિસ્સામાં ફોર્મ ૮ ફાઈલ કરવું જોઈએ. તેમણે કહ્યું કે દાવા અને વાંધાઓની બારી એક મહિના માટે, ૬ ફેબ્રુઆરી સુધી ખુલ્લી રહેશે, સુનાવણી અને ચકાસણી ૨૭ ફેબ્રુઆરી સુધી ચાલુ રહેશે. ચૂંટણી પંચના ડેટા અનુસાર, ૨.૮૯ કરોડ સૂચિત કાઢી નાખવામાં આવેલા મતદારોમાંથી, ૪૬.૨૩ લાખ મતદારો મૃત હોવાનું જાણવા મળ્યું, ૨.૧૭ કરોડ ગેરહાજર હતા અથવા સ્થળાંતરિત થયા હતા અને ૨૫.૪૭ લાખ મતદારોની બહુવિધ નોંધણીઓ હતી. ઉત્તરપ્રદેશે અત્યાર સુધી SIR હાથ ધરવામાં આવેલા તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં સૌથી વધુ કાઢી નાખવાની સંખ્યા નોંધાવી છે, જે તમિલનાડુ અને ગુજરાતને પાછળ છોડી દે છે.

# વૈષ્ણોદેવી મેડિકલ કોલેજ : MBBS પરવાનગી રદ, રાજકીય પક્ષોએ તેને શિક્ષણનું સાંપ્રદાયિકરણ ગણાવ્યું

**જમ્મુ અને કાશ્મીરમાં શ્રી માતા વૈષ્ણોદેવી ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલેન્સમાંથી MBBS પ્રવેશ પરવાનગી પાછી ખેંચવાની રાજ્યના રાજકીય પક્ષો દ્વારા ટીકા કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ કહ્યું છે કે દેશના અન્ય ભાગોમાં, લોકો તેમના વિસ્તારોમાં મેડિકલ કોલેજો સ્થાપિત કરવા માટે સંઘર્ષ કરે છે, પરંતુ અહીં મેડિકલ કોલેજ બંધ કરવા માટે લડાઈ કરે છે**

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જમ્મુ અને કાશ્મીરમાં શ્રી માતા વૈષ્ણોદેવી (SMVD) ઈન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ એક્સેલન્સને આપવામાં આવેલી MBBS પ્રવેશ પરવાનગી પાછી ખેંચી લીધા બાદ રાષ્ટ્રીય તબીબી આયોગ (NMC)એ તીવ્ર રાજકીય પ્રતિક્રિયાઓ આપી છે. NMCએ 'લઘુત્તમ ધોરણોના પાલનમાં ગંભીર ખામીઓ' ગણાવીને SMVD યુનિવર્સિટીને જારી કરાયેલ પત્ર (LOP) પાછો ખેંચી લીધો છે. યુનિવર્સિટીનું બોર્ડ તબીબી સંસ્થાનું સંચાલન કરે છે. ઉલ્લેખનીય છે કે ગયા વર્ષે, NEET રેન્કિંગના આધારે પ્રથમ બેચમાં પ્રવેશ મેળવનારા ૫૦ વિદ્યાર્થીઓમાંથી ૪૭ મુસ્લિમ, એક શીખ અને ફક્ત બે હિન્દુ હતા. આ પછી, હિન્દુત્વવાદી સંગઠનો અને ભાજપના નેતાઓએ મેરિટ લિસ્ટનો વિરોધ શરૂ કર્યો. તેમણે સંસ્થાને બંધ કરવાની માંગ કરી, દલીલ કરી કે તે હિન્દુ યાત્રાળુઓના દાન પર ચલાવવામાં આવે છે અને તેથી, MBBS બેઠકો ફક્ત હિન્દુ વિદ્યાર્થીઓ માટે અનામત રાખવી જોઈએ.



**રાજકીય પ્રતિક્રિયાઓ**

NMCના આ પગલાથી તીવ્ર રાજકીય પ્રતિક્રિયાઓ ફેલાઈ છે. જમ્મુ અને કાશ્મીરના નેતાઓએ તેને શિક્ષણનું 'સાંપ્રદાયિકરણ' ગણાવ્યું છે. જમ્મુ અને કાશ્મીરના ભૂતપૂર્વ મુખ્યમંત્રી અને પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)ના પ્રમુખ, મહેબૂબા મુફતીએ મીડિયાને જણાવ્યું હતું કે આ નિર્ણય શિક્ષણના 'સાંપ્રદાયિકરણના નુકસાનકારક પરિણામો'ને સ્પષ્ટપણે ઉજાગર કરે છે. તેમણે કહ્યું, 'રોગની સારવાર કરવાને બદલે, દર્દીને તેની પોતાની ભૂલ વિના સજા આપવામાં આવી રહી છે.' મુફતીએ વધુમાં કહ્યું કે વધુ ચિંતાજનક બાબત એ છે કે જો 'SMVD જેવી પ્રતિષ્ઠિત સંસ્થા સાથે આવું થઈ શકે છે, તો તે અન્યત્ર પણ પુનરાવર્તન થઈ શકે છે, જે મહેનતુ યુવાનોના ભવિષ્યને ગંભીર રીતે જોખમમાં મૂકે છે.' તેમણે કહ્યું, 'આ નિર્ણય એવા સમયે આવ્યો છે જ્યારે ભાજપ ધાર્મિક આધાર પર પ્રવેશ પ્રતિબંધિત કરવાની વાત કરી રહી છે, જે તેને વધુ ખતરનાક બનાવે છે. કમનસીબે, આપણા મુખ્યમંત્રી પણ આ નિર્ણય સાથે ઉભા હોય તેવું લાગે છે, જે ગંભીર શંકાઓ અને ચિંતાઓ ઊભી કરે છે.' જો કે, જમ્મુ અને કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ પણ આ પગલાની આકરી ટીકા કરી હતી. તેમણે કહ્યું, 'દેશના અન્ય ભાગોમાં, લોકો તેમના વિસ્તારોમાં મેડિકલ કોલેજો લાવવા માટે સંઘર્ષ કરે છે, પરંતુ અહીં મેડિકલ કોલેજ બંધ કરવા માટે લડાઈ લડવામાં આવી હતી.' સાંબામાં પત્રકારો સાથે વાત કરતા તેમણે કહ્યું, 'તમે જમ્મુ અને કાશ્મીરના યુવાનોના ભવિષ્ય સાથે રમત રમી છે. જો તમને જમ્મુ અને કાશ્મીરના યુવાનોના ભવિષ્યને બગાડવામાં આનંદ મળે છે, તો ઉજવણી કરો અને ફટાકડા ફોડો. એક નિવેદનમાં, તેમની પાર્ટી, નેશનલ કોન્ફરન્સના રાજ્ય પ્રવક્તા, ઈમરાન નબી ડારે કહ્યું કે આ પગલું 'શિક્ષણ પ્રત્યે ભાજપની બેદરકારી અને અસંવેદનશીલ વલણને ઉજાગર કરે છે' અને પાર્ટી પર યુવાનોના કરિયર સાથે ખતરનાક રાજકારણ રમવાનો આરોપ લગાવ્યો. તેમણે કહ્યું, 'સ્વતંત્ર ભારતમાં આ કદાચ પહેલો કિસ્સો છે જ્યાં એક સાંપ્રદાયિક રીતે વિભાજીત કરનાર પક્ષ મેડિકલ કોલેજની માન્યતા રદ કરવાની ઉજવણી કરી રહ્યો છે. આ વ્યવહારીક રીતે એક ભયાનક પરિસ્થિતિ અને જમ્મુના લોકો માટે દુઃખદ ક્ષણ છે.' દારે દાવો કર્યો કે આ નિર્ણય આકસ્મિક કે તકનીકી ન હતો, પરંતુ ગુનાહિત બેદરકારી અને ઊંડી ખામીયુક્ત, સાંપ્રદાયિક વહીવટી વિચારસરણીનું પરિણામ હતું. તેમણે કહ્યું, 'કેન્દ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશો બંને પર સંપૂર્ણ નિયંત્રણ હોવા છતાં, ભાજપ ફરજિયાત મેડિકલ કાઉન્સિલના ધોરણોનું મૂળભૂત પાલન સુનિશ્ચિત કરવામાં નિષ્ફળ ગયો. આ અચાનક ખામીઓ ગંભીર પ્રશ્નો ઊભા કરે છે, અને આ પગલું ભાજપના વિભાજનકારી એજન્ડાને છુપાવવાનો પ્રયાસ હોય તેવું લાગે છે. જમ્મુ અને કાશ્મીર કોંગ્રેસના પ્રવક્તા રવિન્દર શર્માએ કહ્યું, 'ભાજપે સમજાવવું જોઈએ કે પવિત્ર માતા વૈષ્ણોદેવીના નામ પર આવેલી એક અગ્રણી તબીબી સંસ્થા બંધ કરીને જમ્મુને શું મળ્યું. જેપી નડ્ડાના નેતૃત્વ હેઠળના આરોગ્ય મંત્રાલયની નિષ્ફળતાને છુપાવવા માટે નિયમો બદલવાને બદલે, જમ્મુ પ્રદેશને નુકસાન થયું.' આ અગાઉ, કમિશનની એક ટીમે ૩ જાન્યુઆરીએ રિયાસી જિલ્લાના કાક્રયાલ વિસ્તારમાં સ્થિત સંસ્થાનું 'અચાનક નિરીક્ષણ' કર્યું હતું. SMVD સંઘર્ષ સમિતિના કન્વીનર સુખવીર સિંહ માનકોટિયાએ ૪ જાન્યુઆરીએ એક નિવેદન બહાર પાડ્યું હતું, જેમાં જણાવ્યું હતું કે નિરીક્ષણ 'સમિતિની વિનંતી' પર કરવામાં આવ્યું હતું. આ અગાઉ, હિન્દુત્વ જૂથો દ્વારા સમર્થિત સમિતિએ જમ્મુમાં મોટા આંદોલનની ચેતવણી આપી હતી, જેમાં મેરિટ યાદીમાં ફક્ત બે હિન્દુ વિદ્યાર્થીઓના સમાવેશને 'હિન્દુઓ સામે ભેદભાવ' ગણાવ્યો હતો. સમિતિનો દાવો છે કે સંસ્થામાં મુસ્લિમ અને બિન-હિન્દુ વિદ્યાર્થીઓની હાજરી કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ તરફ દોરી શકે છે. NMCએ આ વર્ષે પ્રવેશ મેળવનારા ૫૦ વિદ્યાર્થીઓને કેન્દ્રશાસિત પ્રદેશની અન્ય સરકારી મેડિકલ કોલેજોમાં ટ્રાન્સફર કરવાનો નિર્દેશ આપ્યો છે.

# ગ્રીનલેન્ડ કટોકટી : ડેનમાર્કની નીતિ-'પહેલા ગોળી મારો, પછી પૂછો', અમેરિકાએ રોકડ ઓફર કરી

**ગ્રીનલેન્ડ મુદ્દે અમેરિકા-યુરોપના વધતા તણાવ વચ્ચે, ડેનમાર્કે કહ્યું કે, 'પહેલા ગોળી મારો, પછી પૂછો'ના લશ્કરી નિર્દેશ આપવામાં આવ્યા છે. અમેરિકા ગ્રીનલેન્ડવાસીઓને અમેરિકા પ્રત્યેની વફાદારીના બદલામાં ૧૦,૦૦૦થી ૧,૦૦,૦૦૦ ડોલર ચૂકવવા તૈયાર છે. આખું યુરોપ ગ્રીનલેન્ડની સાથે ઊભું છે**

(એજન્સી) તા.૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ગ્રીનલેન્ડ પર નિયંત્રણ મેળવવાના વારંવારના પ્રયાસોએ એક નવો આંતરરાષ્ટ્રીય વિવાદ ઊભો કર્યો છે. ટ્રમ્પે ગ્રીનલેન્ડને યુએસ રાષ્ટ્રીય સુરક્ષા માટે આવશ્યક ગણાવ્યું છે અને તેને મેળવવા માટે તમામ વિકલ્પો પર વિચાર કરવાની પ્રતિજ્ઞા લીધી છે, જેમાં લશ્કરી કાર્યવાહીનો પણ સમાવેશ થાય છે. જવાબમાં, ડેનમાર્કે 'પહેલા ગોળી મારો, પછી વાત કરો'ની તેની લાંબા સમયથી ચાલતી લશ્કરી નીતિનો ઉલ્લેખ કર્યો છે. ગ્રીનલેન્ડના રહેવાસીઓને રોકડ ચુકવણીની ઓફર કરીને ડેનમાર્કથી અલગ થવા માટે સમજાવવા માટે યુએસ અધિકારીઓ વચ્ચે ચર્ચા ચાલી રહી છે. ગ્રીનલેન્ડ વિશ્વનો સૌથી મોટો ટાપુ છે અને ડેનિશ સ્વાયત્ત પ્રદેશ છે. તેની વસ્તી આશરે ૫૭,૦૦૦ છે અને તે આર્ક્ટિક ક્ષેત્રમાં વ્યૂહાત્મક રીતે મહત્વપૂર્ણ છે. તેમાં દુર્લભ ખનીજોના ભંડાર છે અને યુએસ મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ માટે લશ્કરી થાણું છે. ટ્રમ્પ ૨૦૧૯થી ગ્રીનલેન્ડ મેળવવા અથવા તેને નિયંત્રિત કરવાની વાત કરી રહ્યા છે, પરંતુ તેમના તાજેતરના નિવેદનોએ તણાવ વધાર્યો છે. વ્હાઈટ હાઉસે સ્પષ્ટપણે જણાવ્યું છે કે ગ્રીનલેન્ડ મેળવવું એ યુએસ માટે રાષ્ટ્રીય સુરક્ષા પ્રાથમિકતા છે અને લશ્કરી બળના ઉપયોગ સહિત તમામ વિકલ્પો ખુલ્લા છે.

**ડેનમાર્કની કડક ચેતવણી અને 'પહેલા ગોળીબાર કરો' નીતિ**

ડેનિશ સંરક્ષણ મંત્રાલયે પુષ્ટિ આપી છે કે ૧૯૫૨નો જૂનો લશ્કરી નિર્દેશ હજુ પણ અમલમાં છે, જેમાં કહેવામાં આવ્યું છે કે જો કોઈ વિદેશી દળ ગ્રીનલેન્ડ અથવા ડેનમાર્ક પર આક્રમણ કરે છે, તો સૈનિકોએ ઉચ્ચ આદેશોની રાહ જોયા વિના તરત જ બદલો લેવો જોઈએ-એટલે કે, 'પહેલા ગોળીબાર કરો, પછી પ્રશ્નો પૂછો.' આ નિર્દેશ શીત યુદ્ધ યુગનો છે અને ડેનિશ અખબાર બર્લિંગસ્કે દ્વારા પ્રકાશિત કરવામાં આવ્યો હતો. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું હતું કે આ નિયમ આજે પણ સંપૂર્ણપણે અસરકારક છે. ડેનિશ વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેને ચેતવણી આપી છે કે જો યુએસ ગ્રીનલેન્ડ સામે લશ્કરી કાર્યવાહી કરે છે, તો તે નાટો જોડાણનો અંત હશે.તેમણે કહ્યું કે, 'ગ્રીનલેન્ડ વેચાણ માટે નથી અને યુએસે તેના સાથીની સાર્વભૌમત્વનું સન્માન કરવું જોઈએ'. ગ્રીનલેન્ડના વડા પ્રધાન જેન્સ-ફ્રેડરિક નીલ્સને પણ ટ્રમ્પના નિવેદનોને 'કાલ્પનિક' ગણાવતા કહ્યું, 'બસ હવે બહુ થયું. ફક્ત અમે જ ગ્રીનલેન્ડનું ભવિષ્ય નક્કી કરીશું.'



**યુરોપિયન દેશો ગ્રીનલેન્ડ અને ડેનમાર્કના પડખે**

યુરોપિયન દેશોએ ડેનમાર્કને સંપૂર્ણ ટેકો આપ્યો છે. ફ્રાન્સ, જર્મની, બ્રિટન, ઈટાલી, પોલેન્ડ, સ્પેન અને ડેનમાર્કના નેતાઓએ એક સંયુક્ત નિવેદન બહાર પાડીને કહ્યું કે ગ્રીનલેન્ડ તેના લોકોનું છે અને ફક્ત ડેનમાર્ક અને ગ્રીનલેન્ડ જ નિર્ણય લેશે. યુએસ સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રૂબિયોએ આવતા અઠવાડિયે ડેનિશ અધિકારીઓ સાથે વાત કરવાનું વચન આપ્યું છે, પરંતુ તેમણે લશ્કરી કાર્યવાહીની શક્યતાને સંપૂર્ણપણે નકારી કાઢી નથી.

**ગ્રીનલેન્ડના રહેવાસીઓ માટે રોકડ ચુકવણી યોજના**

ટ્રમ્પ વહીવટીતંત્રમાં ચર્ચા થઈ રહેલી બીજી યોજના એ છે કે દરેક ગ્રીનલેન્ડના રહેવાસીને ડેનમાર્કથી અલગ થવા અને યુનાઈટેડ સ્ટેટ્સમાં જોડાવા માટે પ્રોત્સાહિત કરવા માટે $૧૦,૦૦૦થી $૧૦૦,૦૦૦ (આશરે રૂા.૮૦૦,૦૦૦ અને રૂા.૮૦૦,૦૦૦)ની એક સાથે ચુકવણી પૂરી પાડવામાં આવે. મીડિયાના અહેવાલ મુજબ, સૂત્રોએ જણાવ્યું હતું કે વ્હાઈટ હાઉસમાં આ અંગે ગંભીર વિચારણા ચાલી રહી છે. કુલ રકમ $૬ બિલિયન જેટલી હોઈ શકે છે. આ યોજના પહેલા ગ્રીનલેન્ડને સ્વતંત્રતા આપવાનો અને પછી યુનાઈટેડ સ્ટેટ્સ સાથે કરાર કરવાનો પ્રયાસ કરે છે. ગ્રીનલેન્ડના મોટાભાગના લોકો ડેનમાર્કથી સ્વતંત્રતા ઈચ્છે છે પરંતુ યુનાઈટેડ સ્ટેટ્સનો ભાગ બનવાનો વિરોધ કરે છે. નિષ્ણાતો કહે છે કે આ યોજના 'વ્યવહાર' જેવી દેખાઈ શકે છે અને ગ્રીનલેન્ડિક લોકોની સ્વતંત્રતાની ભાવનાને નુકસાન પહોંચાડી શકે છે.

# જો યુરોપ ગ્રીનલેન્ડની સુરક્ષાને ગંભીરતાથી નહીં લે તો વોશિંગ્ટન કાર્યવાહી કરશે : જેડી વાન્સ

**યુએસ ઉપપ્રમુખે ચેતવણી આપી છે કે 'પ્રતિકૂળ વિરોધીઓ'એ આ ક્ષેત્રમાં નોંધપાત્ર રસ દાખવ્યો છે**

(એજન્સી) ઈસ્તાંબુલ, તા.૯

યુએસ ઉપપ્રમુખ જેડી વાન્સે યુરોપિયન દેશોને ગ્રીનલેન્ડની સુરક્ષાને 'વધુ ગંભીરતાથી' લેવા વિનંતી કરી, ચેતવણી આપી કે જો તેઓ કાર્યવાહી કરવામાં નિષ્ફળ જશે તો અમેરિકા હસ્તક્ષેપ કરશે.

વાન્સે પત્રકારોને જણાવ્યું કે, 'અમે અમારા યુરોપિયન મિત્રોને જે કરવા માટે કહી રહ્યા છીએ તે એ છે કે તે ભૂમિ સમૂહની સુરક્ષાને વધુ ગંભીરતાથી લે, કારણ કે જો તેઓ કાર્યવાહી નહીં કરે, તો યુનાઈટેડ સ્ટેટ્સે તેના વિશે કંઈક કરવું પડશે'.

ઉપપ્રમુખે વોશિંગ્ટન શું પગલાં લઈ શકે છે તે સ્પષ્ટ કરવાનો ઈન્કાર કર્યો, કહ્યું કે તેઓ યુરોપિયન ભાગીદારો સાથે રાજદ્વારી જોડાણ ચાલુ હોવાથી તે નિર્ણય યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ પર છોડી દેશે.

યુએસ વિદેશ સચિવ માર્કો રૂબિયોએ જણાવ્યું હતું કે કોપનહેગન દ્વારા વાટાઘાટોની વિનંતી કર્યા પછી તેઓ આવતા અઠવાડિયે ડેનિશ અધિકારીઓને મળશે. ડેનમાર્કના સંરક્ષણ પ્રધાન ટ્રોએલ્સ લુંડ પોલ્સને આ બેઠકને 'ખરેખર સારા સમાચાર' ગણાવ્યા હતા.

વાન્સે પ્રદેશના વ્યૂહાત્મક મહત્વ પર ભાર મૂક્યો, નોંધ્યું કે ગ્રીનલેન્ડ ફક્ત અમેરિકન મિસાઈલ સંરક્ષણ માટે જ નહીં પરંતુ વૈશ્વિક સુરક્ષા માટે મહત્વપૂર્ણ છે. તેમણે ચેતવણી આપી હતી કે 'પ્રતિકૂળ વિરોધીઓ'એ આ ક્ષેત્રમાં નોંધપાત્ર રસ દાખવ્યો છે.

વાન્સે કહ્યું કે, 'યુરોપિયન નેતાઓ અને અન્ય કોઈપણને મારી સલાહ એ રહેશે કે તેઓ યુનાઈટેડ સ્ટેટ્સના રાષ્ટ્રપતિને ગંભીરતાથી લે'.

**યુએસ રાષ્ટ્રપતિ લીઝ અથવા સંધિ વ્યવસ્થાને બદલે ગ્રીનલેન્ડની માલિકી પર આગ્રહ રાખે છે**

ટ્રમ્પે ભારપૂર્વક જણાવ્યું હતું કે લીઝ અથવા સંધિઓ જેવી વૈકલ્પિક વ્યવસ્થાઓને અનુસરવાને બદલે યુનાઈટેડ સ્ટેટ્સે ગ્રીનલેન્ડની સંપૂર્ણ માલિકી રાખવી જોઈએ.

ટ્રમ્પે મીડિયાને કહ્યું કે, 'માલિકી ખૂબ જ મહત્વપૂર્ણ છે,કારણ કે સફળતા માટે મને લાગે છે કે માનસિક રીતે તે જરૂરી છે.'

તેમણે એમ કહીને સમજાવ્યું કે આર્કટિક પ્રદેશનો કબજો હસ્તાક્ષરિત



દસ્તાવેજો દ્વારા ઉપલબ્ધ ફાયદાઓ પ્રદાન કરે છે, માલિકી લીઝ અથવા સંધિ કરારોમાંથી મેળવવા અશક્ય તત્વો પ્રદાન કરે છે.

ગ્રીનલેન્ડ હસ્તગત કરવું કે નાટોનું રક્ષણ કરવું તે ઉચ્ચ પ્રાથમિકતા ધરાવે છે કે કેમ તે પૂછવામાં આવતા, ટ્રમ્પે જવાબ આપવાનું ટાળ્યું પરંતુ પરિસ્થિતિને સ્વીકારી 'એક પસંદગી હોઈ શકે છે.'

તેમણે અગાઉ કહ્યું હતું કે ટ્રાન્સએટલાન્ટિક જોડાણ મૂળભૂત રીતે અમેરિકન ભાગીદારી વિના અર્થહીન છે અને દાવો કર્યો કે રશિયા અને ચીન ફક્ત તેમના નેતૃત્વને કારણે જોડાણથી ડરે છે.

આર્કટિકમાં રશિયા અને ચીનનો સામનો કરવાની જરૂરિયાતનો ઉલ્લેખ કરીને, ટ્રમ્પે ડેનમાર્કથી ગ્રીનલેન્ડ મેળવવાના પ્રયાસો ફરી શરૂ કર્યા છે.

વ્હાઈટ હાઉસના પ્રવક્તા કેરોલિન લીવિટે પુષ્ટિ આપી છે કે બધા વિકલ્પો ટેબલ પર છે, જ્યારે રુબિયોએ કાયદા ઘડનારાઓને જણાવ્યું હતું કે ટ્રમ્પ આ પ્રદેશ ખરીદવાનો ઈરાદો ધરાવે છે અને તાત્કાલિક લશ્કરી આક્રમણની યોજના બનાવી રહ્યા નથી.

ડેનમાર્કના વડાપ્રધાન મેટ્ટે ફ્રેડરિકસેને ટ્રમ્પને 'ધમકીઓ બંધ કરવા' વિનંતી કરી છે.

ડેનમાર્ક રાજ્યમાં એક સ્વાયત્ત પ્રદેશ, ગ્રીનલેન્ડે, વારંવાર યુએસને સાર્વભૌમત્વ ટ્રાન્સફર સૂચવતા પ્રસ્તાવોને નકારી કાઢ્યા છે.

# ટ્રમ્પ : ફક્ત મારી 'પોતાની નૈતિકતા' જ મને રોકી શકે છે, આંતરરાષ્ટ્રીય કાયદો નહીં

**'મારી પોતાની નૈતિકતા મારૂં પોતાનું મન તે એકમાત્ર વસ્તુ છે જે મને રોકી શકે છે' : યુએસ પ્રમુખ**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૯

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે એકમાત્ર વસ્તુ જે તેમને રોકી શકે છે તે તેમની 'પોતાની નૈતિકતા' છે- આંતરરાષ્ટ્રીય કાયદો નહીં.

શું તેમની વૈશ્વિક શક્તિઓ પર કોઈ મર્યાદા છે કે કેમ તે પૂછવામાં આવતા, ટ્રમ્પે મીડિયાને આપેલા એક ઈન્ટરવ્યુમાં કહ્યું : 'હા, એક વસ્તુ છે. મારી પોતાની નૈતિકતા. મારૂં પોતાનું મન. તે એકમાત્ર વસ્તુ છે જે મને રોકી શકે છે.'



ટ્રમ્પે કહ્યું કે, 'મને આંતરરાષ્ટ્રીય કાયદાની જરૂર નથી' અને ઉમેર્યું કે, 'હું લોકોને નુકસાન પહોંચાડવા માંગતો નથી.'

જ્યારે તેમના વહીવટને આંતરરાષ્ટ્રીય કાયદાનું પાલન કરવાની જરૂર છે કે કેમ તે અંગે ભારપૂર્વક પૂછવામાં આવ્યું, ત્યારે ટ્રમ્પે કહ્યું, 'હું કરૂં છું,' પરંતુ ઉમેર્યું કે, 'તે આંતરરાષ્ટ્રીય કાયદાની તમારી વ્યાખ્યા શું છે તેના પર આધાર રાખે છે.'

# 'આંસુ સાર્યા હતા' : SIRની લાઈનમાં ઊભેલા ૩૮ વર્ષીય બંગાળી વ્યક્તિનું હાર્ટ એટેકથી મોત; પરિવારે પ્રક્રિયાના તણાવને જવાબદાર ગણાવ્યો

(એજન્સી) કોલકાતા, તા.૯

પશ્ચિમ બંગાળના મધ્યમગ્રામના બાદુ નિવાસી ૩૮ વર્ષીય રમઝાન અલીનું ગુરૂવારે સવારે હાર્ટ એટેકથી અવસાન થયું હતું. તેઓ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (SIR) પ્રક્રિયા હેઠળ સુધારા માટેની સુનાવણીની લાંબી લાઈનમાં ઊભા હતા ત્યારે અચાનક ઢળી પડ્યા હતા. પરિવારજનોએ આરોપ લગાવ્યો છે કે SIR સુનાવણી માટે નોટિસ મળ્યા ત્યારથી જ રમઝાન ગંભીર ચિંતા અને તણાવમાં હતા અને આ પ્રક્રિયાના ભયે જ આખરે તેમનો જીવ લીધો.

સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, ડ્રાઈવર તરીકે કામ કરતા રમઝાન, SIR હેઠળ નામોમાં સુધારો કરાવવા માટે તેમની માતા સલમા બેગમ સાથે બારાસાત બ્લોક II BDO ઓફિસ ગયા હતા. તેમના પિતરાઈ ભાઈ શેખ ગુલામ અલીએ કહ્યું, 'ઠંડીમાં લાંબા સમય સુધી લાઈનમાં ઉભા



રહેવા દરમિયાન તે બીમાર પડ્યો અને ઢળી પડ્યો.' સ્થાનિકો તેને સાનબેરિયા ગ્રામીણ આરોગ્ય કેન્દ્ર લઈ ગયા, જ્યાં ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો. રમઝાનની માતા સલમા બેગમે રડતાં-રડતાં કહ્યું, 'જે દિવસથી મારા પુત્રને SIRની નોટિસ મળી હતી, ત્યારથી તે ભારે તણાવમાં હતો. ૨૦૦૨ની મતદાર યાદીમાં અમારા નામ નહોતા. તે વારંવાર મને પૂછતો હતો કે આપણે ક્યાં જઈશું અને શું આપણને આ દેશમાંથી કાઢી મૂકવામાં આવશે. તે રડી પણ પડ્યો હતો. મેં કોઈક રીતે તેને સમજાવ્યો અને સુનાવણી માટે અહીં લાવી. મેં ક્યારેય કલ્પના નહોતી કરી કે મારો પુત્ર આ રીતે મૃત્યુ પામશે.'

આ દુઃખદ ઘટના બાદ, રાજ્યના ખાદ્ય અને પુરવઠા મંત્રી રથિન ઘોષ, મધ્યમગ્રામ નગરપાલિકાના ચેરપર્સન નિમાઈ ઘોષ અને અન્ય સ્થાનિક તૃણમૂલ નેતાઓએ શોકગ્રસ્ત પરિવારની મુલાકાત લીધી હતી અને તેમને આર્થિક સહાયની ખાતરી આપી હતી. ખાદ્ય મંત્રીએ આ ઘટનાની નિંદા કરતા આરોપ લગાવ્યો કે રાજ્યમાં SIR પ્રક્રિયાના સંબંધમાં ૫૦થી વધુ લોકોના મોત થયા છે.

‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ને અનુલક્ષીને જાહેરનામું

# સફારી-ગુડલક-ભીડિયા સર્કલ, ત્રિવેણી-હિરણથી કાજલી સુધી ‘નો ફ્લાઈંગ ઝોન’, ‘નો પાર્કિંગ ઝોન’ અને ભારે વાહનો માટે પણ પ્રવેશ પ્રતિબંધ

પ્રભાસપાટણ, તા.૯

સોમનાથ ખાતે ‘સોમનાથ સ્વાભિમાન પર્વ’ની ઉજવણી થઈ રહી છે. આ ઉજવણીમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પણ તા.૧૦ અને તા.૧૧ જાન્યુઆરી દરમિયાન સહભાગી થશે. વડાપ્રધાનના સોમનાથ પ્રવાસ અનેકવિધ કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા મેજિસ્ટ્રેટ એન.વી. ઉપાધ્યાયે જાહેરનામું પ્રસિદ્ધ કરી અને તા.૧૦/૧/૨૬ના રોજ સવારે ૮.૦૦ કલાકથી તા.૧૧/૦૧/૨૬ના રાત્રે ૮ વાગ્યા સુધી ‘નો ફ્લાઈંગ ઝોન’, ‘નો પાર્કિંગ ઝોન’ અને ભારે વાહનો માટે પ્રવેશ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

જેમાં સફારી સર્કલથી ગુડલક સર્કલ, લીલાવતી ભવન, હમીરજી સર્કલ, પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન, પ્રજાપતી ધર્મશાળા, ત્રિવેણી રોડથી ગોલોકધામ હેલીપેડ સુધીનો રોડ તેમજ સફારી સર્કલથી નવા સિમેન્ટ રોડ, પ્રજાપતિ ધર્મશાળા સુધીના રોડ તેમજ સફારી સર્કલથી શિવ ચોકી થઈ ભીડિયા સર્કલ સુધીના રોડ અને સદભાવના મેદાન, હિરણ નદીથી કાજલી સુધીના રોડ આસપાસના વિસ્તારોને ડ્રોન ફ્લાઈંગ માટે ‘નો ફ્લાઈંગ ઝોન’ જાહેર કરવામાં આવ્યા છે. તેમજ તા.૧૦ અને તા.૧૧/૦૧/૨૬ દરમિયાન સરકારી કાર્યક્રમોમાં ઉપયોગ થનાર ડ્રોનને જાહેરનામામાંથી મુક્તિ આપવામાં આવી છે.

જ્યારે પ્રભાસ પાટણના સોમનાથ ટ્રસ્ટ હસ્તકના ગૌલોકધામ હેલીપેડથી લઈ પ્રજાપતિ ધર્મશાળા થઈ હમીરજી સર્કલથી ગુડલક સર્કલ (શંખ સર્કલ) તેમજ સફારી સર્કલથી શીવ ચોકી થઈ ભીડિયા સર્કલ સુધી તમામ પ્રકારના ભારે વાહનો પર અવર-જવર પ્રતિબંધ મૂકી ‘નો પાર્કિંગ ઝોન’ જાહેર કરાયો છે. જેના વૈકલ્પિક રૂટ તરીકે સફારી સર્કલથી વેરાવળ જી.આઈ.ડી.સી તરફ જનાર વાહનો સફારી સર્કલથી તાલાળા ચોકડી, ભાલકા ચોકી થઈ, ભાલકા મંદિરથી જી.આઈ.ડી.સી તરફ તેમજ વેરાવળ તરફ જતા તમામ વાહનો સફારી સર્કલથી નમસ્તે સર્કલ થઈ વેરાવળ જઈ શકશે.

આ જાહેરનામું તા.૧૦/૧/૨૬ના સવારે ૦૮.૦૦ કલાકથી તા. ૧૧/૧/૨૬ના રાત્રે ૮ વાગ્યા સુધી અમલમાં રહેશે. આ જાહેરનામાના ભંગ બદલ ભારતીય ન્યાય સંહિતાની કલમ-૨૨૩ તથા ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

# નવસારીના દાંતેજ પાસે બિલ્ડર દ્વારા બે રાઉન્ડ ફાયરિંગ, એક ગોળી વાગતાં પોતે જ ઘાયલ

## મિત્રો સાથે દારૂની મિજબાની બાદ રૂપિયાની લેતી-દેતીમાં બબાલ, મોડી રાત્રે ઘટનાને પગલે પોલીસ કાફલો દોડતો થયો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

નવસારીમાં દાંતેજ પાસે ગઈ કાલે મોડી રાત્રે એક બિલ્ડર દ્વારા બે રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. પહેલું ફાયરિંગ હવામાં કર્યા બાદ બીજા રાઉન્ડનું ફાયરિંગ કરવા જતાં ગોળી બિલ્ડરને જ વાગી જતાં તેઓને લોહી નિતરતી હાલતમાં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. પોલીસ દ્વારા ઘટના અંગે પ્રાથમિક તપાસ હાથ ધરતાં બિલ્ડર પોતાનાં અન્ય મિત્રો સાથે દારૂની મિજબાની માણ્યા બાદ પરત ફરી રહ્યો હતો અને આ દરમિયાન રૂપિયાની લેતી-દેતીમાં અન્ય મિત્રો સાથે ઝઘડો થતાં આ કાંડ સર્જાયું હોવાનું જાણવા મળ્યું છે.

પોલીસ સૂત્રો પાસેથી જાણવા મળતી માહિતી અનુસાર ગત મોડી રાત્રે નવસારીના દાંતેજ પાસે બિલ્ડર પ્રકાશ કથીરિયા પોતાના અન્ય બિલ્ડર મિત્રો સાથે પાર્ટી કરવા બેઠા હતા. આ દરમિયાન રૂપિયાની લેતી-દેતી બાબતે માથાકુટ થઇ હતી. જેને પગલે ચિક્કાર દારૂ પીધેલી હાલતમાં પ્રકાશ કથીરિયા ત્યાંથી રવાના થઈ ગયો હતો. બીજી તરફ પાર્ટીમાં બેઠેલાં અન્ય મિત્રો પણ પ્રકાશની પાછળ પાછળ પહોંચ્યા હતા. જો કે, દાંતેજ પાસે રસ્તામાં જ પ્રકાશ કથીરિયાએ પોતાની કાર અટકાવી દીધી હતી અને તેની પાછળ આવી રહેલા અન્ય મિત્રોને ધમકાવવા માટે પોતાની રિવોલ્વર કાઢીને એક રાઉન્ડ હવામાં ફાયરિંગ કર્યું હતું. જો કે, આ ઘટનાને પગલે નશામાં ધૂત અન્ય મિત્રો પણ ગભરાઈ ગયા હતા અને પ્રકાશને આ પ્રકારનું કૃત્ય ન કરવા માટે જણાવ્યું હતું. અલબત્ત, દારૂનાં નશામાં ભાન ભૂલેલા પ્રકાશ કથીરિયાએ વધુ એક રાઉન્ડ ફાયરિંગ કરવા જતાં ગોળી તેના જાંઘના ભાગે વાગી હતી. અચાનક ગોળી વાગતાં પ્રકાશ કથીરિયા લોહી નિતરતી હાલતમાં ઘટનાસ્થળે જ ઢળી પડ્યો હતો. ઘટના અંગે જાણ થતાં જ પોલીસનો કાફલો મોડી રાત્રે ઘટનાસ્થળે પહોંચ્યો હતો અને ગંભીર અવસ્થામાં પ્રકાશ કથીરિયાને પ્રાથમિક સારવાર માટે પારસી હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે આઈએનએસ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. હાલમાં તેની સઘન સારવાર કરવામાં આવી રહી છે. બીજી તરફ પોલીસ દ્વારા સમગ્ર ઘટના અંગે તપાસ હાથ ધરવામાં આવી છે અને પ્રકાશ કથીરિયા સાથે પાર્ટીમાં કોણ કોણ હાજર હતું તે દિશામાં પણ તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

# સાવરકુંડલા પીપાવાવ ટ્રેક ઉપર ગત મોડી રાત્રે સિંહ ચડી આવ્યો, જો કે દુર્ઘટના ટળી

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લાના સાવરકુંડલા પીપાવાવ ટ્રેક ઉપર ગત મોડી રાત્રીના સિંહ ચડી આવતા દુર્ઘટના ટળી હતી, જેમાં એક સિંહનો આબાદ બચાવ થયો હતો. સાવરકુંડલાથી પીપાવાવ પોર્ટ જતા રેલવે ટ્રેક પર રાજુલા તાલુકાના વાવેરા ગામ નજીક આ ઘટના બની હોવાનું જાણવા મળેલ છે.

સાવરકુંડલાથી ગુડ્સ ટ્રેન પસાર થઈ રહી હતી ત્યારે વનવિભાગ દ્વારા ટ્રેન પાઈલોટને સિંહ ટ્રેક પર હોવાની જાણ કરવામાં આવી હતી. સિંહ ટ્રેક પર આવીને બેસી ગયો હતો, જેના કારણે ટ્રેનને એક કલાક સુધી રોકી દેવાની ફરજ પડી હતી.આ ઘટનામાં ગુડ્સ ટ્રેનના પાઈલોટ અને વનવિભાગની સમયસરની સાવચેતી તથા એકબીજાના સંપર્કના કારણે સિંહનો જીવ બચાવવામાં સફળતા મળી હતી.

રાજુલા-પીપાવાવ પોર્ટ રેલવે ટ્રેક સિંહો માટે અગાઉ પણ ઘાતક સાબિત થયો છે. અમરેલી જિલ્લામાં રાજુલાથી સાવરકુંડલા અને લીલિયા સુધીના આ ટ્રેક પર અનેક અકસ્માતો થઈ ચૂક્યા છે. ટ્રેક આસપાસના વિસ્તારોમાં સિંહોનો વસવાટ વધી રહ્યો હોવાથી આવા બનાવોની સંભાવના પણ વધી છે.

શિવ રેસિડેન્સી હોનારતનું પુનરાવર્તન થવાની આશંકાને પગલે

# સુરતના અલથાણમાં બિલ્ડર દ્વારા બેઝમેન્ટનું ખોદાણ કરતા સ્થાનિકોનું વિરોધ પ્રદર્શન

## યોગી હાઈટ્સમાં વસવાટ કરતા ૨૦૦થી વધુ પરિવારોનો જીવ તાળવે ચોંટ્યો

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરનાં અઠવા ઝોન વિસ્તારમાં આવેલ અલથાણમાં વધુ એક વખત બિલ્ડર વિરૂદ્ધ સ્થાનિક રહેવાસીઓમાં આક્રોશ ફાટી નીકળ્યો છે. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે, કેલીકુંજ વેદિકા પ્રોજેક્ટનાં બિલ્ડરે મહાનગરપાલિકાની મંજૂરી વગર જ પ્રોજેક્ટ માટે ખાડો ખોદી નાખ્યો છે. જેને પગલે આ પ્રોજેક્ટની પાસે આવેલ યોગી હાઈટ્સનાં રહેવાસીઓનો જીવ તાળવે ચોંટ્યો છે. હાલમાં જ બ્રાઈટ સ્ટોન પ્રોજેક્ટનાં બિલ્ડર દ્વારા ત્રણ બેઝમેન્ટનો ખાડો ખોદવાને કારણે બાજુમાં આવેલ શિવ રેસિડેન્સીની પાર્કિંગની દિવાલ સહિત પતરાનો શેડ ધરાશાયી થવાની ઘટનાને પગલે ભારે હોબાળો મચી જવા પામ્યો હતો. ત્યારે વધુ એક વખત અલથાણમાં જ બિલ્ડર દ્વારા કથિત રીતે બેઝમેન્ટનું ખોદકામ કરતાં આજે લોકોએ સૂત્રોચ્ચાર સાથે વિરોધ કર્યો હતો. અલથાણમાં આવેલ યોગી હાઈટ્સનાં રહેવાસીઓ દ્વારા સવારથી વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ૨૦૦થી વધુ પરિવારજનોનાં માથે જોખમ ઉભું થયું હોવાનાં આક્ષેપ સાથે રહેવાસીઓએ બાજુમાં નિર્માણાધીન પ્રોજેક્ટ્સનાં બિલ્ડર દ્વારા પાલિકાની મંજુરી વિના જ બેઝમેન્ટમાં ખાડા ખોદવાનું શરૂ કરી દીધું હોવાનું જણાવાયું હતું. રસ્તા પર ઉતરેલાં યોગી હાઈટ્સનાં રહેવાસીઓએ ભારે વિરોધ સાથે જણાવ્યું હતું કે, ભવિષ્યમાં અમારી સાથે પણ શિવ રેસિડેન્સી જેવી ઘટનાનું પુનરાવર્તન થઈ શકે છે. નિર્માણાધીન કેલીકુંજ વેદિકાની આસપાસ ત્રણ મોટી હાઈરાઈઝ બિલ્ડિંગ આવેલી છે અને તેમાં ૨૦૦થી વધુ પરિવારજનો વસવાટ કરી રહ્યા છે. અલબત્ત, જો પાલિકા દ્વારા કોઈ યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો સ્થાનિકો દ્વારા કલેક્ટર સમક્ષ રજૂઆત કરવાની પણ ચીમકી ઉચ્ચારી હતી.

### મંજૂરી વિના જ બેઝમેન્ટનું કામ શરૂ કર્યું હોવાનો આક્ષેપ

યોગી હાઈટ્સમાં વસવાટ કરતાં ૨૦૦થી વધુ પરિવારજનો આજે રસ્તા પર ઉતર્યા હતા અને બાજુમાં નિર્માણાધીન કેલીકુંજ વેદિકા હાઈટ્સ પ્રોજેક્ટ વિરૂદ્ધ સૂત્રોચ્ચાર કર્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે, આ પ્રોજેક્ટનાં બિલ્ડર દર્શન સરાકડીયા દ્વારા પાલિકા પાસેથી કોઈપણ પ્રકારની મંજૂરી લેવામાં આવી નથી અને તેમ છતાં બેઝમેન્ટમાં ખોદાણની કામગીરી શરૂ કરી છે. સ્થાનિકોએ વધુમાં જણાવ્યું હતું કે, આ અંગે પાલિકા દ્વારા બિલ્ડરને નોટિસ પણ ફટકારવામાં આવી છે. જો કે, બિલ્ડર પાલિકાની નોટિસને પણ ઘોળીને પી ગયો હોવાનો રોષ સ્થાનિકોએ વ્યક્ત કર્યો હતો. આ સ્થિતિમાં ભવિષ્યમાં કોઈ હોનારત સર્જાય તો જવાબદારી કોની તેવો સવાલ પણ સ્થાનિકોએ ઉઠાવ્યો હતો.

# વડિયાની બેન્ક ઓફ ઈન્ડિયામાં ખાતેદારોને જાણ બહાર વીમા પોલિસીઓ ધાબડી દેતા રોષ

## મોબાઈલમાં મેસેજ આવતા ગ્રાહકો બેન્ક પર પહોંચ્યા

(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૯

અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડિયામાં આવેલી બેન્ક ઓફ ઈન્ડિયાની બ્રાન્ચ સરકારની બે વીમા પોલિસીઓ બાબતે વિવાદમાં આવતી જોવા મળી છે. સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી મુજબ બેન્ક ઓફ ઈન્ડિયાની વડિયા બ્રાન્ચ દ્વારા પોતાના ખાતેદારોની મંજૂરી વગર સરકારની બે વીમા યોજનાઓ જમાં પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY) અને પ્રધાનમંત્રી જીવન જ્યોતિ સુરક્ષા વીમા યોજના ના પ્રીમિયમ લોકોના ખાતામાંથી કાપ્યા હતા અને ગ્રાહકની મંજૂરી વગર પરાણે પોલિસીઓ તેમના નામે આપી હતી. આ બાબતની જાણ ગ્રાહકોને મોબાઈલમાં આવેલાં મેસેજમાં થતા આ ગ્રાહકો બેન્કમાં પૂછ પરછ માટે આવ્યા હતા અને અધિકારી એ ઉડાવ જવાબ આપતા. ગ્રાહકો ઉગ્ર બનતા ફરી મંજૂરી વગર કપાયેલા રૂપિયા પરત કર્યા હતા. ત્યારે હજુ એવા કેટલાય ખાતેદારો હોય શકે જે જેના ખાતામાંથી સીધા વીમા પોલિસી પ્રીમિયમના પૈસા કપાયા હોય તે તો પાસબુક ભરવામાં આવે તો જ ખ્યાલ આવી શકે. શું આ રીતે બેન્ક પોતના ગ્રાહકોની પરમિશન વગર વીમા પોલિસીઓ ધાબડી દે અને પ્રીમિયમ પણ ખાતામાં જમા રકમમાંથી કાપી લે તે કેટલું યોગ્ય ?? આ બાબતે બેન્ક ઓફ ઈન્ડિયાના ઉપરી અધિકારીઓ અને આરબીઆઈ કડક કાર્યવાહી કરાવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

# અંજાર પોલીસે બે દરોડામાં વિદેશી દારૂનો જથ્થો ઝડપ્યો




(સંવાદદાતા દ્વારા)

અંજાર, તા.૯

અંજારના મુકેશ ચૌધરી સાહેબ નાયબ પોલીસ અધિક્ષક મુકેશ ચૌધરીના માર્ગદર્શન હેઠળ એ.આર. ગોહિલ પોલીસ ઈન્સ્પેક્ટરે દારૂની બદીને નેસ્તનાબૂદ કરવા સતત પ્રયત્નશીલ હતા. ત્યારે પોલીસ સ્ટેશન વિસ્તારમાં ચાલતી આવી પ્રવૃત્તિ કરતા ઈસમો પર સ્ટાફના માણસો તથા ખાનગી બાતમીદારો મારફતે સતત વોચ રાખી તે દરમ્યાન ખાનગી રાહે ચોક્કસ બાતમી હકીકત આધારે રેડ કરી હતી. જેમાં થારૂભા લખુભા ગઢવી (ઉં.વ.૪૩ રહે. મોમાઈનગર અંજાર) પાસેથી વિદેશી દારૂની બોટલો નંગ-૧૨ જેની કિ.રૂા.૧૪,૦૦૦/- તથા બીજી બોટલો નંગ-૯૪ જેની કિ.રૂા.૨૭,૫૫૦/- મળી કુલ ૪૧,૮૫૦નો દારૂ કબજે કર્યો હતો. જ્યારે પકડવાના બાકી આરોપી :- મોસીન ઉર્ફે બિલાલ જુસબ હિંગોરજા (રહે. નવાનગર અંજાર) પાસેથી વિદેશી દારૂ તથા કાર મળી કુલ કિ.રૂા.૬,૪૩,૨૦૦/-નો મુદ્દામાલ કબજે કર્યો છે. **(તસવીર : દિનેશ દૈયા, અંજાર)**

# સુરતમાં રોંગ સાઈડમાં આવતા બાઈક ચાલકને લીધે યુવા વેપારીએ જીવ ગુમાવ્યો

## બાઈક પરથી પટકાયા બાદ સિટી બસ ચાલકે કચડી નાખતા કમકમાટીભર્યું મોત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

કતારગામ વિસ્તારમાં રોંગ સાઈડમાં આવતા બાઈક ચાલકને લીધે એક યુવા હીરા વ્યવસાઈને પોતાનો જીવ ગુમાવવાનો વારો આવ્યો હતો. આ બાઈક ચાલકને બચાવવા જતા હીરા વ્યવસાઈ પોતાની બાઈક પરથી નીચે પટકાયો હતો અને તેજ સમય પાછળથી આવેલી સીટી બસના ટાયર તેની પર ફરી વળતા તેને ગંભીર ઈજાઓ પહોંચી હતી અને કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ શહેરના ઉત્રાણ વીઆઈપી રોડ પર આવેલા સિલ્વર લક્ઝરિયામાં રહેતા ૨૯ વર્ષીય નિકુંજભાઈ સુભાષભાઈ સવાણી હીરાનો વ્યવસાય કરતા હતા. આજે સવારે તેઓ પોતાના પરિચિત કેતનભાઈ સાથે બાઈક પર સવાર થઈને કામ અર્થે જવા માટે નીકળ્યા હતા. તેઓ ફૂલપાડાથી રત્નમાલા વચ્ચે આવેલા ખાટુંશ્યામ ડિઝાઈનર નામની દુકાન પાસેથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે અચાનક સામેથી એક બાઈક ચાલક પૂરઝડપે રોંગ સાઈડમાં આવી ચઢ્યો હતો. સામેથી આવતા આ વાહન સાથેની ટક્કર બચાવવા જતાં નિકુંજભાઈએ પોતાના બાઈક પરનું સંતુલન ગુમાવ્યું હતું અને અચાનક બ્રેક મારવાને લીધે તેમની બાઈક સ્લીપ થઈ ગઈ હતી, જેને પગલે બંને મિત્રો રોડ પર પટકાયા હતા. નિકુંજભાઈ રોડ પર પટકાયા અને તે જ સમયે બાજુમાં પૂરઝડપે એક સિટી બસ આવી રહી હતી. બસના ચાલકને બ્રેક મારવાનો સમય મળે તે પહેલા જ બસનું ટાયર નિકુંજભાઈ પર ફરી વળ્યું હતું. આ અકસ્માત એટલો ભયાનક હતો કે, જયારે સ્થાનિક લોકો આ દૃશ્યો જોઈને સ્તબ્ધ રહી ગયા હતા. જો કે રાહદારીઓ સહિતના લોકો દવારા તેમને તાતકાલિક નજીકની ખાનગી હોસ્પિટલમાં ખસેડ્યા હતા, પરંતુ હોસ્પિટલ પહોંચતા જ ફરજ પરના તબીબોએ તેમને મૃત જાહેર કર્યા હતા. બીજી તરફ, બાઈકની પાછળ બેસેલા કેતનભાઈને સદનસીબે સામાન્ય ઈજાઓ પહોંચી છે, જયારે તેમની નજર સામે જ બનેલા આ ગમખ્વારઅકસ્માતને પગલે તેઓ આઘાતમાં સરી પડયા છે. બીજી બાજુ યુવાન હીરા વ્યવસાઈના મોતને પગલે પરિવાર પર આભ તૂટી પડ્યો છે.

# અમરેલી : જાફરાબાદમાં ૨૪ વર્ષીય TRB જવાનનું હાર્ટ એટેકથી મોત

## પોલીસ દળમાં જોડાવા દોડ સહિતની પૂર્વ તૈયારીઓ કરી રહ્યો હતો



(સંવાદદાતા દ્વારા)

અમરેલી, તા.૯

જાફરાબાદમાં ૨૪ વર્ષીય TRB જવાનનું હાર્ટ એટેકથી મોત થયું છે. યુવક પોલીસ ભરતીની તૈયારી કરતો હતો દોડ દરમિયાન ઘટના બની હોવાનું જાણવા મળેલ હતું, યુવકના મોતથી પરિવારમાં શોક વ્યાપી ગયેલ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, અમરેલી જિલ્લાના જાફરાબાદમાં પોલીસ ભરતીની તૈયારી કરી રહેલા ૨૪ વર્ષીય ટીઆરબી જવાનનું હાર્ટ એટેકથી મોત થયું હોવાનું જાણવા મળેલ છે, મૃતક યુવાનનું નામ હર્ષ મકવાણા હતું. તે જાફરાબાદ શહેરમાં ટીઆરબી જવાન તરીકે ફરજ બજાવતો હતો અને સાથે જ પોલીસ દળમાં જોડાવા માટે પૂર્વ તૈયારીઓ કરી રહ્યો હતો.

આ ઘટના જાફરાબાદથી વાપાળીયા વિસ્તાર તરફ ચાલવા જતાં સમયે બની હતી. હર્ષને અચાનક છાતીમાં તીવ્ર દુખાવો ઉપડતાં તેને તાત્કાલિક જાફરાબાદની સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. પ્રાથમિક સારવાર બાદ તેને વધુ સારવાર માટે રાજુલા હોસ્પિટલ લઈ જવામાં આવી રહ્યો હતો, પરંતુ રસ્તામાં જ તેનું મોત નિપજ્યું હતું. આ દુઃખદ ઘટનાને પગલે જાફરાબાદ હોસ્પિટલ ખાતે લોકોના ટોળા પહોંચી ગયા હતા પરિવાર માં શોકનો માહોલ છવાયેલ હતો.

# વરાછા પોલીસે દરોડા પાડી બ્રાન્ડેડ કંપનીની ડુપ્લિકેટ પતંગની દોરીનું ગોડાઉન ઝડપી પાડ્યું

## ૫ હજારથી વધુ બોબીન, મશીન સહિત રૂા.૪૧.૨૮ લાખનો મુદ્દામાલ જપ્ત

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરમાં અત્યાર સુધી ડુપ્લિકેટ ઘી, પનીર તેમજ શૂઝ અને ખાવા પીવા સહિતનુંસામાન મળી આવ્યું છે, એક પછી એક પોલીસ દ્વારા દરોડા પાડીને નકલી ડુપ્લિકેટ સરસામાન પકડી પાડવામાં આવી રહ્યું છે અને આવી વસ્તુઓ વેચનારાઓ સામેકાર્યવાહી પણ કરવામાં આવી રહી છે, દરમિયાન હવે એક બાજુ ઉતરાયણને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે વરાછા પોલીસે એલએચ રોડ ખાતે ગ્રાઉન્ડ ફ્લોર પર આવેલા ગોડાઉનમાં દરોડા પાડ્યા હતા અને નામચીન કંપનીની ડુપ્લિકેટ પતંગની દોરીનો જથ્થો સહિત લાખો રૂપિયાની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો.

પોલીસ સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ પોલીસ કમિશનર તથા ખાસ પોલીસ કમિશનર સેક્ટર-૧ સહિતના ઉચ્ચ પોલીસ અધિકકારીઓ દ્વારા ડુપ્લિકેટ વસ્તુઓના કેસો શોધી કાઢવા સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેથી ઝોન-૧ એલ.સી.બી. શાખાના પોલીસ કર્મીઓની ટીમે સંયુક્ત બાતમીના આધારે વરાછા એલ.એચ. રોડ સંતોષીનગર સોસાયટીના પ્લોટ નં.૨૬૮ના ગ્રાઉન્ડ ફ્લોર આવેલ મધુરમ સીજન સ્ટોર નામની દુકાન તથા ગોડાઉનમાં દરોડા પાડવામાં આવ્યા હતા અને સ્થળ પરથી અલગ-અલગ કંપનીના દોરીના બોબીન નંગ- ૫૩૧૦, સ્ટીકરો, બોબીન પર સ્ટિકર પેકિંગ કરવાનું મશીન નંગ-૧, સ્ટિકર વગરના બોબીનનંગ-૪૧૪ મળી કુલ રૂા.૪૧.૨૯ લાખનું મુદ્દામાલ કબજે કરવામાં આવ્યું હતું. તેમજ આરોપી નીતિનભાઈ હેમતભાઈઝાલાવાડીયા (રહે, ઘર નં.૨૫૩, સંતોષી નગર મારૂતિ ચોક એલ.એસ. રોડ વરાછા)ની ધરપકડ કરવામાં આવી હતી. આ સિવાય એવું પણ જાણવા મળ્યું હતું કેઆરોપી અલગ-અલગ નામચીન કંપનીના સ્ટિકરોનો ઉપયોગ કરીને બોબીનો ઉપર લગાડીને ડુપ્લિકેટનું કામ કરતો હતો. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે આરોપી ગોડાઉનમાં દોરી બનાવતો હતો અને ત્યાંજ સંગ્રહ કરતો હતો. તે અગાઉ પણ ચાઈનીઝ દોરી પ્રકરણમાં પકડાઈ ચૂક્યો છે. આરોપી વિરૂદ્ધ ગુનો નોંધી આગળની તપાસ કરવામાં આવી રહી છે.

# સુરતના સચિનમાં ઈગલ સિલ્ક મિલ્સમાંથી રૂા.૧.૮૯ લાખની ચોરી

(સંવાદદાતા દ્વારા)

સુરત, તા.૯

શહેરના સચિન વિસ્તારમાં આવેલ હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલમાં ઈગલ સિલ્ક મિલ્ક પ્રાઈવેટ લિમિટેડ કંપનીને એક ચોર ઈસમે નિશાન બનાવી હતી. કંપનીમાં ઓફિસની સ્લાઈડરની બારી કોઈ સાધન વડે તોડી નાખી ઓફિસમાં પ્રવેશ કરી રોકડા રૂપિયા ૧.૮૯ લાખની ચોરી કરી ફરાર થઈ ગયો હતો. જેથી ભોગ બનનાર કંપનીના માલિકે સચિન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઘરફોડ ચોરીનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. બનાવની વિગત એવી છે કે મૂળ મહેસાણાના વતની અને સુરતના અલથાણ વિસ્તારમાં ન્યુ સીટી લઈટ રોડ પર સેન્ડ થોમસ સ્કૂલ ન સામે આવેલ સાંઈદ્વાર સોસાયટીમાં રહેતા નૈમેષભાઈ કાંતિલાલ પટેલ સચિન હોજીવાલા ઈન્ડસ્ટ્રીયલમાં રોડ નંબર ૧૨ પર ઈગલ સિલ્ક મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ નામની કંપની ધરાવે છે. ગત તારીખ ૧૭/૧૦/ ૨૦૨૫ના રોજ સવારે ૮:૦૦ વાગ્યાથી તારીખ ૧૮/૧૦/૨૦૨૫ના સવારે ૧૦:૩૦ વાગ્યાના સમયગાળાની અંદર ઓફિસ બંધ હતી ત્યારે લાલા ઉર્ફે નેલુ ઉર્ફે ગુરખા ઉર્ફે રાજુ શ્રીહરી દંડપાની બિસોઈ (રહે. જલારામનગર કલાલની ચાલીમા પાલીગામ સચીન જી આઈ ડી સી સુરત) (મુળ વતન સીસુંદાગામ થાના જગન્નાથપ્રસાદ પોસ્ટ-કુમંદ જી. ગંજામ ઓરીસ્સા) નામના ચોર ઈસમે તેમની કંપનીને નિશાન બનાવી હતી. કંપનીની ઓફિસની સ્લાઈડર કોઈ સાધન વડે તોડી નાખી ઓફિસમાં પ્રવેશ કર્યો હતો અને ટેબલના ડ્રોવરમાં મૂકેલા રોકડા રૂપિયા ૧.૮૯ લાખની ચોરી કરી પલાયન થઈ ગયો હતો.

# કામધંધો કરવા બાબતે માતાએ ઠપકો આપતા ઉશ્કેરાયેલા પુત્રએ જનેતાની હત્યા કરી

(સંવાદદાતા દ્વારા)

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જુનારાજુવાડિયા ગામે એક હૃદયદ્રાવક અને ચકચારી ઘટના સામે આવી છે. લોહીના સંબંધોને લજવતી આ ઘટનામાં, એક બેકાર અને રખડતા દીકરાએ પોતાની જ સગી જનેતાની કરપીણ હત્યા કરી નાખી છે. સામાન્ય ઘરકંકાસ અને કામધંધા બાબતે મળેલા ઠપકાએ અંતે લોહિયાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જુનારાજુવાડિયા ગામની નવી વસાહતમાં રહેતા ૫૫ વર્ષીય મીરાબેન વસાવાનો પુત્ર રણજીત કંઈ કામધંધો કરતો ન હતો અને આખો દિવસ રખડ્યા કરતો હોવાથી માતા મીરાબેન તેને વારંવાર ટોકતા હતા અને ‘તું કંઈ કામ કરતો નથી’ તેમ કહી શિખામણ આપતા હતા. આ બાબતે માતા-પુત્ર વચ્ચે અવારનવાર ઝઘડા થતા રહેતા હતા.ત્યારે તા.૮/૧/૨૦૨૬ની સાંજના આશરે સાડા પાંચ વાગ્યાના સુમારે મીરાબેન પોતાના ઘરે હતા, ત્યારે પુત્ર રણજીત સાથે ફરી આ જ બાબતે બોલાચાલી થઈ હતી. શિખામણથી કંટાળેલા અને ઉશ્કેરાયેલા રણજીતે આવેશમાં આવીને કોઈ હથિયાર કે સાધન વડે પોતાની માતાના કપાળના ભાગે જોરદાર પ્રહાર કર્યો હતો. હુમલો એટલો ગંભીર હતો કે, મીરાબેન લોહિલુહાણ હાલતમાં ત્યાં જ ઢળી પડ્યા હતા અને તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

પોતાની માતાની હત્યા કરી રણજીત ત્યાંથી ભાગી છૂટ્યો હતો. આ લોહિયાળ ખેલ અંગે મૃતક મીરાબેનની પુત્રવધૂ રશીલાબેને આમલેથા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરીને આરોપી દીકરા રણજીત વસાવાની ધરપકડ કરી લીધી છે.

**નામ બદલેલ છે**

**જૂનું નામ- ખત્રી નૂરજહાં ફરીદભાઈ નવું નામ- ખત્રી નૂરજહાંબેન ફરીદભાઈ**

**સરનામું : ૧૩, કુંભારવાડા, ઢોકલીયા. તા. બોડેલી. જિ. છોટાઉદેપુર.**

**જાહેર નોટીસ મહેરબાન ભરૂચના મામલતદાર સાહેબની કોર્ટમાં,**

અરજદાર : આદમભાઈ મુસાભાઈ પટેલ

**ક્રમાંક : જન્મ-મરણ નોંધણી અપીલ નં.૧૯૬/૨૦૨૫**

વિરૂદ્ધ

સામાવાળા : તલાટી કમમંત્રીશ્રી, ગ્રામ પંચાયત હિંગલ્લા

વિષય : જન્મ/મરણ નોંધણી અધિનિયમની જોગવાઈઓ હેઠળ જન્મ પ્રમાણપત્ર મેળવવા બાબત.

આથી જાહેર જનતાને નોટીશ આપી જણાવવાનું કે, અરજદારનો જન્મ **તારીખ : ૦૯-૦૩-૧૯૪૪** ના રોજ **મોજે હિંગલ્લા, તા.જી.ભરૂચ** મુકામે થયેલ હોય, જન્મ પ્રમાણપત્ર મેળવવા અર્થે અત્રેની કોર્ટમાં અપીલ અરજ કરેલી છે. ઉકત વિષય બાબતે કોઈપણ વ્યકિતને કોઈપણ વાંધો-વિરોધ હોય તો, નોટીશ પ્રસિધ્ધ થયેથી દિન-૩૦ માં નામદાર કોર્ટમાં યોગ્ય પુરાવાઓ સહ લેખિત વાંધા રજૂ કરવા.જો કોઈપણ વાંધો કે તકરાર નહિં આવે તો અરજીનું કામ આગળ ચલાવી, ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ નોટીશ પ્રસિધ્ધ કરી.

અરજદાર તર્ફે એડવોકેટ સહી/- એ.એચ.શેઠ, મહુધલા, તા.જી.ભરૂચ. મો.૯૫૭૪૨૮૫૯૬૯

# કોંગ્રેસમાં જોડાયેલ મહેશ વસાવાના ચૈતર વસાવા સામે આકરા પ્રહાર

અંકલેશ્વર, તા.૯

પૂર્વ ધારાસભ્ય અને બિટીપીના પૂર્વ રાષ્ટ્રીય અધ્યક્ષ ભાજપ બાદ કોંગ્રેસમાં જોડાયેલ મહેશ વસાવાને લઈ રાજનીતિ ગરમાઈ છે. ત્યારે આજરોજ તેઓની પહેલી પ્રતિક્રિયા સામે આવી છે. જેમાં તેઓએ ભાજપમાં લોકસભાની ચૂંટણીમાં મનસુખ વસાવાને જીતાડવા અને ચૈતર વસાવાને હરાવવા જોડાયા હોવા સાથે ચૈતર વસાવાએ અમારી સાથે PA તરીકે રહી ગદ્દારી કરી બધા ડેટા ચોરી કરી લોકો સાથે સંપર્કમાં આવ્યો છે. સાથે ચૈતર વસાવા પર ઘણા બધા ગુનાઓ દાખલ છે. આદિવાસી સમાજને તોડવાનું અને



લોકોને ડરાવી ધમકાવી પૈસા પડાવવાનું કામ કરે છે. જેતે સામે આપ અને બિટીપી વચ્ચે ગઠબંધનની વાતો વચ્ચે ચૈતર વસાવાએ ગદ્દારી કરી દિલ્હી જઈ આપમાં લડવા ટિકિટ લઈ આવ્યા હતા. છોટુભાઈ વસાવાના ભાણેજ રાજુભાઈ વસાવા અને રજની વસાવા તથા સરપંચો સાથે આપમાં જોડાવા મુદ્દે ગદ્દાર ગણાવ્યા હતા. સાથે તેઓએ સંસદ મનસુખ વસાવા વખાણ મામલે કહ્યું હું સાચો અને નિષ્ઠાવાન માણસ છું એટલે સાસંદ મારા વિશે ખોટું નહીં બોલે અને ચૈતર વસાવાને હીરો બનાવવા ભાજપ જાતે પ્રકાશ એન્ડ કંપની સાથે ફંડ પહોંચાડી તેની મદદ કરે છે. દિગ્ગજ નેતા અને પિતા છોટુભાઈ વસાવાની સોશિયલ મીડિયામાં પોસ્ટ મામલે કહ્યું મારા પિતા છે, મારા ગુરૂ છે, ખોટા રસ્તે જવ તો ઠપકો આપી શકે, બે તમાચા મારે તો પણ ખાઈ લેવા પડે તેમ જણાવ્યું હતું.

# અંકલેશ્વરના પ્રવેશદ્વાર સમા માર્ગે સ્ટ્રીટ લાઈટો બદલવા પાલિકામાં રજૂઆત

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર જીનવાલા સ્કૂલથી ચર્ચ નાકા સુધી જે સ્ટ્રીટ લાઈટો બંધ હાલતમાં છે. તેને બદલી નવી નાખવા બાબતે તેમજ ઘણી લાઈટોનો પ્રકાશ ઝાડની ડાળીઓને કારણે રસ્તા પર પડતો નથી. તેને વ્યવસ્થિત કરવા બાબતે ગુજરાત યુથ કોંગ્રેસના પ્રવકતા શરીફ કાનુગાએ નગરપાલિકાના ચીફ ઓફિસરને આવેદનપત્ર પાઠવી રજૂઆત કરી છે.

જેમાં જણાવ્યું છે કે, અંકલેશ્વર શહેરમાં જીનવાલા સ્કૂલથી ચર્ચ જકાતનાકા સુધીના રસ્તા પર રાત્રિ દરમ્યાન વાહન ચલાવનારા તેમજ રાહદારીઓને સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં તેમજ ઓછા પ્રકાશને કારણે ઘણી તકલીફનો સામનો કરવો પડે છે. પોલ પરની ઘણી લાઈટોનો પ્રકાશ ઝાડની ડાળીઓના કારણે વ્યવસ્થિત પડતો નથી અને ઘણી લાઈટો બંધ અવસ્થામાં



જણાઈ આવેલ છે. જેથી નગરપાલિકા ચીફ ઓફિસર કેશવલાલ કોલડિયા સમક્ષ માગણી કરી હતી કે આ સમગ્ર રસ્તો અંકલેશ્વર શહેરને પિરામણ ગામથી GIDC બસ સ્ટેન્ડ અને GIDCને જોડતો માર્ગ છે. શહેરના પ્રવેશદ્વાર સમા વિસ્તારમાં સ્ટ્રીટલાઈટને યોગ્ય અને સરખી કરવામાં આવે તો શહેરની સુંદરતામાં વધારો થઈ શકે. જેથી આ બાબતો પર યોગ્ય ધ્યાન આપી નિરાકરણ કરવા વિનંતી કરી હતી.

# પાલેજ ગામમાં ઉત્સાહી ઈન્ચાર્જ યુવા સરપંચે ચૂંટણી જીત્યા પછી આપેલા વચનો પૂરા કર્યા

(સંવાદદાતા દ્વારા) પાલેજ, તા.૯

પાલેજ ગામમાં ઉત્સાહી ઈન્ચાર્જ યુવા સરપંચ શબ્બીરખાંન પઠાણે પરિવર્તન પેનલનાં નેજા હેઠળ ચૂંટણી જીત્યા પછી લોકોને આપેલાં વચનો પૂર્ણ કરવાં ધારાસભ્ય તેમજ સાંસદ સભ્યની ગ્રાન્ટ જિલ્લા તાલુકા સદસ્યોની ગ્રાન્ટ તેમજ સ્વભંડોળની રકમ એકત્ર કરી પાલેજમાં પાણીની ઉંચી ટાંકીઓ જાહેર રસ્તા તેમજ પાણીની લાઈનો ગટરોનાં કામો હાથ ધરી પૂર્ણ કરવાં માટેનાં અથાગ પ્રયત્ન કર્યા છે. પાલેજ જિલ્લા સદસ્ય મલંગખાન પઠાણે તાલુકા સદસ્યો સલમાબેન જોલી તેમજ અંશુયાબેન વસાવાની ગ્રાન્ટ નાણાંપંચની મંજૂર થયેલી ગ્રાન્ટમાંથી પાલેજ નગરમાં વિકાસને સંપૂર્ણ વેગ આપવા પ્રયત્નો આદરી ચૂંટણીમાં આપેલાં વચનો પૂરા પાડ્યાં છે. પાલેજમાં માંકણ કુવા ઉપર પાંચ લાખ લીટરની પાણીની ક્ષમતા ધરાવતી વસમો યોજના અંતર્ગત મંજૂર થયેલી ઉંચી ટાંકીની કામગીરી ચાલુ છે. એસ.કે.નગર વિસ્તારોમાં સૌ પ્રથમવાર પાણીની ઉંચી ટાંકીની કામગીરી પણ કાર્યરત છે. જે બે પાણીની ટાંકીઓ દ્વારા ટુકમાંજ પાણીની સમસ્યાઓનું નિરાકણ આવશે. પાલેજ તળાવનું પાણીના નિકાલનો કાસ ઉપર તબક્કા વાર રીતે મોટા ભૂંગળા વાળી ગટરનું કામ હાથ ધરી લોકોની વર્ષો જૂની પાણી નિકાલની સમસ્યા હાથ ધરવામાં સફળતા પ્રાપ્ત કરી છે. હાલમાં સિનેમા પાછળ ના ભાગે રહેઠાણ વિસ્તારની પાછળ મોટા ભૂંગળા નાખવામાં આવ્યા છે. જુમ્મા મસ્જિદ હોલથી લઈ સાંસરોદ કાસને જોડતી ગટર લાઈન પૂર્ણ કરી છે. પાલેજ ગામમાં શિક્ષણ રોજગારી પાણી રોડ રસ્તા ગામમાં ગરીબ અને મધ્યમ વર્ગનાં લોકો બાળકોને શિક્ષણ માટે તેમજ ચોપડા દફતરો શાળાઓના માધ્યમથી હાથ ધર્યા છે. ગરીબ મધ્યમ વર્ગનાં બાળકોને શિક્ષણ માટે પ્રોત્સાહિત કર્યા છે. ઈન્ચાર્જ સરપંચ યુવા ક્રિકેટર રહ્યાં છે. તેઓને પાલેજની જનતા કોઈપણ કામ બતાવે એટલે થઈ જાય એવો ઉત્સાહ અને લોકો પ્રત્યેનો પ્રેમ ભાવ એજ તેઓની મૂડી રહી છે.

### સ્વચ્છ ભારત મિશન-અર્બન, ગુજરાત તરફથી

# અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસરનું રાજ્ય સ્તરે સન્માન

(સંવાદદાતા દ્વારા)

અંકલેશ્વર, તા.૯

અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવલાલ કોલડિયાને રાજ્ય સ્તરે સ્વચ્છ ભારત મિશન–અર્બન, ગુજરાત તરફથી સન્માન પત્ર એનાયત કરાયું છે ત્યારે સ્વચ્છતા અને સુવ્યવસ્થિત શહેર વિકાસના ક્ષેત્રે અંકલેશ્વર નગરપાલિકાએ વધુ એક ગૌરવસભર સિદ્ધિ મેળવી છે.

ભારત સરકારના આવાસ અને શહેરી કાર્ય મંત્રાલય, દ્વારા આયોજિત "સ્વચ્છ સર્વેક્ષણ ૨૦૨૪–૨૦૨૫" અંતર્ગત સ્વચ્છ ભારત મિશન–અર્બન, ગુજરાત તરફથી અંકલેશ્વર નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવલાલ કોલડીયાને સન્માન પત્ર એનાયત કરવામાં આવ્યું છે. નગરપાલિકાના ચીફ ઓફિસર કેશવલાલ કોલડીયાના નેતૃત્વમાં સ્વચ્છતા અભિયાન, ઘન કચરા વ્યવસ્થાપન, ડોર-ટુ-ડોર કચરા



સંકલન, જનજાગૃતિ અને નાગરિકોની સક્રિય ભાગીદારીથી આ સિદ્ધિ શક્ય બની છે. ગાંધીનગર સ્થિત મહાત્મા મંદિર કન્વેન્શન સેન્ટરમાં યોજાયેલા સમારોહમાં રાજયના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ સન્માન આપવામાં આવ્યું હતું. આ સિદ્ધિ માત્ર નગરપાલિકાની નહીં પરંતુ સમગ્ર અંકલેશ્વર શહેરના નાગરિકોની સંયુક્ત મહેનતનું પ્રતિબિંબ છે.ચીફ ઓફિસર કેશવલાલ કોલડીયાના આ સન્માનથી અંકલેશ્વર શહેરને સ્વચ્છ, સુંદર અને આરોગ્યપ્રદ બનાવવાની દિશામાં નવી ઊર્જા મળી છે. અને ભવિષ્યમાં શહેરને સ્વચ્છતામાં અગ્રગણ્ય બનાવવા નગરપાલિકાની પ્રતિબદ્ધતા વધુ મજબૂત બની છે.

# વડોદરામાં હોસ્ટેલમાંથી ગાંજાના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરા શહેરના દાંડિયા બજારમાં બ્રહ્મપુરી વિસ્તારમાં આવેલી હોસ્ટેલમાં રહેતા એક શખ્સને ગાંજાના જથ્થા સાથે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડ્યો હતો. ક્રાઈમ બ્રાંચને ૯ જાન્યુઆરીના રોજ બાતમી મળી હતી કે દાંડિયા બજાર વિસ્તારમાં ૧૦૦ વર્ષ જૂની હોસ્ટેલમાં રહેતા એક શખ્સની પાસે નશીલા પદાર્થ છે. આ શખ્સ હોસ્ટેલમાં જ વેચાણ તથા સેવન કરી રહ્યો છે. જેથી શહેર ક્રાઈમ બ્રાંચની ટીમે બાતમી મુજબના સ્થળ હોસ્ટેલમાં વહેલી સવારે રેડ કરી હતી. ત્યાંરે એક શખ્સ પાસેથી નશીલો પદાર્થ મળી આવ્યો હતો. જેમાંથી મોડલિંગના વિદ્યાર્થીને હાલમાં રાઉન્ડ અપ કરીને ક્રાઈમ બ્રાંચ તેને ડીસીબીની કચેરી ખાતે લઈ જઈને કોની પાસેથી ગાંજો લઈને આવ્યો હતો તેની પુછપરછ કરવામાં આવી રહી છે. બીજી તરફ હોસ્ટેલમાં અન્ય કોઈ વિદ્યાર્થીઓ ગાંજાનું સેવન કરતાં હોય છે તેની પણ પૂછપરછ કરવામાં આવી રહી છે. આ હોસ્ટેલમાં ૨૫થી વધુ વિદ્યાર્થી અને નોકરિયાતો રહેતા હોવાની માહિતી મળી રહી છે. વિરૂદ્ધ ક્રાઈમ બ્રાન્ચે એક આરોપી વિરૂદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધીને તેની અટકાયત કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# ગુજરાતની દીકરીઓએ તલવારબાજીમાં રચ્યો ઈતિહાસ

## ૩૩ વર્ષ બાદ નેશનલ લેવલે જીત મળી

(સંવાદદાતા દ્વારા)

હિંમતનગર, તા.૯

ગુજરાતના રમતગમત ક્ષેત્રે એક સુવર્ણ પ્રકરણ ઉમેરાયું છે. ઓરિસ્સાના કટક ખાતે આયોજિત ૩૩મી જુનિયર નેશનલ ફેન્સિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ગુજરાતની ટીમની દીકરીઓએ શાનદાર પ્રદર્શન કરીને રાજ્યને બ્રોન્ઝ મેડલ અપાવ્યો છે. નોંધપાત્ર બાબત એ છે કે, ગુજરાતને આ સફળતા પૂરા ૩૩ વર્ષના લાંબા ગાળા બાદ પ્રાપ્ત થઈ છે.આ ઐતિહાસિક વિજય પાછળ હિંમતનગરની ભક્તિ પટેલ સહિત ચાર પ્રતિભાશાળી ખેલાડીઓ અમીષા ચૌધરી, હિમાંશી ચૌધરી અને સિદ્ધિ ચૌધરીનો સિંહફાળો રહ્યો છે. આ ચારેય ખેલાડીઓએ પોતાની કુશળતા અને સખત મહેનતના જોરે રાષ્ટ્રીય ફલક પર ગુજરાતનું નામ રોશન કર્યું છે.



(તસવીર : એફ.કે. મનસુરી, હિંમતનગર)

હિંમતનગરની ભક્તિ પટેલના પિતા જયેશભાઈ પટેલે આ ગૌરવશાળી ક્ષણે જણાવ્યું હતું કે, ગુજરાત માટે આ સતત બીજી મોટી સફળતા છે. અગાઉ નવેમ્બર-૨૦૨૫માં દિલ્હી ખાતે યોજાયેલી સિનિયર ચેમ્પિયનશિપમાં પણ ૩૬ વર્ષ બાદ મેડલ આવ્યો હતો, અને હવે જુનિયર ટીમની આ દીકરીઓએ ૩૩ વર્ષનો દુકાળ ખતમ કર્યો છે. આ જીત માત્ર આ ચાર દીકરીઓની નથી, પણ સમગ્ર ગુજરાતના રમત જગત માટે એક નવી આશા છે. દીકરીઓએ સાબિત કરી દીધું છે કે જો તક મળે તો તેઓ કોઈપણ ક્ષેત્રમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી શકે છે.

### કારેલીબાગ, ગોરવાની ૧૦ દુકાનને સીલ માર્યા

# વડોદરામાં રહેણાકની પરવાનગી બાદ દુકાનો બનાવી વ્યાપાર કરનારા સામે કાર્યવાહી

(સંવાદદાતા દ્વારા) વડોદરા, તા.૯

વડોદરા શહેરમાં રહેણાંકની મંજૂરી મેળવી એપાર્ટમેન્ટ કે મકાન બાંધી દીધા બાદ તે જગ્યાનું વ્યાપારીકરણ કરી દઈ વ્યવસાય કરનારા સામે વડોદરા કોર્પોરેશનના મ્યુનિસિપલ કમિશનર અરૂણ બાબુની સૂચનાથી ટાઉન પ્લાનિંગ વિભાગના અધિકારી પરિમલ પટણી તથા તેમની ટીમે કારેલીબાગ અને ગોરવા વિસ્તારની ૧૦ દુકાનોને સીલ માર્યું હતું અને તેઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. વડોદરા શહેરમાં પાર્કિંગ અને ટ્રાફિકના ભારણ કારણે રોડ પર પાર્કિંગ ન થાય તે હેતુથી ટાઉન પ્લાનિંગ શાખા દ્વારા કારેલીબાગ જીવનભારતી ચાર રસ્તા પાસે આવેલ ગાંધીગ્રામ કો. ઓ. હા. સો. લી.ના બ્લોક નં.૨૨ના માલિક દ્વારા વિકાસ પરવાનગી રહેણાંકની મેળવી હતી. જેની જગ્યાએ સ્થળે કોમર્શિયલ દુકાન બનાવી વ્યવસાય કરતા હતા જેથી તે દુકાનને સીલ મારવાની કાર્યવાહી કોર્પોરેશન દ્વારા કરવામાં આવી હતી. એજ પ્રમાણે ગોરવા વિસ્તારમાં આવેલ શબનમ પાર્ક સોસાયટીના રહેણાંકમાં બિનપરવાનગી કોમર્શિયલ વાપર ઉપયોગ કરતા હોઈ, ૯ દુકાનને સીલ કરવામાં આવી હતી.

# પાટણ નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સભા તથા સ્નેહમિલન સમારંભ યોજાયો

(સંવાદદાતા દ્વારા) પાટણ,તા.૯

સરકાર પેન્શનરોને પતાવવા બેસી હોય તેવો ઘાટ સર્જાયો છે ત્યારે પેન્શનરોએ પણ પોતાના હિતોના રક્ષણ માટે જાગૃત રહી સંગઠન મજબુત બનાવવું પડશે તેમ આજે પાટણ ખાતે પાટણ જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળની વાર્ષિક સાધારણ સભા અને નવા વર્ષના સ્નેહમિલન સમારંભમાં ગુજરાત રાજ્ય પેન્શનર સંકલન સમિતિના મહામંત્રી રમણભાઈ એ. પટેલે ઉપસ્થિત પેન્શનરોને સંબોધી ગુજરાત અને ભાજપ સરકારના વિવિધ જી.આર.ની છણાવટ કરી હતી અને પેન્શનરો માટે સરકારની નીતિ તેમજ થતા અન્યાય ઉપર પ્રકાશ પાડી વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. રમણભાઈ એ. પટેલે વધુમાં જણાવ્યું હતું કે, ગત વિધાનસભાની ચૂંટણી સમયે સરકારનું નાક દબાવી કામો કરાવ્યા છે અને કેટલાક પ્રશ્નો પણ ઉકેલવામાં સફળતા મેળવી છે. ગુજરાતના કર્મચારીઓને પણ અન્ય રાજયો જેવા લાભો મળે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. પેન્શનરોને જી. કાર્ડમાં રૂા.૧૦ લાખ સુધીની સારવાર મફતમાં મળે છે જેમાં દરેક શહેરમાં નામાંકિત ડોકટરોની હોસ્પિટલમાં પણ સારવાર મળી રહે તેવી વ્યવસ્થા અમલી બનાવવા મુખ્યમંત્રીને રજૂઆત કરવામાં આવી છે. તદુપરાંત પ્રવાસ ભથ્થાની માગણી ઈજાફાઓનો અન્યાય દૂર કરવા, ૧૦-૨૦-૩૦નો લાભ જે શિક્ષકોને મળે છે તે તમામ નિવૃત્ત થતા કર્મચારીઓને મળે, એનપીએસ રદ કરી તેના બદલે ઓપીએસ મળવું જોઈએ. જુની પેન્શન પદ્ધતિ માટે લડત ચલાવવામાં આવી રહી છે. આ પડતર માગણીઓ મામલે આગામી સમયમાં ધરણાના કાર્યક્રમો યોજવામાં આવનાર છે જેમાં દરેક પેન્શનરોને હાજર રહેવા આહવાન કર્યું હતું. ગુજરાત રાજય પેન્શનર સમાજ, અમદાવાદના મહામંત્રી જે.જે. દરજીએ અમદાવાદ ખાતે ગત જાન્યુઆરી મહિનામાં મળેલ રાજય કક્ષાના સંમેલનમાં નિવૃત્ત સચિવ પી.કે. લહેરીએ પેન્શનરો માટે કહેલી વાતો યાદ કરી જણાવ્યું હતું કે, પેન્શન એ આપણો અધિકાર



છે. ભીખ નથી. છતાં સરકારની બેવડી નીતિના કારણે આજે અધિકાર મેળવવા સંઘર્ષ કરવો પડે છે. આ પ્રસંગે પાટણ જિલ્લા તિજોરી કચેરીના પેન્શનર શાખાના ઓ.એસ. હરેશભાઈ નાથે જણાવ્યું હતું કે, અમુક વખત ઓનલાઈન સીસ્ટમને કારણે પેન્શનમાં વિલંબ થાય છે તેવા સમયે ધક્કા નહીં ખાઈ અગત્યના કામો માટે જ આવવા જણાવ્યું હતું. નંબર-બેંક વિગત લઈને જ આવવા પેન્શનરો અપીલ કરી હતી અને જણાવ્યું હતું કે સહકાર આપશો તો અમે કાર્યક્રમના પ્રારંભમાં પાટણ જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળના પ્રમુખ અશ્વિનભાઈ કે. જોશીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. મંત્રી રસીકભાઈ પટેલે મંડળનો વાર્ષિક અહેવાલ રજુ કર્યો હતો. આ સમારંભના અધ્યક્ષ અને ભોજનદાતા એવા નિવૃત્ત મુખ્ય શિક્ષક નર્મદાબેન સાંડેસરા, મુખ્ય મહેમાન અને દાતા નિવૃત્ત શિક્ષક વિઠ્ઠલભાઈ બી. પરમાર, તેમજ ૭૦ વર્ષના ૫૨, ૮૦ વર્ષના ૧૫, ૯૦ વર્ષના ૨ અને ફેમિલી પેન્શન પેન્શનરો તથા ૮ ફેમિલી પેન્શન સહિત અન્ય દાતાઓનું પણ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અધિક જિલ્લા તિજોરી અધિકારી પાટણ મહાવીરસિંહ ચાવડા, વિપુલભાઈ સાંડેસરા, ઉપપ્રમુખ યુ.આર. ઠાકોર, જયંતીભાઈ ઠાકોર, નટવરસિંહ ચાવડા, વિજાપુર તાલુકા પેન્શનર મંડળના પ્રમુખ જયંતિભાઈ પટેલ, અલ્લારખાભાઈ પઠાણ, પરાગભાઈ પટેલ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આત્મારામભાઈ નાયીએ કયું હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંડળના હોદ્દેદારોએ ભારે જહેમત ઉઠાવી હતી.ણ

# વડોદરા નજીક ગોલ્ડન ચોકડી પાસે ચેકપોસ્ટ પર ચરસ લાવતી કાર સાથે બે પેડલર પકડાયા

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

વડોદરા નજીક હરણી ગોલ્ડન ચોકડી પાસે પોલીસે એક કારમાંથી રૂા.૩.૭૭ લાખના ચરસ સાથે બે ડ્રગ્સ પેડલરને ઝડપી પાડી યુપીના સપ્લાયરને વોન્ટેડ જાહેર કર્યો છે.

ગોલ્ડન ચોકડી પાસે ચેકપોસ્ટ પર ગઈરાત્રે એસઓજીની ટીમ ચેકિંગમાં હતી ત્યારે એક કારને તપાસતાં ડિકિમાંથી રૂા.૩.૭૭ લાખની કિંમતનો ચરસનો ૧,૫૧૦ ગ્રામ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે કારમાંથી સાબીર અનવરમિયા શેખ (નવી નગરી, દેણા મૂળ રહે. રસીદાપાર્ક, પટેલ ફળિયા, ફતેપુરા) અને જાહિદ બાબુભાઈ શેખ (ફતેપુરા તલાટી ઓફિસની ગલીમા, વડોદરા)ને ઝડપી પાડ્યા હતા.

આ ઉપરાંત પોલીસે તેમની પાસેથી રોકડા રૂા.૧૦,૨૯૦, ત્રણ મોબાઈલ અને ૧૫ લાખની કિંમતની કાર મળી કુલ રૂા.૧૯.૧૭ લાખની મતા કબજે કરી હતી. પૂછપરછ દરમિયાન બંને જણા કાર લઈને યુપીના કાસગંજ નજીક સહજવનમાં ગયા હતા અને રૂા.૨ લાખનું ચરસ ખરીદી લાવ્યા હોવાની વિગતો બહાર આવી હતી. ચરસનો આ જથ્થો હાસિમ નામના સપ્લાયરે મોકલ્યો હોવાની વિગતો ખૂલતાં પોલીસે તેને વોન્ટેડ જાહેર કર્યો છે. પોલીસે મોબાઈલની ડીટેલને આધારે ડ્રગ્સનું નેટવર્ક શોધવા અને સપ્લાયર હાસિમ કેટલા વખતથી ક્યાં-ક્યાં ડ્રગ્સ સપ્લાય કરતો હતો તે મુદ્દે પણ તપાસ કરાઈ રહી છે.

# અમદાવાદથી કારમાં ચોરી કરવા આવતો ચોર પકડાયો

વડોદરા, તા.૯

વડોદરા શહેર પોલીસે જુદા-જુદા ગુનાઓમાં લાંબા સમયથી વોન્ટેડ બે આરોપીને ઝડપી પાડ્યા છે.અમદાવાદથી એક ગઠિયો કારમાં વડોદરા આવી હાઈવે પર પાર્ક કરેલી કારમાંથી સ્પેર વ્હીલ ચોરી કરતો હોવાની વિગતો મળતાં ક્રાઈમ બ્રાન્ચે વાઘોડિયા રોડ વિસ્તારમાંથી અરવિંદ અમથાભાઈ સેનવા (પિંગળજ ગામ,નગરી ફળિયું, ખેડા)ને ઝડપી પાડયો હતો. તેણે છ ગુના આચર્યા હોવાની વિગતો બહાર આવી હતી.

આવી જ રીતે નવાયાર્ડ વિસ્તારમાં ૧૧ વર્ષ પહેલાં રાયોટિંગનો ગુનો નોંધાયો હતો. જેમાં સીસીટીવી કેમેરા તોડીને મોબાઈલની લૂંટ કરવામાં આવી હતી. જે ગુનામાં વોન્ટેડ કિરણ મણીલાલ બારીયા (શ્રીનાથ પેટ્રોલ પંપ પાસે, કાસમઆલા કબ્રસ્તાન નજીક, ભૂતડીઝાંપા)ને પોલીસે ઝડપી પાડયો છે.

### વડોદરામાં બુટલેગરનો અજીબોગરીબ કીમિયો

# બાઈકની પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું બનાવી દારૂ સંતાડ્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

વડોદરા શહેરમાં બુટલેગરો દારૂની હેરાફેરી માટે અવનવા કીમિયા અજમાવી રહ્યા છે. છાણી બ્રિજ ઉતરતા ફર્ટિલાઈઝર ગેટ પાસે છાણી પોલીસે બાઈક પર વિદેશી દારૂ લઈ જતાં બે શખ્સોને ઝડપી પાડ્યા હતા. તપાસ દરમિયાન બુટલેગરનો દારૂ છુપાવવાનો અનોખો કીમિયો જોઈ પોલીસ પણ ચોંકી ઊઠી હતી. બાઈકની પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું બનાવી તેમાં વિદેશી દારૂના ક્વાટરિયા સંતાડવામાં આવ્યા હતા.

૮ જાન્યુઆરીના રોજ છાણી પોલીસની ટીમ પેટ્રોલિંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે એક બાઈક પર બે શખ્સો દારૂની હેરાફેરી કરી રહ્યા છે અને બાઈકની પેટ્રોલ ટાંકીમાં ચોરખાનું બનાવેલું છે. બાતમીના આધારે પોલીસે છાણી બ્રિજ ઉતરતા ફર્ટિલાઈઝર ગેટ પાસે વોચ ગોઠવી હતી. બાતમી મુજબની બાઈક આવતા પોલીસે તેને અટકાવી તપાસ કરી હતી. બાઈકની પેટ્રોલ ટાંકી ખોલતા અંદરથી વિદેશી દારૂના કુલ ૧૪૪ ક્વાટરિયા મળી આવ્યા હતા.

પોલીસે બાઈકચાલક પરેશ નગીન રાઠવા (રહે. પટેલ ફળિયું, પંડરવાગામ, તા.જેતપુર પાવી, જિ. છોટાઉદેપુર) અને પાછળ બેઠેલા રણજીત ભરત રાઠવા (રહે. પટેલ ફળિયું, સજુલીગામ, તા.જેતપુર પાવી, જિ.છોટાઉદેપુર)ની ધરપકડ કરી છે.

પોલીસે તેમની પાસેથી વિદેશી દારૂ રૂા.૨૪ હજાર, બે મોબાઈલ રૂા.૧૦ હજાર તથા બાઈક રૂા.૩૦ હજાર મળી કુલ રૂા.૬૪ હજારનો મુદ્દામાલ કબજે કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વડોદરામાં પાણી મુદ્દે આજવા રોડ પર દત્તનગરના રહીશોએ માટલા ફોડી વિરોધ કર્યો

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ આજવા રોડ ખાતે છેલ્લા કેટલાક દિવસોથી પાણીનો કકળાટ સર્જાયો છે. જેના કારણે અહીંના લોકોએ માટલા ફોડી તંત્ર સામે પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલ આજવા રોડના દત્તનગર ખાતે છેલ્લા દસેક દિવસથી પાણીની સમસ્યા સર્જાય છે. જેના કારણે અસરગ્રસ્ત વિસ્તારના લોકોએ આજે ભારે હોબાળો મચાવ્યો હતો. લોકોએ માટલા ફોડી પોતાનો વિરોધ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, પાણીની સમસ્યા અંગે વારંવાર રજૂઆત કરવા છતાં તંત્ર તેનું નિવારણ લાવી શકતું નથી. આ અંગે સ્થાનિક નગર સેવકોને રજૂઆત કરી હોવા છતાં તેઓ કોઈ જવાબ આપી રહ્યા નથી. તંત્ર દ્વારા અહીં માત્ર બે ટેક્કર પાણી પૂરું પાડવામાં આવ્યું છે, જેથી પાણી મેળવવા રહીશો વચ્ચે અંદરો અંદર ઝઘડા થઈ રહ્યા છે. મહિલાઓએ આજે માટલા ફોડી તંત્ર સમક્ષ પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો.

# આણંદના કલેક્ટર અને ડી.ડી.ઓએ આંગણવાડી કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લીધી

(સંવાદદાતા દ્વારા) આણંદ, તા.૯

આણંદ જિલ્લામાં પોષણ, આરોગ્ય અને પ્રારંભિક બાળ શિક્ષણની સેવાઓને વધુ સઘન અને અસરકારક બનાવવાના ઉમદા હેતુથી કલેક્ટરપ્રવીણ ચૌધરી અને જિલ્લા વિકાસ અધિકારી દેવાહુતી દ્વારા વિવિધ આંગણવાડી કેન્દ્રોની આકસ્મિક મુલાકાત લેવામાં આવી હતી.

આ મુલાકાત દરમિયાન કલેક્ટરએ પેટલાદ તાલુકાના સિંહોલ ગામના લાલપુર અને રાંદોલ સીમ આંગણવાડી કેન્દ્રની તપાસ હાથ ધરી હતી, જેમાં બાળકોને અપાતા પૂર્વ પ્રાથમિક શિક્ષણની પદ્ધતિઓ અને "પોષણ ટ્રેકર" મુજબ બાળકોના વજન-ઊંચાઈનું ક્રોસ વેરીફિકેશન કરી ઉમંરના પ્રમાણમાં ઓછી ઉંચાઈ ધરાવતા, ક્ષીણતા ધરાવતા બાળકો અને ઓછુ વજન ધરાવતા બાળકોની સ્થિતિની સમીક્ષા કરી હતી. તે ઉપરાંત, કેન્દ્રમાં ટેક હોમ રાશન અને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજનાના સ્ટોકની ચકાસણી, નાસ્તાની ગુણવત્તા તેમજ "પોષણ સંગમ" અંતર્ગત અપાતી દવાઓની સ્થિતિ ચકાસી હતી.

જિલ્લા વિકાસ અધિકારીદેવાહુતીએ મેઘવા ગામની એસ. નગર આંગણવાડી કેન્દ્રની ઓચિંતી મુલાકાત લીધી હતી. તેમણે કેન્દ્રમાં બાળકોને પીરસવામાં આવતા ગરમ નાસ્તાની ગુણવત્તાનું નિરીક્ષણ કર્યું હતું અને બાળકોને આપવામાં આવતા શિક્ષણના સ્તરની ચકાસણી કરી હતી. આ કમુલાકાત દરમિયાન કેન્દ્રમાં ઉપલબ્ધ ટીએચઆર અને એમએમવાય યોજના હેઠળના સ્ટોકની પણ વિગતવાર તપાસ કરવામાં આવી હતી.

# વડોદરામાં ટ્રક ચાલકે અડફેટે લેતા નિવૃત્ત રેલવે કર્મચારીનું મોત

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

વડોદરા શહેરમાં અકસ્માતો થમવાનું નામ નથી લઈ રહ્યા. વડસર બ્રિજ એરપોર્ટ સર્કલ અને ત્યારબાદ ફતેગંજ વિસ્તારમાં બેફામ દોડતા ટ્રક ચાલકે મોપેડ સવાર નિવૃત રેલવે કર્મચારીને અડફેટમાં લીધા હતા. નીચે પટકાયા બાદ વૃદ્ધ ટ્રકના પાછળના ટાયર નીચે આવી જતા તેમના માથાનો ભાગ છૂંદાઈ ગયો હોય તેમનું ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. વડોદરા શહેરના એરપોર્ટ સર્કલ પાસે અમિતનગર સર્કલથી પુરપાટ ઝડપે આવી રહેલા આઈસર ચાલકે અમિતનગર પહેલા ઝાડને ટક્કર મારી હતી. ત્યારબાદ એક રાહદારી, બે બાઈક અને એક કારને પણ અડફેટમાં લીધા હતા. જેમાં વૃદ્ધ રાહદારી મૃતક હસમુખભાઈ સોમાભાઈ વણકરનું ઘટના સ્થળે જ મોત નિપજ્યુ હતું જ્યારે અન્ય એક બાઈક ચાલક દિલીપભાઈને ગંભીર ઈજાઓ પહોંચતા ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા. ત્યારે ગુરૂવારના ત્રીજો અકસ્માત નવાયાર્ડ વિસ્તારમાં થયો હતો. જેના છાણી ટીપી ૧૩ વિસ્તારમાં આવેલી ગોવર્ધન પાર્ક સોસાયટી રહેતા રાજુભાઈ પરમાર હાલમાં રેલવેમાંથી રિટાયર્ડ થયા બાદ નિવૃત્ત જીવન ગુજારતા હતા. તેઓ એકટીવા લઈને પસાર થતા હતા ત્યારે ફતેગંજ પોલીસ સ્ટેશનથી ૨૦૦ મીટરના અંતરે ટ્રક ચાલકે નિવૃત્ત રેલવે કર્મચારીને અડફેટે લીધા હતા. જેમાં તેઓ રોડ પર પટકાતા તકના પાછળના ટાયર નીચે આવી જતા તેમનું માથું છુંદાઈ ગયું હતું. ગંભીર ઈજાના કારણે તેમનું ઘટનાસ્થળ પર જ મોત નીપજ્યું હતું. ફતેગંજ પોલીસે તુરંત સ્થળ પર દોડી આવી આગળની કાર્યવાહી હાથ ધરી છે. સ્થાનિક લોકોએ ટ્રક ચાલકને પકડી લીધો હતો. જેથી પોલીસે ચાલક વિરૂદ્ધ ગુનો નોંધ્યો છે.

## અવસાન નોંધ

### પાલેજ

પાલેજના હાજી બસીરભાઈ અહમદભાઈ લાકડાવાલા ઉ.વ.૭૮ (રીમઝીમ હોટેલ મેડિકલવાલા) શુક્રવારના રોજ અલ્લાહની રેહમતમાં પહોંચી ગયા છે. તેઓની દફનવિધિ શુક્રવારના રોજ અસરની નમાઝ બાદ રાખવામાં આવી હતી. દફનવિધિમાં મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો સગા સ્નેહીજનો ઉપસ્થિત રહ્યા હતા.

• • • • • • • • • • •

પાલેજના હાજી મહંમદમિયાં અબ્દુલમિયાં ફૂટવાલા શુક્રવારે ટૂંકી માંદગી બાદ અલ્લાહની રહેમતમાં પંહોંચી ગયા હતાં. મર્હૂમની દફનવિધિ જોહરની નમાજ બાદ રાખવામાં આવી હતી.


**નામ બદલેલ છે**

જૂનું નામ- ખત્રી નૂરજહાં ફરીદભાઈ નવું નામ- ખત્રી નૂરજહાંબેન ફરીદભાઈ

સરનામું : ૧૩, કુંભારવાડા, ઢોકલીયા. તા. બોડેલી. જિ. છોટાઉદેપુર.



**જાહેર નોટીસ મહેરબાન ભરૂચના મામલતદાર સાહેબની કોર્ટમાં,**

અરજદાર : આદમભાઈ મુસાભાઈ પટેલ

ક્રમાંક : જન્મ-મરણ નોંધણી અપીલ નં.૧૬૧/૨૦૨૫

વિરૂધ્ધ

સામાવાળા : તલાટી કમમંત્રીશ્રી, ગ્રામ પંચાયત હિંગલ્લા

વિષય : જન્મ/મરણ નોંધણી અધિનિયમની જોગવાઈઓ હેઠળ જન્મ પ્રમાણપત્ર મેળવવા બાબત.

આથી જાહેર જનતાને નોટીસ આપી જણાવવાનું કે, અરજદારનો જન્મ તારીખ : [illegible] ના રોજ મોજે હિંગલ્લા, તા.જી.ભરૂચ મુકામે થયેલ હોય, જન્મ પ્રમાણપત્ર મેળવવા અર્થે અમોની કોર્ટમાં અપીલ અરજ કરેલી છે. ઉકત વિષય બાબતે કોઈપણ વ્યક્તિને કોઈપણ વાંધો-વિરોધ હોય તો, નોટીસ પ્રસિદ્ધ થયેથી દિન-૩૦ માં નામદાર કોર્ટમાં યોગ્ય પુરાવાઓ સહ લેખિત વાંધા રજૂ કરવા.જો કોઈપણ વાંધો કે તકરાર નહિં આવે તો અરજીનું કામ આગળ ચલાવી, ન્યાયિક નિકાલ કરવામાં આવશે જેની જાહેર જનતાએ નોંધ લેવી.

આજ તારીખ ૧૦ માહે જાન્યુઆરી ૨૦૨૬ ના રોજ નોટીસ પ્રસિદ્ધ કરી.

અરજદાર તર્ફે એડવોકેટ સહી/- એ.એમ.શેખ, મનુબર, તા.જી.ભરૂચ. મો.[illegible]

### કામદારો છીએ ગુલામ નથી

# શ્રમિકોના કથિત શોષણ-અન્યાય મુદ્દે કોંગ્રેસ અને એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા 'જન આક્રોશ રેલી' યોજાઈ

## 'સમાન કામ સમાન વેતન' સહિતના બેનરો સાથે મોટી સંખ્યામાં શ્રમિકો ઊમટ્યા હતા

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

પારડી તાલુકામાં શ્રમિકોના કથિત શોષણ અને અન્યાયના મુદ્દે આજે તાલુકા કોંગ્રેસ અને કામદારોના એમ્પ્લોઈઝ યુનિયન દ્વારા વિશાળ 'જન આક્રોશ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. 'કામદારો છીએ ગુલામ નથી', 'સમાન કામ સમાન વેતન' સહિતના બેનરો સાથે મોટી સંખ્યામાં શ્રમિકો ઉમટ્યાં હતા.

વાંસદાના ધારાસભ્ય અનંત પટેલની આગેવાનીમાં કામદારોએ રેલી કાઢી પારડીના પ્રાંત અધિકારી (SDM)ને આવેદનપત્ર પાઠવી પોતાની પડતર માંગણીઓ રજૂ કરી હતી. આ મામલો વલસાડની ગુંદલાવ જીઆઈડીસીમાં આવેલી ડેમોસા કંપની અને વાપી જીઆઈડીસીમાં આવેલી આલોક ઈન્ડસ્ટ્રીઝ સાથે સંબંધિત છે કારણ કે આ બે કંપનીના કર્મચારીઓ પોતાના વિવિધ પ્રશ્ને હાલ હડતાળ પર છે. આવેદનપત્રમાં તાલુકા કોંગ્રેસ સમિતિ અને યુનિયન દ્વારા મુખ્યત્વે પગાર વધારો, કામદારોની પુનઃનિયુક્તિ, અકસ્માત વળતર, મહિલા કામદારોના સમયમાં ફેરફાર અને કંપનીમાં સુવિધાઓના અભાવ જેવા મુદ્દાઓ પર ભાર મૂકવામાં આવ્યો છે. કામદારોની માંગણીઓમાં વર્ષ ૨૦૨૩થી વર્ષ ૨૦૨૫ સુધીનો બાકી પગાર વધારો અને તેનું એરિયસ તાત્કાલિક ચૂકવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, યુનિયનની રચના સમયે કારણ વગર છૂટા કરાયેલા ૧૭થી ૨૦ જેટલા કામદારોને ફરીથી નોકરી પર લેવાની પણ માંગ કરવામાં આવી છે.

અકસ્માત વળતર અંગે, જો કોઈ કામદારનું ચાલુ નોકરીએ અકસ્માત કે મૃત્યુ થાય, તો તેને રૂા.૨૦ લાખ સુધીનું વળતર અને તેના બાળકોના શિક્ષણનો ખર્ચ સંસ્થા દ્વારા ભોગવવામાં આવે તેવી રજૂઆત કરાઈ છે. મહિલા કામદારો માટે સવારે ૭:૦૦થી બપોરે ૩:૦૦ વાગ્યાનો જૂનો સમય યથાવત્ રાખવાની માંગ છે, કારણ કે હાલનો સવારે ૧૧:૦૦થી સાંજે ૭:૦૦નો સમય તેમના ઘરેલું કામકાજમાં અડચણરૂપ બને છે. આવેદનપત્રમાં એ પણ ઉલ્લેખ કરાયો છે કે, પોતાના હક્ક અધિકાર માટે અવાજ ઉઠાવતા કામદારોને વગર નોટિસે નીચલી કક્ષાની પોસ્ટ પર ટ્રાન્સફર કરવાની કે નોકરીમાંથી કાઢી મૂકવાની ધમકીઓ આપવાનું બંધ થવું જોઈએ. કંપનીમાં સેનિટેશન, બાથરૂમ, કેન્ટીન અને વાહન પાર્કિંગ જેવી પાયાની સુવિધાઓનો પણ અભાવ હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. રેલી દરમિયાન મીડિયા સાથે વાત કરતા ધારાસભ્ય અનંત પટેલે જણાવ્યું હતું કે, વાપી અને ગુંદલાવ GIDCની કંપનીના કામદારોના પ્રશ્નો લઈને અમે આક્રોશ રેલી કાઢી હતી. કામદારો છેલ્લા ઘણા સમયથી અન્યાયનો સામનો કરી રહ્યા છે. અમે આજે ત્રીજી વખત રેલી કાઢીને SDMને આવેદનપત્ર આપ્યું છે. જો આગામી ૫ દિવસમાં આ માંગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આલોક કંપનીની બહાર ઉગ્ર આંદોલન અને ધરણા પ્રદર્શન કરવામાં આવશે. પ્રાંત અધિકારીએ આ બાબતે ઘટતું કરવાની ખાતરી આપી છે. જો કે, અનંત પટેલે ભાજપના નેતાઓ ઉપર આક્ષેપ કર્યો હતો કે, ભાજપના નેતાઓ કંપનીના અધિકારીઓ સાથે બેઠક કરી જતા રહે છે, પરંતુ કામદારોના પ્રશ્ને કોઈ સ્થાનિક નેતાઓ તેમની સાથે ઊભા રહ્યા નથી.

### વિકાસની દોટમાં જનતાનો દમ ઘૂંટાયો

# AMCના આડેધડ ખોદકામથી અમદાવાદીઓ ત્રાહિમામ્

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

અમદાવાદ શહેર આગામી સમયમાં કોમનવેલ્થ ગેમ્સની યજમાની કરવાની તૈયારીઓ કરી રહ્યું છે, પરંતુ આ 'વિકાસ'ની દોટમાં શહેરનું આયોજન સંપૂર્ણપણે ખોરવાઈ ગયું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC) દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં એકસાથે શરુ કરવામાં આવેલી કામગીરીને કારણે જનજીવન અસ્તવ્યસ્ત બન્યું છે.

માત્ર કોર્પોરેશન જ નહીં, પરંતુ ગેસ અને વીજ કંપનીઓએ પણ પોતાના મેન્ટેનન્સ માટે ઠેર-ઠેર રસ્તાઓ ખોદી નાખતા શહેરીજનોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. ખાસ કરીને 'પીક અવર્સ' દરમિયાન દરેક ચાર રસ્તે ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાય છે. સ્થિતિ એવી છે કે વાહનચાલકોને એક સિગ્નલ ક્રોસ કરવા માટે ૩થી ૪ વખત ઊભા રહેવું પડે છે, જેના કારણે સમય અને ઈંધણ બંનેનો વેડફાટ થઈ રહ્યો છે. અમદાવાદની જીવાદોરી સમાન આશ્રમ રોડ અત્યારે ખોદકામનું કેન્દ્ર બની ગયો છે. સાબરમતી આશ્રમથી કોચરબ આશ્રમ વચ્ચેના માર્ગ પર દરરોજ લાખો લોકોની અવરજવર રહે છે, પરંતુ તંત્રએ જાણે આખો રોડ બાનમાં લીધો હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.

વાડજ સર્કલ પાસે ઓવરબ્રિજનું કામ મહિનાઓથી ચાલતું હોવા છતાં ગતિ ધીમી છે.

નવરંગપુરામાં જૂનું કામ પૂરું થાય તે પહેલા જ નવરંગપુરા ઓવરબ્રિજ પાસે નવું ખોદકામ શરૂ કરી દેવાયું છે. એલિસબ્રિજ વીએસ હોસ્પિટલથી પાલડી ચાર રસ્તા સુધી પણ ખાડાઓનું સામ્રાજ્ય છે.

નેહરૂ બ્રિજથી ગાંધી બ્રિજ વચ્ચે રિસરફેસિંગનું કામ પણ તે જ સમયે હાથ ધરાતા વાહનચાલકોની મુશ્કેલીમાં અનેકગણો વધારો થયો છે.

અમદાવાદના પોશ ગણાતા સી.જી. રોડ, આંબાવાડીથી લઈને પૂર્વના બાપુનગર સુધી મેટ્રો રેલ, બુલેટ ટ્રેન, ઓવરબ્રિજ અને નવી પાઈપલાઈનો નાખવા માટે આડેધડ ખોદકામ ચાલી રહ્યું છે. મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને ઈજનેરો વચ્ચેના સમન્વયના અભાવને કારણે કોઈ એક કામ પૂરું થયા પછી બીજું કામ શરૂ કરવાને બદલે તમામ પ્રોજેક્ટ્સ એકસાથે ખોલી દેવાયા છે. શહેરનો ભાગ્યે જ કોઈ એવો એક કિલોમીટરનો રસ્તો હશે જે સળંગ ખોદ્યા વગરનો હોય. આ આયોજન વિહોણી કામગીરીને કારણે સામાન્ય નાગરિકો ત્રાહિમામ્ પોકારી ઉઠ્યા છે.

તંત્ર દ્વારા કરવામાં આવતા આ 'આડેધડ વિકાસ' સામે હવે જનતામાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. કોમનવેલ્થ ગેમ્સ પહેલા શહેરને ચકચકાટ બનાવવાની લ્હાયમાં હાલ તો અમદાવાદીઓ ખાડા અને ટ્રાફિકમાં હોમાઈ રહ્યા છે.

# વીજ બિલમાં લૂંટ સામે શાહીબાગ ખાતે AIMIMનો ભારે વિરોધ પ્રદર્શન



અમદાવાદ, તા.૯

ટોરેન્ટ પાવર લિમિટેડ તરફથી ગુજરાત રાજ્ય અને ખાસ કરીને અમદાવાદ શહેરમાં જે વીજળીના નામે આડેધડ લૂટના બિલોમાં વધારાના ચાર્જિસ અને જે વધારાના દંડ ફટકારવામાં આવે છે અને રેડ પાડી ખોટે ખોટા કેસો કરીને પ્રજા પાસેથી લૂંટવામાં આવતા બેફામ રૂપિયા વિરૂદ્ધ ઓલ ઈન્ડિયા મજલિસ એ ઈત્તેહાદુલ મુસ્લિમીન (AIMIM) પક્ષના ગુજરાત પ્રદેશ પ્રમુખ સાબીરભાઈ કાબલીવાલા તથા તેમની સાથેના અસંખ્ય હોદ્દેદારો તથા જુદા જુદા વિસ્તારોમાંથી હજારોની સંખ્યામાં લોકો પોત પોતાના લાઈટના બિલો તથા ટોરેન્ટ પાવર તરફથી આપવામાં આવતી ખોટી ખોટી નોટિસ સાથે આજે તા.૯/૦૧/૨૬ના રોજ શુક્રવારે અમદાવાદ શહેરના નમસ્તે સર્કલ શાહીબાગ ખાતે આવેલ ટોરેન્ટ પાવરની ઓફિસ ઉપર ટોરેન્ટ પાવર વિરૂદ્ધ જન આંદોલન કરવામાં આવ્યો હતો અને ટોરેન્ટના ઉચ્ચ કક્ષાના અધિકારીઓને મળીને પ્રજાજનોને જે ટોરેન્ટ પાવર તરફથી પડતી મુસ્કેલીઓ દૂર કરવા લેખિતમાં રજૂઆત કરી હતી અને ખાસ કરીને ટોરેન્ટ પાવર વિરૂદ્ધ અલગ અલગ પ્લે કાર્ડ બોર્ડ લઈ જુદા જુદા લખાણોથી વિરોધ કરવામાં આવ્યો હતો તેમ જ દુશ્મન દેશને સસ્તા ભાવે વીજળી પૂરી પાડવામાં આવે છે જયારે ગુજરાત રાજ્યની પ્રજાજનોને મોંઘી વીજળી કેમ આપવામાં આવી રહી છે. આ ગંભીર પ્રશ્નોનો જવાબ ટોરેન્ટ પાવર અને ગુજરાત સરકારને આપવો પડશે. આ ઉપરાંત સાબીરભાઈ કાબલીવાલાએ જણાવ્યું કે, આ જન આંદોલનથી પ્રજાના પ્રશ્નોને હલ ન થાય તો ગાંધીનગર ખાતે એક મોટું જન આંદોલન કરશે અને નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટ સુધી લડી લેવાની તૈયારી બતાવી છે.

### વિનામૂલ્યે વિવિધ થેરાપી આમ જનતાને અપાશે

# ૫,૦૦૦થી વધુ આયુર્વેદિક ચિકિત્સકો મેગા આયુર્વેદ કોન્ફરન્સમાં ભાગ લેશે

ગાંધીનગર, તા.૯

દેશભરના ૫,૦૦૦થી વધુ આયુર્વેદિક ચિકિત્સકો ૧૦થી ૧૧ જાન્યુઆરી દરમિયાન અડાલજ સ્થિત દાદાનગર કન્વેન્શન સેન્ટર ખાતે આયુર્વેદ વ્યાસપીઠ દ્વારા આયોજિત "આયુર્વિવેક મહોત્સવ"માં ભાગ લેશે. આ મેગા ઈવેન્ટમાં એક્સ્પો તથા "વિઝડમ ઓફ હેલ્થી લાઈફ" થીમ પર આધારિત દેશભરના વિદ્વાન ચિકિત્સકો દ્વારા તૈયાર થયેલ પ્રદર્શની પણ રહેશે. આ મહોત્સવનો હેતુ રોજિંદા ક્લિનિકલ પડકારોને ઉકેલવામાં આયુર્વેદની વધતી પ્રાસંગિકતા ને ઉજાગર કરવાનો છે. મહોત્સવની મુખ્ય થીમ "જનરલ પ્રેક્ટિસમાં આયુર્વેદ" છે, જે નિવારક અને ઉપચારાત્મક આરોગ્યસંભાળમાં પરંપરાગત ચિકિત્સા પદ્ધતિઓની વધતી સ્વીકાર્યતાને દર્શાવે છે. કાર્યક્રમ દરમિયાન આયુર્વેદ નિષ્ણાતો દ્વારા સંચાલિત સત્રોમાં આયુર્વેદ દ્વારા જનરલ પ્રેક્ટિસનું પુનઃપરિભાષણ, રોજિંદી પ્રેક્ટિસમાં ઑટોઈમ્યુન રોગોનું સંચાલન, પંચકર્મની ક્લિનિકલ પ્રાસંગિકતા, આયુર્વેદિક સારવારની સફળ કથાઓ અને સ્ત્રીરોગવિજ્ઞાનમાં આયુર્વેદ જેવા વિષયો પર ચર્ચા થશે. તાત્કાલિક સારવાર (ઈમરજન્સી કેર)માં આયુર્વેદની ભૂમિકા અંગે પેનલ ચર્ચા પણ યોજાશે. આ મહોત્સવના આયોજન અધ્યક્ષ વૈદ્ય હિતેશ જાની જણાવે છે, "આજની જનરલ પ્રેક્ટિસમાં દેખાતા અનેક આરોગ્ય પડકારો માટે આયુર્વેદ સમયસિદ્ધ ઉકેલો આપે છે. આયુર્વિવેક મહોત્સવ દ્વારા અમારો હેતુ એ દર્શાવવાનો છે કે શાસ્ત્રીય આયુર્વેદિક સિદ્ધાંતોને આધુનિક સમયમાં ક્લિનિકલ પ્રેક્ટિસ માં કેવી રીતે વધુ અસરકારક રીતે લાગુ કરી શકાય." આ મહોત્સવ દરમિયાન શાલાક્ય ક્રિયાકલ્પ થેરાપી, ગર્ભ સંસ્કાર, અગ્નિકર્મ, મર્મ ચિકિત્સા, આયુર્વેદિક બ્યુટી થેરાપી અને OPD આધારિત પંચકર્મ પ્રક્રિયાઓ જેવા વિષયો પર વિવિધ વર્કશોપ યોજાશે. કિડની, ત્વચા અને આંખ સંબંધિત રોગો તેમજ ડાયાબિટીસ, આર્થ્રાઈટિસ, ઑટિઝમ જેવી પરિસ્થિતિઓ માટે માર્ગદર્શન આપતા મફત OPD કેમ્પ્સનું આયોજન પણ કરવામાં આવશે. દેશભરમાંથી આવેલ આ બાબતોના આયુર્વેદ નિષ્ણાતો દ્વારા જુદા જુદા રોગોમાં આ થેરાપી વિનામૂલ્યે આમજનતા માટે તારીખ ૧૦/૦૧ સાંજે ૩.૦૦થી ૭.૦૦ દરમિયાન દેશભરમાંથી આવેલ આ બાબતો ના નિષ્ણાતો દ્વારા જુદા જુદા રોગોમાં આ થેરાપી વિનામૂલ્યે આમજનતા માટે કાર્યક્રમમાં સ્થળે રહેશે. આ આયુર્વિવેક મહોત્સવના આયોજન સચિવ વૈદ્ય ફાલ્ગુન પટેલે જણાવ્યું કે આ ઈવેન્ટ શિક્ષણ, સહકાર અને કુશળતા વિકાસ માટેનું મંચ તરીકે રચાયેલ છે. જુદા જુદા વિષયો સાથે આયુર્વેદ ચિકિત્સા ક્ષેત્રે કાર્યરત નિષ્ણાતો, સંશોધન અને સ્ટાર્ટ અપના આયુર્વેદ ક્ષેત્રના અગ્રીમ અધિકારીઓ વિગેરેને આવરી લઈ આ મહોત્સવ યોજાઈ રહ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું, "હજારો ચિકિત્સકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓની ભાગીદારી સાથે આ મેગા ઈવેન્ટ ક્લિનિકલ જ્ઞાનની આપ-લે, હેન્ડ્સ-ઓન તાલીમ અને મુખ્ય આરોગ્યપ્રવાહમાં આયુર્વેદના ભવિષ્ય અંગે સંવાદને પ્રોત્સાહન આપશે. અમે અમદાવાદ અને ગાંધીનગરના નાગરિકોને આ ઈવેન્ટનો લાભ લેવા આમંત્રિત કરીએ છીએ." જ્યારે જીવનશૈલી સંબંધિત રોગો, દીર્ઘકાલીન બીમારીઓ અને ઑટોઈમ્યુન પરિસ્થિતિઓમાં વધારો થઈ રહ્યો છે, ત્યારે નિવારણ, સંતુલન અને વ્યક્તિગત સારવાર પર ભાર મૂકતી આયુર્વેદની સર્વાંગી પદ્ધતિને નવી મહત્તા મળી છે. રોગના મૂળ કારણને ઉકેલવા સાથે આહાર, જીવનશૈલી અને આયુર્વેદ ઉપચાર પર ભાર મૂકતા આયુર્વેદ ટકાઉ આરોગ્ય પ્રણાલીઓના નિર્માણમાં મહત્વની ભૂમિકા ભજવી છે. મહોત્સવના આયોજક આયુર્વેદ વ્યાસપીઠ સંસ્થા છેલ્લા ૨૭ વર્ષથી આયુર્વેદના સેવા, સંશોધન,પ્રચાર, શિક્ષણ માટે સક્રિય રીતે કાર્ય કરી રહી છે. આ સંસ્થા વિદ્યાર્થીઓ, ચિકિત્સકો, શિક્ષકો, ઔષધ નિર્માતાઓ, નીતિનિર્માતાઓ, ઔષધીય વનસ્પતિ ઉગાડતા ખેડુતો અને ઉદ્યોગકારોને એક મંચ પર લાવે છે અને આયુર્વેદના વિકાસ માટે કાર્ય કરે છે અને તે ભારતના ૧૦થી વધુ રાજ્યોમાં વ્યાપેલું વિશાળ આયુર્વેદ ચિકિત્સકોનું સંગઠન છે.

### અમદાવાદમાં ૨૨મી જોઈન્ટ ઈન્ટરનેશનલ કોન્ફરન્સનું આયોજન

અમદાવાદ,તા.૯

અમદાવાદ, ડિસેમ્બર ૦૯,૨૦૨૫ : ૨૨મી જોઈન્ટ ઈન્ટરનેશનલ કોન્ફરન્સ (JIC૨૦૨૬) ૯થી ૧૧ જાન્યુઆરી, ૨૦૨૬ દરમ્યાન અમદાવાદ ખાતે યોજાયેલ છે જેનો હેતુ નોલેજ શેરિંગ અને જોઈન્ટ લર્નિંગ થકી એકેડેમિક અને સાયન્ટીફિક શ્રેષ્ઠતાના ત્રીસ કરતા વધારે વર્ષોની ઉજવણી કરવાનો છે. આ ઈવેન્ટ માત્ર જ્ઞાનનાં પ્રસાર માટે જ નહીં પરંતુ વિશ્વભરમાં હેલ્થકેર પ્રેક્ટિસના ભવિષ્યને આકાર આપવા માટે જાણીતી સફળ ઈન્ટરનેશનલ કોન્ફરન્સની શ્રેણીમાં એક નવો અધ્યાય બનવા માટે સજ્જ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં મૈરિંગો સિમ્સ દ્વારા યોજવામાં આવતી જેઆઈસી એક સાયન્ટીફિક કોન્ફરન્સમાં પરિવર્તન પામી છે. જે એક એકેડેમિક મુવમેન્ટ તરીકે વિદ્યાર્થીઓમાં નવીનતા તથા ઈન્ટરેક્શનને પ્રોત્સાહન આપે છે તથા એવિડન્સ-બેસ્ડ કેરને પ્રેક્ટિકલ પેશન્ટ કેર સર્વિસ સુધી પહોંચાડે છે.

### દારૂલ ઉલૂમ શાહેઆલમ ખાતે ૨૪મો જલ્સા-એ-દસ્તાર બંદી યોજાશે

અમદાવાદ,તા.૯

અમદાવાદના જમાલપુર રોડ, સ્થિત મરકઝે અહલે સુન્નત દારૂલ ઉલૂમ શાહેઆલમ ખાતે સંસ્થાના ૨૪મા જલ્સા-એ-દસ્તારબંદીનું ભવ્ય આયોજન રિપબ્લિક હાઈસ્કૂલ વીજળીઘર, લાલદરવાજા, અમદાવાદમાં કરવામાં આવ્યું છે. આ જલ્સો તા.૧૦/૦૧/૨૦૨૬ શનિવારના રોજ ઈશાની નમાઝ બાદ આયોજિત થશે. આ જલ્સામાં કુલ ૩૩ વિદ્યાર્થીઓ (તલબાઓ)નો (દસ્તાર) પાઘડી બાંધી સન્માન કરવામાં આવશે જેમાં બે આલિમ, ૧૦ કારી અને ૨૧ હાફિઝનો સમાવેશ થાય છે. આ પ્રસંગે દારૂલ ઉલૂમના (તલબાઓ) વિદ્યાર્થીઓ દ્વારા કિરઅત, હમ્દ, નાત, મનકબત તથા તકરીર રજુ કરવામાં આવશે. જલ્સામાં મુખ્ય મહેમાન તરીકે હઝરત અલ્લામા મૌલાના મુફતી અશ્શાહ મુહમ્મદ અરસલાન રઝાખાન (બરેલી શરીફ, યુ.પી.) હાજરી આપશે. ઉપરાંત હઝરત અલ્લામા, સૈયદ કમરૂદ્દીન બાવા સાહબ કારંટવી, હઝરત સૈયદ તાજુદ્દીન બાવા ઉર્ફે નુરીમિયાં (દાહોદ), હઝરત અલ્લામા મુફતી શાહિદ રઝા રઝવી સાહબ (બરેલી શરીફ), હઝરત મૌલાના મુફતી અશરફ રઝા બુરહાની સાહબ (રતનપુર) હઝરત અલ્લામા ગુલઝાર અહમદ નૂરી રીઝવી સાહબ (જૂનાગઢ) સહિત વિદ્વાન ઉલેમાઓ ઉપસ્થિત રહેશે. નાતખ્વાનીમાં બુલબુલે મદીના હાફિઝ અન્વાર અહમદ રૈહાની (ઈન્દોર) નાતખ્વાની કરશે. આ કાર્યક્રમમાં શહેર તેમજ આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં અકીદતમંદ હાજર રહેવાની શકયતા છે. દારૂલ ઉલૂમ શાહેઆલમના સંચાલકો દ્વારા તમામ મોમીન ભાઈઓને આનૂરાની અને ઈરફાની મહેફિલમા હાજરી આપવાની અપીલ કરવામાં આવી છે.

# ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ અંગે ગુજરાત સરકારનું હાઈકોર્ટમાં સોગંદનામું : ૪૦૯ FIR અને ૨.૬૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ, તા.૯

ઉત્તરાયણ પર્વ દરમિયાન જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ચાઈનીઝ દોરી અને ઘાતક તુક્કલ પરના પ્રતિબંધ અંગે ગુજરાત હાઈકોર્ટમાં મહત્ત્વનું સોગંદનામું રજૂ કર્યું છે. ગૃહ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી દ્વારા રજૂ કરવામાં આવેલી આ વિગતોમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યભરમાં સિન્થેટીક, નાયલોન અને ચાઈનીઝ દોરીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતું જાહેરનામું અમલી છે અને તેની કડક અમલવારી કરવામાં આવી રહી છે.

સરકાર દ્વારા રજૂ કરાયેલા આંકડાઓ મુજબ, પ્રતિબંધિત દોરીઓના ગેરકાયદેસર વેચાણ અને વપરાશના કિસ્સામાં અત્યાર સુધીમાં કુલ ૪૦૯ એફઆઈઆર (FIR) દાખલ કરવામાં આવી છે. પોલીસની વિવિધ ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલા દરોડામાં ચાઈનીઝ દોરીના અંદાજે ૭૧,૮૧૯ જેટલા રીલ (ટેલર) જપ્ત કરવામાં આવ્યા છે, જેની બજાર કિંમત આશરે ૨.૬૭ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા કુલ ૪૭૭ લોકોની અત્યાર સુધીમાં ધરપકડ કરવામાં આવી હોવાનું પણ સરકાર પક્ષે હાઈકોર્ટને જણાવ્યું હતું.

કાયદાકીય કાર્યવાહીની સાથે સાથે જનજાગૃતિ ફેલાવવા માટે પણ વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. પ્રતિબંધિત દોરીના જોખમો વિશે લોકોને માહિતગાર કરવા માટે ૩૭થી વધુ સત્તાવાર જાહેરાતો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૬૮૩થી વધુ પોસ્ટ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું છે. નોંધનીય છે કે પોલીસ તંત્રને આ બાબતે વિશેષ સત્તાઓ સોંપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનારા તત્વો વિરૂદ્ધ હવે કોઈપણ પોલીસ કર્મચારી સીધી ફરિયાદ દાખલ કરી શકે છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર થતા વેચાણ અંગે પણ સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. પાડોશી રાજ્યોમાંથી આવી ઘાતક દોરીઓની આયાત અટકાવવા માટે સરહદી જિલ્લાઓના પોલીસ વડાઓને સરહદ પર કડક ચેકિંગના આદેશો આપવામાં આવ્યા છે.

નાગરિકોની સુવિધા માટે સિટી અને ડિસ્ટ્રીક્ટ પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ખાસ 'ઉત્તરાયણ હેલ્પડેસ્ક' કાર્યરત કરવામાં આવ્યું છે. કોઈપણ નાગરિક ૧૧૨ નંબર પર ફોન કરીને ગેરકાયદેસર દોરીના વેચાણ કે સંગ્રહ વિશે માહિતી આપી શકે છે. આ ફરિયાદોની નોંધણી માટે અલગ રજિસ્ટર રાખવા અને ૨૪ કલાક ફરજ પર રહેલા અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાના કડક નિર્દેશ પણ જારી કરાયા છે.

### ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓમાં હજુ પણ દર્દીઓનો ભારે ઘસારો

# ગાંધીનગરમાં ટાઈફોઈડના ૧૪ નવા દર્દી સાથે કેસનો આંકડો ૧૬૭ પહોંચ્યો

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

દૂષિત પાણીના કારણે ગાંધીનગર શહેરના ૬થી વધુ વિસ્તારોમાં વકરી રહેલા ટાઈફોઈડના રોગચાળામાં ગુરૂવારે વધુ ૧૪ નવા કેસ નોંધાયા છે. તેની સાથે કેસનો આંકડો ૧૬૭ પહોંચ્યો છે. દર્દીઓના આ આંકડા મ્યુનિ. આરોગ્ય વિભાગ દ્વારા દર્શાવવામાં આવ્યા છે, પરંતુ ખાનગી હોસ્પિટલો અને નાના મોટા દવાખાનાઓમાં હજુ પણ દર્દીઓનો ધસારો હોવાની વાસ્તવિક સ્થિતિ પ્રવર્તે છે. જ્યારે હજુ પણ રોગચાળાગ્રસ્ત વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં પણ દૂષિત પાણીની ફરિયાદો યથાવત છે. તે ઉપરાંત પાણી અને ગટરની લાઈનના લિકેઝ શોધવામાં તંત્રની ઢીલી નિતી સામે શહેરીજનો આક્રોશ ઠાલવી રહ્યાં છે. ગાંધીનગર મ્યુનિ. વિસ્તારમાં સેકટર-૨૪, -૨૬, -૨૮, આદિવાડા અને જીઆઈડીસી વિસ્તારમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસ ઉપર હજુ સુધી તંત્ર સંપૂર્ણ રીતે કાબુ મેળવી શક્યુ નથી. જો કે વિવિધ ૮૫ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. મ્યુનિ. તંત્ર દ્વારા જણાવાયુ છે, કે ગુરૂવારે ટાઈફોઈડના વધુ ૧૪ નવા કેસ નોંધાયા છે તેમજ ૧૮ દર્દીને રજા આપવામાં આવી છે અને હાલના તબક્કે ૮૦ દર્દી સારવાર હેઠળ છે. સર્વેલન્સની ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૬૧૩૮૯થી વધુ ઘરોમાં તથા ૨૬૬૬૨૦ની વસ્તીમાં કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત પાણીનુ સુપર કલોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.દહેગામ શહેરમાં ચાર લિકેજ મળી આવતાં આરોગ્ય તંત્રની ચિંતા વધી છે. દહેગામ આરોગ્ય કચેરી અને દહેગામ સામુહિક કેન્દ્રની વચ્ચે ત્રણ રસ્તા પર જ એક મોટુ ભંગાણ સર્જાયુંછે. જેના કારણે અસહ્ય દુર્ગંધ અને ગંદકીનો માહોલ છે. દહેગામ નગરપાલિકાના પ્રમુખની હાઉસિંગ વસાહતમાં અન્ય બે લિકેજ છે. આ લિકેજ પૂરવાની કવાયતત હાથ ધરવાની સાથે દહેગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય શાખાની ટીમે ૮૧૭૧ ઘરમાં ૩૨,૬૯૬ લોકોને સર્વેમાં આવરી લીધા છે, જેમાં ટાઈફોઈડના કેસ મળ્યા નથી. અગમચેતીના ભાગરૂપે પાણીના સેમ્પલ લેવાની સાથે ક્લોરિનની ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યું છે.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પાણીનાં સેમ્પલ લેવામાં આવે છે, તેમ છતાં હજુ પણ દૂષિત પાણીની ફરિયાદો ઉઠી છે. આદિવાડાના ગ્રામજનો લોકો ગંદુ પાણી પી રહ્યા હોવાનું ગાંધીનગર આમ આદમી પાર્ટીએ જણાવ્યુ છે. 'આપ'ના નેતા ડો. હાર્દિક તલાટીએ જણાવ્યું કે મ્યુનિ. કમિશનર એવું કહે છે કે અમે પાણીના ૧૦૧૮સેમ્પલ લીધા છે, આ તે પાણી પીવા લાયક છે. આજે મેં આ પાણી ચેક કર્યુ, ત્યારે હું કમિશનરને અપીલ કરું છું કે તમે આ પાણી પીને બતાવો. જો તમે બીમાર નહીં પડો તો હું આ તમામ જનતાને આ પાણી પીવા માટે કહીશ.

# રાજપીપળા : ધર્મેશ્વર મંદિરના જૂના મકાનમાંથી મળેલા ૪૦ ચામડા અને ૧૩૩ નખના તાર અમેરિકા સુધી લંબાયા, IB તપાસમાં જોડાઈ

## દિવંગત પૂજારી માધવાનંદજીના પાસપોર્ટથી મોટો ખુલાસો : ૧૯૭૭માં USA ગયા હતા; વન વિભાગે અવશેષો FSLમાં મોકલ્યા, મધ્યપ્રદેશ સુધી તપાસનો ધમધમાટ

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર નજીક આવેલ ધર્મેશ્વર મહાદેવ મંદિરના જૂના મકાનમાંથી વન્યજીવોના ચામડા અને નખ મળી આવવાના મામલે ખળભળાટ મચી ગયો છે. આ કેસમાં હવે વન વિભાગની સાથે ગુપ્તચર એજન્સી IB પણ તપાસમાં જોડાઈ છે. મંદિરના જૂના મકાનમાંથી વન્યજીવના ૪૦ જેટલા ચામડા અને ૧૩૩ નખ મળી આવતા આખા રાજ્યમાં ચર્ચા જાગી છે. વન વિભાગે આ તમામ અવશેષોને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે કે આ નખ અને ચામડા વાઘના છે કે અન્ય કોઈ પ્રાણીના. તપાસ દરમિયાન વન વિભાગને મંદિરના દિવંગત પૂજારી સ્વામી માધવાનંદજીનો પાસપોર્ટ મળી આવ્યો છે. પાસપોર્ટની વિગતો મુજબ, તેમનો જન્મ ૩-૩-૧૯૩૪ના રોજ મધ્યપ્રદેશના રાયગઢ જિલ્લાના વાયંક ગામમાં થયો હતો. પાસપોર્ટમાં તેમનું નામ માધવાનંદજી ભગતરામ દ્વિવેદી અને વ્યવસાયમાં 'Priest' (સંત) લખેલું છે. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, તેઓ ૧૯૭૭માં મુંબઈના સાંતાક્રુઝ એરપોર્ટથી અમેરિકા ગયા હતા. તેમને ૧૧-૦૫-૧૯૭૭ના રોજ અમેરિકાના ૬ મહિનાના વિઝા મળ્યા હતા. સ્વામી માધવાનંદજી ૪૦ વર્ષ પહેલા અમદાવાદના ગીતા મંદિરથી રાજપીપળા ધર્મેશ્વર મંદિર આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, તેઓ કોઈ અખાડા કે મઠ સાથે જોડાયેલા નહોતા અને છેલ્લા ૪ દાયકાથી અહીં જ કર્તાહર્તા હતા. ગત વર્ષે ૭-૭-૨૦૨૫ના રોજ ૯૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. હવે IB અને વન વિભાગ એ તપાસી રહ્યું છે કે આટલી મોટી માત્રામાં વન્યજીવોના નખ અને ચામડા ક્યાંથી આવ્યા ? આ નખ વાઘના હોવાની આશંકાએ પૂજારીના વતન મધ્યપ્રદેશ સુધી તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે. સાથે જ, ૧૯૭૭માં અમેરિકા પ્રવાસ દરમિયાન તેઓ કોના સંપર્કમાં હતા, તેની પણ ઉંડી તપાસ કરવામાં આવી રહી છે.

### સેમ્પલ FSL માટે હૈદરાબાદ મોકલ્યા છે : ડી.એફ.ઓ. અભય સિંહ

આ બાગતે ડી.એફ.ઓ અભય સિંહે જણાવ્યું હતું કે વન્ય પ્રાણીઓના ચામડા અને નખના સેમ્પલ એફ.એસ.એલ. માટે હૈદરાબાદ મોકલવામાં આવ્યા છે. સેમ્પલના રિઝલ્ટ આવ્યા બાદ ખબર પડશે કે આ ચામડા અને નખ વાઘના છે કે અન્ય કોઈ વન્ય પાણીના.

### અમિતાભ બચ્ચન પરિવારનો ગિફ્ટ સિટી પ્રોજેક્ટ માટે વિકાસ કરાર

ગાંધીનગર, તા.૯

બોલીવુડના દિગ્ગજ અભિનેતા અમિતાભ બચ્ચન દ્વારા આશરે ૧૫ વર્ષ પહેલાં ખરીદવામાં આવેલી જમીન સંપત્તિના વિકાસને આગળ વધારવા, બચ્ચન પરિવારે આનંદ કે. પંડિતના નેતૃત્વ હેઠળની લોટસ ડેવલપર્સ એન્ડ રિયલ્ટી લિમિટેડ સાથે ગિફ્ટ સિટી, ગાંધીનગરમાં એક મોટા મિક્સ્ડ-યૂઝ રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ માટે નોંધાયેલ વિકાસ કરાર કર્યો છે, એવું નોંધણી દસ્તાવેજોમાંથી જાણવા મળે છે.

પ્રોજેક્ટ સ્થળ ગિફ્ટ સિટી વિસ્તારમાં સાબરમતી નદીના રિવરફ્રન્ટ નજીક આવેલું આશરે ૨૩,૦૦૦ ચોરસ મીટરનું ફ્રીહોલ્ડ, બિન-કૃષિ જમીન ક્ષેત્રફળ ધરાવે છે. આ વિકાસ કરાર અમિતાભના પુત્ર અને અભિનેતા અભિષેક બચ્ચન સાથે કરવામાં આવ્યો છે. આ દસ્તાવેજનું ઔપચારિક રજિસ્ટ્રેશન એબી કોર્પ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ યાદવ દ્વારા કરવામાં આવ્યું છે.

# સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલને ૧૫ દિવસમાં વાલીઓને ફી ના બે કરોડ પરત કરવાનો આદેશ

(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા FRCએ નક્કી કરેલી ફી કરતા વધુ ફી વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી ઉઘરાવી દીધી હતી. જે બાદ FRCએ ફીમાં ઘટાડો કર્યો હોવા છતાં સ્કૂલ દ્વારા વાલીઓને વધારાની ફી પરત આપવામાં આવી નહોતી. જે બાદ FRCના ઓર્ડર સામે સ્કૂલ રિવિઝન કમિટીમાં ગઈ હતી. જોકે, હવે રિવિઝન કમિટીએ પણ FRCએ નક્કી કરેલો ફીનો ઓર્ડર યોગ્ય ઠેરવ્યો છે. સ્કૂલ દ્વારા ૨ કરોડ જેટલી વધારાની ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવવામાં આવી છે તે ૧૫ દિવસમાં વાલીઓને પરત કરવા માટે આદેશ કર્યો છે. તેમજ વાલીઓને ફી પરત કરી તેના પુરાવા FRCમાં જમા કરાવવા માટેની સૂચના આપવામાં આવી છે. સેન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલ દ્વારા ધોરણ-૧થી ૮ની ફી માટે અમદાવાદ ઝોનની કમિટી સમક્ષ દરખાસ્ત કરી હતી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે કમિટી સમક્ષ રૂા.૩૯,૩૫૯ની ફી માટે દરખાસ્ત કરવામાં આવી હતી. જો કે, અમદાવાદ ઝોનની FRC કમિટીએ ૩૩ ટકાનો કાપ મૂકીને ૨૬,૨૫૦ રૂપિયા ફાઈનલ ફી મંજૂર કરવામાં આવી હતી. તેમ છતાં શાળાઓએ મંજૂર કરેલી ફી કરતા દરખાસ્ત કરેલી ફી વિદ્યાર્થીઓ પાસેથી ઉઘરાવી દીધી હતી. જેથી શાળાએ રિવિઝન કમિટીમાં અરજી કરી હતી. પરંતુ રિવિઝન કમિટી દ્વારા સ્કૂલની અરજી ફગાવી દીધી છે. અમદાવાદ ઝોનની ફી કમિટી દ્વારા જે ઓર્ડર કરવામાં આવ્યો છે તે જ માન્ય રાખ્યો છે. તેમજ શાળાને FRCના આદેશનું પાલન કરવા પણ સૂચના આપી છે.

### ભારતના સૌથી મોટા લવચિક પ્લાસ્ટિક રિસાયકલિંગ યુનિટ સાથે કચરામાંથી સંપત્તિ તરફની આગેકૂચનું નેતૃત્વ એવરો ઈન્ડિયા કરશે

અમદાવાદ,તા.૯

પ્લાસ્ટિક મોલ્ડેડ ફર્નિચર બનાવતી અગ્રણી ઉત્પાદક કંપની એવરો ઈન્ડિયા ગાઝિયાબાદમાં પોતાની અત્યાધુનિક ગ્રીનફિલ્ડ રિસાયકલિંગ સુવિધા સ્થાપિત કરીને ભારતની સૌથી જટિલ પર્યાવરણલક્ષી સમસ્યા એટલે કે રિસાયકલિંગ કરવા માટે મુશ્કેલ પ્લાસ્ટિકના કચરાનું સમાધાન કરશે. એવરો ઈન્ડિયાની ૧૦૦ ટકા કે સંપૂર્ણ માલિકીની પેટાકંપની એવરો રિસાયકલિંગ અંતર્ગત કાર્યરત આ સુવિધા ભારતનો સૌથી મોટો લવચીક પ્લાસ્ટિક રિસાયકલિંગ પ્લાન્ટ છે, જેની હાલ પ્રોસેસિંગ ક્ષમતા દર મહિને ૫૦૦ મેટ્રિક ટન (MTPM) છે. નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ચોથા ત્રિમાસિક ગાળામાં આ ક્ષમતા વધીને ૧,૦૦૦ MTPM થઈ જશે. વર્ષ ૨૦૦૨માં સ્થાપિત એવરો ઈન્ડિયા સતત ટકાઉ, ઉચ્ચ-ગુણવત્તાયુકત અને વાજબી પ્લાસ્ટિક-મોલ્ડેડ ફર્નિચર પ્રદાન કરે છે, જેનો વપરાશ ભારતમાં ઘર, વ્યવસાય અને સંસ્થાઓમા થાય છે. હાલ કંપની રાષ્ટ્રીય સ્તરે હાજરી ધરાવે છે તથા NSE અને BSE એમ બંને પર લીસ્ટેડ છે.

# મતદાર યાદીઓમાંથી એમના નામો નીકળી જવાની પ્રક્રિયા સામે સાવધ બનવા અતિ પછાત અને દલિત તથા લઘુમતી સમુદાયને અનુરોધ કરતા અખિલેશ યાદવ

**સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય વડાએ એવો દાવો કર્યો હતો કે, આ સમુદાય માટે જાગૃતિ રાખી રહેલા પ્રહરીઓના ટોચના પ્રયાસો છતાં આ સમુદાયોના કરોડો લોકોના નામો મતદાર યાદીઓમાંથી કાઢવામાં આવી રહ્યા છે અને કાઢી નાખવામાં આવ્યા છે**

(એજન્સી) લખનૌ, તા.૯

સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ અખિલેશ યાદવે ખૂબ જ ચેતવણી અને સાવધાનીના સૂરમાં વાત કરતા પીડીએ સમાજ એટલે કે અત્યંત પછાત વર્ગો અને દલિતો અને લઘુમતીઓને એમના નામો મતદાર યાદીઓમાંથી નીકળી જવાની પ્રક્રિયા સામે સાવધ થઈ જવાનો અનુરોધ કર્યો હતો. તેમણે મતદારોને અને ખાસ કરીને અતિ પછાત તથા દલિત અને લઘુમતી સમુદાયના મતદારોને એમના નામો કાઢી નાખવા અને મતદાર યાદીઓમાંથી તેમનો રાજકીય અવાજ પણ નષ્ટ કરવાના થઈ રહેલા સંકલિત સઘન પ્રયાસો સામે જાગૃત થવા અપીલ કરી હતી. એમના પક્ષના નેટવર્કના પીડીએ પ્રહરીઓ અને પક્ષના કાર્યકરોને સંબોધન કરતા અખિલેશ યાદવે આ સમુદાયના નામો મતદાર યાદીઓમાંથી દૂર કરવાના પ્રયાસો સફળ ન થાય તે સુનિશ્ચિત કરવા માટે વધુ જાગૃત થવા માટે અપીલ કરી હતી. પીડીએ શબ્દ તેમણે જ આપેલો છે જેનો અર્થ થાય છે અતિ પછાત તથા દલિત અને લઘુમતીઓ એટલે કે અલ્પસંખ્યક.



તેમણે પોતાના સોશિયલ મીડિયા હેન્ડલ પર એવો દાવો કર્યો હતો કે પીડીએ પ્રહરીઓના સતત પ્રયાસો છતાં અતિ પછાત અને દલિત તથા અલ્પસંખ્યક એટલે કે લઘુમતીઓના સમુદાયોના કરોડો લોકોના નામો કાઢી નાખવામાં આવ્યા છે એટલે બુથ કક્ષાએ વધુને વધુ સઘન અને ઊંડી ચકાસણી કરવાનું જરૂરી બન્યું છે અને એક પણ મત કાઢવામાં ન આવે અને એક પણ મત ઘટાડવા ન આવે એવા સંકલ્પ અને નિર્ધાર સાથે ઊંડી ચકાસણી કરવા માટે તેમણે હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, આ તમામ સમુદાયોના હિતોની રક્ષા માટે અને ચૂંટણી પહેલા મતદાર યાદીઓમાં તેમના નામો જળવાઈ રહે એ માટે સમાજવાદી પાર્ટીએ દરેક જિલ્લામાં પીડીએ પ્રહરીઓની નિમણૂકો કરી છે. જો કે, મતદારોમાં જાગૃતિ આવે એ ખૂબ જ મહત્ત્વનું છે અને જો યાદીમાંથી નામ દૂર થઈ જાય તો તેની લાંબા ગાળે ખૂબ જ ગંભીર અસરો થઈ શકે છે અને ભવિષ્યમાં એ સ્થિતિનો ગેરલાભ પણ ઉઠાવી શકાય છે. ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર અને રાજ્ય સરકાર પર ભારે પ્રહારો કરતા તેમણે આક્ષેપ કર્યો હતો કે મતદાર યાદીઓ નાગરિકોના અધિકારો અને એમને મળેલા વિશેષ હક છીનવી લેવા માટે બનાવવામાં આવેલા રાક્ષસી કાયદાઓનો આધાર બની શકે છે. નામો કાઢી નાખવામાં આવ્યા પછી રેશનકાર્ડ તેમજ સરકારી કલ્યાણ યોજનાઓ તથા જાતિના પ્રમાણપત્રો અને અનામતો તથા બેંકના ખાતા અને મિલકતના દસ્તાવેજો તથા રેકોર્ડ તમામ સ્તરે આ સમુદાયોને અસર થઈ શકે છે અને એમની સામે તંત્ર સવાલો ઊભા કરી શકે છે.

# મમતા બેનરજીએ વિરોધ રેલીમાં દાવો કર્યો કે મારી પાસે અમિત શાહની વિરુદ્ધમાં પેન ડ્રાઈવ છે, કોલસા કૌભાંડ ઉઘાડું પાડવાની ચેતવણી

(એજન્સી) તા.૯

પશ્ચિમ બંગાળનો મુખ્યમંત્રીએ ઈડીના દરોડાના વિરોધમાં પ્રચંડ રેલીનું આગેવાની લીધી હતી જેમાં હજારો લોકો જોડાયા હતા. રાજકીય સલાહ કાર પેઢી આઈ-પેકની કચેરીઓ ઉપર તપાસ કરવામાં આવી છે અને તેના ડાયરેક્ટર પ્રતિક જૈનના કોલકાતા ખાતેના નિવાસી સ્થાન ઉપર પણ દરોડા પાડી તપાસ કરવામાં આવી છે. તેની સામે મમતા બેનરજીએ રેલીનું આયોજન કર્યું હતું. કોલકાતા હાઈકોર્ટમાં પણ ભારે અરાજકતા જેવી સ્થિતિ હતી અને નાટ્યાત્મક દૃશ્યો સર્જાયા હતા. ઈડી વિરૂદ્ધ ટીએમસી અરજીની સુનાવણી દરમિયાન ભારે અરાજકતા સર્જાઈ જતા જજ કોર્ટ રૂમ છોડીને ચાલ્યા ગયા હતા. કેમ કે આખો કોર્ટ રૂમ લોકોથી ભરાઈ ગયો હતો અને ભારે ભીડ અંદર ભેગી થઈ ગઈ હતી.

**રોહિંગ્યા દેશમાં કયા વિસ્તારમાંથી પ્રવેશી રહ્યા છે ? ભાજપને સવાલ કરતા મમતા**

મમતા બેનરજીએ બંગલા ભાષા બોલતા લોકોને બાંગ્લાદેશી ગણાવનાર ભાજપની ટીકા કરી હતી અને કહ્યું હતું કે અગાઉ ભાજપના લોકો દાવો કરતા હતા કે રોહિંગ્યા લોકો બંગાળમાં છે પરંતુ એમને ત્યાં મળ્યા નથી તો રોહિંગ્યા ભારતમાં કયા વિસ્તારમાંથી ઘૂસી રહ્યા છે ?

**મમતાએ ભાજપને ચેતવણી આપી કે જો તમે ઉપર છટકીને ચંદ્ર ઉપર પણ ચાલ્યા જશો તો હું તમને પાછા ઢસડી લાવીશ**

મમતા બેનરજીએ ભાજપના નેતાઓને ચેતવણી આપી હતી કે કેન્દ્રમાં સત્તા ગુમાવ્યા પછી એ લોકો નાસી જવા માટે જો ચંદ્ર ઉપર પણ જમીન ખરીદી લેશે તો હું એમને લોકોની સામે રજૂ કરવા માટે ત્યાંથી પણ પાછા ઢસડી લાવીશ.

**પ્રતીક જૈનના ઘર પર દરોડો; મમતા કહે છે કે આ પ્રકારના મારા પરના હુમલા મને નવું જીવન પૂરૂં પાડે છે, તેમણે પક્ષના કાર્યકરોની પ્રશંસા કરી હતી**

મમતાએ કહ્યું હતું કે એ લોકો જ્યારે મારા ઉપર હુમલા કરે છે ત્યારે મને જાણે કે નવું જીવન મળતું હોય છે જેવી રીતે મને ગઈકાલે મળ્યું. ગઈકાલે મને એવું થયું કે મારો નવો જન્મ થયો છે. જે લોકો અમને બદનામ કરે છે અને ગાળાગાળી કરે છે અને ટીએમસીને પણ બદનામ કરે છે એ લોકો અમારા કાર્યકરો અને જાણતા નથી. મારા કાર્યકરો કોઈપણ પડકારને પહોંચી વળવા તૈયાર છે અને ફાંસીનો માચડાનો સામનો કરવા પણ મારા કાર્યકરો તૈયાર હોય છે અને હસતા હસતા ફાંસીના માચડે ચડી જવા માટે તૈયાર હોય છે.



**પ્રતીક જૈન પર દરોડાની કાર્યવાહી બાદ મમતાએ કહ્યું કે હું અત્યાર સુધી શાંત અને ચૂપ બેઠી રહી છું પણ હવે મારા પર દબાણ આવશે તો હું બધું જ ઉઘાડું કરી દઈશ**

આઈ પેક પર પાડવામાં આવેલા દરોડા અંગે મમતાએ કહ્યું હતું કે આ કાર્યવાહી થઈ રહી હતી ત્યારે મેં એમનો સામનો કર્યો પણ મેં કંઈ ખોટું કર્યું નથી. મુખ્યમંત્રીએ આક્ષેપ કર્યો હતો કે કોલસાના કૌભાંડના જેટલા નાણા પેદા થયા છે એ બધા કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહને મળ્યા છે. પશ્ચિમ બંગાળના ભાજપના સાંસદ જગન્નાથ સરકાર અને બંગાળ વિધાનસભા વિરોધ પક્ષના નેતા સુવેંદુ અધિકારી મારફત અમિત શાહને નાણા પહોંચાડવામાં આવ્યા છે. તેઓ અત્યારે જે હોદ્દા પર છે તેનું માન રાખીને હું અત્યાર સુધી ચૂપ રહી છું પરંતુ કેન્દ્રીય એજન્સીઓનું વધારે પડતું ખોટું દબાણ મારા ઉપર કરવામાં આવી રહ્યું છે તો હવે હું બધું ઉઘાડું કરી દઈશ અને મારી પાસે મારા દાવાને પુરવાર કરતી પેન ડ્રાઈવ પણ મોજૂદ જ છે.

**મોદી સરકારને મમતાએ ચેતવણી આપી કે, જો તમે નાગરિકોના અધિકારો છીનવી લેશો તો અમે તમારા અધિકારો છીનવી લઈશું**

વિરોધ રેલીને સંબોધન કરતાં મમતા બેનરજીએ ચૂંટણી પંચને ચેતવણી આપી હતી કે જો ચૂંટણી પંચ મતદારોના નામો કાઢી નાખશે અને કોઈના પણ અધિકારો છીનવી લેશે તો અમે તમારા અધિકારો પણ છીનવી લેશું.

# કોમી હિંસા સાથે તેને જોડતી ટિપ્પણી બદલ જમાત-એ-ઈસ્લામી કેરળ દ્વારા CPI(M)ના નેતાને કાનૂની નોટિસ મોકલવામાં આવી, રૂપિયા એક કરોડના વળતરનો દાવો કર્યો

(એજન્સી) તા.૯

કેરળના સીપીઆઈ(એમ)ના વરિષ્ઠ નેતા એ.કે. બાલનની ૨૦૦૦ના દાયકાની મારાડ કોમી હિંસા સાથે જમાત-એ-ઈસ્લામીને જોડતી ટિપ્પણી અને એવી ટિપ્પણી કે, જો કોંગ્રેસની આગેવાની હેઠળની યુડીએફ મુસ્લિમ સંગઠનના સમર્થનથી સત્તામાં આવશે તો તે વિનાશક બનશે તેવી ચેતવણીને કારણે શરૂ થયેલા રાજકીય વિવાદ વચ્ચે, જમાત-એ-ઈસ્લામીએ તેમને માફી માંગવા અને નિવેદન પાછું ખેંચવાની કાનૂની નોટિસ મોકલી છે. આ સંગઠને રૂપિયા ૧ કરોડના વળતરની પણ માંગ કરી છે. જમાત-એ-ઈસ્લામી કેરળના અમીર પી. મુજીબુર રહેમાને રાજકીય હેતુઓ માટે સાંપ્રદાયિક હિંસાને 'શસ્ત્ર' બનાવવા સામે સીપીઆઈ(એમ)ને ચેતવણી આપી છે. આ વાત એ.કે. બાલન દ્વારા એવા આક્ષેપ કરવામાં આવ્યા બાદ સામે આવી છે કે જો યુડીએફ સત્તામાં આવશે, તો જમાત-એ-ઈસ્લામી ગૃહ વિભાગ પર નિયંત્રણ રાખશે અને રાજ્યમાં ફક્ત એક કે બે નહીં, પરંતુ ઘણી હિંસા જોવા મળશે. તેમણે વધુમાં દાવો કર્યો હતો કે મુસ્લિમ લીગ અને આરએસએસ બંને એવા અભિગમો અપનાવી રહ્યા છે જેનાથી આવી પરિસ્થિતિ સર્જાઈ શકે છે. બાલને એમ પણ કહ્યું હતું કે પહેલી અને બીજી મારાડ ઘટનાઓ દરમિયાન, તેમજ થલાસેરી રમખાણો દરમિયાન, તેઓ માત્ર જોતા રહ્યા હતા. આ સંગઠને દાવો કર્યો હતો કે, જોખમમાં મૂકીને અને જીવનું બલિદાન આપીને આ હિંસાનો સામનો કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે તેઓ કેરળને સાંપ્રદાયિક હત્યાકાંડમાં ફેરવવા માટે ક્યારેય સંમત થઈ શકતા નથી. જમાત-એ-ઈસ્લામીએ કાનૂની નોટિસ મોકલીને નિવેદન પાછું ખેંચવાની અને માફી માગવાની માંગ કરી છે, ચેતવણી આપી છે કે જો તે એક અઠવાડિયામાં પાછું ખેંચવામાં નહીં આવે, તો ફોજદારી અને સિવિલ બંને કેસ દાખલ કરવામાં આવશે. મુજીબુર રહેમાને કહ્યું કે તે જમાત-એ-ઈસ્લામીના તત્કાલીન અમીર સિદ્દીક હસન હતા જેમણે મારાડની મુલાકાત લીધી હતી અને આ મુદ્દાને ઉકેલવા માટે બંને સમુદાયોના સભ્યો સાથે ચર્ચા કરી હતી. મારાડ હિંસા એક એવો ઘા છે જેને કેરળ ભૂલી જવા માંગે છે. જ્યારે ભાજપે પણ તેનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કર્યો ન હતો, ત્યારે સીપીએમે મારાડને હથિયાર બનાવવાનો પ્રયાસ ન કરવો જોઈએ. એકે. બાલને આધુનિક સમયના ગોબેલ્સ ન બનવું જોઈએ. તેમણે દાવો કર્યો કે તત્કાલીન મુખ્યમંત્રી એ.કે. એન્ટનીએ પણ અનેક વખત કહ્યું હતું કે જમાત-એ-ઈસ્લામીએ રમખાણોથી થયેલા ઘા રૂઝાવવાનો પ્રયાસ કર્યો હતો. જ્યાં પણ રમખાણો થયા છે, ત્યાં જમાત-એ-ઈસ્લામી હંમેશા પરિસ્થિતિને શાંત કરવા માટે મોખરે રહી છે. તે એક એવું સંગઠન છે જે કેરળમાં ૭૫ વર્ષથી કાર્યરત છે. તેણે સમાજ માટે હાનિકારક કોઈ પ્રવૃત્તિ કરી નથી. તે દેશમાં ઈસ્લામ દ્વારા રજૂ કરાયેલા સામાજિક મૂલ્યો અનુસાર કાર્ય કરે છે. અમે એવું કેરળ ઈચ્છીએ છીએ જ્યાં ડાબેરીઓ પણ અસ્તિત્વમાં હોય. કેરળના ધર્મનિરપેક્ષ સિદ્ધાંતો માટે તે જ જરૂરી છે. તેમણે ચેતવણી આપી હતી કે જમાત-એ-ઈસ્લામીનો રાજકીય સાધન તરીકે ઉપયોગ કરવાનો સીપીઆઈ(એમ)નો પ્રયાસ 'ખતરનાક' છે. તેમણે કહ્યું કે, સંઘ પરિવારને રોકવાની જવાબદારી ફક્ત લઘુમતીઓની નથી. ડાબેરી અને જમણેરીઓએ આ માટે સાથે ઊભા રહેવું જોઈએ, જો તેઓએ આમ કર્યું હોત, તો ભાજપ આજે તિરુવનંતપુરમ કોર્પોરેશનમાં



શાસન ન કરતો હોત. મુજીબુર રહેમાને સીપીઆઈ(એમ)ને સ્પષ્ટ કરવા કહ્યું કે જમાત-એ-ઈસ્લામીએ ક્યારેય કઈ સાંપ્રદાયિક પ્રવૃત્તિ કરી છે. શું જમાત-એ-ઈસ્લામીએ ક્યારેય અન્ય કોઈ ધર્મ સામે નફરત ફેલાવવાનો પ્રયાસ કર્યો છે ? શું કેરળમાં એલડીએફ સરકારે છેલ્લા દસ વર્ષમાં આવો એક પણ કેસ નોંધ્યો છે ? નેતાઓને સાંપ્રદાયિક ઝેર ફેલાવતા નિવેદનો કરવાથી રોકવું જોઈએ. સીપીઆઈ(એમ)એ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાંથી પાઠ શીખવો જોઈએ અને મારાડનો રાજકીય હથિયાર તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ ન કરવો જોઈએ. જો સીપીએમમાં સમજદાર લોકો હોય, તો તેમણે એ.કે. બાલનને સલાહ આપવી જોઈએ. તેમણે નોંધ્યું હતું કે જમાત-એ-ઈસ્લામીનો કોઈ અલગ રાજકીય એજન્ડા નથી, તેમણે સ્પષ્ટતા કરી હતી કે, 'ભાજપને હરાવવા માટે, અમે વેલ્ફેર પાર્ટીના હિતોને બાજુ પર રાખીને પણ વિજેતા ઉમેદવારોને ટેકો આપીશું. રાષ્ટ્રીય સ્તરે, અમે મુસ્લિમ મતોના વિભાજનને રોકવાનો પ્રયાસ કર્યો છે. મૌદુદીએ ક્યારેય લોકશાહી વિરોધી વલણ અપનાવ્યું નથી. કોંગ્રેસ સાથે અમારો ઘણા સંઘર્ષો થયા છે. જો ફરીથી વિરોધ કરવાની જરૂર પડશે, તો અમે વિરોધ કરીશું. રહેમાને એ પણ જણાવ્યું હતું કે જો સીપીઆઈ(એમ) પોતાનું વલણ સુધારે છે, તો જમાત-એ-ઈસ્લામી તેને ટેકો આપવાનું ચાલુ રાખશે. ૨૦૧૧ સુધી, અમે બંને મોરચાના નેતાઓ સાથે સમર્થન અંગે ચર્ચા કરી હતી. પિનરાઈ વિજયન સાથે વાત કરવામાં કંઈ અસામાન્ય નથી. અમે સીપીએમને લઘુમતી-દ્વેષી પક્ષ માનતા નથી. તેમણે એ પણ સ્પષ્ટ કર્યું કે જમાત-એ-ઈસ્લામીએ આરએસએસ સાથે કોઈ વાતચીત કરી નથી. અમે ફક્ત વિવિધ મુસ્લિમ સંગઠનો સાથે થયેલી ચર્ચાઓમાં ભાગ લીધો છે. વેલ્ફેર પાર્ટીના રાજ્ય પ્રમુખ રઝાક પાલેરીએ પણ માંગ કરી હતી કે એ.કે. બાલન પોતાનું નિવેદન પાછું ખેંચે અને કેરળ સમાજની માફી માંગે. આ અગાઉ, કેરળના વિપક્ષના નેતા વી.ડી. સતીસને કહ્યું હતું કે સીપીઆઈ(એમ)ના નેતા એ.કે. બાલનનું નિવેદન સંઘ પરિવાર દ્વારા પ્રચારિત ઉગ્રવાદી વલણ છે. ડાબેરી મોરચો નબળો પડી રહ્યો છે અને આવા સમયે, સીપીઆઈ(એમ) ભાજપ અને સંઘ પરિવાર દ્વારા ચલાવવામાં આવતા સમાન પ્રકારના સાંપ્રદાયિક અભિયાનને અપનાવી રહી છે, પણ ધર્મનિરપેક્ષ કેરળ સીપીએમ નેતાઓ દ્વારા આવા પ્રચારનો પ્રતિકાર કરશે અને તેને હરાવશે.

# મમતા બેનરજીએ ઈડીનો દરોડો અટકાવ્યો, ડઝનબંધ પોલીસ કર્મચારીઓની સામે હતા ત્રણ અધિકારીઓ : દરોડાની કાર્યવાહી અંગે સૂત્રોની મહત્ત્વની માહિતી

(એજન્સી) કોલકાતા, તા.૯

ગુરૂવારે આઈ પેકના ડાયરેક્ટરના નિવાસી સ્થાન તથા કંપનીના દફતરો ઉપર ઈડીના દરોડાની કાર્યવાહી દરમિયાન મુખ્યમંત્રી મમતા બેનરજીએ દરમિયાનગીરી કરીને વિક્ષેપ કર્યો હોવાનો આક્ષેપ થયો છે. સૂત્રોએ દાવો કર્યો હતો કે મમતા બેનરજીએ જાતે આઈ પેકના એક અધિકારીનો ફોન લઈ લીધો હતો. કાર્યવાહી શરૂ થઈ ત્યારે ખૂબ જ નાટ્યાત્મક દ્રશ્યો જોવા મળ્યા હતા. કેન્દ્રીય એજન્સીએ નાણાકીય હેરફેરની તપાસના ભાગરૂપે કાર્યવાહી શરૂ કરી હતી પરંતુ મમતા બેનરજીએ આક્ષેપ કર્યો હતો



એમની સામે એફઆઈઆર થઈ શકે છે એવી ધમકી આપી હોવાનો પણ સૂત્રોએ દાવો કર્યો હતો. કેન્દ્રીય એજન્સીએ એવો પણ દાવો કર્યો હતો કે કોલકાતા પોલીસ અને મુખ્યમંત્રીના સુરક્ષા સ્ટાફના અધિકારીઓએ અમને ધમકાવ્યા હતા અને સ્થળ ઉપર જે નિષ્પક્ષ સાહેદો હાજર હતા એમને પણ ધમકાવવામાં આવ્યા હતા અને હેરાન કરવામાં આવ્યા હતા. જે કંઈ મળી આવ્યું હોય એ તમામ રેકોર્ડમાં ફેરફાર કરવા માટે સતત અધિકારીઓને દબાણનો અને ધમકીનો સામનો કરવો પડ્યો હતો તેમ સૂત્રો દાવો કરે છે.

**પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ કાર્યવાહીમાં વિક્ષેપ પાડ્યો હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે અને એવો આક્ષેપ પણ સૂત્રોએ કર્યો છે કે મુખ્યમંત્રીએ વચ્ચે પડીને ધમકી આપવાનો પ્રયાસ કર્યો અને રેકર્ડ હટાવી દેવા માટે પણ અને આડું અવળું કરવા માટે દબાણ કર્યું**

કે કેન્દ્રીય એજન્સીના દરોડા પાડીને ટીએમસી પાર્ટીની ચૂંટણી અંગેની વ્યૂહરચનાના દસ્તાવેજો ચોરી જવા માટે અને આંચકી લેવા માટે જ આ કાર્યવાહી કરવામાં આવી રહી છે. કાર્યવાહી ચાલુ હતી ત્યારે સૂત્રો કહે છે તેમ મુખ્યમંત્રી સ્થળ પર પહોંચી ગયા હતા અને પ્રતીક જૈનનો મોબાઈલ પોતાના હાથમાં લઇ લીધો હતો. એ વખતે પશ્ચિમ બંગાળના ડીજીપી પણ હાજર હતા અને આ હકીકતોની પંચનામામાં કોઈ નોંધ નહીં કરવા તેઓ ઈડી અધિકારીઓને સૂચના આપી રહ્યા હતા. સૂત્રો દાવો કરે છે કે ડીજીપીએ તપાસની એજન્સીના અધિકારીઓને એવી સૂચના આપી હતી કે તેમણે કાર્યવાહી દરમિયાન કશું મળ્યું નથી એવું દેખાડવું જોઈએ અને દેખાડવાનું રહેશે નહીં તો તમારી ધરપકડ કરવામાં આવશે. એ પછી તો બંને પક્ષો વચ્ચે ભારે શક્તિ પ્રદર્શન થયું હતું અને ઈડીના ત્રણ અધિકારીઓની સામે ડઝનબંધ પોલીસ કર્મચારીઓ તથા ઝેડ શ્રેણીના સુરક્ષા અધિકારીઓ જે મુખ્યમંત્રી માટે હાજર છે એ પણ સામે આવી ગયા હતા. આ જે ઘટના છે તેની કોઈ પણ નોંધ બહાર કરવાની નથી અને સત્તાવાર નોંધમાં પણ દર્શાવવાનું નથી એવી ઈડીના અધિકારીઓને ધમકી આપવામાં આવી હતી અને કોઈ વસ્તુઓ મળી નથી એવું બતાવવા માટે એમના પર દબાણ કરવામાં આવ્યું હતું ખુદ ડીજીપીએ

**મમતાએ તમામ આક્ષેપો નકારી કાઢ્યા**

મમતા બેનરજીએ સમગ્ર ઓપરેશન દરમિયાન જે કોઈ આક્ષેપો એજન્સીના અધિકારીઓએ કર્યા હતા એ તમામ આક્ષેપો નકારી કાઢ્યા હતા અને એવો દાવો કર્યો હતો કે એજન્સી એ અમારા પક્ષના આંતરિક બાબતોના ડેટા તથા હાર્ડ ડિસ્ક અને ટીએમસીની ચૂંટણી આયોજનની વિગતો અને દસ્તાવેજો ઝૂંટવી લેવાનો અને લઈ જવાનો પ્રયાસ કર્યો હતો અને આ કોઈ તપાસ નાણાકીય હેરફેર અંગે હતી જ નહીં તેમણે પક્ષનો ડેટા ચોરવાનો ગેરબંધારણીય પ્રયાસ કર્યો હતો પરંતુ હું મારા પક્ષના દસ્તાવેજો પાછા લાવીશું અને તેને એજન્સીના કેસ સાથે કોઈ સંબંધ નથી.

# ઈડીના દરોડા પછી અભિષેક બેનરજીએ કહ્યું કે, એજન્સીઓનો આ સરકાર "હથિયાર તરીકે" ઉપયોગ કરી રહી છે

**ટીએમસીના નેતાએ કેન્દ્રીય એજન્સીઓનો દુરૂપયોગ કરી રહ્યાનો કેન્દ્ર પર આરોપ મૂક્યો હતો અને કહ્યું હતું કે દિલ્હી અને પશ્ચિમ બંગાળમાં પક્ષ દ્વારા વિરોધ ઉગ્ર બનાવવામાં આવી રહ્યો છે ત્યારે એજન્સીઓનો દુરૂપયોગ કરવામાં આવી રહ્યો છે**

(એજન્સી) કોલકાતા, તા.૯

ટીએમસીના મહામંત્રી અને લોકસભાના સાંસદ અભિષેક બેનરજીએ એવો ગંભીર આક્ષેપ કર્યો હતો કે કેન્દ્ર સરકાર અને ભાજપ રાજકીય પ્રક્રિયામાં પોતાની વગ વાપરવા માટે અને રાજકીય હરીફો પર દબાણ કરવા માટે કેન્દ્રીય તપાસ એજન્સીઓનો દુરૂપયોગ કરી રહ્યા છે અને એમનો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો છે.

ટીએમસીની રાજકીય સલાહકાર કંપની આઈ પેકની કચેરીઓ અને તેના ડાયરેક્ટરના મકાન પર દરોડા પછી મૌન તોડતા અભિષેક બેનરજીએ કહ્યું હતું કે ચૂંટણીઓમાં પરિણામો બદલી નાખવા માટે અને રાજકીય હરીફોનો અવાજ દબાવી દેવા માટે કેન્દ્ર સરકાર કેન્દ્રીય એજન્સીઓનો એક હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે.

તેમણે કહ્યું હતું કે લોકશાહીને સજા કરવામાં આવી રહી છે અને અપરાધીઓને નવાજવામાં આવી રહ્યા છે. એજન્સીઓને હથિયાર બનાવવામાં આવી છે અને ચૂંટણીઓમાં ઘાલમેલ કરવામાં આવી રહી છે. પરંતુ રાજકીય ધાકધમકીના આ વાતાવરણનો ટીએમસી સામનો કરશે અને બંગાળ પણ તેનો પ્રતિકાર કરશે તેમણે આજે મીડિયા સમક્ષ દિલ્હીમાં ઘસડીને અટકાયત કરીને લઈ જવામાં આવેલા ટીએમસીના સાંસદોનો વીડિયો પણ રજૂ કર્યો હતો... ટીએમસી નેતાગીરીએ ભાજપ પ્રેરિત સરકારની જોરદાર ઝાટકણી કાઢી હતી.



# જો દેખાવકારોનાં મોત થાય તો ઈરાન પર ''ખૂબ જ સખત રીતે'' હુમલો કરવાની ટ્રમ્પની ચેતવણી

**ન્યુઝ ગા પોઈન્ટ** **દુનિયામાં કોઈપણ દેશની સત્તાની લગામ અમેરિકાના હાથમાં જ રહી છે અને એટલે જ પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકામાં સરકારો ઉથલાવી દીધેલ અને આ તો દાયકાઓથી ચાલી આવ્યું છે. લીબિયા, ઈરાક, ઈરાનના રાજવીને ઉથલાવી પોતાના પોપટને બેસાડવું એ અમેરિકા માટે ખૂબ જ સહેલું છે. મોહમ્મદ રેઝા પહેલવીને ૧૯૭૯માં ઉથલાવી આયાતોલ્લાહ ખામૈનીને બેસાડ્યો અને હવે પ્રિન્સની વાપસીના પ્રયાસ !**

(એજન્સી) વોશિંગ્ટન, તા.૯

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ગુરુવારે ઈરાનને ચેતવણી આપતા એવું જણાવ્યું હતું કે જો એ લોકો દેખાવકારોને મારવાનું શરૂ કરશે તો અમેરિકા ઈરાન ઉપર ''ખૂબ જ સખત'' ફટકો મારશે. ઈરાનમાં અત્યારે ધર્મગુરુઓના શાસન સામે ઉગ્ર દેખાવો ચાલી રહ્યા છે અને ખરાબ થતી જતી આર્થિક પરિસ્થિતિના વિરોધમાં દેશભરમાં દેખાવો અને આંદોલન પ્રસરી રહ્યા છે.

અમેરિકાના દ યુ હેવિટ શોમાં મુલાકાત



અંગે વાટાઘાટો ઉપર ભાર મૂક્યો હતો અને કહ્યું હતું કે ઈરાન તેના અણુ કાર્યક્રમ અંગે અમેરિકા સાથે ખરા અર્થમાં વાટાઘાટો શરૂ કરે તો એ તેના તરફથી લેવાયેલું ખૂબ જ હોશિયારીભર્યું પગલું હશે. ઈરાનની રાજધાની તહેરાનની મુખ્ય વ્યાપારી બજાર ગ્રાન્ડ બજારથી ૨૮ ડિસેમ્બરના રોજ ઉગ્ર દેખાવો અને આંદોલનનો પ્રારંભ થયો હતો. ઈરાની આર્થિક પરિસ્થિતિ દિવસે દિવસે ખરાબ થઈ રહી છે અને રિયાલની પણ નબળી સ્થિતિ છે. જીવન ધોરણ મુશ્કેલ બન્યું છે. તાજેતરમાં એક ડોલરની સામે

**અમેરિકી પ્રમુખે એવું જણાવ્યું હતું કે જો એ લોકો દેખાવ કરનારા નાગરિકોને મારવાનું શરૂ કરશે તો અમે એ લોકો ઉપર બહુ જ સખત હુમલો કરીશું**

આપતા અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે જો એ લોકો નાગરિકોને મારવાનું શરૂ કરશે અને રમખાણો દરમિયાન એ લોકો એવું કરવા ટેવાયેલા છે અને ત્યાં અનેક રમખાણો થયા છે અને જો એ લોકો નિર્દોષ દેખાવકારોને મારવાનું ચાલુ કરશે તો અમે એમના ઉપર બહુ જ સખત રીતે ત્રાટકીશું.

તેમણે ઉમેર્યું હતું કે અમે એ લોકોને સખત ભાષામાં સંદેશો આપી દીધો છે અને હું અત્યારે બોલી રહ્યો છું ત્યારે વધુ સખત રીતે અમે એ લોકો ઉપર ત્રાટકીશું અને એ લોકોએ મોટી કિંમત ચૂકવવાની રહેશે. અમેરિકાના ઉપપ્રમુખ જેડી વંશેએ જણાવ્યું હતું કે વિશ્વભરમાં અને અમે ઈરાન સહિત જ્યાં પણ શાંતિપૂર્ણ દેખાવો થાય તેને અમેરિકા સમર્થન આપે છે. શાંતિથી દેખાવો કરી રહેલા હોય એમને અમે ચોક્કસપણે સમર્થન આપીએ છીએ કેમ કે એ લોકો એમના અધિકારો માટે લડી રહ્યા છે. તેમણે ઈરાનના અણુ કાર્યક્રમ ઈરાનના રિયાલનો ભાવ ૧૩,૫૦,૦૦૦ ડોલર જેવો અત્યંત કપરો થઈ ગયો હતો. જાનહાની કેટલી થઈ છે તેના સત્તાવાર આંકડા ઈરાન દ્વારા જાહેર કરવામાં આવ્યા નથી પરંતુ માનવ અધિકાર સમાચાર સંસ્થા એવું કહે છે કે આંદોલનના ૧૧મા દિવસ સુધીમાં ૩૮ લોકો મૃત્યુ પામ્યા છે જેમાં સુરક્ષા દળના ચાર જવાનો પણ સામેલ છે. કુલ ૨૨૧૭ લોકોની ધરપકડો કરવામાં આવી છે.

# ખાદ્ય પદાર્થોની ભેળસેળ હવે હત્યાના પ્રયાસનો ગુનો ગણાશે : હૈદરાબાદ પોલીસ કમિશનર

**પોલીસ કમિશનરે ચેતવણી આપી હતી કે સતત આવી ભેળસેળ કરવા ટેવાયેલા તત્ત્વો સામે પીડીએ અંતર્ગત કામ ચલાવવામાં આવશે અને એમના વેપાર પરવાના પણ કાયમી રીતે રદ કરવામાં આવશે**

(એજન્સી) હૈદરાબાદ, તા.૯

ખાદ્ય પદાર્થો અને અનાજની ભેળસેળના દૂષણ સામે શૂન્ય સહિષ્ણુતાની નીતિ હૈદરાબાદ પોલીસ અપનાવવા જઈ રહી છે. મહાનગરના પોલીસ કમિશનર વીસી સજ્જનરે આજે જણાવ્યું હતું કે ખાદ્ય પદાર્થોમાં ભેળસેળના કૃત્યને હત્યાના પ્રયાસ જેવો ગુનો ગણવામાં આવશે. ભેળસેળથી જાહેર આરોગ્ય ઉપર સીધી જ અસર થાય છે અને લોકોનું આરોગ્ય જોખમમાં મૂકાય છે એટલે હવે આ ગુનાને પોલીસ ગંભીરતાથી લઈ રહી છે. ઉચ્ચકક્ષાની સંકલન સમિતિ બેઠકમાં બોલતા કમિશનરે પોલીસ તથા અન્ન સુરક્ષા વિભાગના સંયુક્ત ટાસ્ક ફોર્સની રચના જાહેર કરી હતી અને ભેળસેળ માફિયાઓને મૂળમાંથી નાબૂદ કરી દેવા તેમણે અધિકારીઓને મજબૂત આદેશ આપ્યો હતો. તેમણે ચેતવણી આપી હતી કે જાહેર આરોગ્ય સાથે ચેડાં કરનારાઓ સામે સખત કાનૂની કાર્યવાહી કરવામાં આવશે. ખાદ્ય પદાર્થોમાં ભેળસેળ તેને હવે સામાન્ય ગુનો ગણવામાં નહીં આવે.



ભેળસેળ માત્ર જાહેર સુરક્ષાના નીચે નિયમોનો ભંગ નથી પરંતુ જાહેર આરોગ્ય સાથે સીધી સંકળાયેલી બાબત હોવાથી અમે હવે આ ગુનાને હત્યાના પ્રયાસનો ગુનો ગણીશું અને એ રીતે કામ ચલાવવામાં આવશે. શહેર પોલીસ કમિશનરે ઉમેર્યું હતું કે, માત્ર શેરી અને રસ્તાઓ ઉપર રેકડીઓ કે કેબિનો રાખીને ધંધો કરતા લોકો સામે જ કાર્યવાહી થશે એવું નથી પરંતુ મોટા ઉત્પાદકો અને મોટા ફૂડ પ્રોસેસિંગ યુનિટો સામે પણ આ રીતે તપાસ કરીને કાર્યવાહી કરવામાં આવશે. એ માટે કામગીરી વધુ અસરકારક અને સરળ બને એ દિશામાં એસઓપી નિશ્ચિત કરવામાં આવી છે.

કોર્ટે કહ્યું- પરિવાર સામે મજબૂત પુરાવા

# લેન્ડ ફોર જોબ્સ કૌભાંડમાં લાલુ યાદવ સામે આરોપો નક્કી થયા

**લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું, આરોપીઓમાં વ્યાપક ગુનાહિત કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે : કોર્ટ**



(એજન્સી) નવી દિલ્હી, તા.૯

દિલ્હીની એક કોર્ટે લેન્ડ ફોર જોબ્સ કૌભાંડ કેસમાં આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી, તેજસ્વી યાદવ અને અન્ય લોકો સામે આરોપો નક્કી થયા છે. કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું. આરોપીઓમાં વ્યાપક ગુનાહિત કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે. સીબીઆઈ કેસ પ્રથમદર્શી રીતે જમીનના બદલામાં નોકરી આપવાનું કાવતરૂં સ્થાપિત કરે છે. કોર્ટે ટ્રાયલ શરૂ થવાનો માર્ગ મોકળો કર્યો છે. લાલુ યાદવની પત્ની રાબડી દેવી, મીસા ભારતી અને પુત્ર તેજસ્વી યાદવ આ કેસમાં આરોપી છે. ન્યાયાધીશ વિશાલ ગોગને આદેશ આપતાં જણાવ્યું હતું કે, "વાજબી શંકાના આધારે, કોર્ટને લાગે છે કે લાલુ યાદવે જાહેર રોજગારનો ઉપયોગ કરીને તેમના પરિવાર માટે સ્થાવર મિલકતો મેળવવા માટે સોદાબાજી કરવા માટે એક વ્યાપક કાવતરૂં ઘડ્યું હતું." કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો ચાર્જશીટ પર વિશ્વાસ કરવામાં આવે તો, લાલુને આ કેસમાં તેમના નજીકના સહયોગીઓનો પણ ટેકો મળ્યો હતો. સીબીઆઈ દ્વારા આ કેસમાં દાખલ કરાયેલ ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી રેલવે મંત્રી હતા, ત્યારે લાલુ યાદવે નોકરીઓના બદલામાં ઉમેદવારોને જમીન ભેટમાં આપી હતી. ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ રેલવે મંત્રી હતા, ત્યારે તેમણે નિયમોનો ભંગ કર્યો હતો અને રેલવેમાં ગ્રુપ ડી ભરતીઓ કરી હતી, અને બદલામાં, ઉમેદવારોની જમીન લાલુ પ્રસાદ યાદવના પરિવાર અથવા તેમના નજીકના લોકોના નામે ટ્રાન્સફર કરવામાં આવી હતી. ૨૦૨૦ પછી, સીબીઆઈ અને EDએ નોકરી માટે જમીન કૌભાંડના સંદર્ભમાં બિહાર અને દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. ત્યારબાદ, સીબીઆઈએ ૧૮ મે, ૨૦૨૨ના રોજ કેસ નોંધ્યો. ૭ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ, સીબીઆઈએ નોકરી માટે જમીન કૌભાંડમાં તેની પહેલી ચાર્જશીટ દાખલ કરી. જૂન ૨૦૨૪માં, સીબીઆઈએ આ કેસમાં તેની અંતિમ ચાર્જશીટ દાખલ કરી. સીબીઆઈએ આ કેસમાં ૧૦૭ લોકોને આરોપી તરીકે નામ આપ્યા હતા, જેમાં ૩૮ લોકોનો સમાવેશ થાય છે જેમણે જમીન આપીને નોકરી મેળવી હતી. પાંચ આરોપીઓનું મૃત્યુ થયું છે. કોર્ટે હવે આ કેસમાં ૪૧ આરોપીઓ સામે આરોપો ઘડ્યા છે. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ ગઠબંધન જીત્યું. આ ચૂંટણીમાં લાલુ યાદવની પાર્ટીએ ૨૪ બેઠકો જીતી હતી. આ બેઠકોના કારણે, લાલુ મનમોહન સિંહ સરકારમાં રેલવે મંત્રી બન્યા. લાલુના નજીકના સહયોગી રઘુવંશ પ્રસાદ સિંહને મનમોહન સિંહ સરકારમાં ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. લાલુએ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી મનમોહન સિંહ સરકારમાં રેલવે મંત્રી તરીકે સેવા આપી હતી.

# વિજયની ફિલ્મ 'જન નાયગન'ને ફટકો : મદ્રાસ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે CBFC સર્ટિફિકેશન પર રોક લગાવી, જજના આદેશ પર સ્ટે આપ્યો : આ ફિલ્મને પોંગલ પર રિલીઝ ન થવાનો આદેશ આપ્યો



**પોંગલની રજાઓ પછી આ મામલો ૨૧ જાન્યુઆરીએ વધુ સુનાવણી માટે મૂકવામાં આવ્યો હોવાથી 'જન નાયગન'ની ઉત્સવની રિલીઝને નકારી કાઢવામાં આવી છે, કાર્યવાહી દરમિયાન કોર્ટે આ મામલો કેટલી તાકીદથી લેવામાં આવ્યો અને નિર્ણય લેવામાં આવ્યો તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી**

(એજન્સી) તા.૯

થલાપતિ વિજયની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'જન નાયગન' માટે એક ઝટકો આપતા મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે (૯ જાન્યુઆરી) સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને ફિલ્મને સર્ટિફિકેશન આપવાથી અસ્થાયી રૂપે રોકી દીધી, જેનાથી તેની આયોજિત પોંગલ રિલીઝને ફટકો પડ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ મણીન્દ્ર મોહન શ્રીવાસ્તવ અને ન્યાયાધીશ જી. અરૂલ મુરુગનની બનેલી ડિવિઝન બેન્ચે સિંગલ જજ દ્વારા પસાર કરાયેલા અગાઉના આદેશ પર "કામચલાઉ સ્ટે" જારી કર્યો હતો, જેમાં સીબીએફસીને વિજય અભિનીત ફિલ્મને યુ/એ સર્ટિફિકેટ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. પોંગલની રજાઓ પછી આ કેસ ૨૧ જાન્યુઆરીએ વધુ સુનાવણી માટે મૂકવામાં આવ્યો હોવાથી ફિલ્મની ઉત્સવ સમયે રિલીઝ નકારી કાઢવામાં આવી છે. ડિવિઝન બેન્ચે શુક્રવારે અગાઉ જારી કરાયેલા સિંગલ જજના આદેશને પડકારતી સીબીએફસી દ્વારા દાખલ કરાયેલી રિટ અપીલની સુનાવણી કરી. કાર્યવાહી દરમિયાન કોર્ટે આ કેસ કેટલી તાકીદથી લેવામાં આવ્યો અને નિર્ણય લેવામાં આવ્યો તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મુખ્ય ન્યાયાધીશે અગાઉના ચુકાદાની ઝડપ પર પ્રશ્ન ઉઠાવતા પૂછ્યું હતું કે, એવી કઈ તાકીદ હતી કે, પ્રતિવાદી (બોર્ડ)ને અરજીનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું અને બે દિવસમાં કેસનો નિર્ણય કરવામાં આવ્યો? તેમણે ટિપ્પણી કરી હતી કે, ફિલ્મ નિર્માતાઓ તાત્કાલિક રાહત માટે કોર્ટ પર દબાણ બનાવી રહ્યા હોય તેવું લાગે છે. ફિલ્મના નિર્માતાઓ તાકીદ ઊભી કરી રહ્યા છો અને કોર્ટ પર દબાણ લાવી રહ્યા છો. આ કામચલાઉ સ્ટે અસરકારક રીતે આગામી સુનાવણી સુધી CBFC પ્રમાણપત્ર પ્રક્રિયાને સ્થગિત રાખે છે, જેના કારણે ફિલ્મની રિલીઝ સમયરેખા અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે. ફિલ્મના નિર્માતાઓ તરફથી સત્તાવાર પ્રતિભાવની રાહ જોવાઈ રહી છે. ચાહકો વિલંબ પર નિરાશા વ્યક્ત કરી રહ્યા છે. તે અગાઉ ૯ જાન્યુઆરીએ રિલીઝ થવાની હતી. એચ. વિનોથ દ્વારા દિગ્દર્શિત જન નાયગન ફિલ્મ વિજયની સૌથી રાહ જોવાતી ફિલ્મ પૈકીએક છે અને પોંગલ સીઝન પહેલા ભારે ચર્ચા જગાવી હતી. તે તેમની છેલ્લી ફિલ્મ પણ છે. ગયા મહિને તેમણે જાહેરાત કરી હતી કે, તેઓ સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને શોબિઝથી દૂર રહેશે.

# ૧૦૦ રૂપિયાથી ઓછા વાર્ષિક પ્રીમિયમ સાથે લાખોનું કવરેજ આપતી ૬ સરકારી યોજનાઓ

**આ ૬ સરકારી વીમા અને આરોગ્ય યોજનાઓ ઓછામાં ઓછા પ્રીમિયમ પર લાખોના લાભો આપે છે, જે અકસ્માતો, તબીબી સારવાર અને અપંગતાને આવરી લે છે**

(એજન્સી) તા.૯

PMSBY, PMJJBY, PM-JAY, AABY અને નિરામયા જેવી ઘણી સરકારી યોજનાઓ લાખોના વીમા અને આરોગ્ય લાભો આપે છે, જે ઓછી આવક ધરાવતા પરિવારોને અકસ્માતો, આરોગ્ય સમસ્યાઓ અને અપંગતા માટે નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે. વધતી જતી કિંમતો અને અનિશ્ચિત ભવિષ્ય સાથે, વીમા અને આરોગ્ય સુરક્ષા દરેક માટે આવશ્યક બની ગઈ છે. ઘણા લોકો વીમો લેવાનું ટાળે છે, એમ વિચારીને કે પ્રીમિયમ ખૂબ વધારે છે, પરંતુ હંમેશા એવું નથી હોતું. કેન્દ્ર સરકારે ૧૦૦ રૂપિયાથી ઓછા વાર્ષિક પ્રીમિયમ સાથે ઘણી યોજનાઓ શરૂ કરી છે, જે લાખોના લાભો આપે છે. સૌથી સારી વાત એ છે કે આ યોજનાઓમાં જોડાવા માટે જટિલ ઔપચારિકતાઓનો સમાવેશ થતો નથી. તમે બેંક ખાતું અથવા આધાર કાર્ડ જેવા મૂળભૂત દસ્તાવેજો સાથે નોંધણી કરાવી શકો છો. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY), આમ આદમી વીમા યોજના (AABY) અને નિરામય આરોગ્ય વીમા યોજના જેવી યોજનાઓ ગરીબથી લઈને મધ્યમ વર્ગના પરિવારો સુધી દરેક માટે મૂલ્યવાન સાબિત થઈ રહી છે. માહિતીના અભાવે ઘણા લોકો આ લાભોથી ચૂકી જાય છે, પરંતુ યોજનાઓથી વાકેફ રહેવાથી મજબૂત નાણાકીય સુરક્ષા મળી શકે છે. દરેક યોજના પર વિગતવાર નજર :

**પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)**

આ એક ઓછી કિંમતની અકસ્માત વીમા યોજના છે.

- પ્રીમિયમ : દર વર્ષે રૂા.૨૦, સીધા તમારા બેંક ખાતામાંથી કાપવામાં આવે છે.
- કવરેજ : અકસ્માતને કારણે મૃત્યુ અથવા સંપૂર્ણ અપંગતા માટે રૂા.૨ લાખ અને આંશિક અપંગતા માટે રૂા.૧ લાખ.
- પાત્રતા : ૧૮થી ૭૦ વર્ષની વયના લોકો માટે.

PMSBY માર્ગ અકસ્માતો, કાર્યસ્થળ પર અકસ્માતો અથવા અન્ય કટોકટીના કિસ્સામાં પરિવારોને નાણાકીય સહાય પૂરી પાડે છે.

**પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)**

એક સરળ અને સસ્તી જીવન વીમા યોજના.

પ્રીમિયમઃ પ્રતિ વર્ષ ૪૩૬ રૂપિયા.

કવરેજ : વીમાધારક વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં પરિવારને ૨ લાખ રૂપિયા.

પાત્રતા : ૧૮થી ૫૦ વર્ષની વયના લોકો, જેનું કવરેજ ૫૫ વર્ષની ઉંમર સુધી ચાલુ રહે છે.

PMJJBY એક મજબૂત જીવન વીમા સહાય છે, ખાસ કરીને ઓછી આવક ધરાવતા પરિવારો માટે.

**આયુષ્માન ભારત યોજના**

આ યોજના ગરીબ અને સંવેદનશીલ જૂથોને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો હેતુ ધરાવે છે. પાત્ર પરિવારો સરકારી અને સૂચિબદ્ધ ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે. ગંભીર બીમારીઓ, શસ્ત્રક્રિયાઓ અને લાંબા ગાળાની સારવાર માટેના મોટા ખર્ચને આવરી લે છે. તબીબી ખર્ચને કારણે પરિવારોને દેવામાં ડૂબતા અટકાવવામાં મદદ કરે છે.

**પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)**

આયુષ્માન ભારતનો એક મહત્વપૂર્ણ ઘટક.

- કવરેજ : પાત્ર પરિવારો માટે દર વર્ષે રૂા.૫ લાખ સુધી.
- હોસ્પિટલમાં દાખલ થવું, શસ્ત્રક્રિયાઓ, પરીક્ષણો, દવાઓ અને ફોલો-અપ સારવારનો સમાવેશ થાય છે.
- પ્રીમિયમ : કોઈ નહીં; સારવાર સંપૂર્ણપણે કેશ લેસ છે.

લાખો લોકો આ યોજના હેઠળ મફત સારવારનો લાભ મેળવી ચૂક્યા છે.

**આમ આદમી બીમા યોજના (AABY)**

આ યોજના મુખ્યત્વે ગ્રામીણ અને અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા લોકો માટે છે.

પ્રીમિયમ : ખૂબ ઓછું અથવા શૂન્ય.

- કવરેજ : કુદરતી મૃત્યુ માટે રૂા.૩૦,૦૦૦ અને આકસ્મિક મૃત્યુ અથવા સંપૂર્ણ અપંગતા માટે રૂા.૭૫,૦૦૦ સુધી.

AABY મુશ્કેલ સમયમાં ગરીબ પરિવારો માટે વિશ્વસનીય નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે.

**નિરામય આરોગ્ય વીમા યોજના :** વિકલાંગ લોકો માટે આ યોજના નીચેનાને આવરી લે છે :

ખટીક ફળિયાને તોફાની તત્ત્વોએ બાનમાં લીધું, સામસામે પથ્થરમારો

# તાપીના કુકરમુંડા ગામે શાંતિમાં પલીતો ચાંપવાનો કટ્ટરપંથીઓનો પ્રયાસ

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

તાપી જિલ્લાના કુકરમુંડા ગામ ખાતેના ખટીક ફળિયામાં બાઈક રોકવા જેવી નજીવી બાબતને ધ્યાનમાં રાખી જાણે તકની રાહ જોઈને બેસેલા કેટલાક કટ્ટરપંથી દ્વારા ફળિયામાં રહેતા લઘુમતિઓ ઉપર તેમના ઘરો ઉપર પથ્થરમારો કરતા જેમાં મુસ્લિમોને મોટાપાયે ઈજાઓ પહોંચતા તેમને તાત્કાલીક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. કટ્ટરપંથીઓ દ્વારા થયેલ ઈરાદાપૂર્વકના હુમલાથી ગામની સ્થિતિ તંગ બની ગઈ હોવાની જાણ પોલીસને થતા તાપી જિલ્લા પોલીસ પરિસ્થિતિને કાબુમાં લઈ સામ સામે ફરિયાદ નોંધી ૧૨ જેટલા બંને પક્ષોની ધરપકડ કરી હોવાનું જાણવા મળે છે. આ અંગે પોલીસ અને ઘટના સ્થળ રહેતા લોકો પાસેથી પ્રાપ્ત માહિતી અનુસાર તાપી જિલ્લાના કુકરમુંડા ખાતેના ખટીક ફળિયામાં રહેતા રમજાન ખટીક ઉ.વ.૪૭ પોતાના મોટર સાયકલ લઈને જઈ રહ્યો હતો ત્યારે ગૌરવ સેંદાણે અને તેના અન્ય સાથીઓએ રમજાનને અટકાવી બોલાચાલી કરી અચાનક હુમલો કરી મારમારતા હતા ત્યારે તેમને છોડાવવા વચ્ચે પડેલ તેમના અન્ય મિત્રોને પણ એક સંપ થયેલા અને જાણે પહેલાથી જ નાની બાબતને લઈ મોટા ઝઘડાની તક જોઈને બેસેલા કટ્ટરપંથીઓના ટોળાએ સમગ્ર ખટીક મહોલ્લા ઉપર જોરદાર પથ્થરમારો કરતા જેમાં સ્વબચાવમાં લઘુમતી યુવાનોએ પ્રતિકાર કરતા સામ સામે પથ્થરમારો થયો હતો.



મોટા ટોળામાં રહેલા કટ્ટરપંથીઓને જાણે મોકળુ મેદાન મળી ગયો હોય તેમ સમગ્ર ખટીક ફળિયાને બાનમાં લીધું હોય તેમ મુસ્લિમોના ઘરોમાં ગેરકાયદેસર પ્રવેશી ઘરની તોડફોડ કરી હતી, જેનાથી ખટીક ફળિયામાં રહેતા મુસ્લિમોમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો. બનાવ સંદર્ભની જાણ તાપી જિલ્લા પોલીસને થતા પોલીસે ઘટના સ્થળે ધસી જઈ પરિસ્થિતિને કાબૂમાં લીધી હતી. અને કટ્ટરપંથીઓનો ભોગ બનેલ ખટીક ફળિયાના ઈજાગ્રસ્ત થયેલ લોકોને મહારાષ્ટ્રની ખાનગી હોસ્પિટલ અને નિઝરની હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે. પરિસ્થિતિ હાલમાં પોલીસના કાબૂમાં છે. પરંતુ સ્થાનિક મુસ્લિમોમાં ભયનો માહોલ જોવા મળી રહી હોવાનું જાણવા મળે છે. તાપી જિલ્લા પોલીસ દ્વારા બંને પક્ષોની ફરિયાદના સથવારે પોલીસે વધુમાં જણાવ્યું હતું કે કુકરમુંડા ગામ ખાતે અગાઉ થયેલ બોલાચાલી તકરારની અદાવતમાં ગત તા.૭મીના રાત્રી સાડા નવ કલાક વાગ્યે કુકરમુંડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં કુકરમુંડા, ખાટીક ફળીયાની ખુલ્લી જગ્યામાં બે પક્ષોના ટોળા વચ્ચે સામસામે પથ્થરમારો તથા મારામારી થતા જે બાબતે પોલીસને જાણ થતા તાપી જિલ્લા પોલીસ ત્વરીત એક્શન મોડમાં આવી પોલીસ અધિક્ષક સા.શ્રી, જી.તાપી નાઓ ત્વરીત રાહે બનાવવાળી જગ્યાએ પંહોચી જઈ તેમજ તાપી જિલ્લા, એલ.સી.બી., એસઓજી ટીમ તેમજ સોનગઢ, ઉચ્છલ, નિઝર, કુકરમુંડા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના માણસો પણ એક્શન મોડમાં આવી તાત્કાલીક પરિસ્થિતિ સામાન્ય બનાવી હતી.

આ ઉપરાંત (૧) ગૌરવ સેંદાણે (૨) વૈભવ સોનાર (૩) હર્ષલ ચૌધરી (૪) રાજ ભરૂ ખટીક (૫) તેજશ પટેલ નાઓએ તેમની મોટર સાયકલ ઊભી રખાવી ઝઘડો કરતા તેઓ ત્યાંથી ફરિયાદીના મોહલ્લામાં આવી જઈ અને તેઓની પાછળ (૬) રાહુલ ચૌધરી (૭) રાજેશ ચૌધરી (૮) પકંજ ચૌધરી (૯) સાગર ભરૂ ખટીક (૧૦) જીતુ રાજસ્થાની (૧૧) શુભમ જયેશ સોની (૧૨) સાર્થક જીતુ ચૌધરી (૧૩) વૈભવ અનિલ જયસ્વાલ (૧૪) હર્યુ રાજુ માછી (૧૫) રાહુલ માછી સહિત આશરે ૪૦થી ૫૦ અજાણ્યા માણસોના ટોળા વિરૂદ્ધ પોલીસે ઉક્ત લોકો વિરૂદ્ધ ફરિયાદ નોંધી હતી. જ્યારે બીજી ફરિયાદી પંકજભાઈ રામદાસભાઈ ચૌધરી, ઉવ.૪૫, રહેવાસી- કુકરમુંડા, બસ સ્ટેન્ડની સામે તા.કુકરમુંડા જિ.તાપીનાઓએ આરોપીઓ (૧) સદામ (૨) અનીશ વાહીદ ખાટીક (૩) આસીફ રમઝાન ખાટીક (૪) ઈમરાન ખાટીક (૫) વાહેદ ખાટીક (૬) જુનેદ ખાટીક (૭) સાહિલ ખાટીક (૮) સોહીલ દિલાવર ખાટીક (૯) નિશાર ખાટીક (૧૦) અલ્તાફ કાસીમ (૧૧) વાહીદ ગુલામ (૧૨) વાહેદ ગુલામ (૧૩) રેહાન (૧૪) શાકીર યાસીન ખાટીક (૧૫) નાશીર ખાટીક (૧૬) લીયાકત (૧૭) યાકીબ (૧૮) બિલાલ હકીમ (૧૯) ફૈજાન તેમજ આશરે દસ થી બાર ઈસમો તમામ રહે.કુકરમુંડા, ખાટીક મહોલ્લો તા.કુકરમુંડા જિ.તાપીનાઓ વિરૂદ્ધ ફરીયાદ આપતા કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે અલગ અલગ કલમો હેઠળ સામસામે ગુનો દાખલ કરવામાં આવેલ છે.

જ્યારે તાપી જિલ્લા પોલીસ દ્વારા અટક કરવામાં આવેલ ૧ અસ્ફાક કાસમ ખાટીક, ૨ અસલમ કાસમ ખાટીક, ૩ ફારૂક રમઝાન ખાટીક, ૪ તારીખ રમઝાન ખાટીક, ૫ લિયાકત રમઝાન ખાટીક, ૬ તાહિર રહીમ ખાટીક, ૭ નાસિર યાસીન ખાટીક, ૮ ફૈઝાન ફારુખ ખાટીક, ૯ હર્ષદ રાજુભાઈ માછી, ૧૦ રાહલ રાજુભાઈ માછી, ૧૧ પ્રશાંતભાઈ અનિલભાઈ ચૌધરી, ૧૨ ધીરજભાઈ વાસુદેવ મરાઠે નાઓની પોલીસે ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે.

# FIRમાં મુસ્લિમો વિરૂદ્ધ પક્ષપાત કર્યા હોવાનો અસલમ સાયકલવાલાનો આક્ષેપ

તાપી જિલ્લાના કુકરમુંડાના ખટીક ફળિયામાં મુસ્લિમોના મકાન અને લોકો ઉપર નજીવી બાબતે ઝઘડો કરી તકમાં બેસેલા કેટલાક કટ્ટરપંથીઓ દ્વારા કરાયેલા હુમલા સંદર્ભે તાપી જિલ્લા દ્વારા નોંધાયેલ સામ સામે એફઆઈઆરમાં મુસ્લિમ સંદર્ભે પક્ષપાત કરી ગંભીર પ્રકારની કલમોનો ઉલ્લેખ કર્યો હોવાનું તથા તકની લાભ જોઈને બેસેલા અને સામેથી ઝઘડો અંજામ આપનારાઓ કટ્ટરપંથી વિરૂદ્ધ હળવી કલમો નોંધી પોલીસ દ્વારા પક્ષપાત કર્યો હોવાના આક્ષેપ સાથે દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ (સુચીત)ના કન્વીનર અસલમ સાયકલવાલાએ આ બાબતે રેન્જ આઈજી પ્રેમવિરસિંહ અને તાપી જિલ્લા પોલીસ અધિક્ષક જશુભાઈ એન.દેસાઈને લેખિતમાં રજૂઆત કરી હોવાનું કન્વીરે જણાવ્યું હતું.

તાપી જિલ્લાના કુકરમુંડાના ખટીક ફળિયામાં મોટર સાયકલ બાબતે મુસ્લિમ ખટીક સમાજને ટાર્ગેટ બનાવી ઝઘડાને ઉગ્ર સ્વરૂપ આપી રહેલ ટાઉનમાં રહેલ શાંતિમાં પલીતો ચાંપવા કરેલ હુમલા અને ઝઘડા બાબતે પોલીસ સામ સામી નોંધેલ ફરિયાદમાં પક્ષપાત થયો હોવાનું જણાવી દક્ષિણ ગુજરાત મુસ્લિમ સમાજ (સુચીત)ના કન્વીનર અસલમ સાયકલવાલા દ્વારા દક્ષિણ ગુજરાત રેન્જ આઈજી પ્રેમવિરસિંહ અને તાપી જિલ્લા અધિક્ષક જસુ એન.દેસાઈને એક લેખિત આવેદનપત્ર આપેલ તેમાં જણાવ્યું હતું કે, ગામ કુકરમુંડા તા. કુકરમુંડા જિ.તાપી ખાતે ખાટીક ફળિયાની ખલ્લી જગ્યામાં તાઃ ૦૭-૦૧-૨૦૨૬ના રોજ અંદાજીત ૨૧:૩૦ કલાકે "લિયાકત ફૈઝાન ખાટીક અને કુર્બાન તનવીર ખાટીક વિગેરે બાઈક લઈને બજાર તરફ ગયા હતા. તે સમયે એફઆઈઆર નં..૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩૨૦૨૬ માં સામેલ તમામ આરોપીઓ (૧) ગૌરવ સેદાણે (૨) વૈભવ સોનાર (૩) હર્ષલ યોધરી (૪) રાજભૂર ખટીક (૫) તેજસ પટેલ વગેરેનાઓ કે જેઓ દ્વારા ફેઝાન ખાટીક અને કુર્બાન તનવીર ખાટીકની બાઈક ઊભી રખાવી કોમી રમખાણો અને અશાંતી ફેલાવવાના આશયથી ઝઘડો કરવામાં આવેલ. ત્યારબાદ સદર ઝઘડાને વધુ વેગ મળતા અન્ય આરોપીઓ (૧) રાહુલ ચૌધરી (૨) રાજેશ ચૌધરી (૩) પંકજ ચૌધરી (૪) સાગર ભરૂ ખટીક (૫) જીતું રાજસ્થાની(૬) શુભમ જયેશ સોની (૭) સાર્થક જીતું ચૌધરી (૮) વૈભવ અનિલ જયસ્વાલ (૯) હર્ષ રાજુ માછી (૧૦) રાહુલ માછી વગેરેઓ તરત જ સ્થળ ઉપર પહોંચી આવેલ. ત્યારબાદ આ તમામ આરોપીઓ દ્વારા સ્થળ ઉપર પહોંચી બજાર વિસ્તારમાં ઊભેલ અંદાજીત ૪૦-૫૦ જેટલા લોકોના ટોળા ઉપર હથિયારો વડે હુમલો કરવામાં આવેલ અને છુટા હાથે પથ્થરમારો કરવામાં આવેલ તેથી ઉક્ત તમામ આરોપીઓ દ્વારા પથ્થરમારો કરવાને લીધે સ્થળ ઉપર ઉપસ્થિત (૧) ઈમરાન મુસ્તકીમ ખાટીક અને (૨) અનીશ વાઈદ ખાટીકને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ. તેમજ અલ્તાફ કાસમ ખાટીક નિસાર યાસીન ખાટીક આશીફ રમઝાન ખાટીક તથા વાહીદ ગુલામ ખાટીક એન વહાબ ગુલામ ખાટીકને પથ્થરો લાગવાથી ઈજા થયેલ. ત્યારબાદ કુકરમુંડા પોલીસ સ્ટેશન ખાતે એ-પાર્ટ ગુ.ર.નં.૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬થી એફ.આઈ.આર. નોંધવામાં આવેલ. જેમાં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૮૯ (૨), ૧૯૧ )૨), ૧૨૫ (એ) બ(બી), ૩૨૪ (૪), અને જીપી એક્ટ ૧૩૫ (૩) મુજબનો ગુનો નોંધવામાં આવ્યો હતો તેવું સુચિત દ્વારા આપેલ આવેદનપત્રમાં જણાવ્યું હતું.

ત્યારબાદ સદરહુ ઘટનામાં બંને પક્ષો દ્વારા સામસામે પથ્થરમારો કરવામાં આવેલ. જેથી આ ઘટના સંબંધિત એ-પાર્ટ, ગુ.ર.નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩/૨૦૨૬થી એફ.આઈ.આર. નોંધવામાં આવેલ એફઆઈ.આર. નોંધવામાં આવેલ. જેમાં આરોપીઓ (૧) સદામ, (૨) અનીશ વાહીદ ખટીક, (૩) આસીફ રમઝાન ખાટીક, (૪) ઈમરાન ખાટીક, (૫) વાહેદ ખાટીક, (૬) જુનેદ ખાટીક, (૭) સાહિલ ખાટીક, (૮) સોહિલ દીલાવાર ખાટીક, (૯) નિસાર ખાટીક, (૧૦) અલ્તાફ કાસીમ, (૧૧) વાહીદ ગુલામ, (૧૨) વાહેદ ગુલામ, (૧૩) રેહાન, (૧૪) શાકીર યાસીન ખાટીક, (૧૫) નાશીર ખાટીક, (૧૬) લિયાકત, (૧૭) યાકીબ, (૧૮) બિલાલ હકીમ વિગેરેઓ વિરૂદ્ધ ભારતીય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૦૯, ૧૮૮(૨), ૧૯૦, ૧૯૧(૨), ૧૨૫ (એ) (બી), અને જી. પી. એક્ટ ૧૩૫ (૩) મુજબ ગુનો નોંધવામાં આવેલ અને વધુમાં સદરહુ ઘટનાની એફ.આઈ.આર. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માંના તમામ આરોપીઓ વી.એચ.પી. બજરંગ દળ વગેરે જેવી ભગિની સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ છે. તેમજ કેટલાક આરોપી ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલ છે. સદરહું એફ.આઈ.આર.માંના આરોપી "રાહુલ ચૌધરી" એ તાપી જિલ્લા પંચાયતમાં કુકરમુંડા (ફુલવાડી) ચૂંટાયેલ સભ્ય છે અને હાલમાં જિલ્લા પંચાયતના બાંધકામ સમિતિના અધ્યક્ષ પદે કાર્યરત હોવાનું જાણવા મળે છે તેવું સુચીતના કન્વીનર અસ્લમ સાયકલવલાએ આવેદનપત્રમાં જણાવ્યું હતું.

દરમિયાન ઉપરોક્ત બાબતે વધુમાં સદરહુ ઘટનામાં કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા સાર્મસામે એફ.આઈ.આર. કરવામાં આવેલ છે. પરંતુ કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા બંને એફ.આઈ.આર. નોંધવા બાબતે પક્ષપાત કરવામાં આવેલ છે. એફઆઈઆર નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ની કલમ ૧૮૯ (૨), ૧૯૧ (૨), ૧૨૫ (એ) (બી), ૩૨૪ (૪) અને જીપી એક્ટ ૧૩૫ (૩) મુજબનો ગુનો નોંધવામાં આવેલ છે. પરંતુ બીજી એફ.આઈ.આર. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં પક્ષપાત કરી ગંભીર કલમોનો ઉમેરો કરવામાં આવેલ છે અને એફ.આઈ.આર. નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬ માં મનસ્વી રીતે હળવી કલમોનો ઉમેરો કરવામાં આવેલ છે. જેથી સદર ઘટના બાબતે કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા પક્ષપાતી કાર્યવાહી કરવામાં આવેલ છે અને એફ.આઈ.આર.આર નં. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં ભારતીય ન્યાય સંહિતાની કલમ નં. ૧૦૯ અને ૧૯૦નો ઉમેરો કરવામાં આવેલ નથી.આમ સામસામે બનેલ ઘટના બાબતે કુકરમુંડા પોલીસ સ્ટેશન દ્વારા એફ.આઈ.આર. ૧૧૮૨૪૦૧૧૨૬૦૦૦૩-૨૦૨૬માં ભારતીય ન્યાય સંહિતાની ૧૦૯ અને ૧૯૦નો ઉમેરો કરાવવા આદેશ આપવામાં આવે અને ન્યાયના હિતમાં યોગ્ય કાર્યવાહી કરવામાં આવે એવી અમારી નમ્ર અરજ સાથે સુચીતના કન્વીનર અસ્લમ સાયકલ દ્વારા જણાવવામાં આવ્યું હતું.

ખાનગી હોસ્પિટલો અને દવાખાનાઓમાં હજુ પણ દર્દીઓનો ભારે ધસારો

# ગાંધીનગરમાં ટાઈફોઈડના ૧૪ નવા દર્દી સાથે કેસનો આંકડો ૧૬૭ પહોંચ્યો

(સંવાદદાતા દ્વારા) અમદાવાદ, તા.૯

દૂષિત પાણીના કારણે ગાંધીનગર શહેરના ૬થી વધુ વિસ્તારોમાં વકરી રહેલા ટાઈફોઈડના રોગચાળામાં ગુરૂવારે વધુ ૧૪ નવા કેસ નોંધાયા છે. તેની સાથે કેસનો આંકડો ૧૬૭ પહોંચ્યો છે. દર્દીઓના આ આંકડા મ્યુનિ. આરોગ્ય વિભાગ દ્વારા દર્શાવવામાં આવ્યા છે, પરંતુ ખાનગી હોસ્પિટલો અને નાના મોટા દવાખાનાઓમાં હજુ પણ દર્દીઓનો ધસારો હોવાની વાસ્તવિક સ્થિતિ પ્રવર્તે છે. જ્યારે હજુ પણ રોગચાળાગ્રસ્ત વિસ્તારો સહિત અન્ય વિસ્તારોમાં પણ દૂષિત પાણીની ફરિયાદો યથાવત છે. તે ઉપરાંત પાણી અને ગટરની લાઈનના લિકેઝ શોધવામાં તંત્રની ઢીલી નિતી સામે શહેરીજનો આક્રોશ ઠાલવી રહ્યાં છે. ગાંધીનગર મ્યુનિ. વિસ્તારમાં સેકટર-૨૪, -૨૬, -૨૮, આદિવાડા અને જીઆઈડીસી વિસ્તારમાં શંકાસ્પદ ટાઈફોઈડના કેસ ઉપર હજુ સુધી તંત્ર સંપૂર્ણ રીતે કાબુ મેળવી શક્યુ નથી. જો કે વિવિધ ૮૫ ટીમો દ્વારા સર્વેલન્સની કામગીરી ચાલી રહી છે. મ્યુનિ. તંત્ર દ્વારા જણાવાયુ છે, કે ગુરૂવારે ટાઈફોઈડના વધુ ૧૪ નવા કેસ નોંધાયા છે તેમજ ૧૮ દર્દીને રજા આપવામાં આવી છે અને હાલના તબક્કે ૮૦ દર્દી સારવાર હેઠળ છે. સર્વેલન્સની ટીમો દ્વારા અત્યાર સુધીમાં ૬૧૩૮૯થી વધુ ઘરોમાં તથા ૨૬૬૬૨૦ની વસ્તીમાં કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત પાણીનુ સુપર ક્લોરીનેશનની કામગીરી કરવામાં આવી રહી છે.દહેગામ શહેરમાં ચાર લિકેજ મળી આવતાં આરોગ્ય તંત્રની ચિંતા વધી છે. દહેગામ આરોગ્ય કચેરી અને દહેગામ સામુહિક કેન્દ્રની વચ્ચે ત્રણ રસ્તા પર જ એક મોટુ ભંગાણ સર્જાયું છે. જેના કારણે અસહ્ય દુર્ગંધ અને ગંદકીનો માહોલ છે. દહેગામ નગરપાલિકાના પ્રમુખની હાઉસિંગ વસાહતમાં અન્ય બે લિકેજ છે. આ લિકેજ પૂરવાની કવાયતત હાથ ધરવાની સાથે દહેગામમાં સર્વેલન્સની કામગીરી હાથ ધરવામાં આવી છે. આરોગ્ય શાખાની ટીમે ૮૧૭૧ ઘરમાં ૩૨,૬૯૬ લોકોને સર્વેમાં આવરી લીધા છે, જેમાં ટાઈફોઈડના કેસ મળ્યા નથી. અગમચેતીના ભાગરૂપે પાણીના સેમ્પલ લેવાની સાથે ક્લોરિનની ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુંછે.મ્યુનિ. કોર્પોરેશન દ્વારા પાણીનાં સેમ્પલ લેવામાં આવે છે, તેમ છતાં હજુ પણ દૂષિત પાણીની ફરિયાદો ઉઠી છે. આદિવાડાના ગ્રામજનો લોકો ગંદુ પાણી પી રહ્યા હોવાનું ગાંધીનગર આમ આદમી પાર્ટીએ જણાવ્યુ છે. 'આપ'ના નેતા ડો. હાર્દિક તલાટીએ જણાવ્યું કે મ્યુનિ. કમિશનર એવું કહે છે કે અમે પાણીના ૧૦૧૮સેમ્પલ લીધા છે, આ તે પાણી પીવા લાયક છે. આજે મેં આ પાણી ચેક કર્યુ, ત્યારે હું કમિશનરને અપીલ કરું છું કે તમે આ પાણી પીને બતાવો. જો તમે બીમાર નહીં પડો તો હું આ તમામ જનતાને આ પાણી પીવા માટે કહીશ.

# ચાઈનીઝ દોરી પર પ્રતિબંધ અંગે ગુજરાત સરકારનું હાઈકોર્ટમાં સોગંદનામું : ૪૦૯ FIR અને ૨.૬૭ કરોડનો મુદ્દામાલ જપ્ત

અમદાવાદ, તા.૯

ઉત્તરાયણ પર્વ દરમિયાન જાહેર સુરક્ષાને ધ્યાનમાં રાખીને ગુજરાત સરકારે ચાઈનીઝ દોરી અને ઘાતક તુક્કલ પરના પ્રતિબંધ અંગે ગુજરાત હાઈકોર્ટમાં મહત્ત્વનું સોગંદનામું રજૂ કર્યું છે. ગૃહ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરી દ્વારા રજૂ કરવામાં આવેલી આ વિગતોમાં જણાવવામાં આવ્યું છે કે રાજ્યભરમાં સિન્થેટીક, નાયલોન અને ચાઈનીઝ દોરીના ઉત્પાદન, વેચાણ, સંગ્રહ અને વપરાશ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકતું જાહેરનામું અમલી છે અને તેની કડક અમલવારી કરવામાં આવી રહી છે.

સરકાર દ્વારા રજૂ કરાયેલા આંકડાઓ મુજબ, પ્રતિબંધિત દોરીઓના ગેરકાયદેસર વેચાણ અને વપરાશના કિસ્સામાં અત્યાર સુધીમાં કુલ ૪૦૯ એફઆઈઆર (FIR) દાખલ કરવામાં આવી છે. પોલીસની વિવિધ ટીમો દ્વારા હાથ ધરવામાં આવેલા દરોડામાં ચાઈનીઝ દોરીના અંદાજે ૭૧,૮૧૯ જેટલા રીલ (ટેલર) જપ્ત કરવામાં આવ્યા છે, જેની બજાર કિંમત આશરે ૨.૬૭ કરોડ રૂપિયા જેટલી થવા જાય છે. આ ગેરકાયદેસર પ્રવૃત્તિમાં સંડોવાયેલા કુલ ૪૭૭ લોકોની અત્યાર સુધીમાં ધરપકડ કરવામાં આવી હોવાનું પણ સરકાર પક્ષે હાઈકોર્ટને જણાવ્યું હતું.

કાયદાકીય કાર્યવાહીની સાથે સાથે જનજાગૃતિ ફેલાવવા માટે પણ વહીવટી તંત્ર સક્રિય બન્યું છે. પ્રતિબંધિત દોરીના જોખમો વિશે લોકોને માહિતગાર કરવા માટે ૩૭થી વધુ સત્તાવાર જાહેરાતો અને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ૬૮૩થી વધુ પોસ્ટ દ્વારા જાગૃતિ અભિયાન ચલાવવામાં આવ્યું છે.

નોંધનીય છે કે પોલીસ તંત્રને આ બાબતે વિશેષ સત્તાઓ સોંપવામાં આવી છે. જાહેરનામાનો ભંગ કરનારા તત્વો વિરૂદ્ધ હવે કોઈપણ પોલીસ કર્મચારી સીધી ફરિયાદ દાખલ કરી શકે છે. ઓનલાઈન પ્લેટફોર્મ પર થતા વેચાણ અંગે પણ સાયબર ક્રાઈમ અને સ્થાનિક પોલીસ દ્વારા બાજ નજર રાખવામાં આવી રહી છે. પાડોશી રાજ્યોમાંથી આવી ઘાતક દોરીઓની આયાત અટકાવવા માટે સરહદી જિલ્લાઓના પોલીસ વડાઓને સરહદ પર કડક ચેકિંગના આદેશો આપવામાં આવ્યા છે.

નાગરિકોની સુવિધા માટે સિટી અને ડિસ્ટ્રીક્ટ પોલીસ કંટ્રોલ રૂમ ખાતે ખાસ 'ઉત્તરાયણ હેલ્પડેસ્ક' કાર્યરત કરવામાં આવ્યું છે. કોઈપણ નાગરિક ૧૧૨ નંબર પર ફોન કરીને ગેરકાયદેસર દોરીના વેચાણ કે સંગ્રહ વિશે માહિતી આપી શકે છે. આ ફરિયાદોની નોંધણી માટે અલગ રજિસ્ટર રાખવા અને ૨૪ કલાક ફરજ પર રહેલા અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી કરવાના કડક નિર્દેશ પણ જારી કરાયા છે.

# સુરતના ઐતિહાસિક સચિન પેલેસનું ડિમોલિશન હાલ પૂરતું હાઈકોર્ટે અટકાવ્યું

(સંવાદદાતા દ્વારા) સુરત, તા.૯

સુરતના ઐતિહાસિક સચિન પેલેસનું ડિમોલિશન મામલે ગુજરાત હાઈકોર્ટે અત્યંત મહત્ત્વનો વચગાળાનો આદેશ આપ્યો છે. અદાલતે સચિનના રાજવી પરિવાર દ્વારા કરવામાં આવેલી અરજી પર સુનાવણી હાથ ધરતા નિર્દેશ આપ્યો છે કે પેલેસના બાંધકામ સામે હાલ કોઈ પણ પ્રકારની કડક કાર્યવાહી અથવા ડિમોલિશન કરવામાં ન આવે. આ આદેશથી સુરતના આ ઐતિહાસિક વારસાને હાલ પૂરતી રાહત મળી છે. આ કેસની વિગતો મુજબ, સચિનના પૂર્વ શાસક પરિવારના સભ્યો દ્વારા હાઈકોર્ટમાં ધા નાખવામાં આવી હતી. રાજવી પરિવાર તરફથી હાજર રહેલા વરિષ્ઠ ધારાશાસ્ત્રીએ જસ્ટિસ મૌના ભટ્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે તેઓ જમીનનો અમુક હિસ્સો સમર્પણ કરવા તૈયાર છે, જેથી પેલેસના મુખ્ય બાંધકામને બચાવી શકાય. અરજદારે કોર્ટને જણાવ્યું હતું કે તેઓ જે જમીન સરેન્ડર કરવા માંગે છે તે પેલેસની ઉપરના ભાગની ખુલ્લી જગ્યા છે. જો સત્તાધિકારીઓ નકશામાં સામાન્ય ફેરફાર કરીને આ વૈકલ્પિક જમીન સ્વીકારે, તો પેલેસના ઐતિહાસિક બાંધકામને તોડવાની જરૂર રહેશે નહીં. બીજી તરફ, સુરત મહાનગરપાલિકાના વકીલે કોર્ટને જાણ કરી હતી કે સત્તાધિકારીઓએ સંબંધિત વિસ્તારનો કબજો મેળવી લીધો છે અને અરજદારો દ્વારા જમીન સમર્પણ કર્યા બાદ જ આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જોકે, અરજદારોની મુખ્ય માગણી એ છે કે ડિમોલિશન લાઈનને થોડી ઉપરની તરફ ખસેડવામાં આવે જેથી કરીને રહેણાંક મહેલ સુરક્ષિત રહી શકે. હાઈકોર્ટે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ નોંધ્યું હતું કે અરજદારો જમીન આપવા માટે તૈયાર છે, માત્ર પેલેસના બાંધકામને બચાવવા માટે જમીનના માપણીમાં થોડો ફેરફાર કરવાની વિનંતી કરી રહ્યા છે. આ પરિસ્થિતિને ધ્યાને રાખીને અદાલતે સુરત મહાનગરપાલિકાને નોટિસ પાઠવી છે અને આગામી સુનાવણી સુધી પેલેસના બાંધકામ પર સ્ટે આપ્યો છે. આ કેસની હવે પછીની સુનાવણીમાં પેલેસના અસ્તિત્વ અને જમીન સંપાદનના મુદ્દે વધુ સ્પષ્ટતા થશે.

ISPLની ઓપનિંગ સેરેમનીમાં

# સુરતમાં બિગ-બીને જોવા ભારે પડાપડી

**ISPLની ઓપનિંગ સેરેમનીમાં અમિતાભ બચ્ચન, સચિન તેન્ડુલકર સહિતના દિગ્ગજોની હાજરી**

સુરત, તા.૯

સુરતના પીપલોદમાં લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (ISPL)ની સિઝન-૩ની ઓપનિંગ સેરેમનીમાં ક્રિકેટર-બોલિવૂડના સ્ટાર પહોંચ્યા હતા. તેવામાં સુરતના ઉદ્યોગપતિના ઘરે અમિતાભ બચ્ચન પહોંચ્યા હતા. જ્યાં મોટી સંખ્યામાં આવેલી ભીડે બચ્ચનને જોવા માટે પડાપડી કરતાં એન્ટ્રી ગેટનો કાચનો દરવાજો તૂટી ગયો હતો. જેમાં કેટલાક લોકો ઈજાગ્રસ્ત થયા હોવાનું સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ, સુરતના લાલભાઈ કોન્ટ્રાક્ટર સ્ટેડિયમમાં ISPLની હાઈ-ઓક્ટેન ટેનિસ-બોલ ટી૧૦ ક્રિકેટ લીગમાં બોલિવૂડ અને ક્રિકેટ જગતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે. જેમાં ઓપનિંગ સેરેમનીમાં અમિતાભ બચ્ચન, સચિન તેંડુલકર, સૂર્યા સહિતના સ્ટાર પહોંચ્યા હતા. દિગ્ગજો સુરત એરપોર્ટ પહોંચ્યા ત્યારે મોટી સંખ્યામાં ફેન્સ ફોટો પડાવવા માટે પડાપડી કરી હતી. સુરતના અડાજણ વિસ્તારમાં કાસારિવેરા રેસિડેન્સીમાં આવેલા ઉદ્યોગપતિ સુનિલ શાહના ઘરે અમિતાભ બચ્ચન પહોંચ્યા હતા. જો કે, ફેન્સને તેની જાણ થતાં તેઓ ત્યાં પણ પહોંચી ગયા હતા. બચ્ચન સહિતના સ્ટારને જોવા અને ફોટો પડાવવા પહોંચેલી ભીડ નિયંત્રણ બહાર થતાં અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

આ દરમિયાન બચ્ચનને જોવા આવેલી ભીડમાં પડાપડી થતાં રેસિડેન્સીનો કાચનો એન્ટ્રી ગેટ તૂટી ગયો હતો. જો કે, પોલીસે ભીડને કાબૂમાં લઈને અમિતાભે બચ્ચને ભીડમાંથી બહાર કાઢીને હોટલ લઈ જવાયા હતા.

# રાજપીપળા : ધર્મેશ્વર મંદિરના જૂના મકાનમાંથી મળેલા ૪૦ ચામડા અને ૧૩૩ નખના તાર અમેરિકા સુધી લંબાયા, IB તપાસમાં જોડાઈ

**દિવંગત પૂજારી માધવાનંદજીના પાસપોર્ટથી મોટો ખુલાસો : ૧૯૭૭માં USA ગયા હતા; વન વિભાગે અવશેષો FSLમાં મોકલ્યા, મધ્યપ્રદેશ સુધી તપાસનો ધમધમાટ**

રાજપીપળા, તા.૯

નર્મદા જિલ્લાના રાજપીપળા શહેર નજીક આવેલ ધર્મેશ્વર મહાદેવ મંદિરના જૂના મકાનમાંથી વન્યજીવોના ચામડા અને નખ મળી આવવાના મામલે ખળભળાટ મચી ગયો છે. આ કેસમાં હવે વન વિભાગની સાથે ગુપ્તચર એજન્સી IB પણ તપાસમાં જોડાઈ છે. મંદિરના જૂના મકાનમાંથી વન્યજીવના ૪૦ જેટલા ચામડા અને ૧૩૩ નખ મળી આવતા આખા રાજ્યમાં ચર્ચા જાગી છે. વન વિભાગે આ તમામ અવશેષોને ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે, જેનો રિપોર્ટ આવ્યા બાદ સ્પષ્ટ થશે કે આ નખ અને ચામડા વાઘના છે કે અન્ય કોઈ પ્રાણીના. તપાસ દરમિયાન વન વિભાગને મંદિરના દિવંગત પૂજારી સ્વામી માધવાનંદજીનો પાસપોર્ટ મળી આવ્યો છે. પાસપોર્ટની વિગતો મુજબ, તેમનો જન્મ ૩-૩-૧૯૩૪ના રોજ મધ્યપ્રદેશના રાયગઢ જિલ્લાના વાયંક ગામમાં થયો હતો. પાસપોર્ટમાં તેમનું નામ માધવાનંદજી ભગતરામ દ્વિવેદી અને વ્યવસાયમાં 'Priest' (સંત) લખેલું છે. સૌથી ચોંકાવનારી વિગત એ છે કે, તેઓ ૧૯૭૭માં મુંબઈના સાંતાક્રુઝ એરપોર્ટથી અમેરિકા ગયા હતા. તેમને ૧૧-૦૫-૧૯૭૭ના રોજ અમેરિકાના ૬ મહિનાના વિઝા મળ્યા હતા. સ્વામી માધવાનંદજી ૪૦ વર્ષ પહેલા અમદાવાદના ગીતા મંદિરથી રાજપીપળા ધર્મેશ્વર મંદિર આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા મુજબ, તેઓ કોઈ અખાડા કે મઠ સાથે જોડાયેલા નહોતા અને છેલ્લા ૪ દાયકાથી અહીં જ કર્તાહર્તા હતા. ગત વર્ષે ૭-૭-૨૦૨૫ના રોજ ૯૧ વર્ષની વયે તેમનું અવસાન થયું હતું. હવે IB અને વન વિભાગ એ તપાસી રહ્યું છે કે આટલી મોટી માત્રામાં વન્યજીવોના નખ અને ચામડા ક્યાંથી આવ્યા? આ નખ વાઘના હોવાની આશંકાએ પૂજારીના વતન મધ્યપ્રદેશ સુધી તપાસનો દોર લંબાવવામાં આવ્યો છે. સાથે જ, ૧૯૭૭માં અમેરિકા પ્રવાસ દરમિયાન તેઓ કોના સંપર્કમાં હતા, તેની પણ ઉંડી તપાસ કરવામાં આવી રહી છે.

**સેમ્પલ FSL માટે હૈદરાબાદ મોકલ્યા છે : ડી.એફ.ઓ. અભય સિંહ**

આ બાગતે ડી.એફ.ઓ અભય સિંહે જણાવ્યું હતું કે વન્ય પ્રાણીઓના ચામડા અને નખના સેમ્પલ એફ.એસ.એલ. માટે હૈદરાબાદ મોકલવામાં આવ્યા છે. સેમ્પલના રિઝલ્ટ આવ્યા બાદ ખબર પડશે કે આ ચામડા અને નખ વાઘના છે કે અન્ય કોઈ વન્ય પાણીના.

# સંસદનું બજેટ સત્ર ૨૮ જાન્યુઆરીથી શરૂ થશે; કેન્દ્રીય અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરીના રોજ સંસદમાં રજૂ થશે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

નવા વર્ષ ૨૦૨૬નું સંસદનું બજેટ સત્ર ૨૮મી જાન્યુઆરીથી શરૂ થઈ રહ્યું છે અને બીજી એપ્રિલના રોજ પૂરૂં થશે એવું કેન્દ્રના સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શુક્રવારે જાહેર કર્યું હતું. પરંપરા મુજબ પહેલી ફેબ્રુઆરીથી સંસદનું બજેટ સત્ર શરૂ થાય છે પરંતુ આ વખતે એવું નથી. બજેટ સત્ર ધમાલભર્યું બની રહેવાની શક્યતા છે કેમ કે વિરોધ પક્ષો અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ભારે વેરા તેમજ મતદાર યાદીઓમાં ઘાલમેલ સહિતના અનેક વિવાદાસ્પદ મુદ્દાઓ ઉપર સરકારને ઘેરવા માટેની તૈયારી કરી રહ્યા છે.

કેન્દ્રીય અંદાજપત્ર પહેલી ફેબ્રુઆરીના રોજ રવિવારે સંસદમાં રજૂ કરવામાં આવે તેવી શક્યતા છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે, સંસદીય બાબતો અંગેની કેબિનેટ કમિટી દ્વારા અત્યારે હાલ તુરંત સંસદ સત્રની તારીખ અને કાર્યક્રમને મંજૂરી આપી દીધી છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ૨૮મી જાન્યુઆરીના રોજ લોકસભા અને રાજ્યસભાની સંયુક્ત બેઠકમાં અભિભાષણ આપશે.

બજેટ સત્રમાં પણ શાસક અને વિપક્ષ વચ્ચે સંઘર્ષ અને ટકરાવ ચાલુ રહેવાની શક્યતા છે કેમ કે બંનેમાંથી કોઈ પક્ષ હળવાશના મિજાજમાં નથી. એક રાષ્ટ્ર એક ચૂંટણી વિધેયક, વડાપ્રધાન તથા મુખ્યમંત્રીઓ અને અન્ય મંત્રીઓને ગંભીર ફોજદારી ગુના અને આરોપ સબબ ૩૦ દિવસમાં હોદ્દા પરથી દૂર કરવાની જોગવાઈ ધરાવતો ખરડો, તેમજ અન્ય સૂચિત વિધેયકોના મુદ્દા પર વિરોધ પક્ષો ભારે ધાંધલ ધમાલ મચાવે તેવી શક્યતા છે. અત્યારે તો બે આવા મહત્ત્વના ખરડા



**બજેટ સત્ર ધમાલભર્યું બની રહેવાની શક્યતા છે કેમ કે વિરોધ પક્ષો અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ભારે વેરા અને ચૂંટણી મતદાર યાદીઓમાં ઘાલમેલ સહિતના મુદ્દાઓ ઉપર સરકારને નિશાન બનાવવા માટે સજ્જ થઈ રહ્યા છે**

સંસદીય કમિટી સમક્ષ વિચારણા હેઠળ છે.

બીજો એક ખરડો વિકસિત ભારત શિક્ષા અભિષ્ઠાન ૨૦૨૫ પણ વિવાદન મુદ્દો બની શકે છે અને તેના ઉપર પણ વિરોધ પક્ષો સરકાર ઉપર તડાપીટ બોલાવે તેવી શક્યતા છે. સંસદની જોઈન્ટ કમિટી દ્વારા ચકાસણી થયા બાદ આ ખરડો પણ ગૃહમાં રજૂ કરવામાં આવશે. શિયાળુ સત્રમાં વિરોધ પક્ષોએ જોરદાર વાંધો લીધો હોવાથી આ ખરડો સંસદના બંને ગૃહોની સંયુક્ત સમિતિને વિચારણા માટે મોકલવામાં આવ્યો હતો.

મનરેગા યોજનાનું નામ બદલીને VB-GRAM-G એવું રાખવામાં આવ્યું એ મુદ્દા ઉપર પણ વિરોધ પક્ષો જોરદાર વિરોધ ઊભો કરશે તેવું લાગે છે અને મનરેગા યોજનાની જૂની જોગવાઈઓ અને નામ પુનઃસ્થાપિત કરવાની વિપક્ષો માગણી કરશે તેવી શક્યતા છે.

પાંચ રાજ્યોની વિધાનસભાઓ અને કેન્દ્રશાસિત પ્રદેશોની ચૂંટણીઓ પણ આવી રહી હોવાથી સંસદનું બજેટ સત્ર વધુ મહત્ત્વપૂર્ણ બની રહેશે. આસામ, પશ્ચિમ બંગાળ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીમાં ચૂંટણી યોજાનાર છે જે આ વર્ષે જ માર્ચ અને મેની વચ્ચે થઈ શકે છે.

કેન્દ્રના સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ શેર કર્યું હતું કે, રાષ્ટ્રપતિની ભલામણથી અને એમની મંજૂરીથી બજેટ સત્ર ૨૦૨૬ યોજવાનું નક્કી કરવામાં આવ્યું છે અને ભારત સરકારે કરેલી ભલામણને રાષ્ટ્રપતિએ મંજૂરી આપી દીધી છે એટલે ૨૮ જાન્યુઆરી, ૨૦૨૬થી સંસદનું બજેટ સત્ર શરૂ થશે અને બીજી એપ્રિલ ૨૦૨૬ સુધી ચાલશે. સંસદ સત્રનો પહેલો તબક્કો ૧૩ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ પૂરૂં થશે અને ત્યારબાદ નવમી માર્ચથી ફરી સંસદનું સત્ર શરૂ થશે જે હેતુલક્ષી ચર્ચા મંથન માટે અને પ્રજાલક્ષી શાસન માટે અત્યંત જરૂરી છે.

સંસદીય સત્રના પહેલા દિવસે નિયમ મુજબ અને પરંપરા મુજબ સંસદની સંયુક્ત બેઠકમાં રાષ્ટ્રપતિ અભિભાષણ આપશે. ૩૦મી જાન્યુઆરી દરરોજ સંસદમાં આર્થિક સર્વેક્ષણ રજૂ કરવામાં આવશે તેવી ધારણા છે.

રાષ્ટ્રપતિના અભિભાષણ અને કેન્દ્રીય બજેટ પર આભાર પ્રસ્તાવની ચર્ચા થયા પછી ૧૩મી ફેબ્રુઆરીથી સંસદનું એક મહિના લાંબુ વેકેશન પડશે. એ પછી સંસદનો બીજો તબક્કો ૯મી માર્ચથી શરૂ થશે અને બીજી એપ્રિલના રોજ બજેટ સત્ર પરિપૂર્ણ થશે.

## 'કશું ખોટું કર્યું નથી' : EDના દરોડાની કાર્યવાહી દરમિયાન મમતા બેનરજીની પ્રતિક્રિયા; ફરીવાર ભાજપ સામે કોલસા કૌભાંડનો આક્ષેપ કર્યો

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજીએ I-PAC ઉપરના એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ વિભાગના દરોડાની કાર્યવાહી દરમિયાન પોતે દરમિયાનગીરી કરી તેનો બચાવ કર્યો હતો અને ટીએમસીની મહત્ત્વની વિગતોની 'ચોરી કરવાનો' પ્રયાસ થઈ રહ્યો હોવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે દિલ્હીમાં બેઠેલા ભાજપના સિનિયર નેતાઓ ઉપર ગંભીર આક્ષેપો કર્યા હતા અને એવો દાવો કર્યો હતો કે, કોલસા કૌભાંડમાંથી એમને નાણાં પહોંચાડવામાં આવેલા છે. આ વિશેના પુરાવા હું જાહેરમાં મૂકી શકું છું. મેં ગઈકાલે જે કર્યું તેમાં કશું ખોટું કર્યું નથી કેમ કે એ લોકોએ મારા પક્ષનો ડેટા ચોરી જવાનો પ્રયાસ કર્યો હતો. કોલકાતામાં વિશાળ વિરોધ રેલીને સંબોધન કરતા તેમણે કહ્યું હતું કે, દિલ્હીમાં બેઠેલા ભાજપના સિનિયર નેતાઓને કોલસા કૌભાંડમાંથી નાણાં મળ્યા છે અને જરૂર પડે તો હું જાહેરમાં પુરાવો આપી શકું છું. દિલ્હીમાં ટીએમસીના સાંસદો અને ધારાસભ્યો ઉપર પોલીસે કરેલા હુમલાની જોરદાર ટીકા તેમણે કરી હતી અને કહ્યું હતું કે, દિલ્હીની પોલીસે મારા સંસદ સભ્યો અને ધારાસભ્યો ઉપર હુમલો કર્યો હતો પરંતુ ભાજપને અને તેના નેતાઓને બંગાળમાં લાલ જાજમ પાથરીને આવકાર આપવામાં આવે છે. મહારાષ્ટ્રમાં જેમ ચૂંટણી પંચની મદદથી કેસરિયા પાર્ટીએ લોક ચુકાદાને ચોરી લીધો એવું જ એ બંગાળમાં કરવા માંગે છે એવો તેમણે આક્ષેપ કર્યો હતો. તેમણે રેલીમાં કેન્દ્રના ગૃહમંત્રી અમિત શાહને સીધો પડકાર કર્યો હતો. તેમણે દરોડાના ઓપરેશનને રસ્તા પર લાવીને તેને ચૂંટણીનો મુદ્દો બનાવી દીધો છે અને વિધાનસભાની આવનારી ચૂંટણીઓમાં આ મુદ્દો નિર્ણાયક બનશે તેમ લાગે છે.

## I-PAC કંપની TMC પાર્ટીને તેની ચૂંટણી વ્યૂહરચના તૈયાર કરવામાં મદદરૂપ બની રહી હોવાથી EDએ કંપનીને નિશાન બનાવી છે : અભિષેક બેનરજી

**તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે, મારા અને મારા પરિવારજનો તેમજ TMCના નેતાઓને હેરાન-પરેશાન કરવાની EDને આદત પડી ગઈ છે અને છેલ્લા કેટલાક સમયથી આ ચાલી રહ્યું છે**

(એજન્સી) કોલકાતા, તા.૯

ટીએમસીના મહામંત્રી અને પક્ષના લોકસભાના સભ્ય અભિષેક બેનરજીએ શુક્રવારે એવો દાવો કર્યો હતો કે, I-PAC કંપની ટીએમસીને તેની ચૂંટણી વ્યૂહરચના તૈયાર કરવામાં મદદરૂપ બની રહી હોવાથી તેને કેન્દ્રીય એજન્સી દ્વારા નિશાન બનાવવામાં આવી છે. અત્યારે ચાલી રહેલી એસઆઈઆરની કવાયતમાં પણ આ એજન્સી અમારા પક્ષને મદદરૂપ બની રહી છે.

તેમણે એવો આક્ષેપ પણ કર્યો હતો કે, મને અને મારા પરિવારના સભ્યો સહિત ટીએમસીના નેતાઓને હેરાન કરવાની છેલ્લા કેટલાક સમયથી ઈડીને આદત પડી ગઈ છે. અગાઉ એ લોકોએ કોઈ કારણ વિના મને અને મારા પત્નીને તથા મારા બાળકોને અને મારા માતા-પિતાને પણ હેરાન-પરેશાન કર્યા હતા. અત્યારે રાજ્યની વિધાનસભાની ચૂંટણીઓ આવી રહી છે એટલે ફરીથી કેન્દ્રીય એજન્સીઓ મારફત અમને હેરાન કરવાના પ્રયાસો થઈ રહ્યા છે પરંતુ નવી દિલ્હીના આવા દબાણો સામે હું કે મારી પાર્ટીમાંથી કોઈ પણ ઝૂકવાના નથી.

શુક્રવારે નાદિયા જિલ્લામાં તાહેરપુર ખાતે જાહેર સભાને સંબોધન કરતા અભિષેક બેનરજીએ કહ્યું હતું કે, આ જિલ્લામાં મટુઆ સમાજના મતદારોની બહુ નોંધપાત્ર રીતે મોટી સંખ્યા છે અને ભાજપે એમને નાગરિકતા તથા મતદાનના અધિકારો અંગે જે વચનો આપ્યા છે તેનાથી આ સમાજ છેતરાઈ નહીં જાય તેની મને ખાતરી છે.

## બ્રિટનની યુનિવર્સિટીઓમાં પ્રવેશ લેતા પોતાના દેશના વિદ્યાર્થીઓને હવે અટકાવી રહ્યું છે, કટ્ટરવાદ ફેલાઈ રહ્યાના ડરથી યુએઈનું પગલું : યુકેનો અહેવાલ

(એજન્સી) તા.૯

લંડન યુકેના મીડિયાના એક અહેવાલમાં શુક્રવારે દર્શાવ્યું હતું કે, વિદેશમાં અભ્યાસ કરવા માટે જવા તેજસ્વી અને ઉચ્ચ ગુણ ધરાવતા પોતાના વિદ્યાર્થીઓને ઉદાહરણ સાથે ગ્રાન્ટ આપવા માટે જાણીતું યુએઈ હવે યુકેની યુનિવર્સિટીઓના કેમ્પસમાં રૂઢિવાદી અને આતંકવાદી ઈસ્લામી જૂથના કટ્ટરવાદના ફેલાવવાના ડરથી પોતાના વિદ્યાર્થીઓને યુકે જતા અટકાવી રહ્યું છે. યુએઈને ડર છે કે, યુકેની યુનિવર્સિટીના કેમ્પસમાં કટ્ટરવાદ ફેલાવવામાં આવી રહ્યો છે એટલે હવે તેના વિદ્યાર્થીઓને ત્યાં પ્રવેશ લેવા જતા અટકાવે છે. યુકેના અખબાર ધ ટાઈમ્સના અહેવાલમાં જણાવ્યું છે કે, યુકેમાં જઈ રહેલા અથવા જવા માંગતા વિદ્યાર્થીઓ માટે યુએઈ સરકારી ફંડ આપવા પર મર્યાદા મૂકી રહ્યું છે કેમકે મુસ્લિમ બ્રધરહુડ સંગઠનની વગ કેમ્પસમાં વધી રહી છે અને એવા અન્ય મુદ્દાઓ પણ છે જેના કારણે હવે ફંડ સીમિત કરવામાં આવી રહ્યું છે.

યુએઈ દ્વારા પણ મુસ્લિમ બ્રધરહુડ સંગઠનને આતંકવાદી જાહેર કરવામાં આવ્યું છે અને યુરોપના દેશોને પણ એવું પગલું લેવા માટે યુએઈ સમજાવી રહ્યું છે.

યુકેના અખબારના અહેવાલમાં એવું જણાવ્યું છે કે, યુએઈ આવું કરીને પોતાના વિદ્યાર્થીઓને સીધા રહેવા માટે ચેતવણી આપી રહ્યું છે અને ધમકાવી રહ્યું છે અને એવું કહેવા માંગે છે કે જો તમે યુકેમાં રહો તો મુસ્લિમ બ્રધરહુડ સાથે જોડાઈ જતા નહીં.

મધ્ય પૂર્વના એક નિષ્ણાત એવું કહે છે કે, મુસ્લિમ બ્રધરહુડ સામે રાજદ્વારી રીતે કોરડો ફટકારવા માટે યુએઈ યુકેને કહેતું રહ્યું છે અને મુસ્લિમ બ્રધરહુડ વિશે ફરિયાદ કરતું રહ્યું છે પરંતુ આ યુએઈનો અંદરનો મામલો છે અને અહીં યુકેમાં યુનિવર્સિટીઓમાં મુસ્લિમ બ્રધરહુડનો કોઈ ફેલાવો થયો દેખાતો નથી. આ તો એક અભિગમ અને વલણની વાત છે.

**બ્રિટનની યુનિવર્સિટીઓમાં પ્રવેશ લેનારા યુએઈના વિદ્યાર્થીઓની સંખ્યા ૨૦૧૭થી ૨૦૨૪થી વચ્ચે બમણી થઈ ગઈ હતી અને ૮૫૦૦ જેટલા વિદ્યાર્થીઓએ યુકેની યુનિવર્સિટીઓમાં પ્રવેશ લીધો હતો**

અહેવાલ જણાવે છે કે, યુએઈ દ્વારા સંપૂર્ણ પ્રતિબંધ તો મૂકવામાં આવ્યો નથી અને ખાનગી ફંડ જે મેળવે છે એવા વિદ્યાર્થીઓ હજુ પણ યુકેની યુનિવર્સિટીઓમાં પ્રવેશ મેળવી શકશે પરંતુ યુએઈ સરકાર તરફથી હવે જે ફંડ અપાય છે એ અન્ય દેશોના અભ્યાસ માટે અને યુનિવર્સિટી ડિગ્રી માટે આપવામાં આવશે એવું લાગે છે. બ્રિટનની યુનિવર્સિટીઓમાં ૨૦૧૭થી ૨૦૨૪ની વચ્ચે એના વિદ્યાર્થીઓની સંખ્યા બમણી થઈને ૮૫૦૦ થઈ ગઈ હતી અને હવે એ બધાને આ નિર્ણયથી અસર થવાની શક્યતા છે. તેજસ્વી વિદ્યાર્થીઓ અને ઊંચા ગુણ ધરાવતા વિદ્યાર્થીઓને વિદેશમાં અભ્યાસ કરવા માટે ટ્યુશન તથા રોજિંદા ખર્ચ અને પ્રવાસનો ખર્ચ અને આરોગ્ય વીમા કવચ આપવામાં આવે છે. પરંતુ યુએઈને લાગે છે કે, મુસ્લિમ બ્રધરહુડ ઈસ્લામિક સંગઠને પ્રમાણમાં ધર્મનિરપેક્ષ અને સામાજિક રીતે ઉદાર એવા યુએઈ માટે ગંભીર જોખમ બની શકે છે એટલે એ લોકો સંગઠન વિરૂદ્ધ કાર્યવાહી કરતા રહ્યા છે.

## દિલ્હીની ખાનગી શાળાઓ નવા ફી નિયમન કાયદાનો વિરોધ શા માટે કરી રહી છે; તેઓએ હાઈકોર્ટમાં અરજી દાખલ કરી છે

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

દિલ્હી હાઈકોર્ટે ગુરૂવારે ફી વધારાનું નિયમન કરતી શાળા-સ્તરીય સમિતિઓની રચના માટે લીલીઝંડી આપી છે, અને ૨૦૨૫-૨૬ શૈક્ષણિક સત્ર માટે દિલ્હી સરકારના સૂચના પર સ્ટે મૂકવાનો ઈન્કાર કર્યો. કોર્ટ દિલ્હી સ્કૂલ એજ્યુકેશન (પારદર્શિતામાં ફી નક્કી કરવા અને નિયમન) અધિનિયમ, ૨૦૨૫ની બંધારણીય માન્યતાને પડકારતી અરજીઓના સમૂહ પર સુનાવણી કરી રહી હતી, જે આવશ્યકપણે ખાનગી શાળાઓની ફી વધારવા માટે સરકારની મંજૂરીને ફરજિયાત બનાવે છે. રાજધાનીની અનેક ખાનગી શાળાઓ દ્વારા આ અરજીઓ દાખલ કરવામાં આવી છે, જેમણે નવા કાયદાનો વિરોધ કર્યો છે કારણ કે તે શિક્ષણના વ્યાપારીકરણને રોકવા માટે ફી નિયમનની આડમાં તેમની સ્વાયત્તતાને અસર કરે છે. મનસ્વી ફી વધારા અંગે વાલીઓના ઉગ્ર વિરોધ વચ્ચે વધુ પારદર્શિતા લાવવાના પ્રયાસમાં ગયા વર્ષે ઓગસ્ટમાં DSE કાયદો પસાર કરવામાં આવ્યો હતો. મુખ્ય ન્યાયાધીશ ડી.કે. ઉપાધ્યાય અને ન્યાયાધીશ તેજસ કારિયાની બેન્ચે કાયદા પર રોક લગાવવાનો ઈન્કાર કર્યો હતો, પરંતુ દિલ્હી સરકારને ખાનગી શાળાઓની અરજીઓનો જવાબ દાખલ કરવાનો નિર્દેશ આપ્યો હતો. તેણે કેન્દ્ર અને શિક્ષણ નિયામકને પણ નોટિસ જારી કરી છે. આ મામલાની આગામી સુનાવણી ૧૨ માર્ચે થશે. કોર્ટે ૧૦ સભ્યોની ફી સમિતિઓની સ્થાપના માટેની સમયમર્યાદા ૧૦ જાન્યુઆરીથી લંબાવીને ૨૦ જાન્યુઆરી કરી હતી. ગુરુવારે, કોર્ટે પબ્લિક સ્કૂલ્સ ઓન પ્રાઈવેટ લેન્ડ્સ સોસાયટી, દિલ્હી પબ્લિક સ્કૂલ સોસાયટી અને અન્ય સહિત ખાનગી શાળા સંગઠનો દ્વારા દાખલ કરાયેલી સાત અરજીઓને ક્લબ કરી હતી. સુનાવણી દરમિયાન, અરજદાર ખાનગી શાળાઓનું પ્રતિનિધિત્વ કરતા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતગીએ દલીલ કરી હતી કે આટલા ટૂંકા ગાળામાં બધી શાળાઓમાં આવી ફી સમિતિઓની રચના કરવાથી અરાજકતા ફેલાશે. આ DSE કાયદામાં શું છે, ખાનગી શાળાઓ કોર્ટમાં તેનો વિરોધ કેમ કરી રહી છે, આ ફી નિયમન સમિતિઓનો ભાગ કોણ હશે અને તેઓ કેવી રીતે કાર્ય કરશે :

**નવા ફી નિયમન કાયદા શું છે, દિલ્હી હાઈકોર્ટમાં કેસ શું છે, આ ફી નિયમન સમિતિઓનો ભાગ કોણ હશે અને તેઓ કેવી રીતે કાર્ય કરશે**

**આ ફી નિયમન સમિતિઓમાં કોણ હશે ?**

DSE કાયદાની કલમ ૪ હેઠળ, ૧૦ સભ્યોની ફી નિયમન સમિતિમાં શાળા વ્યવસ્થાપન અધિકારીઓ, માતાપિતા અને શિક્ષકોનો સમાવેશ થશે. આચાર્ય સચિવ હશે અને પેનલની અધ્યક્ષતા શાળા વ્યવસ્થાપનના અન્ય પ્રતિનિધિ કરશે. લોટરી સિસ્ટમ દ્વારા લેવામાં આવેલા પાંચ વાલી પ્રતિનિધિઓ અને ત્રણ શિક્ષકો સભ્યો હશે. શિક્ષણ નિયામક દ્વારા નિયુક્ત કરાયેલ એક નિરીક્ષક બધી સમિતિની બેઠકોમાં હાજર રહેશે. નવા ફી નિયમન કાયદા હેઠળ, 'સ્કૂલ લેવલ ફી નિયમન સમિતિ' તરીકે ઓળખાતી સમિતિની સ્થાપના થઈ ગયા પછી, શાળા મેનેજમેન્ટ ત્રણ શૈક્ષણિક વર્ષોના બ્લોક માટે તેનો ફી પ્લાન સબમિટ કરશે. સમિતિ પાસે ફી રકમ નક્કી કરવાનો અધિકાર હશે, પરંતુ તે મેનેજમેન્ટ દ્વારા પ્રસ્તાવિત કરતાં વધુ ન હોઈ શકે. ફી નિર્ધારણ કાયદામાં દર્શાવેલ પરિબળો પર આધારિત હશે, જેમ કે શાળાનું સ્થાન, માળખાગત સુવિધાઓ અને શિક્ષણ ધોરણો. ફી નિર્ધારણ અંગે વિવાદ ઊભો થાય તો, વાલીઓ જિલ્લા ફી અપીલ અધિકારીનો સંપર્ક કરી શકે છે.

**૨૦૨૫નો કાયદો શું કહે છે ?**

દિલ્હીના રાષ્ટ્રીય રાજધાની પ્રદેશમાં શાળાઓ દ્વારા ફી નિર્ધારણ, નિયમન અને વસૂલાતના મામલે પારદર્શિતા લાવવા અને પૂર્વ ૧૯૭૩ના કાયદાની જોગવાઈઓને પૂરક બનાવવા માટે DSE કાયદાને એક મહિના કરતાં પણ ઓછા સમય પહેલાં, ૧૦ ડિસેમ્બરના રોજ ઔપચારિક રીતે સૂચિત કરવામાં આવ્યો હતો. ૨૦૨૫નો કાયદો શિક્ષણના વ્યાપારીકરણ અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા નફાખોરીને રોકવાનો પ્રયાસ કરે છે, જેની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) ૨૦૨૦ દ્વારા કલ્પના કરવામાં આવી છે. અધિનિયમની કલમ ૩ કહે છે કે 'કોઈપણ શાળા પોતે અથવા તેના વતી અન્ય કોઈપણ માધ્યમથી આ કાયદા હેઠળ નિર્ધારિત અથવા મંજૂર કરાયેલ ફી કરતાં વધુ ફી વસૂલશે નહીં'. નોંધનીય છે કે, કાયદામાં શાળાઓના ખાતાઓની ચકાસણી કરવા અને વસૂલવામાં આવતી કોઈપણ વધારાની ફી પરત કરવા માટે એક સમિતિની રચના કરવાની જોગવાઈઓ પણ છે. ૨૦૨૫ના કાયદા હેઠળ, શાળાઓને 'ખાનગી સહાય વિનાની પૂર્વ-પ્રાથમિક શાળા, પ્રાથમિક શાળા, પ્રાથમિક શિક્ષણ આપતી શાળા, માધ્યમિક શાળા, ઉચ્ચ માધ્યમિક શાળા, વરિષ્ઠ માધ્યમિક શાળા, સરકાર દ્વારા માન્ય અથવા અમાન્ય અથવા કોઈપણ મેનેજમેન્ટ દ્વારા સંચાલિત અથવા કોઈપણ ભારતીય અથવા વિદેશી અભ્યાસક્રમ અથવા બોર્ડ સાથે સંલગ્ન, લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓ અને સરકારી એજન્સીઓ દ્વારા રાહત દરે જમીન આપવામાં આવતી શાળાઓ'નો સમાવેશ થાય છે.

**આ કાયદાને કેમ પડકારવામાં આવી રહ્યો છે ?**

હાલના કેસમાં જસ્ટિસ ફોર ઓલ, પબ્લિક સ્કૂલ્સ ઓન પ્રાઈવેટ લેન્ડ સોસાયટી અને અન્ય જેવા ખાનગી શાળા સંગઠનો દ્વારા દાખલ કરાયેલી અરજીઓનો સમાવેશ થાય છે. તેઓ દલીલ કરે છે કે DSE કાયદો મૂળભૂત રીતે ખાનગી સહાય વિનાની શૈક્ષણિક સંસ્થાઓની સ્વાયત્તતાને અસર કરે છે. આ એક અધિકાર છે જે ૨૦૦૨ના TMA પાઈ ફાઉન્ડેશન કેસ જેવા સીમાચિહ્નરૂપ ચુકાદાઓમાં સુપ્રીમ કોર્ટ દ્વારા સમર્થન આપવામાં આવ્યું છે.

## કોર્ટે કહ્યું- પરિવાર સામે મજબૂત પુરાવા લેન્ડ ફોર જોબ્સ કૌભાંડમાં લાલુ યાદવ સામે આરોપો નક્કી થયા

**લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું. આરોપીઓ દ્વારા વ્યાપક ગુનાહિત કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે : કોર્ટ**

(એજન્સી) નવી દિલ્હી, તા.૯

દિલ્હીની એક કોર્ટે લેન્ડ ફોર જોબ્સ કૌભાંડ કેસમાં આરજેડી સુપ્રીમો લાલુ પ્રસાદ યાદવ, રાબડી દેવી, તેજસ્વી યાદવ અને અન્ય લોકો સામે આરોપો નક્કી થયા છે. કોર્ટે શુક્રવારે જણાવ્યું હતું કે લાલુ યાદવ અને તેમના પરિવારે ગુનાહિત સિન્ડિકેટ તરીકે કામ કર્યું હતું. આરોપીઓમાં વ્યાપક ગુનાહિત કાવતરૂં ઘડવામાં આવ્યું હોવાના સ્પષ્ટ સંકેતો છે. સીબીઆઈ કેસ પ્રથમદર્શી રીતે જમીનના બદલામાં નોકરીઓ આપવાનું કાવતરૂં સ્થાપિત કરે છે. કોર્ટે ટ્રાયલ શરૂ થવાનો માર્ગ મોકળો કર્યો છે. લાલુ યાદવની પત્ની રાબડી દેવી, મીસા ભારતી અને પુત્ર તેજસ્વી યાદવ આ કેસમાં આરોપી છે. ન્યાયાધીશ વિશાલ ગોગને આદેશ આપતાં જણાવ્યું હતું કે, "વાજબી શંકાના આધારે, કોર્ટને લાગે છે કે લાલુ યાદવે જાહેર રોજગારનો ઉપયોગ કરીને તેમના પરિવાર માટે સ્થાવર મિલકતો મેળવવા માટે સોદાબાજી કરવા માટે એક વ્યાપક કાવતરૂં ઘડ્યું હતું." કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો ચાર્જશીટ પર વિશ્વાસ કરવામાં આવે તો, લાલુને આ કેસમાં તેમના નજીકના સહયોગીઓનો પણ ટેકો મળ્યો હતો. સીબીઆઈ દ્વારા આ કેસમાં દાખલ કરાયેલ ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી રેલ્વે મંત્રી હતા, ત્યારે લાલુ યાદવે નોકરીઓના બદલામાં ઉમેદવારોને જમીન ભેટમાં આપી હતી. ચાર્જશીટમાં જણાવાયું છે કે જ્યારે તેઓ રેલવે મંત્રી હતા, ત્યારે તેમણે નિયમોનો ભંગ કર્યો હતો અને રેલવેમાં ગ્રુપ ડી ભરતીઓ કરી હતી, અને બદલામાં, ઉમેદવારોની જમીન લાલુ પ્રસાદ યાદવના પરિવાર અથવા તેમના નજીકના




લોકોના નામે ટ્રાન્સફર કરવામાં આવી હતી. ૨૦૨૦ પછી, સીબીઆઈ અને EDએ નોકરી માટે જમીન કૌભાંડના સંદર્ભમાં બિહાર અને દિલ્હીમાં અનેક સ્થળોએ દરોડા પાડ્યા હતા. ત્યારબાદ, સીબીઆઈએ ૧૮ મે, ૨૦૨૨ના રોજ કેસ નોંધ્યો. ૭ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ, સીબીઆઈએ નોકરી માટે જમીન કૌભાંડમાં તેની પહેલી ચાર્જશીટ દાખલ કરી. જૂન ૨૦૨૪માં, સીબીઆઈએ આ કેસમાં તેની અંતિમ ચાર્જશીટ દાખલ કરી. સીબીઆઈએ આ કેસમાં ૧૦૭ લોકોને આરોપી તરીકે નામ આપ્યા હતા, જેમાં ૩૮ લોકોનો સમાવેશ થાય છે જેમણે જમીન આપીને નોકરી મેળવી હતી. પાંચ આરોપીઓનું મૃત્યુ થયું છે. કોર્ટે હવે આ કેસમાં ૪૧ આરોપીઓ સામે આરોપો ઘડ્યા છે. ૨૦૦૪ની લોકસભા ચૂંટણીમાં કોંગ્રેસ ગઠબંધન જીત્યું. આ ચૂંટણીમાં લાલુ યાદવની પાર્ટીએ ૨૪ બેઠકો જીતી હતી. આ બેઠકોના કારણે, લાલુ મનમોહન સિંહ સરકારમાં રેલવે મંત્રી બન્યા. લાલુના નજીકના સહયોગી રઘુવંશ પ્રસાદ સિંહને મનમોહન સિંહ સરકારમાં ગ્રામીણ વિકાસ મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. લાલુએ ૨૦૦૪થી ૨૦૦૯ સુધી મનમોહન સિંહ સરકારમાં રેલવે મંત્રી તરીકે સેવા આપી હતી.

## વિજયની ફિલ્મ 'જન નાયગન'ને ફટકો : મદ્રાસ હાઈકોર્ટની ડિવિઝન બેન્ચે CBFC સર્ટિફિકેશન પર રોક લગાવી, જજના આદેશ પર સ્ટે આપ્યો : આ ફિલ્મને પોંગલ પર રિલીઝ ન થવાનો આદેશ આપ્યો



**પોંગલની રજાઓ પછી આ મામલો ૨૧ જાન્યુઆરીએ વધુ સુનાવણી માટે મૂકવામાં આવ્યો હોવાથી 'જન નાયગન'ની ઉત્સવની રિલીઝને નકારી કાઢવામાં આવી છે, કાર્યવાહી દરમિયાન કોર્ટે આ મામલો કેટલી તાકીદથી લેવામાં આવ્યો અને નિર્ણય લેવામાં આવ્યો તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી**

(એજન્સી) તા.૯

થલાપતિ વિજયની બહુપ્રતિક્ષિત ફિલ્મ 'જન નાયગન' માટે એક ઝટકો આપતા મદ્રાસ હાઈકોર્ટે શુક્રવારે (૯ જાન્યુઆરી) સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન (CBFC)ને ફિલ્મને સર્ટિફિકેશન આપવાથી અસ્થાયી રૂપે રોકી દીધી, જેનાથી તેની આયોજિત પોંગલ રિલીઝને ફટકો પડ્યો છે.

મુખ્ય ન્યાયાધીશ મણીન્દ્ર મોહન શ્રીવાસ્તવ અને ન્યાયાધીશ જી. અરૂલ મુરૂગનની બનેલી ડિવિઝન બેન્ચે સિંગલ જજ દ્વારા પસાર કરાયેલા અગાઉના આદેશ પર 'કામચલાઉ સ્ટે' જારી કર્યો હતો, જેમાં સીબીએફસીને વિજય અભિનીત ફિલ્મને યુ/એ સર્ટિફિકેટ આપવાનો નિર્દેશ આપવામાં આવ્યો હતો. પોંગલની રજાઓ પછી આ કેસ ૨૧ જાન્યુઆરીએ વધુ સુનાવણી માટે મૂકવામાં આવ્યો હોવાથી ફિલ્મની ઉત્સવ સમયે રિલીઝ નકારી કાઢવામાં આવી છે. ડિવિઝન બેન્ચે શુક્રવારે અગાઉ જારી કરાયેલા સિંગલ જજના આદેશને પડકારતી સીબીએફસી દ્વારા દાખલ કરાયેલી રિટ અપીલની સુનાવણી કરી. કાર્યવાહી દરમિયાન કોર્ટે આ કેસ કેટલી તાકીદથી લેવામાં આવ્યો અને નિર્ણય લેવામાં આવ્યો તે અંગે ચિંતા વ્યક્ત કરી હતી. મુખ્ય ન્યાયાધીશે અગાઉના ચુકાદાની ઝડપ પર પ્રશ્ન ઊઠાવતા પૂછ્યું હતું કે, એવી કઈ તાકીદ હતી કે, પ્રતિવાદી (બોર્ડ)ને અરજીનો જવાબ આપવા માટે કહેવામાં આવ્યું અને બે દિવસમાં કેસનો નિર્ણય નક્કી કરવામાં આવ્યો ? તેમણે ટિપ્પણી કરી હતી કે, ફિલ્મ નિર્માતાઓ તાત્કાલિક રાહત માટે કોર્ટ પર દબાણ બનાવી રહ્યા હોય તેવું લાગે છે. ફિલ્મના નિર્માતાઓ તાકીદ ઊભી કરી રહ્યા છો અને કોર્ટ પર દબાણ લાવી રહ્યા છે. આ કામચલાઉ સ્ટે અસરકારક રીતે આગામી સુનાવણી સુધી CBFC પ્રમાણપત્ર પ્રક્રિયાને સ્થગિત રાખે છે, જેના કારણે ફિલ્મની રિલીઝ સમયરેખા અંગે અનિશ્ચિતતા ઊભી થઈ છે. ફિલ્મના નિર્માતાઓ તરફથી સત્તાવાર પ્રતિભાવની રાહ જોવાઈ રહી છે. ચાહકો વિલંબ પર નિરાશા વ્યક્ત કરી રહ્યા છે. તે અગાઉ ૯ જાન્યુઆરીએ રિલીઝ થવાની હતી. એચ. વિનોથ દ્વારા દિગ્દર્શિત જન નાયગન ફિલ્મ વિજયના સૌથી રાહ જોવાતી ફિલ્મ પૈકી એક છે અને પોંગલ સીઝન પહેલા ભારે ચર્ચા જગાવી હતી. તે તેમની છેલ્લી ફિલ્મ પણ છે. ગયા મહિને તેમણે જાહેરાત કરી હતી કે, તેઓ સંપૂર્ણપણે રાજકારણ પર ધ્યાન કેન્દ્રિત કરશે અને શોબિઝથી દૂર રહેશે.

## ૧૦૦ રૂપિયાથી ઓછા વાર્ષિક પ્રીમિયમ સાથે લાખોનું કવરેજ આપતી ૬ સરકારી યોજનાઓ

**આ ૬ સરકારી વીમા અને આરોગ્ય યોજનાઓ ઓછામાં ઓછા પ્રીમિયમ પર લાખોના લાભો આપે છે, જે અકસ્માતો, તબીબી સારવાર અને અપંગતાને આવરી લે છે**

(એજન્સી) તા.૯

PMSBY, PMJJBY, PM-JAY, AABY અને નિરામયા જેવી ઘણી સરકારી યોજનાઓ લાખોના વીમા અને આરોગ્ય લાભો આપે છે, જે ઓછી આવક ધરાવતા પરિવારોને અકસ્માતો, આરોગ્ય સમસ્યાઓ અને અપંગતા માટે નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે. વધતી જતી કિંમતો અને અનિશ્ચિત ભવિષ્ય સાથે, વીમા અને આરોગ્ય સુરક્ષા દરેક માટે આવશ્યક બની ગઈ છે. ઘણા લોકો વીમો લેવાનું ટાળે છે, એમ વિચારીને કે પ્રીમિયમ ખૂબ વધારે છે, પરંતુ હંમેશા એવું નથી હોતું. કેન્દ્ર સરકારે ૧૦૦ રૂપિયાથી ઓછા વાર્ષિક પ્રીમિયમ સાથે ઘણી યોજનાઓ શરૂ કરી છે, જે લાખોના લાભો આપે છે. સૌથી સારી વાત એ છે કે આ યોજનાઓમાં જોડાવા માટે જટિલ ઔપચારિકતાઓનો સમાવેશ થતો નથી. તમે બેંક ખાતું અથવા આધાર કાર્ડ જેવા મૂળભૂત દસ્તાવેજો સાથે નોંધણી કરાવી શકો છો. પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY), પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY), આયુષ્માન ભારત-પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY), આમ આદમી વીમા યોજના (AABY) અને નિરામય આરોગ્ય વીમા યોજના જેવી યોજનાઓ ગરીબથી લઈને મધ્યમ વર્ગના પરિવારો સુધી દરેક માટે મૂલ્યવાન સાબિત થઈ રહી છે. માહિતીના અભાવે ઘણા લોકો આ લાભોથી ચૂકી જાય છે, પરંતુ યોજનાઓથી વાકેફ રહેવાથી મજબૂત નાણાકીય સુરક્ષા મળી શકે છે. દરેક યોજના પર વિગતવાર નજર :

**પ્રધાનમંત્રી સુરક્ષા વીમા યોજના (PMSBY)**

આ એક ઓછી કિંમતની અકસ્માત વીમા યોજના છે.

- પ્રીમિયમ : દર વર્ષે રૂા.૨૦, સીધા તમારા બેંક ખાતામાંથી કાપવામાં આવે છે.
- કવરેજ : અકસ્માતને કારણે મૃત્યુ અથવા સંપૂર્ણ અપંગતા માટે રૂા.૨ લાખ અને આંશિક અપંગતા માટે રૂા.૧ લાખ.
- પાત્રતા : ૧૮થી ૭૦ વર્ષની વયના લોકો માટે.

PMSBY માર્ગ અકસ્માતો, કાર્યસ્થળ પર અકસ્માતો અથવા અન્ય કટોકટીના કિસ્સામાં પરિવારોને નાણાકીય સહાય પૂરી પાડે છે.

**પ્રધાનમંત્રી જીવન જ્યોતિ વીમા યોજના (PMJJBY)**

એક સરળ અને સસ્તી જીવન વીમા યોજના.

પ્રીમિયમઃ પ્રતિ વર્ષ ૪૩૬ રૂપિયા.

કવરેજ : વીમાધારક વ્યક્તિના મૃત્યુના કિસ્સામાં પરિવારને ૨ લાખ રૂપિયા.

પાત્રતા : ૧૮થી ૫૦ વર્ષની વયના લોકો, જેનું કવરેજ ૫૫ વર્ષની ઉંમર સુધી ચાલુ રહે છે.

PMJJBY એક મજબૂત જીવન વીમા સહાય છે, ખાસ કરીને ઓછી આવક ધરાવતા પરિવારો માટે.

**આયુષ્માન ભારત યોજના**

આ યોજના ગરીબ અને સંવેદનશીલ જૂથોને વધુ સારી આરોગ્ય સેવાઓ પૂરી પાડવાનો હેતુ ધરાવે છે. પાત્ર પરિવારો સરકારી અને સૂચિબદ્ધ ખાનગી હોસ્પિટલોમાં સારવાર મેળવી શકે છે. ગંભીર બીમારીઓ, શસ્ત્રક્રિયાઓ અને લાંબા ગાળાની સારવાર માટેના મોટા ખર્ચને આવરી લે છે. તબીબી ખર્ચને કારણે પરિવારોને દેવામાં ડૂબતા અટકાવવામાં મદદ કરે છે.

**પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)**

આયુષ્માન ભારતનો એક મહત્વપૂર્ણ ઘટક.

- કવરેજ : પાત્ર પરિવારો માટે દર વર્ષે રૂા.૫ લાખ સુધી.
- હોસ્પિટલમાં દાખલ થવું, શસ્ત્રક્રિયાઓ, પરીક્ષણો, દવાઓ અને ફોલો-અપ સારવારનો સમાવેશ થાય છે.
- પ્રીમિયમ : કોઈ નહીં; સારવાર સંપૂર્ણપણે કેશ લેસ છે.

લાખો લોકો આ યોજના હેઠળ મફત સારવારનો લાભ મેળવી ચૂક્યા છે.

**આમ આદમી બીમા યોજના (AABY)**

આ યોજના મુખ્યત્વે ગ્રામીણ અને અસંગઠિત ક્ષેત્રોમાં કામ કરતા લોકો માટે છે.

પ્રીમિયમ : ખૂબ ઓછું અથવા શૂન્ય.

- કવરેજ : કુદરતી મૃત્યુ માટે રૂા.૩૦,૦૦૦ અને આકસ્મિક મૃત્યુ અથવા સંપૂર્ણ અપંગતા માટે રૂા.૭૫,૦૦૦ સુધી.

AABY મુશ્કેલ સમયમાં ગરીબ પરિવારો માટે વિશ્વસનીય નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે.

**નિરામય આરોગ્ય વીમા યોજના :** વિકલાંગ લોકો માટે આ યોજના નીચેનાને આવરી લે છે :

- સારવાર, દવાઓ, ઉપચાર અને અન્ય આરોગ્ય સેવાઓ. માનસિક, શારીરિક અને બૌદ્ધિક અપંગતા સંબંધિત આરોગ્ય જરૂરિયાતો.

**પ્રીમિયમ : નામાંકિત :** ઓછી આવક ધરાવતા પરિવારો માટે નિરામય યોજના નોંધપાત્ર રાહત આપે છે અને આવશ્યક આરોગ્યસંભાળની પહોંચ સુનિશ્ચિત કરે છે. આ યોજનાઓ વીમા અને આરોગ્ય સુરક્ષાને સસ્તી અને સુલભ બનાવે છે, કટોકટી દરમિયાન પરિવારો માટે નાણાકીય સહાય સુનિશ્ચિત કરે છે. વાર્ષિક પ્રીમિયમમાં થોડી રકમ પણ લાખો રૂપિયાના લાભો પ્રદાન કરી શકે છે, જેના માટે જાગૃતિ અને નોંધણી મહત્વપૂર્ણ છે.

જળશક્તિ રિપોર્ટ ૨૦૨૪નું ચોંકાવનારૂં તારણ

# લ્યો.. ગુજરાતમાં માંડ ૫૦ ટકાથી પણ ઓછા ઘરોમાં જ નળનું ગુણવત્તાયુક્ત પાણી પહોંચ્યું

**ખુદ કેન્દ્ર સરકારના જળશક્તિ મંત્રાલયના અહેવાલ મુજબ ગત ૨૦૨૪માં ગુજરાતના પૂરા ૫૦ ટકા ઘરોને પણ નળનું શુદ્ધ પાણી ઉપલબ્ધ થયું ન હતું : રાજ્યના પાટનગર ગાંધીનગરમાં પીવાના પાણીના વ્યાપક પ્રદૂષણને કારણે ટાઈફોઈડ ફાટી નીકળ્યો છે ત્યારે જ આવેલા સત્તાવાર અહેવાલમાં ઘટસ્ફોટ**

નવી દિલ્હી,તા.૯

ઘરેલુ નળના પાણીના જોડાણો અંગે કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના અહેવાલમાં જાણવા મળ્યું છે કે ગુજરાત તેના પાણી પુરવઠા નેટવર્ક દ્વારા પહોંચાડવામાં આવતા પાણીની માત્રા અને ગુણવત્તા બંનેમાં રાષ્ટ્રીય સરેરાશ કરતા ઘણું પાછળ છે.

આ પરિસ્થિતિ એવા સમયે આવી છે જયારે ગાંધીનગરમાં પીવાના પાણીના વ્યાપક દૂષણને કારણે રાજયની રાજધાનીના કેટલાક ભાગોમાં ટાઈફોઈડ ફાટી નીકળવાના અહેવાલો આવ્યા છે.

કેન્દ્રીય જળ શક્તિ મંત્રાલયના 'ઘરેલુ નળ જોડાણોની કાર્યક્ષમતા મૂલ્યાંકન પર રાજય અહેવાલ - ૨૦૨૪' અનુસાર, ૨૦૨૪માં રાજ્યમાં ૫૦ ટકાથી ઓછા ઘરોને ગુણવત્તાયુક્ત નળનું પાણી મળ્યું, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૭૬ ટકા હતી. અર્થાત રાષ્ટ્રીય સરેરાશ કરતાં પણ ગુજરાતને ઘણું ઓછું ગુણવત્તાયુક્ત પાણી પ્રજા સુધી પહોંચાડી શક્યું.

અહેવાલમાં એમ પણ જણાવાયું છે કે રાજયમાં ફક્ત ૫૮.૭ ટકા ઘરોને પ્રતિ વ્યક્તિ પ્રતિ દિવસ ૫૫ લિટર કે તેથી વધુ પાણી મળ્યું - જે જળ જીવન મિશન હેઠળ નિર્ધારિત લક્ષ્ય હતું - જે રાષ્ટ્રીય સરેરાશ ૮૦.૨ ટકાની તુલનામાં હતું. વધુમાં, ગુજરાતમાં ફક્ત ૪૭.૩ ટકા નળ જોડાણો સંપૂર્ણપણે કાર્યરત હતા, જ્યારે રાષ્ટ્રીય સરેરાશ ૭૬ ટકા હતી. અહેવાલ મુજબ, ગાંધીનગરમાં ફક્ત ૩૧.૯ ટકા અને અમદાવાદમાં ફક્ત ૪૬.૧ ટકા ઘરોને પીવાનું પાણી મળતું હતું. રાજયના ૩૩માંથી ૧૯ જિલ્લાઓમાં, ૫૦ ટકાથી ઓછા ઘરોને ગુણવત્તાયુક્ત નળનું પાણી મળ્યું. ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા પાર્થિવરાજસિંહ કાઠવાડિયાએ જણાવ્યું હતું કે બનાસકાંઠા અને દાહોદ જિલ્લામાં, ઘરેલુ સ્તરે પીવાનું પાણી સંપૂર્ણપણે ઉપલબ્ધ નહોતું.

ગુજરાતના ગાંધીનગરના સેક્ટર ૨૪, સેક્ટર ૨૮ અને આદિવાડા વિસ્તારોમાં દૂષિત પીવાના પાણીને કારણે ટાઈફોઈડના ૧૦૦ થી વધુ શંકાસ્પદ કેસ નોંધાયા છે.

ઓછામાં ઓછા સાત સ્થળોએ પાઈપલાઈન લીક થવાને કારણે ગટરનું પાણી પીવાના પાણીના પુરવઠામાં ભળી ગયું. રૂા.૨૫૭ કરોડના પાણી પુરવઠા પ્રોજેક્ટ હેઠળ નવી પાઈપલાઈનો નાખ્યા પછી આ લીકેજ થયા હતા, જ્યાં પાણી પુરવઠાની પાઈપલાઈનો ગટર લાઈનોની ખૂબ નજીક અથવા સંપર્કમાં મૂકવામાં આવી હતી. મધ્યપ્રદેશના ઈન્દોરમાં પણ આવા જ પાણીના દૂષણના અહેવાલ મળ્યાના થોડા દિવસો પછી જ ગુજરાતમાં આ રોગચાળો ફાટી નીકળ્યો છે, જ્યાં દૂષિત પાણી પીવાથી ઓછામાં ઓછા ૧૮ લોકોના મોત થયા છે.

# વડોદરામાં દુકાન પર વસ્તુ લેવા ગયેલી મુસ્લિમ સગીરા સાથે સામૂહિક દુષ્કર્મથી ખળભળાટ : બે આરોપીઓની ધરપકડ

## ૧૫ વર્ષીય સગીરાને હેવાનોએ એક રૂમમાં ત્રણથી ચાર કલાક ગોંધી રાખી સામૂહિક દુષ્કર્મ આચર્યું

(સંવાદદાતા દ્વારા)

વડોદરા, તા.૯

શહેરના નવાયાર્ડ વિસ્તારમાં ગેંગરેપની ઘટના સામે આવતા ચકચાર મચી જવા પામી છે. ૮ જાન્યુઆરીને ગુરૂવારના રોજ બપોરે ઘરેથી નીકળેલી ૧૫ વર્ષીય મુસ્લિમ સગીરાને ફતેગંજ વિસ્તારમાં રહેતા હર્ષિત મેકવાન અને હેપ્પી નામના યુવકે રૂમમાં લઈ જઈ ત્રણ કલાક સુધી ગોંધી રાખી વારાફરતી દુષ્કર્મ આચર્યું હતું. આ મામલે પીડિતાની માતાએ ફતેગંજ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે પીડિતના માતાની ફરિયાદના આધારે બન્ને આરોપીને દબોચી લીધા છે.

મોડીરાતે ઘટનાની જાણ થતાં લોકો પણ મોટી સંખ્યામાં હોસ્પિટાલ દોડી ગયાં હતાં. પોલીસ પર ગંભીર આક્ષેપ કરતા પીડિતાના પરિવારજનો અને સમાજના આગેવાને જણાવ્યું કે, ફરિયાદ નોંધાવવા ગયેલા પરિજનોને પોલીસે તગેડી મૂક્યાં હતાં. જે બાદ સમાજના અન્ય લોકો પરિવાર સાથે પોલીસ સ્ટેશને પહોંચતાં પોલીસે ફરિયાદ નોંધી હતી અને કાર્યવાહી કરી હતી. ન્યાયની માગ સાથે પીડિતાના પિતાએ જણાવ્યું હતું કે, મારી દીકરીને ૨ છોકરાએ બોલાવી હતી અને ઘરમાં લઈ જઈને બે-ત્રણ કલાક તેની સાથે રેપ કર્યો હતો. હું લારી ચલાવી રહ્યો હતો. મારી પર ફોન આવ્યો ત્યારે હું ઘરે પહોંચ્યો હતો. પોલીસ સ્ટેશનમાં ગયા તો ફરિયાદ લખવામાં નહોતી આવતી. અમારી પત્ની સીધીસાદી છે, એટલે તેને કોઈ સાંભળતું નહોતું. જ્યારે હું અને બીજા ચાર-પાંચ માણસો અને ઘરના લોકો આવ્યા હતા, ત્યારે જઈને મારી ફરિયાદ લેવામાં આવી હતી. અમારી માંગ એ જ છે કે, તેમને કડકમાં કડક સજા મળવી જોઈએ. અમને ન્યાય જોઈએ છે.

વિસ્તારના સામાજિક કાર્યકર શકીલ ખાને જણાવ્યું હતું કે, પીડિત સગીરા મૂળ ઉત્તર પ્રદેશની છે અને અહીં તેમના સગા-સંબંધીઓને મળવા આવ્યા હતા. છોકરીની ઉંમર ૧૫ વર્ષ છે, તે બપોરે દુકાને કંઈક વસ્તુ લેવા ગઈ ત્યારે દુકાનની બાજુમાં ૩-૪ છોકરાઓ બેઠા હતા. તેમણે છોકરીને બોલાવી અને કહ્યું કે, તારા સગા તને બોલાવે છે, એમ કહી તેને ઘરમાં લઈ ગયા અને અંદરથી દરવાજો બંધ કરી દીધો. ત્યારબાદ તે છોકરાઓએ વારાફરતી સગીરા સાથે ગેંગરેપ કર્યો હતો. લગભગ ૪ કલાક સુધી તેને રૂમમાં પુરી રાખી હતી. પડોશીને કોઈક રીતે જાણ થતાં તેણે બૂમ પાડી હતી અને આ છોકરાઓ ત્યાંથી ભાગી ગયા. આ મામલે ડીસીપી ઝોન-૧ જગદીશ ચાવડાએ જણાવ્યું હતું કે, નવાયાર્ડ વિસ્તારમાં સગીર વયની દીકરી પર દુષ્કર્મની ફરિયાદ નોંધાઈ છે. પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરીને તેના માતા-પિતા સાથે પૂછપરછ કરીને ફરિયાદ દાખલ કરી છે. આ કેસમાં કુલ બે આરોપીના નામ આપવામાં આવ્યા છે. પોલીસે અલગ-અલગ ટીમો બનાવીને બંને આરોપીને ઝડપી પાડયા છે. એક આરોપીની ઉંમર આશરે ૧૯ વર્ષ અને બીજાની ૨૦ વર્ષ છે.

હાલમાં સમગ્ર માલે ફતેગંજ પોલીસે પીડિતાના માતાની ફરિયાદના આધારે આરોપી હર્ષિત મેકવાન અને હેપ્પીની ઝડપી પાડ્યા છે. જયારે ભોગ બનનાર ૧૪ વર્ષની સગીરાનું મેડિકલ કરાવવા માટે એસએસજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી છે. ઘટનાની જાણ થતાં મોડીરાતે સમાજના લોકો મોટી સંખ્યામાં હોસ્પિટલ પહોંચ્યાં હતાં અને ન્યાયની માગ કરી હતી. બનાવની ગંભીરતાને જોતા જોઈન્ટ પોલીસ કમિશનર લીના પાટીલ, નાયબ પોલીસ કમિશનર અને આસિસ્ટન્ટ કમિશનર સહિતના ઉચ્ચ અધિકારીઓ સિવિલ હોસ્પિટલ અને ઘટનાસ્થળે પહોંચ્યા હતા. ફતેગંજ પોલીસે આ મામલે ગુનો નોંધીને ત્વરિત કાર્યવાહી કરતા ૧૯ અને ૨૦ વર્ષના બે યુવકોને ઝડપી પાડ્યા છે.

## સામૂહિક દુષ્કર્મના બનાવને વખોડતા મુસ્લિમ અગ્રણીઓ

વડોદરા, તા.૯

ફતેગંજ પોલીસ સ્ટેશનના વિસ્તારમાં તા : ૮/૦૧/૨૦૨૬ના રોજ આશાપુરી નવાયાર્ડ વિસ્તારમાં જે ગેંગરેપની ફરિયાદ ફતેગંજ પોલીસ સ્ટેશનમાં દાખલ કરવામાં આવી છે, તેમજ લઘુમતી સમાજની સગીર કિશોરીનું મેડિકલ ચેકઅપ S.S.G હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે, આ બાબતે સરકારી નગરી વડોદરાને કલંકિત કરતું ગેંગરેપના કૃત્યના આરોપીઓને કડકથી કડક સજા થાય તેમજ પોલીસ વિભાગ દ્વારા આ બનાવમાં ઝીણવટભરી તપાસની માગણી સાથે આ જઘન્ય ગેંગરેપના કૃત્યને તમામ સમાજના નાગરિકોએ વખોડયો છે, લઘુમતી સમાજના શહેરના તમામ આગેવાનો આ કૃત્યને વખોડયો છે, જેમાં ચિરાગ શેખ જનરલ (સેક્રેટરી, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ) ઋત્વિક જોશી ( શહેર પ્રમુખ, કોંગ્રેસ), નિશાહ એહમદ મિયાસી તેમજ સૈયદ ઐયુબ દાઢી તેમજ પઠાણ ચાંદખાન, મુફતી ઈમરાન સહિતના આગેવાનો દ્વારા કોઈપણ સમાજની દીકરી ઉપર ગેંગરેપ ન થાય તે માટે પોલીસ કમિશનરને રજૂઆત કરી આરોપીઓને કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી માગણી કરી છે.

# કચ્છ-સૌરાષ્ટ્ર માટે નિકાસ અને રોકાણની નવી દિશાઓ : રિવર્સ બાયર્સ-સેલર મીટ દરમિયાન VGRC રાજકોટ ૧૫૦૦થી વધુ MoUનું સાક્ષી બનશે

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે પાંચ દિવસીય વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશન (VGRE)નું ઉદ્ઘાટન

(સંવાદદાતા દ્વારા)

ગાંધીનગર, તા.૯

રાજકોટમાં યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશન (VGRE) અને વાયબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ (VGRC) દરમિયાન ગુજરાતના વિકાસ ઈતિહાસમાં એક મહત્વપૂર્ણ અધ્યાય ઉમેરાવાની તૈયારી છે. ૧૧થી ૧૫ જાન્યુઆરી, ૨૦૨૬ દરમિયાન યોજાનાર આ પાંચ દિવસીય મહાપ્રદર્શન દરમિયાન રિવર્સ બાયર્સ-સેલર મીટ (RBSM) અંતર્ગત ૧૫૦૦થી વધુ સમજૂતી કરાર (MoU) પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે, જયારે ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારોની હાજરીમાં ૧૮૦૦થી વધુ B2B મીટિંગ્સ યોજાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદી રાજકોટ ખાતે આ પાંચ દિવસીય વાયબ્રન્ટ ગુજરાત રીજનલ એક્ઝિબિશનનું ભવ્ય ઉદ્ઘાટન કરશે. ઉદ્ઘાટન બાદ યોજાનાર કોન્ફરન્સ સત્ર રાજકોટને વૈશ્વિક વ્યાપાર, રોકાણ અને સહયોગનું મહત્વપૂર્ણ કેન્દ્ર બનાવશે, જ્યાં દેશ-વિદેશના ઉદ્યોગ નેતાઓ, રોકાણકારો અને નીતિ નિર્માતાઓ એકત્રિત થશે.

૨૬,૦૦૦ ચોરસ મીટર વિસ્તારમાં ફેલાયેલા આ પ્રદર્શનમાં ૪૦૦થી વધુ પ્રદર્શકો વિવિધ ક્ષેત્રોમાં પોતાની ક્ષમતાઓ અને નવીનતાઓ રજૂ કરશે. કૃષિ અને ખાદ્ય પ્રોસેસિંગ, મત્સ્યઉદ્યોગ, સંરક્ષણ, ઊર્જા, પેટ્રોકેમિકલ્સ, એન્જિનિયરિંગ, બંદરો અને લોજિસ્ટિક્સ જેવા ક્ષેત્રો ઉપરાંત ટોરેન્ટ પાવર લિમિટેડ, કોસોલ, અદાણી ગ્રીન, એસ્સાર ગ્રુપ, નાયરા એનર્જી, જ્યોતિ CNC સહિતના અગ્રણી કોર્પોરેટ્સની મજબૂત હાજરી રહેશે.

રિવર્સ બાયર્સ-સેલર્સ મીટ (RBSM) સ્થાનિક MSME, હેન્ડલૂમ અને હસ્તકલા ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય બજારો સાથે જોડીને નોંધપાત્ર પ્રોત્સાહન આપશે. આ કાર્યક્રમ દરમિયાન ૧૮૦૦થી વધુ B2B મીટિંગ્સનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ૧૫૦૦થી વધુ એમઓયુ પર હસ્તાક્ષર થવાની અપેક્ષા છે. આ મીટમાં યુએસએ, યુરોપ અને ઓસ્ટ્રેલિયા સહિત ૧૬થી વધુ દેશોનું પ્રતિનિધિત્વ કરતા ૧૧૦ આંતરરાષ્ટ્રીય ખરીદદારો ભાગ લેશે, જેમાં એન્જિનિયરિંગ, કૃષિ અને કાપડ જેવા વિવિધ ક્ષેત્રોનો સમાવેશ થાય છે. વધુમાં, ૨૦ રાષ્ટ્રીય ખરીદદારો પણ મીટનો ભાગ બનશે, જે સહયોગ અને વૃદ્ધિ માટે તકોને વધુ મજબૂત બનાવશે.

આ પ્રદર્શન છ વિશિષ્ટ થીમેટિક ડોમમાં આયોજિત કરવામાં આવશે, જેમાં ગેટવે ટુ ગ્લોબલ ગ્રોથ, ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ અને પેટ્રોકેમિકલ્સ, ક્રાફ્ટ્સ વિલેજ અને MSME પેવેલિયન, ઓશન ઓફ ઓપોર્ચ્યુનિટીઝ, એન્ટરપ્રાઈઝ એક્સેલન્સ પેવેલિયન અને પબ્લિક સેક્ટર પાવરહાઉસનો સમાવેશ થાય છે. દરેક ડોમમાં પોપ-અપ સ્ટેજ દ્વારા નવા ઉત્પાદનોનું લોન્ચિંગ, ટેકનોલોજી ડેમો અને મુલાકાતીઓ સાથે સીધો સંવાદ શક્ય બનશે.

આ કાર્યક્રમ ભારતની વિકાસ યાત્રામાં ગુજરાતની મુખ્ય ભૂમિકાને પુનઃપુષ્ટિ કરશે, પ્રાદેશિક સશક્તિકરણ, વૈશ્વિક સહયોગ અને ટકાઉ પ્રગતિને વધારશે, જે વિકસિત ગુજરાતથી વિકસિત ભારત સુધીના વિઝનને સાકાર કરવાનું એક પગલું છે.

# રાજકોટમાં ભૂકંપના ૧૨ આંચકાએ ૨૦૦૧ની યાદ અપાવી : શાળાઓમાં રજા જાહેર

## ● ૩.૮ની તીવ્રતાનો ભૂકંપનો પ્રથમ આંચકો; ધોરાજીમાં પણ ધરા ધ્રૂજી, લોકોમાં ફફડાટ ● ધોરાજી-જેતપુરની તમામ શાળાઓમાં રજાઓ જાહેર કરી દેવાઈ

રાજકોટ, તા.૯

રાજકોટ જિલ્લાના જેતપુરમાં ગઈકાલ સાંજથી આજે બપોરે ૧૨ સુધીમાં ૧૨ જેટલા ભૂકંપના આંચકા અનુભવાયા છે. મોટા ભાગના આંચકાનું કેન્દ્ર બિંદુ જેતપુરના લુણાગરી ગામ આજુ બાજુ જ નોંધાયું છે. જેને લઈને ગ્રામ્ય વિસ્તારોમાં ભય ફેલાયો છે. જાનહાનિના કોઈ સમાચાર ન આજુ બાજુ જ નોંધાયું છે. જ્યારે તીવ્રતા ૨.૬થી ૩.૮ની હોવાનું જાણવા મળ્યું છે.

વહેલી સવારથી ઉપરા ઉપરી ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ખાસ કરીને જેતલસર, પેઢલા અને સરધારપુર સહિતના આસપાસના ગામોમાં ધરતી ધ્રૂજી હોવાનો અહેસાસ થયો હતો. ૨૦૦૧ના અને જેતપુર તાલુકાની ૭૦ શાળાઓમાં રજા જાહેર કરાઈ છે. અમે શાળાના આચાર્યોને જ સૂચના આપી છે કે તમને એવું લાગે તો તમે વિદ્યાર્થીઓને રજા આપી દેજો. આ અંગે જેતપુર મામલતદાર એ.ડી. બાખલકીયાએ જણાવ્યું કે, અમે ટીડીઓ, ચીફ ઓફિસર અને શિક્ષણ વિભાગની મિટિંગ રાખી છે અને અમે એક કન્ટ્રોલરૂમ ચાલુ કે, કાલ સાંજથી લઈ આજે સવાર સુધીમાં ઉપલેટા વિસ્તારમાં ઘણા બધા ભૂકંપના આંચકા આવ્યાં છે. ભૂકંપ સમયે ખાસ કરીને ધ્યાન એ રાખવાનું હોય છે કે જૂનું અથવા તો જર્જરિત બિલ્ડીંગ હોય, તો ત્યાંથી તુરંત સ્થળાંતર કરવું જોઈએ.

ઉપલેટા શહેર કોંગ્રેસના પ્રમુખ લખમણ ભોપાળાએ જણાવ્યું કે, ગુજરાતની અંદર ૨૬ જાન્યુઆરી

## જેતપુર, જેતલસર, પેઢલા, સરધારપુર, નાની-મોટી પરબડી તેમજ ધોરાજી અને ઉપલેટા શહેર સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં સ્પષ્ટ કંપન અનુભવાયું

હોવાથી લોકોએ રાહતનો શ્વાસ લીધો છે. જોકે, સલામતીને લઈને ધોરાજી-જેતપુરની તમામ શાળાઓમાં રજાઓ જાહેર કરવામાં આવી છે. બીજી તરફ સિસ્મોલોજી વિભાગે જેતપુર, ઉપલેટા અને ધોરાજીના મામલતદાર પાસે રિપોર્ટ માંગ્યો છે. સ્થાનિક લોકોને આ આંચકાઓએ ૨૦૦૧ની યાદ અપાવી દીધી છે. ગઈકાલે સાંજે ૮ વાગ્યાને ૪૩ મિનિટે પહેલો આંચકો અનુભવાયો હતો. જેનું કેન્દ્ર બિંદુ ઉપલેટાથી ૩૦ કિલોમીટર દૂર નોંધાયું હતું. જ્યારે આજે વહેલી સવારે છ વાગ્યાથી ૧૨ વાગ્યા સુધીમાં છ કલાકમાં ૧૧ આંચકા નોંધાતા લોકોના જીવ અધ્ધર થઈ ગયા છે. આ તમામ આંચકાનું કેન્દ્ર બિંદુ જેતપુરના લુણાગરી ગામ ભૂકંપના પુનરાવર્તન થાય તેવી લોકોમાં દહેશત વ્યાપી છે.

સતત ભૂકંપના આંચકાથી ધોરાજી અને જેતપુરની તમામ રજા જાહેર કરવામાં આવી છે. વહેલી સવારે વિદ્યાર્થીઓ રોજના સમય પ્રમાણે શાળાએ પહોંચ્યા હતા, પરંતુ સલામતીને લઈને રાજકોટ જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલનો નિર્ણય લઈને વિદ્યાર્થીઓને પરત મોકલવા જાણ કરી હતી. અત્યારે ધોરાજી અને જેતપુર બંને તાલુકાની તમામ શાળાઓમાં બાળકોને રજા આપી દેવામાં આવી છે. આ ઉપરાંત કોઈ બિલ્ડિંગને ક્ષતિ થઈ હોય એમાં હવેથી વિદ્યાર્થીઓને ન બેસાડવામાં સૂચના આપવામાં આવી છે. જેનો અમે પાછળથી સર્વે કરાવીશું. ધોરાજી તાલુકાની ૪૮ શાળાઓ કર્યો છે. લોકોને ખોટી અફવામાં આવવું નહીં અને એવું લાગે તો તમારે સુરક્ષિત જગ્યાએ જતા રહેવું અને અમારા કન્ટ્રોલરૂમના મોબાઈલ નંબર ૯૪૨૯૯૧૬૯૯૬ પર સંપર્ક કરવો. સિસ્મોલોજી વિભાગના અધિકારીએ જણાવ્યું કે, ગઈકાલે રાતથી અત્યાર સુધી નાનામોટા ૨૧ આંચકા નોંધાયા છે. આ વર્ષે સૌરાષ્ટ્રમાં વધારે વરસાદ પડ્યો છે, જેના કારણે પાણીના લેવલમાં ચેન્જ આવ્યો હોવાથી પ્રેશર નીચે જતાં પુશ મળતાં આ આંચકા નોંધાયા હોઈ શકે છે. આ નુકસાન કારક આંચકા નથી, લોકોને ડરવાની જરૂર નથી પરંતુ લોકોને સાવચેત રહેવું જરૂરી છે.

ઉપલેટા નગરપાલિકાના ચીફ ઓફિસર ડૉ. ઉદય નસીતે જણાવ્યું ૨૦૦૧થી લગભગ આજ સુધી નાના-મોટા આંચકાઓ તો આવતા જ રહે છે, પણ વર્ષ ૨૦૦૧ની સાલમાં બહુ મોટો ભયંકર ભૂકંપ આવ્યો હતો. ગઈકાલે ઉપલેટા શહેર અને તાલુકામાં ભૂકંપના આંચકા આવતા લોકોમાં ભયનો માહોલ ફેલાયેલો હતો. તંત્રને આ અંગે જાણ કરતા, તંત્ર દ્વારા જાણવા મળ્યું કે, આ નોર્મલ તીવ્રતાના આંચકા છે. ઉપલેટા નગરપાલિકાના વોર્ડ નંબર ૯ના સદસ્ય ઈમરાનમિયા પીરઝાદાએ જણાવ્યું કે, લોકોના મુખે એવુ ચર્ચાઈ રહ્યું છે કે, આ ઘટનાએ વર્ષ ૨૦૦૧ના ભૂકંપની યાદ તાજી કરી દીધી છે. ૨૬મી જાન્યુઆરી પણ નજીક આવી રહી હોવાથી લોકોમાં ડરનો માહોલ ઊભો થયો હતો.

# વડાપ્રધાન મોદીના ભાઈ એકતા પરેડ માટે શું 'ટેબ્લો એક્સપર્ટ' છે ? કોંગ્રેસના અનેક પ્રશ્નો

## કેવડિયા ખાતેની એકતા પરેડમાં વડાપ્રધાનના ભાઈ પંકજ મોદીને ટેબ્લોની 'ફાઈનલ ઓથોરિટી' અને 'જજ' સુધ્ધાં બનાવી દેવાયા : શક્તિસિંહ ગોહિલ



તા.૯

કોંગ્રેસે ભાજપ પર સરદાર વલ્લભભાઈ પટેલના વારસાનો પક્ષપાતી હેતુઓ માટે ઉપયોગ કરવાનો આરોપ લગાવતા, ગુજરાતમાં પટેલની ૧૫૦મી જન્મજયંતિ નિમિત્તે પ્રસ્તાવિત એકતા પરેડના આયોજનમાં અનિયમિતતાનો આરોપ લગાવ્યો. ગયા વર્ષે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પરેડને લીલી ઝંડી આપી હતી અને આ કાર્યક્રમના ફોટોગ્રાફ્સ શેર કર્યા હતા. ગુજરાત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું કે, અમિત શાહના નેતૃત્વ હેઠળના કેન્દ્રીય ગૃહ મંત્રાલયે એક પરિપત્ર બહાર પાડ્યો હતો જેમાં કહેવામાં આવ્યું હતું કે એકતા પરેડ માટેના તમામ ટેબ્લો ફક્ત પાંચ પસંદ કરેલી કંપનીઓ દ્વારા જ તૈયાર કરી શકાય છે.

● મેસર્સ લાઈવ પિક્સેલ ટેકનોલોજી

● મેસર્સ સિદ્ધેશ્વર કાનુગા

● મેસર્સ વિશા કાનુગા

● મેસર્સ સુશાંત ખેડકર

● મેસર્સ સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝિંગ

પ્રક્રિયા પર પ્રશ્ન ઉઠાવતા, ગોહિલે કહ્યું કે તે એક રહસ્ય છે કે શા માટે ફક્ત આ પાંચ કંપનીઓને જ પેનલમાં સામેલ કરવામાં આવી હતી. તેમણે ધ્યાન દોર્યું કે પાંચમાંથી બે સિદ્ધેશ્વર કાનુગા અને તેમની પત્ની વિશા કાનુગા દ્વારા ચલાવવામાં આવે છે. વિવાદાસ્પદ રીતે, તેમણે આરોપ લગાવ્યો કે ૨૯ ઓક્ટોબરના રોજના બીજા પરિપત્રમાં કહેવામાં આવ્યું હતું કે આ પાંચ કંપનીઓ દ્વારા તૈયાર કરાયેલ ટેબ્લો ફક્ત પંકજ મોદી દ્વારા જ અંતિમ સ્વરૂપ આપવામાં આવશે.

ગોહિલે કહ્યું કે, 'પંકજ મોદીને માત્ર અંતિમ અધિકારી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા ન હતા, પરંતુ તેમને ટેબ્લોના ન્યાયાધીશ તરીકે પણ નિયુક્ત કરવામાં આવ્યા છે, જોકે આ ક્ષેત્રમાં તેમની કોઈ પૂર્વ કુશળતા ન હતી.'

પંકજ મોદી વડા પ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ છે, અને ગુજરાત સરકારના માહિતી વિભાગમાંથી વર્ગ I અધિકારી તરીકે નિવૃત્ત થયા હતા અને ૧૯૮૧માં વર્ગ IIIના કર્મચારી તરીકે સેવામાં જોડાયા હતા. ભારત સરકારે અચાનક તેમને 'ટેબ્લો નિષ્ણાત' બનાવી દીધા છે અને હવે તેમને તમામ પ્રકારની સુવિધાઓ આપી રહી છે.

એકતા પરેડ, જેને રાષ્ટ્રીય એકતા દિવસ પરેડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે ૩૧ ઓક્ટોબરના રોજ ગુજરાતના કેવડિયામાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની જન્મજયંતિ નિમિત્તે યોજાતો એક ભવ્ય વાર્ષિક કાર્યક્રમ છે. ગુજરાત સરકારના સમર્થનથી ગૃહ મંત્રાલય દ્વારા આયોજિત, પરેડમાં અર્ધલશ્કરી દળો અને પોલીસ ટુકડીઓ, દેશભરમાંથી જીવંત સાંસ્કૃતિક ટુકડીઓ દ્વારા પ્રદર્શન, અને પસંદગીના પ્રસંગોએ, હવાઈ પ્રદર્શનો રજૂ કરવામાં આવે છે.

### શક્તિસિંહ ગોહિલે ઉઠાવેલા સવાલો

● ટેબ્લો તૈયાર કરવા માટે આ પાંચ કંપનીઓની પસંદગી કયા આધારે કરવામાં આવી હતી ?

● જો તૈયારીઓ એક વર્ષથી વધુ સમયથી ચાલી રહી હતી, તો સરકારે સમયની અછત કેવી રીતે ગણાવી ?

● પસંદ કરાયેલી કંપનીઓમાં પતિ-પત્નીની જોડીનો સમાવેશ શા માટે કરવામાં આવ્યો ?

● દેશભરમાં અસંખ્ય વ્યાવસાયિક ટેબ્લો નિષ્ણાતો ઉપલબ્ધ હોવા છતાં, વર્ગ IIIના પૂર્વ કર્મચારીને અંતિમ સત્તા તરીકે કેવી રીતે બઢતી આપવામાં આવી ?

# ગુજરાતમાં સિઝનનું સૌથી નીચું તાપમાન : નલિયા-અમરેલીમાં સૌથી વધુ ઠંડી, ૨૪ કલાકમાં રાજ્યમાં ૩થી ૪ ડિગ્રી પારો ગગડ્યો



(સંવાદદાતા દ્વારા)

અમદાવાદ, તા.૯

ગુજરાતમાં શિયાળો જામી ચૂક્યો છે. છેલ્લા કેટલાક દિવસથી લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળતા હાલમાં હાડ થીજવતી ઠંડી પડી રહી છે. હવામાન વિભાગના તાજેતરના અહેવાલ મુજબ, કચ્છનું નલિયા ૪.૮ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ઠંડુ શહેર નોંધાયું છે. નલિયામાં નોંધાયેલું તાપમાન ગુજરાતમાં આ સિઝનનું સૌથી નીચું તાપમાન છે. આ સિવાય સૌરાષ્ટ્રના પણ ઠંડી ભૂક્કા બોલાવી રહી છે. અમરેલી ૮.૬ ડિગ્રી લઘુત્તમ તાપમાન સાથે બીજા નંબર પર રહ્યું છે. જયારે રાજકોટમાં પણ તાપમાનનો પારો ગગડીને ૯.૪ ડિગ્રીએ પહોંચી ગયો છે. રાજ્યનાં તાપમાનમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩થી ૪ ડિગ્રીનો ઘટાડો નોંધાયો છે, જેના કારણે રાત્રિના અને સવારના સમયે હાડ થીજવતી ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. સિઝનમાં પહેલીવાર અમદાવાદમાં ૧૧.૭ ડિગ્રી તાપમાન નોંધાયું છે, જે સિઝનનું સૌથી નીચું છે. આ સાથે જ ઉત્તર ગુજરાતના ડીસામાં પણ ૧૦.૧ ડિગ્રી તાપમાન સાથે ઠંડીનું જોર યથાવત્ રહ્યું છે. જ્યારે ભુજ જેવા શહેરોમાં લઘુત્તમ તાપમાન ૧૧ ડિગ્રીની આસપાસ નોંધાયું છે. બીજી તરફ, રાજ્યના વિવિધ વિસ્તારોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. દક્ષિણ ગુજરાતના ડાંગ અને સુરતમાં મહત્તમ તાપમાનનો પારો ૩૦ ડિગ્રીને પાર પહોંચતા દિવસે સામાન્ય ગરમીનો અનુભવ થયો છે. જ્યાં ડાંગમાં સૌથી વધુ ૩૦.૯ ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું છે. રાજ્યના મોટાભાગના શહેરોમાં મહત્તમ તાપમાન ૨૪થી ૨૯ ડિગ્રીની વચ્ચે રહેતા મિશ્ર ઋતુ જેવો માહોલ જોવા મળી રહ્યો છે. દરિયાકાંઠાના વિસ્તારો જેમ કે ઓખા અને દીવમાં લઘુત્તમ તાપમાન ૧૫ ડિગ્રીથી ઉપર રહેતા ત્યાં ઠંડીની અસર પ્રમાણમાં ઓછી વર્તાઈ છે.

શિયાળુ હવામાનના કારણે અમદાવાદ એરપોર્ટ પર આજે વિસિબિલિટી ઓછી નોંધાઈ હતી, જેના કારણે ફ્લાઈટ સેવાઓ પર અસર પડી છે. છેલ્લા ઘણા દિવસોથી ઘણી ફ્લાઈટ ડીલે અને કેન્સલ થઈ રહી છે. ત્યારે આજે પણ રાત્રે ૧૨ વાગ્યાથી બપોરે ૧૨ વાગ્યા પહેલા અમદાવાદ એરપોર્ટ પરથી આવતી અને જતી કુલ ૧૩ ફ્લાઈટ્સ ડીલે થઈ હતી.

For Advertisement:gtadvt@yahoo.co.in WWW.gujarattoday.in facebook.com /gujarattodaydaliy @ Gujarat paper Google Play Store : GUJARAT TODAY

● આદ્યસ્થાપક : મર્હૂમ ભાઈખાનભાઈ એચ. બલુચ
● સહસ્થાપક : મર્હૂમ સિરાજુદ્દીન બી. તિરમીઝી
● મુદ્રક-પ્રકાશક : અઝીઝ ટંકારવી એ માલિક લોકહિત પ્રકાશન સાર્વજનિક ટ્રસ્ટ વતી લોકહિત ઓફસેટ - ૩૩/૧, શાહેઆલમ, અમદાવાદ- ૩૮૦૦૨૮થી છપાવીને તે જ સ્થળેથી પ્રસિદ્ધ કર્યું ● ફોન : ૨૫૩૨૦૩૩૦-૨૫૩૨૦૪૩૧-૨૫૩૨૮૮૨૫ ● Posting at Ahd. RMS